# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

09 JUNE-2026 TUESDAY

વર્ષ-15 । અંક-208 । વિક્રમ સંવત-2082 । જેઠ વદ-09 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક





પેજ-08
જેનિફર વિંગેટના બીજા લગ્નની ચર્ચાએ જોર પકડ્યું





પેજ-09
અગરકરની સ્પષ્ટતાથી ફેન્સ નારાજ : રજત પાટીદારની પસંદગી કેમ ન થઈ...


**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 40.00 | 30.00 |
| વડોદરા | 39.00 | 30.00 |
| સુરત | 35.00 | 30.00 |




પેજ 5 શેરબજારના નિયમોમાં ધરખમ સુધારાની તૈયારીમાં સેબીના અધ્યક્ષ





ચીન-ઉત્તર કોરિયા મિત્રતા: શી જિનપિંગની મુલાકાત પેજ 10


**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 73524.26 | ▼ | 719.08 |
| નિફ્ટી | 23123.00 | ▼ | 243.70 |
| સોનું | 154774.00 | ▼ | 820.00 |
| ચાંદી | 246627.00 | ▼ | 1910.00 |

હું અલગ-અલગ રાજ્યો અને શહેરોમાં જઈશ; 13 જૂન સુધીમાં શિક્ષણમંત્રીના રાજીનામાની માગ

# કોકરોચ જનતા પાર્ટી દેશભરમાં પ્રદર્શન કરશે - અભિજીત દીપક

(એજન્સી) નવી દિલ્હી। તા. 08

કોકરોચ જનતા પાર્ટી (CJP)ના સ્થાપક અભિજીત દીપકે દેશભરમાં પ્રદર્શનની જાહેરાત કરી છે. તેમણે રવિવારે રાત્રે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક વીડિયો સંદેશ જારી કરીને કહ્યું- જો 13 જૂન સુધીમાં શિક્ષણ મંત્રી રાજીનામું નહીં આપે તો હું પોતે અલગ-અલગ રાજ્યો અને શહેરોમાં પ્રદર્શન કરવા જઈશ.

તેમણે કહ્યું કે જો આ પછી પણ શિક્ષણ મંત્રીએ રાજીનામું નહીં આપ્યું તો દેશભરના વિદ્યાર્થીઓ ફરીથી દિલ્હી જશે અને શાંતિપૂર્ણ આંદોલન કરશે. CJP એ 6 જૂને જંતર-મંતર પર પણ પ્રદર્શન કર્યું હતું અને પરીક્ષાઓમાં ગેરરીતિઓને લઈને શિક્ષણ મંત્રીના રાજીનામાની માગ કરી હતી.

અભિજીત 6 જૂને પ્રદર્શન માટે અમેરિકાથી ભારત આવ્યા છે. તેઓ રવિવારે સવારે મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગર સ્થિત પોતાના ઘરે પહોંચ્યા. તેમણે સાંજે એક પ્રેસ કોન્ફરન્સ કરી અને કહ્યું- છેલ્લા 10-12 વર્ષમાં દેશની રાજનીતિ હિંદુ-મુસ્લિમ મુદ્દાઓ પર કેન્દ્રિત રહી છે. આનાથી રોજગાર નહીં મળે.



### 24 કલાકમાં 6 લાખથી વધુ ફોલોઅર્સ વધ્યા

કોકરોચ જનતા પાર્ટીના ઈન્સ્ટાગ્રામ પર ફોલોઅર્સની સંખ્યા પણ વધી ગઈ છે. પ્રદર્શન પહેલા તેમના ફોલોઅર્સની સંખ્યા 2.21 કરોડ હતી. 7 જૂને બપોરે 3 વાગ્યા સુધીમાં આ સંખ્યા વધીને 2.27 કરોડ થઈ ગઈ. X પર તેમના 2.70 લાખ ફોલોઅર્સ છે.

### અભિજીત સામે 3 મોટા પડકારો

- ફોલોઅર્સને મતદારોમાં બદલવા: સોશિયલ મીડિયા પર સમર્થનની સરખામણીમાં જંતર-મંતરની ઓછી ભીડે સાબિત કર્યું કે પાર્ટીને જમીની સ્તરે બ્લોક અને જિલ્લા સમિતિઓ બનાવવી પડશે. પાર્ટી પાસે રાજકારણનો અનુભવ નથી. સોશિયલ મીડિયા પર ફોલોઅર્સની તાકાત તો છે, પરંતુ સવાલ એ છે કે જો તેઓ ચૂંટણીમાં ઉતરશે તો શું તેને વોટ બેંકમાં બદલી શકશે.
- અણણા આંદોલન જેવું મદદગાર કેડર નથી: 2011ના અણણા આંદોલનની સફળતા પાછળ અલગ-અલગ સંગઠનોનો ટેકો હતો. કોકરોચ જનતા પાર્ટી પાસે કેડર નથી. તેનો સંપૂર્ણ આધાર ક્લિક એક્ટિવિઝમ પર ટકેલો છે. ઈન્સ્ટાગ્રામ પર 2.2 કરોડ ફોલોઅર્સ હોવા એ ડિજિટલ સિદ્ધિ તો છે, પરંતુ આ વર્ચ્યુઅલ કેડર પાસે ન તો નેતા છે અને ન તો બૂથ મેનેજમેન્ટની કોઈ સમજ.
- સિંગલ પોઈન્ટ એજન્ડા નહીં: સફળ રાજકીય કે સામાજિક આંદોલનની પહેલી શરત સિંગલ પોઈન્ટ એજન્ડા હોય છે. અણણા આંદોલનનો એક સ્પષ્ટ હેતુ હતો- લોકપાલ બિલ. આનાથી લોકો જોડાઈ ગયા. કોકરોચ જનતા પાર્ટીના આંદોલનમાં આવેલા લોકોમાં કોઈ મણિપુરની વાત કરી રહ્યું હતું, કોઈ ટેક્સ અને પાણીના સંકટની, તો કોઈ ભ્રષ્ટાચાર અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરની. પાર્ટીએ સ્પષ્ટ રાષ્ટ્રીય નીતિ અને એજન્ડા સામે રાખવો પડશે.

### CJI સૂર્યકાંતનું નિવેદન CJP બનવાનું કારણ બન્યું

CJP નો જન્મ ચીફ જસ્ટિસ સૂર્યકાંતે યુવાનો પર આપેલા એક નિવેદન પછી થયો. CJI સૂર્યકાંતે 15 મેના રોજ એક કેસની સુનાવણી દરમિયાન દેશના બેરોજગાર યુવાનોને કોકરોચ કહ્યા હતા. તેમણે કહ્યું - કેટલાક બેરોજગાર યુવાનો કોકરોચ જેવા હોય છે, જેઓ પછીથી મીડિયા, સોશિયલ મીડિયા અથવા RTI કાર્યકર્તા બનીને સિસ્ટમ પર હુમલો કરવા લાગે છે. CJI અને જસ્ટિસ જોયમાલ્યા બાગચીની બેન્ચે એક વકીલની અરજી પર સુનાવણી કરી, જેમાં તેણે સિનિયર એડવોકેટનો દરજ્જો મેળવવાની માંગ કરી હતી. બેન્ચે વકીલને ઠપકો આપતા કહ્યું - સમાજમાં પહેલેથી જ પરોપજીવીઓ (પેરાસાઈટ) છે, જે સિસ્ટમ પર હુમલો કરે છે.

# TMC નેતા જહાંગીર ખાનની નેપાળ બોર્ડર પરથી ધરપકડ

તેના સમર્થકોએ મહિલાઓને ગેંગરેપની ધમકી આપી હોવાનો દાવો; ફાલતા બેઠક પરથી ઉમેદવાર હતા

(એજન્સી) પશ્ચિમ બંગાળ। તા. 08

પશ્ચિમ બંગાળ પોલીસની સ્પેશિયલ ટાસ્ક ફોર્સે સોમવારે TMC નેતા જહાંગીર ખાનની ધરપકડ કરી છે. આ ધરપકડ નેપાળ બોર્ડર પરથી કરવામાં આવી છે. પશ્ચિમ બંગાળના દક્ષિણ 24 પરગણા જિલ્લાના ફાલતા પોલીસ સ્ટેશનમાં ખાન વિરુદ્ધ 7 FIR નોંધવામાં આવી હતી.

મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવ્યો છે કે જહાંગીરના સમર્થકોએ મહિલાઓને ગેંગરેપની ધમકી આપી હતી. જોકે, બંગાળ પોલીસે હજુ સુધી આ અંગે કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડ્યું નથી. તે નેપાળ ભાગી જવાની ફિરાકમાં હતો. પોલીસ જહાંગીરને



કોલકાતા લાવી રહી છે.

જહાંગીરે 2026ની વિધાનસભા ચૂંટણી ફાલતા બેઠક પરથી લડી હતી. ચૂંટણી દરમિયાન થયેલી ગેરરીતિઓને કારણે અહીં ફરીથી ચૂંટણી યોજાઈ હતી. ફરીથી ચૂંટણીના 48 કલાક પહેલા જ જહાંગીરે મેદાન છોડી દીધું હતું અને કહ્યું હતું કે તેઓ ચૂંટણીમાંથી પોતાનું નામ પાછું ખેંચી રહ્યા છે.

ચૂંટણીના પરિણામો આવ્યા પછી જહાંગીર લગભગ ગાયબ જ રહ્યા હતા. તેમને ન તો ઘરે જોવામાં આવ્યા કે ન તો પાર્ટી કાર્યાલયમાં.

મે 2026માં જહાંગીરે કલકત્તા હાઈકોર્ટમાં અરજી દાખલ કરીને પોતાની વિરુદ્ધ નોંધાયેલા કેસોની માહિતી અને ધરપકડથી રક્ષણ માંગ્યું હતું. તેમનો આરોપ હતો કે તેમની વિરુદ્ધ સતત ઘણા ફોજદારી કેસ નોંધવામાં આવી રહ્યા છે.

જહાંગીર વિરુદ્ધ 2019માં નોંધાયેલા એક કેસમાં અને ફાલતા રી-પોલ પહેલા હાઈકોર્ટે સુરક્ષા આપી હતી, પરંતુ 26 મેના રોજ તમામ સુરક્ષા પાછી ખેંચી લેવામાં આવી હતી.

# અયોધ્યા રામ મંદિરમાંથી 7 કરોડની ચોરીનો દાવો

સપા અધ્યક્ષ અખિલેશ યાદવનો આરોપ છે કે અયોધ્યા રામ મંદિરમાં આવેલા ચઢાવામાં કરોડો રૂપિયાની ચોરી કરવામાં આવી છે. તેમણે રવિવારે બપોરે X પોસ્ટ લખીને કહ્યું કે, સરકારનું મૌન શંકાસ્પદ છે. કોર્ટે પોતે આ મામલાની નોંધ લેવી જોઈએ.

અયોધ્યામાં સપાના પૂર્વ ધારાસભ્ય અને મંત્રી રહી ચૂકેલા પવન પાંડેયએ દાવો કર્યો કે 5 થી સાડા 7 કરોડ સુધીની ચોરી કરવામાં આવી છે. જો ચોરી નથી થઈ તો ટ્રસ્ટના મહામંત્રી ચંપત રાય સામે આવે અને પ્રભુ શ્રીરામના સોગંદ ખાઈને કહે કે આરોપો ખોટા છે. જો વાત સાચી છે તો FIR કરાવે.

અખિલેશ અને પવન પાંડેના આરોપો પર શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના પ્રશાસક ગોપાલજી રાવે કહ્યું, આ લોકોએ



મંદિરના પક્ષમાં ક્યારેય બોલ્યા નથી. આરોપ કોઈ પણ લગાવી શકે છે. તમે મહામંત્રી સાથે વાત કરો. હું અધિકૃત વક્તા નથી. તમે ચંપત રાય સાથે વાત કરો.

અખિલેશે X પોસ્ટ કરીને લખ્યું કે, આખી દુનિયામાં ભગવાન રામના ભક્તો માટે આ એક અત્યંત સંવેદનશીલ સમાચાર છે. રામ મંદિરના ચઢાવાની કરોડો રૂપિયાની રકમ ગાયબ છે. અખિલેશે શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ અને સરકારને પણ ઘેર્યા છે.

મહિલાઓએ જવાનો અને તેમની ગાડીઓ પર પેટ્રોલ છાંટ્યું; અથડામણમાં 22 ઘાયલ

# મણિપુરના ઉખરુલમાં આસામ રાઈફલ્સનો વિરોધ

(એજન્સી) મણિપુર। તા. 08

મણિપુરના ઉખરુલ જિલ્લાના શોકવાઓ અને ન્યૂ હેવન વિસ્તારમાં રવિવારે સવારે સેંકડો મહિલાઓ આસામ રાઈફલ્સના જવાનો અને ગાડીઓ સામે દીવાલ બનીને ઊભી રહી ગઈ.

મશાલ અને લાકડીઓ લઈને આ તંગખુલ નાગા મહિલાઓ જવાનોને આગળ વધવા દેતી ન હતી. સૈન્ય અધિકારીઓએ ચેતવણી આપી. તેમ છતાં તેઓ અડગ રહી અને 'અમારી જમીન, અમારો અધિકાર'ના નારા લગાવતી રહી.

સ્થાનિક લોકોના મતે, જવાનોએ પોલીસ અને મેજિસ્ટ્રેટની ગેરહાજરીમાં અનેક રાઉન્ડ હવામાં ગોળીબાર કર્યો અને લાઠીચાર્જ કર્યો. પ્રદર્શન કરી રહેલી મહિલાઓ સાથે ધક્કામુક્કી પણ કરવામાં આવી.

જોકે, સોશિયલ મીડિયા પર સામે આવેલા એક વીડિયોમાં જવાનોએ દાવો કર્યો છે કે વિરોધ કરી રહેલી મહિલાઓએ તેમના પર પેટ્રોલ છાંટીને સળગાવવાનો પ્રયાસ કર્યો.



**રિપોર્ટ્સમાં એક પ્રદર્શનકારીના પગમાં ગોળી વાગવાનો દાવો કરવામાં આવ્યો. જ્યારે, 22 મહિલાઓ ઘાયલ થઈ. તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે.**

### કારણ- જેના કારણે આંદોલન હિંસક બન્યું

સૂત્રોના જણાવ્યા મુજબ, શોકવાઓ ગામની મહિલાઓએ શનિવારે મોડી રાત્રે ન્યૂ હેવન તરફ જઈ રહેલા કાફલાને રોકી દીધો હતો. જેના કારણે આખી રાત તણાવ રહ્યો હતો. સવાર થતાં જ એક જૂથે શોકવાઓ પર નાકાબંધી કરી, જ્યારે બીજાએ ન્યૂ હેવનમાં સુરક્ષા દળના બંકર તોડી પાડ્યા. આરોપ છે કે આસામ રાઈફલ્સે શોકવાઓની ગ્રામ પંચાયતની સંમતિ વિના ન્યૂ હેવનમાં અસ્થાયી બંકર બનાવ્યા. આ મણિપુર (હિલ એરિયાઝ વિલેજ ઓથોરિટીઝ) એક્ટ, 1956 અને આર્ટિકલ 371C હેઠળ ગામના પરંપરાગત કાયદાનું ઉલ્લંઘન છે. આ ઘટનાક્રમ બાદથી શોકવાઓ-ન્યૂ હેવનમાં સ્થિતિ તણાવપૂર્ણ છે. મહિલાઓએ ચેતવણી આપી છે કે આસામ રાઈફલ્સને તાત્કાલિક પાછા બોલાવવામાં આવે, નહીં તો કોઈ અનિચ્છનીય ઘટનાની જવાબદારી આસામ રાઈફલ્સની રહેશે.

23 વિપક્ષી દળ સામેલ થશે, મમતા, અખિલેશ દિલ્હી પહોંચ્યા; સરકારને ઘેરવા રણનીતિ પર મંથન

# I.N.D.I.A.ની બેઠક પહેલાં કોંગ્રેસ વિરુદ્ધ પોસ્ટરો લાગ્યા




(એજન્સી) નવી દિલ્હી। તા. 08

ઈન્ડિયા બ્લોકની બેઠક પહેલાં દિલ્હીના અકબર રોડ પર કોંગ્રેસ વિરુદ્ધ પોસ્ટર લગાવવામાં આવ્યા છે. તેમાં રાહુલ ગાંધીની તસવીર અને કોંગ્રેસ વિરુદ્ધ નિવેદનો છે. NCP-SCP ચીફ શરદ પવારની તસવીરવાળા પોસ્ટર પર લખ્યું છે - રાહુલ ગાંધીમાં સુસંગતતાનો અભાવ છે.

શરદ ઉપરાંત AAP સંયોજક અરવિંદ કેજરીવાલ, પંજાબના CM ભગવંત માન, TMC ચીફ મમતા બેનર્જી, આંધ્રના પૂર્વ ડેપ્યુટી CM ઉદયનિધિ સ્ટાલિનની તસવીરવાળા પોસ્ટર લાગ્યા છે અને કોંગ્રેસ વિરુદ્ધ આપેલા નિવેદનો લખેલા છે. પોસ્ટર કોણે લગાવ્યા, તેની માહિતી સામે આવી નથી.

NDA સરકારને ઘેરવા માટે 2 વર્ષ પછી I.N.D.I.A બ્લોકની આજે બપોરે 12 વાગ્યે દિલ્હીના કોન્સ્ટિટ્યુશન ક્લબમાં બેઠક છે. કોંગ્રેસનો દાવો છે કે તેમાં 23 વિપક્ષી દળો સામેલ થશે. જોકે, પાર્ટીએ આ દળોના નામ જણાવ્યા નથી.

કોંગ્રેસ મહાસચિવ જયરામ રમેશે જણાવ્યું કે 23 દળો ભાજપ સરકારની નીતિઓ વિરુદ્ધ એકજૂટ થઈ રહ્યા છે. તેમણે X પોસ્ટમાં 'ઈન્ડિયા'ને 'ઈન્ડિયા જનબંધન' લખ્યું. TMC ચીફ મમતા બેનર્જી અને તેમના ભત્રીજા અભિષેક દિલ્હી પહોંચી ગયા છે.

### 3 વર્ષમાં I.N.D.I.A માંથી 3 મોટી પાર્ટીઓ અલગ થઈ ગઈ

બેઠકમાં રાહુલ ગાંધી, મલ્લિકાર્જુન ખડગે, તૃણમૂલ કોંગ્રેસના મમતા બેનર્જી અને અભિષેક બેનર્જી, સમાજવાદી પાર્ટી પ્રમુખ અખિલેશ યાદવ, RJDના તેજસ્વી યાદવ, શિવસેના (UBT)ના ઉદ્ધવ ઠાકરે સહિત વામપંથી દળો અને અન્ય નાના દળોના નેતાઓ સામેલ થઈ રહ્યા છે. AAP અને DMK બેઠકમાં સામેલ નહીં થાય. CPI (M) એ પોતાનો વિરોધ નોંધાવ્યો છે, પરંતુ બેઠકમાં સામેલ થશે. JMM પર સસ્પેન્સ છે.

દિલ્હીમાં ભારે વાવાઝોડું આવતાં એર ઈન્ડિયાના 3 વિમાન સાથે અથડાઈ, વિમાનો થયા ગ્રાઉન્ડેડ, કરોડોનું નુકસાન!

# એરપોર્ટ પર રમકડાંની જેમ લોખંડની સીડી દોડી

(એજન્સી) નવી દિલ્હી। તા. 08

રાજધાની દિલ્હી સ્થિત ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર એર ઈન્ડિયાના ત્રણ વિમાનને નુકસાન થયું. સૂત્રોએ જણાવ્યું કે રવિવારે સાંજે અચાનક આવેલા ભારે વાવાઝોડા અને વરસાદને કારણે એરપોર્ટના ટર્મિનલ-2 પર ઊભેલા ગ્રાઉન્ડ સપોર્ટ પર રહેલી સીડી પોતાની જગ્યાએથી ખસીને વિમાનો સાથે અથડાઈ.

એરપોર્ટ સાથે સંકળાયેલા સત્તાવાર સૂત્રો અનુસાર સાંજે લગભગ 4:40 વાગ્યે ભારે પવનો ફૂંકાયા હતા. આ દરમિયાન એક સ્ટેપ લેડર અને એક ટ્રેસ્ટલ (મેન્ટેનન્સ પ્લેટફોર્મ) પોતાની જગ્યાએથી ખસીને એર ઈન્ડિયાના ત્રણ વિમાન સાથે અથડાયા હતા. ઘટના બાદ તરત જ વિમાનોને તપાસ અને સમારકામ માટે ગ્રાઉન્ડેડ કરી દેવામાં આવ્યા હતા. અધિકારીક સૂત્રોએ જણાવ્યું કે એક વિમાનને વધુ નુકસાન થયું છે અને તેના સમારકામમાં થોડા દિવસો લાગી શકે છે. પરંતુ બાકીના બે વિમાન આ અઠવાડિયાની અંદર ફરીથી ઉડાન સેવામાં પરત ફરી શકે છે.



### વાવાઝોડા અંગે કોઈ ચેતવણી જારી કરવામાં આવી ન હતી

વાવાઝોડા માટે કોઈ હવામાન ચેતવણી જારી કરવામાં આવી ન હતી. રવિવારે સાંજે 4:40 વાગ્યે ભારે પવનો ફૂંકાયા હતા. એરપોર્ટ સૂત્રો અનુસાર, T2 પાર્કિંગ સ્ટેન્ડ પર ઈન્ડિગો એન્જિનિયરિંગ અને એરક્રાફ્ટ ઈન્ડિયા એન્જિનિયરિંગની એક-એક સીડી અને એક-એક ટ્રાઈપોડ પોતાની જગ્યાએથી ખસી ગયા અને ત્રણ એર ઈન્ડિયા વિમાનો સાથે અથડાયા. સૂત્રોએ જણાવ્યું કે એક વિમાનના સમારકામમાં લાંબો સમય લાગશે અને બાકીના વિમાનો ટૂંક સમયમાં ઉડાન ભરવા લાગશે. ઈન્ડિગો સૂત્રોનું કહેવું છે કે ટ્રાઈપોડને મજબૂતીથી બાંધવામાં આવ્યા હતા, પરંતુ ભારે પવનોને કારણે તે ઢીલા પડી ગયા.

# અયોધ્યાના સાધુ સામે રેપની FIR, આરોપી કરણી સેનાનો રાષ્ટ્રીય પ્રવક્તા

(એજન્સી) અયોધ્યા । તા. 08

અયોધ્યાના રહેવાસી કથાકાર પવન દેવ મહારાજ (42) સામે બિહારની એક મહિલાએ દુષ્કર્મની ફરિયાદ કરી છે. મહિલાએ કહ્યું, કથાકાર પવન દેવ મહારાજ તેને રામ મંદિરના દર્શન કરાવવાના બહાને અયોધ્યા લઈ આવ્યો. અહીં દુષ્કર્મ કર્યું. આ પછી મંદિરમાં ખોટા લગ્ન કર્યા. થોડા સમય સુધી પોતાની સાથે રાખી. પછી જબરદસ્તીથી પિયર મોકલી દીધી.

મહિલાનો આરોપ છે કે કથાકારે તેના લગભગ 10 લાખના દાગીના પડાવી લીધા. વિરોધ કરવા પર કથાકાર અને તેના પિતા પંડિત રમાકાંત શાસ્ત્રીએ મારપીટ કરી. જાનથી મારી નાખવાની ધમકી આપી.

પોલીસે શનિવારે રાત્રે મહિલાની ફરિયાદના આધારે કેસ નોંધ્યો છે. આખો મામલો જિલ્લા મુખ્યાલયથી 25 કિમી દૂર બીકાપુર કોતવાલી વિસ્તારનો છે.

પીડિત મહિલા બિહારના સીવાન જિલ્લાની રહેવાસી છે. તે પહેલાથી જ પરિણીત છે. બે બાળકો પણ છે. મહિલાએ જણાવ્યું- 10 જુલાઈ, 2023ના રોજ ચંપારણમાં કથા હતી. આ જ કથામાં પહેલીવાર મારી મુલાકાત પવન દેવ મહારાજ સાથે થઈ હતી. તેમણે મારો નંબર લીધો અને અમારા બંને વચ્ચે વાતચીત શરૂ થઈ ગઈ.

# NEET પેપર લીક અને OSM વિવાદ પર સંસદીય સમિતિ સખ્ત

NTAને પૂછ્યું- પેપર લીકની વ્યાખ્યા શું છે; CBSEને OSM ટેન્ડર પર સવાલ

(એજન્સી) નવી દિલ્હી। તા. 08

નીટ પેપર લીક અને CBSEના ઓન-સ્ક્રીન માર્કિંગ (OSM) સિસ્ટમ સાથે સંકળાયેલા વિવાદોની તપાસ કરી રહેલી સંસદીય સમિતિએ રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી (NTA) અને CBSEને ઘણા તીક્ષ્ણ સવાલો પૂછ્યા છે. સાથે જ બંને સંસ્થાઓને બોલાવીને લેખિત જવાબ માંગ્યા છે.

કોંગ્રેસ સાંસદ દિગ્વિજય સિંહની અધ્યક્ષતાવાળી સમિતિએ NTAને પૂછ્યું છે કે તેની દ્રષ્ટિએ 'પેપર લીક' ની વ્યાખ્યા શું છે, જ્યારે CBSEને પૂછ્યું કે શું OSMનો કોન્ટ્રાક્ટ આપતા પહેલા કોએમ્પ્ટ (Coempt) કંપનીના બેકગ્રાઉન્ડની તપાસ કરી હતી?

સમિતિએ NTAને પૂછ્યું છે કે 2018 થી અત્યાર સુધી તેના દ્વારા આયોજિત પરીક્ષાઓમાં ક્યારેય પેપર લીક થયું છે કે કેમ. ખરેખરમાં, હાલમાં NTA અધિકારીઓએ દાવો કર્યો હતો કે તેમની સિસ્ટમમાંથી કોઈ પેપર લીક થયું નથી, પરંતુ ફક્ત એક 'ગેસ પેપર' બહાર આવ્યું હતું.

સમિતિએ NTAના આંતરિક માળખા અને મેનપાવર પર સંપૂર્ણ વિગતો માંગી છે. એજન્સીને છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન કામ કરી રહેલા કુલ કર્મચારીઓની સંખ્યાની વિગત અને 2022થી અત્યાર સુધી વિભાગમાં કરવામાં આવેલી તમામ નવી નિમણૂકોની માહિતી આપવા માટે કહેવામાં આવ્યું.

સમિતિએ સવાલ કર્યો કે શું બોર્ડને આ વાતની જાણકારી હતી કે કોએમ્પ્ટ કંપનીના ડિરેક્ટર પહેલા 'ગ્લોબરેના ટેકનોલોજીસ' સાથે જોડાયેલા રહ્યા છે.

# ટ્વિશા કેસ-દોરડું AIIMS મોકલવામાં આવ્યું નથી, SIની કારમાં રાખ્યું

(એજન્સી) ભોપાલ । તા. 08

એક્ટ્રેસ ટ્વિશા શર્માના મૃત્યુ કેસની તપાસ કરી રહેલી સીબીઆઈ કેસની કડીઓ જોડવામાં વ્યસ્ત છે, પરંતુ આ પહેલા થયેલી પોલીસ તપાસની પ્રક્રિયા પર સવાલો ઉભા થયા છે.

નિવૃત્ત જજ સાસુ ગિરિબાલા સિંહ દ્વારા જબલપુર હાઈકોર્ટમાં રજૂ કરાયેલા દસ્તાવેજોમાં સામે આવ્યું છે કે તપાસ સંબંધિત મહત્વપૂર્ણ તથ્યો પહેલાથી જ તેમની પાસે પહોંચી રહ્યા હતા. આને કારણે તેઓ સમયસર આગોતરા જામીન મેળવવામાં સફળ રહ્યા.

શરૂઆતમાં જ સાસુ ગિરિબાલા અને પતિ સમર્થને શંકાસ્પદ તરીકે ઓળખવા જોઈતા હતા, પરંતુ પોલીસે તેમ કર્યું નહીં. 13 મે 2026ના રોજ સવારે લગભગ 9:42 વાગ્યે સબ ઈન્સ્પેક્ટર (SI) દિનેશ શર્માએ ફાંસીનું દોરડું જપ્ત કર્યું હતું, તેમ છતાં, દસ્તાવેજોમાં દોરડાની ઓળખ કરનારનો સ્પષ્ટ રેકોર્ડ નોંધાયેલો નથી.

ટ્વિશાના પરિવાર વતી ભોપાલ કોર્ટમાં એડવોકેટ અંકુર પાંડે દલીલ કરી રહ્યા છે. તેમનું કહેવું છે કે દોરડાને તાત્કાલિક એમ્સ હોસ્પિટલ મોકલવાને બદલે SIની કારમાં રાખી દેવામાં આવ્યું. પાછળથી તેને તપાસ માટે મોકલવામાં આવ્યું.

# UKમાં પંજાબી ડ્રાઈવરને 29 વર્ષની જેલ

સેક્સ વર્કરનું ગળું દબાવી હત્યા કરી, નગ્ન હાલતમાં લાશ ફેંકી દીધી હતી

(એજન્સી) બ્રિટન । તા. 08

બ્રિટન (UK) ના વેસ્ટ મિડલેન્ડ્સમાં સેક્સ વર્કરની હત્યાના કેસમાં પંજાબી મૂળના ડ્રાઈવર (32) ને 29 વર્ષની જેલની સજા સંભળાવવામાં આવી છે. વોલ્વરહેમ્પ્ટન ક્રાઉન કોર્ટના જજ માઈકલ ચેમ્બર્સ કેસીએ આ ચુકાદો આપ્યો. જજે કહ્યું કે તનવીર સિંહ ચાલાકીથી ફાયદો ઉઠાવનાર યુવક છે. તેની સજામાં કોઈ રાહત આપવામાં આવશે નહીં.

11 ઓગસ્ટ 2025ની સવારે સ્મેથવિકના વુડબર્ન રોડ પરના ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ પર સેક્સ વર્કરનો મૃતદેહ મળ્યો હતો. સવારના લગભગ 6 વાગ્યે ફરવા નીકળેલા એક વ્યક્તિએ તેમનો મૃતદેહ નગ્ન અવસ્થામાં





કચરાના ઢગલા પાસે પડેલો જોયો. ત્યારબાદ પોલીસને જાણ કરવામાં આવી.

પોલીસે મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું. તેના રિપોર્ટમાં મોતનું કારણ ગળું દબાવવું જણાવાયું. મૃતક સેક્સ વર્કર શારાના ચહેરા અને માથા પર મુક્કા મારવાથી થયેલી ઈજાઓ પણ મળી આવી. હુમલા બાદ તેણે મૃતદેહ રસ્તા કિનારે કચરામાં ફેંકી દીધો. તેના પર્સમાંથી પૈસા પણ ચોરવામાં આવ્યા અને ફોરેન્સિક પુરાવા નષ્ટ કરવા માટે તેના શરીર પર ડીઝલ નાખવામાં આવ્યું હતું.

# મહિલાઓ અને યુવાનોને નેતૃત્વમાં આગળ લાવવા આમ આદમી પાર્ટીની નવી પહેલ : પાયલ સાકરિયા

અમદાવાદ : આમ આદમી પાર્ટી મહિલા મોરચા પ્રમુખ પાયલ સાકરિયાએ જણાવ્યું હતું કે આમ આદમી પાર્ટી દ્વારા ગુજરાતના અલગ-અલગ જિલ્લાઓમાંથી એવી સક્ષમ બહેનોને પ્રદેશ મહિલા મોરચાના ઉપપ્રમુખ અને સંગઠન મંત્રી તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે, જે મહિલાઓનો અવાજ મજબૂતાઈથી ઉઠાવી શકે. આ જવાબદારી માત્ર પદ નથી, પરંતુ એક સન્માન અને ક્રાંતિની શરૂઆત છે. આવનારા સમયમાં આ મહિલા સંગઠનો સમગ્ર ગુજરાતમાં મહિલાઓની સમસ્યાઓને મજબૂતાઈથી સરકાર સુધી પહોંચાડશે. આમ આદમી પાર્ટી હંમેશા મહિલાઓ અને યુવાનોને નેતૃત્વ કરવાની તક આપે છે. હું ગુજરાતભરની તમામ બહેનો અને યુવાનોને કહેવા માંગુ છું કે માત્ર વોટ બેંક બનીને રહેવાને બદલે આપણે સૌએ આ સિસ્ટમની અંદર રહીને કામ કરવું જોઈએ, નેતૃત્વ કરવું જોઈએ અને સિસ્ટમમાં રહેલી ગંદકીને દૂર કરવા માટે સાથે મળીને આગળ આવવું જોઈએ. તમે તમારા ગામ, શહેર, તાલુકા અને જિલ્લાનું નેતૃત્વ કરો અને પરિવર્તનના આ રથમાં જોડાઈને સમાજમાં બદલાવ



લાવવાનો પ્રયાસ કરો.'આપ' નેતા પાયલ સાકરીયાએ વધુમાં જણાવ્યું હતુ કે આજે સમગ્ર ગુજરાતમાં યુવાનો બેરોજગારી, મહિલાઓ અસુરક્ષા અને સામાન્ય લોકો અનેક સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. મહિલાઓ સાથે ગંભીર ગુનાઓ બની રહ્યા છે, બાળકો અને વાલીઓ શિક્ષણના વધતા ખર્ચથી પરેશાન છે, જ્યારે સરકારી શાળાઓ બંધ થઈ રહી છે. આવી સ્થિતિમાં ભણેલા અને જાગૃત નાગરિકો તરીકે આપણી જવાબદારી બને છે કે આવનારી પેઢીના હિત માટે અવાજ ઉઠાવીએ અને નેતૃત્વ માટે આગળ આવીએ. પાર્ટીમાં જોડાઈને, ચૂંટણી લડીને અને સમાજની સમસ્યાઓને ઉજાગર કરીને આપણે પરિવર્તન લાવી શકીએ છીએ. આજે જેમને મહત્વપૂર્ણ જવાબદારીઓ સોંપવામાં આવી છે, તે તમામ બહેનોને શુભેચ્છાઓ પાઠવું છું અને આશા રાખું છું કે તેઓ પોતાના વિસ્તારની મહિલાઓના પ્રશ્નોને મજબૂતાઈથી સરકાર સુધી પહોંચાડશે તથા સત્તા પરિવર્તનમાં મહત્વની ભૂમિકા ભજવશે. ગુજરાતના તમામ લોકોને પણ આ પરિવર્તનની લડાઈમાં જોડાવાનું આહ્વાન કરું છું.

## જૂનાગઢ તાલુકાના પ્લાસવા ગામે સ્વચ્છ ગામ સ્વચ્છ જિલ્લા સ્વચ્છ રાજ્ય સ્વચ્છ દેશ ઝુંબેશ અન્વયે મારું ગામ સ્વચ્છ ગામ સ્વચ્છતા રેલી યોજાઇ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ, તા.૦૮, જૂનાગઢ જિલ્લામાં સ્વચ્છતા સપ્તાહ અભિયાન અંતર્ગત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને જિલ્લા વહીવટી તંત્રના માર્ગદર્શન અનુસાર વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સ્વચ્છતા રેલી, જનજાગૃતિ કાર્યક્રમો, ધાર્મિક સ્થળોની સફાઇ, જન કલ્યાણ શિબિર, કચરાના નિકાલ અને વ્યવસ્થાપન માટેની આધુનિક પદ્ધતિઓ, બાઈક રેલી, સાઇકલ રેલી, પદયાત્રા, સ્વચ્છતા સપ્તાહ આમ બહુવિધ આયામોમાં કામગીરી કરવામાં આવશે.જિલ્લા ગ્રામીણ વિકાસ એજન્સી જૂનાગઢના માર્ગદર્શન અનુસાર તા.૦૮-૦૬-૨૦૨૬ ના જૂનાગઢ તાલુકાના પ્લાસવા ગામે મારું ગામ સ્વચ્છ ગામ અંતર્ગત સ્વચ્છતા રેલી યોજાઇ હતી.

## જૂનાગઢ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં તા.૯ જૂને પ્લાસ્ટિક પ્રદૂષણ દૂર કરવા વિશેષ ઝુંબેશ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૮ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સફળ નેતૃત્વનાં ૧૨ વર્ષની ઉજવણી પ્રજાલક્ષી દ્વારા કરવામાં આવી રહી છે, જે અંતર્ગત જૂનાગઢ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારો માં ખાસ પ્લાસ્ટિક પ્રદૂષણ વિશે જાગૃત કેળવાય અને પ્લાસ્ટિકનો મર્યાદિત ઉપયોગ થાય તે માટે પ્લાસ્ટિક સફાઈ અને જન જાગૃતિ માટે ઝુંબેશ હાથ ધરવામાં આવશે. પ્લાસ્ટિક મુક્ત ગ્રામ્ય દિવસ અંતર્ગત ગ્રામ પંચાયત અને સ્થાનિકોના સહયોગથી રસ્તા ની બંને બાજુએ, જાહેર સ્થળો અને બજાર માંથી તમામ પ્રકારના પ્લાસ્ટિકના કચરાના નિકાલ માટે તા.૯ જુના રોજ ગ્રામ્ય વિસ્તારો માં વિશેષ ઝુંબેશ હાથ કરવામાં આવશે.

# શાંતિનું શહેર સુરત હવે ક્રાઇમ સિટી? સુરક્ષા વ્યવસ્થા પર ધર્મેશ ભંડેરીએ ઉઠાવ્યા ગંભીર સવાલો

સુરત | સુરત શહેરમાં વધતા ક્રાઇમને લઈને આમ આદમી પાર્ટી પ્રદેશ સંગઠન મંત્રી ધર્મેશ ભંડેરીએ જણાવ્યું હતું કે સુરત શહેર, જ્યાં ત્રણ દાયકા કરતાં વધુ સમયથી એક જ પક્ષની સરકાર છે, તે ગુજરાતનું સૌથી મજબૂત અને સૌથી સુરક્ષિત ગણાતું શહેર હતું. પરંતુ આજે આપણે સૌ સુરતીઓ એવા શહેરમાં રહી રહ્યા છીએ જે દેશની સૌથી વધુ અસુરક્ષિત શહેરોની યાદીમાં બીજા નંબરે આવી ગયું છે. જે શહેરમાં વર્ષોથી લોકો શાંતિ અને સલામતીનો અનુભવ કરતા હતા, તે શહેર આજે એટલું અસુરક્ષિત બની ગયું છે કે છેલ્લા એક મહિનામાં 19 કરતાં વધુ હત્યાઓ બની છે અને સરેરાશ દર 48 કલાકે એક હત્યા થઈ રહી છે. આપણે સૌ એક આશા સાથે જીવીએ છીએ કે આપણે સલામત છીએ, પરંતુ આજે એ સુરત શહેરની વાસ્તવિકતા બદલાઈ ગઈ છે, અને નવાઈની વાત એ છે કે આ જ શહેરના ધારાસભ્ય ગૃહમંત્રી છે અને કેન્દ્રિય મંત્રીનું હોમટાઉન પણ આ જ શહેર છે. તેમણે વધુમાં જણાવ્યું હતું



કે આ પરિસ્થિતિ પાછળનું મુખ્ય કારણ નશાખોરી, ડ્રગ્સ, ગાંજો અને દારૂનો વધતો પ્રભાવ છે, જે હવે લોકોની અંદર ઊંડે સુધી ઘૂસી ગયો છે. આ નશાનું દૂષણ એટલુ વધી ગયુ છે કે ગુનાઓ અને હત્યાઓ સુધી લોકોને લઈ જઈ રહ્યું છે. પહેલા લોકો માટે ગાંજો અને ડ્રગ્સ અજાણ્યા હતા, પરંતુ આજે તે સમાજની ગલીઓથી લઈને વિદ્યાર્થીઓની બેગ સુધી પહોંચી ગયું છે, અને તેના કારણે ગંભીર ગુનાઓ વધી રહ્યા છે. 'આપ' નેતા ધર્મેશ ભંડેરીએ વધુમાં કહ્યું હતું કે આ હત્યાઓ પાછળનું મૂળ કારણ નશો છે અને તેની ઊંડાણપૂર્વક તપાસ જરૂરી છે. આ પરિસ્થિતિને સમજવી પડશે અને સ્વીકારવું પડશે કે આ પાછળનું વાસ્તવિક કારણ શું છે, કારણ કે નશાનો પ્રભાવ સમાજને અંદરથી ખોખલો બનાવી રહ્યો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ભાજપે પોતાની જવાબદારી સ્વીકારવી જોઈએ કારણ કે લાંબા સમયના શાસન છતાં સુરત જે સૌથી સુરક્ષિત શહેર ગણાતું હતું તે આજે અસુરક્ષિત શહેરોમાં બીજા નંબરે આવી ગયું છે.

## નવા શૈક્ષણિક સત્ર સાથે વાલીઓ પર તોળાતો ભાવ વધારો...

# સ્કૂલ રિક્ષા-વાનના ભાડામાં વધારો નક્કી : બેઠકમાં કેટલા ટકા ભાવ વધારો કરવો તેને લઈને નિર્ણય લેવાશે

અમદાવાદ | સ્કૂલો શરૂ થતાની સાથે જ વાલીઓએ વધુ એક મોંઘવારીનો માર સહન કરવો પડશે. અમદાવાદ સહિત ગુજરાતભરમાં પેટ્રોલ અને ડીઝલની સાથે સાથે CNGના ભાવમાં પણ સતત વધારો થઈ રહ્યો છે. જેથી, CNGના ભાવ વધારાની અસર સ્કૂલ વર્ધી એસોસિએશન પર થઈ રહી છે. જેથી, CNGના ભાવમાં વધારો થતા સ્કૂલ વર્ધી એસોસિએશન ભાવ વધારો કરવાની તૈયારી કરી રહ્યું છે. CNGના ભાવમાં સતત વધારો થતા આજે સાંજે અમદાવાદ સ્કૂલ વર્ધી એસોસિએશનની બેઠક બોલાવવામાં આવી છે. જેમાં સ્કૂલ વર્ધીના ભાડામાં કેટલો વધારો કરવો તેને લઈને નિર્ણય કરવામાં આવશે.





છેલ્લા કેટલાક દિવસથી પેટ્રોલ-ડીઝલ ભાવની સાથે સાથે CNGના ભાવમાં પણ વધારો થતા હવે CNG નો ભાવ પણ પેટ્રોલ અને ડીઝલની સમક્ષક પહોંચી ગયો છે. જેથી, CNGના ભાવમાં વધારો થતા સ્કૂલ વર્ધી સંચાલકો મુશ્કેલીમાં મુકાયા છે. જે પ્રમાણે CNGનો ભાવ પહોંચી ગયો છે એવી સ્થિતિમાં હાલના ભાડા દર પર વાન અને રિક્ષા ચલાવવી મુશ્કેલ બની રહી છે. જોકે, સ્કૂલ વર્ધી એસોસિએશન દ્વારા ભાડામાં દર ત્રણ વર્ષે વધારો કરવો તેવું નક્કી કરવામાં આવ્યું હતું.

વર્ષ 2024માં સ્કૂલ વર્ધીના ભાડામાં 200 રૂપિયા જેટલો વધારો કરવામાં આવ્યો હતો. જેથી વાલીઓ પર બોઝ ન પડે તે માટે 2027માં ભાડામાં વધારો કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. પરંતુ વર્ષ 2024માં કરેલા ભાડામાં વધારા બાદ અંદાજે 12 રૂપિયા જેટલો CNGના ભાવમાં વધારો થઈ ગયો છે. 11 જૂન 2024ના ભાડામાં વધારો કરાયો ત્યારે CNG નો ભાવ 76 રૂપિયા હતો, જે અત્યારે વધીને 88 રૂપિયા પહોંચી ગયો છે.

જેથી અમદાવાદ સ્કૂલ વર્ધી એસોસિએશન દ્વારા સાંજે બેઠક બોલાવવામાં આવી છે. જેમાં અમદાવાદ સહિત રાજ્યભરના સ્કૂલ વર્ધી એસોસિએશનના પ્રતિનિધિઓ હાજર રહેવાના છે. જેમાં વધતા જતા CNGના ભાવ વધારાને લઈને ભાડામાં કેટલો વધારો કરવો તેને લઈને નિર્ણય લેવામાં આવશે. ભાડામાં વધારો કરવો તે નક્કી છે પરંતુ કેટલા ટકા ભાડામાં વધારો કરવો તેને લઈને બેઠકમાં નિર્ણય કર્યા બાદ જાહેરાત કરવામાં આવશે. જેથી યુનિફોર્મ સહિતની વસ્તુઓમાં ભાવ વધારા બાદ હવે વાલીઓના માથે સ્કૂલ વર્ધીના ભાડાનો પણ બોઝ સહન કરવો પડશે. અમદાવાદ સ્કૂલ વર્ધી એસોસિએશનના પ્રમુખ ધર્મેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે, આજે બપોરે ચાર વાગ્યે અમદાવાદ સ્કૂલ વર્ધી એસોસિએશનની બેઠક બોલાવવામાં આવી છે. જેમાં સ્કૂલ વર્ધીના ભાડામાં કેટલો વધારો કરવો તેને લઈને નિર્ણય લેવામાં આવશે. જેથી બેઠક બાદ કેટલો ભાડામાં વધારો કરાયો તેની જાહેરાત કરવામાં આવશે. છેલ્લા 2024માં ભાડામાં વધારો થયો ત્યારે CNG નો ભાવ 76 રૂપિયા જે અત્યારે 88 રૂપિયા પહોંચી ગયા છે. ત્રણ વર્ષ સુધી ભાડામાં વધારો ન કરવો એવું નક્કી કરવામાં આવ્યું હતું પરંતુ વધતા જતા ભાવ વધારાના કારણે વધારો કરવો પડી શકે છે. તેમજ અત્યારે દરેક વસ્તુઓની ભાવ વધી રહ્યો છે. નવો ભાડામાં વધારો સાંજે જાહેર કરવામાં આવશે.

## બાબરા નગરપાલિકામાં જન્મમરણના રજીસ્ટ્રાર ના કલાર્ક લાંચ લેતા રંગેહાથ ઝડપાઇ ગયા

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

લાંચની માંગણીની રકમ રૂા.૫,૦૦૦/- લાંચની સ્વીકારેલ રકમ રૂા.૪,૦૦૦/ લાંચની રીકવર કરેલ રકમઃ- રૂા.૪,૦૦૦/- ઠાકરઘણી હોટલ,બાબરા બાયપાસ પાસે બાબરા તા.બાબરા જી.અમરેલી .ટૂંક વિગત આ કામના ફરીયાદીશ્રીના મિત્રના દિકરીના જન્મ તારીખના દાખલો કઢી આપવાની અવેજીમાં આ કામના આક્ષેપિતે રૂપિયાઃ-૫૦૦૦/- લાંચની માંગણી કરેલ અને રકઝકના અંતે રૂપિયાઃ-૪૦૦૦/-માં નકિક થયેલ જે લાંચની રકમ ફરીયાદી આક્ષેપિતને આપવા માંગતા ન હોય જેથી અમરેલી એ.સી.બી.પોલીસ સ્ટેશનનો સંપર્ક કરી ફરીયાદ આપેલ.જે ફરીયાદીશ્રીની ફરીયાદ આધારે લાંચના છટકાનુ આયોજન કરેલ,જે લાંચના છટકા દરમ્યાન આ કામના આક્ષેપીતે ફરીયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી, લાંચની રકમ રૂા.૪૦૦૦/- માંગણી કરી સ્વીકારી ઇન્ચાર્જ સબ રજીસ્ટ્રાર જન્મ અને મરણ ના હોદાનો દુરઉપયોગ કરી સ્થળ પર પકડાઇ જઈ ગુન્હો કર્યા બાબત.ટ્રેપીંગ અધિકારી શ્રી ટી.એસ.રીઝવી, ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેકટર, અમરેલી એ.સી.બી. પો.સ્ટે. તથા એ.સી.બી. સ્ટાફ સુપરવિઝન અધિકારી શ્રી એસ.એન.બારોટ, મદદનીશ નિયામક, એ.સી.બી. ભાવનગર એકમ, ભાવનગર.ઇન્ચાર્જ અધિકારી શ્રી જે.ડી. મેવાડા, ઇન્ચાર્જ નાયબ નિયામક, એ.સી.બી.રાજકોટ એકમ. દ્વારા લાલચી કર્મચારીને રંગે હાથ દબોચી લીધો હતો.

## ડાકોરના પરમાર્થી સંત પૂજ્ય વિજયદાસજી ના જન્મ દીવસે ભકતો દ્વારા શુભેચ્છાઓ પાઠવી

ખેડા | યાત્રાધામ ડાકોરમાં ગોમતી ઘાટ પાસે આવેલા દંડી આશ્રમના ગાદિપતિ અને જાણીતા સેવાભાવી સંત શ્રી વિજયદાસજી મહારાજનો આજે અવતરણ દિવસ (જન્મદિવસ) છે. હંમેશા જન સેવા સાથે જોડાયેલા અને 'દિન-દુખિયાની સેવા કરવી અને લોકોને કેવી રીતે મદદ પહોંચાડવી' એ જ એકમાત્ર ભાવ રાખનારા પૂજ્ય વિજયદાસજી મહારાજ આજે તેમના અવિરત સેવાકાર્યો થકી અનેક મહત્વના પદ ઉપર બિરાજમાન છે. તેમની આ નિઃસ્વાર્થ માનવસેવાને બિરદાવીને તાજેતરમાં જ સંતો દ્વારા તેમનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતુવિજયદાસજી મહારાજ દ્વારા ગૌ સેવા, ફ્રી મેડિકલ કેમ્પ, કીટ વિતરણ, બાળકો માટે ચોપડા વિતરણ, વૃદ્ધાશ્રમની સેવા, સમૂહ લગ્ન, ભાગવત કથા, રાહત દરે એમ્બ્યુલન્સ સેવા અને યાત્રીકો માટે પૂનમના દિવસે ફ્રી ભોજનની વ્યવસ્થા જેવા અનેકવિધ સેવાકીય કાર્યો સતત કરવામાં આવી રહ્યા છે.

# News Brief

## પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ-પટના સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનના ફેરા વિસ્તૃત

અમદાવાદ | પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા તથા વધારાની ભીડને ધ્યાનમાં રાખીને અમદાવાદ-પટના સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનના ફેરા વિસ્તૃત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ટ્રેન નું વિવરણ નીચે મુજબ છેઃટ્રેન નં. 09447 અમદાવાદ - પટના સાપ્તાહિક સ્પેશિયલ, જે અગાઉ 03 જૂન, 2026 સુધી સૂચિત કરવામાં આવી હતી, તેને હવે વધારીને 10 જૂન, 2026 સુધી વિસ્તૃત કરવામાં આવી છે.ટ્રેન નં. 09448 પટના - અમદાવાદ સાપ્તાહિક સ્પેશિયલ, જે અગાઉ 05 જૂન, 2026 સુધી સૂચિત કરવામાં આવી હતી, તેને હવે વધારીને 12 જૂન, 2026 સુધી વિસ્તૃત કરવામાં આવી છે.ટ્રેન સંખ્યા 09447ના વિસ્તૃત ફેરાઓ માટે બુકિંગ 09-06-2026 થી તમામ પીઆરએસ કાઉન્ટરો તથા IRCTC Rail Connect એપ/વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સ્ટોપેજ, રચના તથા સમય અંગે વધુ માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov પર મુલાકાત લઈ શકે છે.

## પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી



પ્રથમ તસવીરમાં, પશ્ચિમ રેલ્વે મહિલા કલ્યાણ સંગઠન (WRWWO) ના પ્રમુખ શ્રીમતી સુજાતા પાંડે, વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે અંધેરી રેલ્વે કોલોનીની મુલાકાત દરમિયાન કારોબારી સમિતિના સભ્યો સાથે જોવા મળે છે. બીજા તસવીરમાં, શ્રીમતી પાંડે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે 'આરોગ્ય વાટિકા' (ઔષધીય છોડનો બગીચો) સ્થાપિત કરતી વખતે એક છોડ વાવી રહ્યા છે.

અમદાવાદ | વિશ્વ પર્યાવરણ દિવસની ભાવનાને મૂર્તિમંત કરતા, પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન (WRWWO) એ 8 જૂન, 2026 ના રોજ અંધેરી રેલવે કોલોની ખાતે વિવિધ જાગૃતિ અને વૃક્ષારોપણ કાર્યક્રમોનું આયોજન કર્યું હતું. આ વૃક્ષારોપણ અભિયાનનું નેતૃત્વ સંસ્થાના પ્રમુખ શ્રીમતી સુજાતા પાંડે અને કારોબારી સમિતિના સભ્યોએ કર્યું હતું. પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેક દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર, શ્રીમતી પાંડે અને કારોબારી સમિતિના સભ્યોએ લીમડો, સરગવા (મોરિંગા) અને આમળા જેવા ઔષધીય છોડ ધરાવતા 'આરોગ્ય વાટિકા' (આરોગ્ય ઉદ્યાન) ની સ્થાપના કરી હતી. આ પહેલનો ઉદ્દેશ્ય રોજિંદા જીવનમાં ઔષધીય છોડના મહત્વને ઉજાગર કરવાનો અને પર્યાવરણીય સંરક્ષણ અંગે જનજાગૃતિ લાવવાનો હતો. આ પ્રસંગે, શ્રીમતી પાંડેએ સામાજિક કલ્યાણ કેન્દ્રમાં હાજર રેલવે કર્મચારીઓ, તેમના પરિવારો અને બાળકો સાથે વાતચીત કરી. કેન્દ્રના સભ્યોએ રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી, સાંસ્કૃતિક કાર્યક્રમો અને આરોગ્ય જાગૃતિ અભિયાનો સહિત સમગ્ર વર્ષ દરમિયાન હાથ ધરવામાં આવતી વિવિધ કલ્યાણ અને સમુદાય વિકાસ પ્રવૃત્તિઓ વિશે વિગતો શેર કરી. શ્રીમતી. પાંડેએ રેલ્વે કોલોનીમાં સ્વચ્છ અને હરિયાળું વાતાવરણ જાળવવાના રહેવાસીઓના પ્રયાસોની પ્રશંસા કરી.

## સોરઠમાં આશરે ૩૫૦ કિલોમીટરથી વધુ લાંબો વ્યુહાત્મક દરિયા કિનારો

કિશોર આર. સોલંકી

તા.૮ જૂન વિશ્વ મહાસાગર દિવસ તરીકે ઉજવાય છે, ત્યારે ગુજરાતના સૌથી મહત્વપૂર્ણ એવા સૌરાષ્ટ્રના ત્રણ દરિયાઈ જિલ્લાઓ જૂનાગઢ, ગીર-સોમનાથ અને પોરબંદરની સાગરીય ક્ષમતા અને તેના પડકારો મહત્વના છે. દેશમાં સૌથી લાંબો દરિયાકાંઠો ધરાવતા ગુજરાતમાં આ ત્રણ જિલ્લાઓ ભૌગોલિક, આર્થિક અને ધાર્મિક દ્રષ્ટિએ અનન્ય સ્થાન ધરાવે છે. સૌરાષ્ટ્રના આ પટ્ટામાં આશરે ૩૫૦ કિલોમીટરથી વધુ લાંબો દરિયા કિનારો આવેલો છે.

વેરાવળ, ગીર-સોમનાના સૂત્રાપાડાથી કોડિનાર સુધીન અંદાજે ૯૫ કિમી લાંબો કાંઠો ધરાવે છે. જે મત્સ્યઉદ્યોગનું મુખ્ય કેન્દ્ર છે. જૂનાગઢના માંગરોળ અને માળિયાહાટીના તાલુકામાં આશરે ૪૫થી ૫૦ કિમીને સમૃધ્ધ દરિયા કિનારો ધરાવે છે. પોરબંદરમાં અંદાજે ૧૦૫ કિમી લાંબો ખુલ્લો અને વ્યુહાત્મક દરિયાકાંઠો ધરાવે છે, જે ઔદ્યોગિક અને પ્રવાસન દ્રષ્ટિએ અત્યંત મહત્વનો છે.

ગીર-સોમનાથનું વેરાવળ બંદર અને જૂનાગઢનું માંગરોળ બંદર એશિયાના સૌથી મોટા મત્સ્યઉદ્યોગ કેન્દ્રોમાં સ્થાન પામે છે. ગીર સોમનાથમાં પ્રભાસ પાટણ ખાતે આવેલું પ્રથમ જ્યોતિ લગ શ્રી સોમનાથ મંદિર દરિયા કિનારે જ શોભી રહ્યું છે. બીજી તરફ, પોરબંદરના ચોપાટી બીચ અને માધવપુર ઘેડનો રેતાળ કિનારો પ્રકૃતિપ્રેમીઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે. આ પટ્ટાનો દરિયો પ્રમાણમાં ઊંડો અને અમુક જગ્યાએ પથરાળ છે.

## અમદાવાદમાં 'વિકાસ'ની બલિહારી: ખાડા, ભૂવા અને પાણી ભરાવાની સમસ્યા પર AAP નો વિરોધ

અમદાવાદ | આમ આદમી પાર્ટી પ્રદેશ પ્રવક્તા હિમાંશુ ઠક્કરે વિડિયોના માધ્યમથી જણાવ્યું હતું કે, અમદાવાદીઓ, ચોમાસાની શરૂઆત થોડા દિવસોમાં થશે. આપણે સૌએ જાગવાનો સમય આવી ગયો છે. કોર્પોરેશને તો પ્રીમોન્સૂનની કામગીરી પૂર્ણ કરી દીધી. હું અત્યારે મકરબા અન્ડરપાસ પાસે ઊભો છું. આજના સમાચારપત્રમાં એક લેખ વાંચ્યો. અમદાવાદમાં વિકાસની બલિહારી જુઓ સ્પષ્ટપણે એવું લખી દેવામાં આવ્યું કે પાણી ભરાશે, તમને કંઈ પણ થાય તો કોર્પોરેશનની કોઈ જવાબદારી નહીં. મને એ સમજાવો કે કોર્પોરેશન શેની જવાબદારી લેશે? કોઈ ઝાડ પડી જાય, કોઈ થાંભલા તૂટી જાય, ખાડામાં માણસો પડે, ભૂવામાં લોકો બાઈક સાથે ગરકાવ થઈ જાય, કરોડો રૂપિયા ટેક્સના, જીએસટી અને અન્ય ટેક્સના ઉઘરાવો છો આના માટે ? આ વિકાસની બલિહારી છે.

આપ પ્રવક્તા હિમાંશુ ઠક્કરે જણાવ્યું હતું કે મારી અમદાવાદની પ્રબુદ્ધ જનતાને વિનંતી છે કે ચોમાસું આવશે, અન્ડરબ્રિજ ભરાવવાના છે, પાણીનો નિકાલ નહીં જ થાય. ત્યારે આપણે સૌએ ચેતવું પડશે. બાળકો સ્કૂલે ગયા હોય, નોકરીએ ગયા હોય, ઘરેથી નીકળ્યા હોય અને પછી વરસાદ ચાલુ થાય તો રિટર્નમાં ખૂબ તકલીફ પડે ત્યારે ઈન્ટરનલ રસ્તાઓનો ઉપયોગ કરવો અથવા ઘરે રહેવું. કોર્પોરેશનને શરમ આવવી જોઈએ. અમદાવાદ જેવા શહેરની વિકાસની મોટી મોટી વાતો કરવામાં આવે અને શહેરમાં નવા બનેલા અન્ડરપાસમાં તમે પાણીના નિકાલની વ્યવસ્થા નથી કરી શકતા તો શરમથી ડૂબી મરવુ જોઈએ. ગુજરાતની જનતાને વિનંતી છે કે જાગો, કંઈક તો શિક્ષણને મહત્વ આપવું પડશે.

## સ્વિમિંગ પૂલમાં અસામાજિક તત્વો ઘૂસ્યા:ગુજરાતી ગીતો વગાડીને સ્વિમિંગ પૂલમાં ધબાકા માર્યા : દાદાગીરી કરી ઘૂસી ગયા

અમદાવાદ | અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં નાગરિકો માટે નાના-મોટા સ્વિમિંગ પૂલ (સ્નાનાગાર) બનાવવામાં આવ્યા છે પરંતુ, તંત્ર અને પોલીસની નિષ્ક્રિયતાના કારણે આ સરકારી મિલકતો હવે અસામાજિક તત્વોનો અડ્ડો બની રહી હોય તેમ લાગી રહ્યું છે. શહેરના સરસપુર વિસ્તારમાં આવેલા મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત સ્વિમિંગ પૂલમાં રાત્રિના સમયે કેટલાક સ્થાનિક અસામાજિક તત્વો ગેરકાયદેસર રીતે ઘૂસીને ન્હાતા હોવાનો એક ચોંકાવનારો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. વીડિયોમાં 10થી 15 જેટલા યુવકો બળજબરીથી સ્વિમિંગ પૂલમાં ઘૂસીને મોટેથી ગુજરાતી ગીતો વગાડીને, પૂલમાં ધબાકા મારીને ન્હાતા હોવાનું સ્પષ્ટ જોઈ શકાય છે.

સ્થાનિક સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, સરસપુર વિસ્તારમાં પોટલીયા ચાર રસ્તા પાસે મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત આ સ્વિમિંગ પૂલ આવેલો છે. રાત્રિના સમયે નિયમ મુજબ આ સ્વિમિંગ પૂલ સત્તાવાર રીતે બંધ કરી દેવામાં આવે છે. આમ છતાં, આસપાસના વિસ્તારમાં રહેતા કેટલાક માથાભારે તત્વો મોડી રાત્રે સ્વિમિંગ પૂલની પાછળના ભાગે આવેલી દિવાલ (કોટ) કૂદીને અથવા મુખ્ય દરવાજેથી સિક્યુરિટી ગાર્ડ સામે દાદાગીરી અને ધમકી આપીને અંદર પ્રવેશ કરી જાય છે. આ સ્નાનાગારમાં રાત્રે સિક્યુરિટી ગાર્ડ તૈનાત હોવા છતાં, અસામાજિક તત્વો હથિયારો સાથે ધસી આવતા હોવાથી ગાર્ડ પણ લાચાર બની જાય છે, જેના કારણે સુરક્ષા વ્યવસ્થા સામે અનેક ગંભીર સવાલો ઊભા થયા છે.

આ ચોંકાવનારી બાબત એ છે કે સરસપુર સ્વિમિંગ પૂલમાં ભૂતકાળમાં પણ ત્રણથી ચાર વખત આ પ્રકારના બનાવો બની ચૂક્યા છે. સ્નાનાગાર વિભાગના ઉચ્ચ અધિકારીઓ સુધી આ મામલે વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી છે, પરંતુ તંત્રના એક પણ અધિકારીએ આ ગંભીર બાબત પર ધ્યાન આપવાની તસ્દી લીધી નથી. આટલું જ નહીં, વારંવાર સુરક્ષા ભંગની ઘટનાઓ સામે આવતી હોવા છતાં તંત્ર દ્વારા આ સ્વિમિંગ પૂલ પરિસરમાં એક પણ સીસીટીવી (CCTV) કેમેરો લગાવવામાં આવ્યો નથી, જે અધિકારીઓની ઘોર બેદરકારી દર્શાવે છે.

## જૂનાગઢ જિલ્લા રોજગાર કચેરી દ્વારા તા. ૧૦ જૂનના ભરતી મેળો યોજાશે

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ,તા.૮. જૂનાગઢ જિલ્લા રોજગાર વિનિમય કચેરી, બી વિંગ, પ્રથમ માળ, બહુમાળી ભવન,જૂનાગઢ ખાતે તા.૧૦-જૂન ના ભરતી મેળો યોજાશે જૂનાગઢ જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા તા.૧૦-જૂન નારોજ સવારે ૧૦-૩૦ કલાકે રોજગારવાંચ્છુ ઉમેદવારો માટે એક ભરતીમેળાનુ આયોજન કરવામા આવ્યુ છે. જેમાં દાવત બેવરેઝીસ પ્રા.લી. ગોંડલ તથા ઇ.ડિ.એફ. ઈન્ટરનેશનલ નોકરીદાતાઓ હાજર રહેવાના છે. જેમા વિવિધ લાયકાત અને અલગ અલગ જગ્યાઓ માટે ડિપ્લોમા, આઇ.ટી.આઇ. ઈલેક્ટ્રીશીયન, વાયરમેન, ફિટર, ટર્નર જેવા ટ્રેડ ની શૈક્ષણિક લાયકાત ધરાવનાર (૧૮ વર્ષ થી ૪૫ વર્ષ) સુધીના રોજગારવાંચ્છુ ઉમેદવારો માટે ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવ્યુ છે. જૂનાગઢ જિલ્લાના તમામ ઈચ્છુક અને લાયકાત ધરાવતા ઉમેદવારોને નિર્ધારિત સમય અને સ્થળે તમામ જરૂરી દસ્તાવેજો સાથે ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે. આ ભરતી મેળો સ્થાનિક સ્તરે યુવાનોને રોજગારી પૂરી પાડવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

## ઉનાળા વેકેશન બાદ 1800 કરતા વધુ શાળાઓનો પ્રારંભ : વિદ્યાર્થીઓ નવા યુનિફોર્મ અને નવી બેગ સાથે શાળાએ પહોંચ્યા, શિક્ષકોએ તિલક કરી મોઢું મીઠું કરાવી આવકાર્યા

અમદાવાદ | દિવસના ઉનાળુ વેકેશન બાદ આજે રાજ્યભરની 54 હજારથી વધુ શાળાઓ તેમજ અમદાવાદમાં 1800 કરતા વધુ શાળાઓમાં નવા શૈક્ષણિક વર્ષની ધમધમાટભરી શરૂઆત થઈ છે. વહેલી સવારથી જ વિદ્યાર્થીઓ નવા યુનિફોર્મ, નવી બેગ અને નવા સપનાઓ સાથે શાળાઓમાં પહોંચ્યા હતા. રાજ્યના અંદાજે 1.15 કરોડ વિદ્યાર્થીઓના કલરવથી શાળાના કેમ્પસ ફરી એકવાર ગુંજી ઉઠ્યા હતા.

35 દિવસના ઉનાળુ વેકેશન બાદ આજથી રાજ્યમાં નવા શૈક્ષણિક વર્ષ 2026-27નો પ્રારંભ થયો છે. રાજ્યની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક મળીને અંદાજે 54 હજાર શાળાઓમાં વિદ્યાર્થીઓનું ઉત્સાહભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. નવા યુનિફોર્મ, નવી બેગ, પુસ્તકો અને નવા સપનાઓ સાથે વિદ્યાર્થીઓ વહેલી સવારથી જ શાળાઓમાં પહોંચ્યા હતા. શાળાઓએ પણ વિદ્યાર્થીઓને આવકારવા માટે વિવિધ કાર્યક્રમો, સજાવટ અને સ્વાગત સમારોહનું આયોજન કર્યું હતું. અમદાવાદ શહેરની તમામ શાળાઓના કેમ્પસ વિદ્યાર્થીઓના કલરવથી શાળાના કેમ્પસ ફરી જીવંત બન્યા હતા.

સેટેલાઈટ વિસ્તારમાં આવેલી આર.એચ.કાપડીયા શાળામાં ઉનાળુ વેકેશન પૂર્ણ થયા બાદ નવા સત્રના પહેલા દિવસે વિદ્યાર્થીઓના સ્વાગત માટેનું આયોજન કરવામાં આવ્યું હતું. શિક્ષકો વહેલી સવારથી વિદ્યાર્થીઓના સ્વાગત માટે શાળાની ગેટ પર ઉભા રહી ગયા હતા. જે બાદ વિદ્યાર્થીઓ આવ્યા બાદ તેમણે તિલક કરીને અને મોઢું મીઠું કરાવીને પ્રવેશ આપવામાં આવ્યો હતો. પહેલી વખત શાળાએ આવતા કેટલાક વિદ્યાર્થીઓ રડવા લાગ્યા હતા. જેમણે શિક્ષકો હાથ પકડીને વર્ગ ખંડમાં લઈ ગયા હતા. તો બીજા કેટલાક વિદ્યાર્થીઓ જૂના મિત્રોને મળીને ખૂબ ઉત્સાહમાં જોવા મળી રહ્યા હતા.

શૈક્ષણિક વિભાગના આયોજન મુજબ નવા શૈક્ષણિક વર્ષના પ્રથમ સત્રમાં કુલ 120 દિવસનું શિક્ષણ કાર્ય રહેવાનું છે. જેમાં 22 ઓક્ટોબરથી પ્રથમ પરીક્ષાનો પ્રારંભ થવાનો છે. જૂનથી નવેમ્બર સુધીના સમયગાળામાં વિવિધ રજાઓ અને તહેવારો વચ્ચે નિયમિત અભ્યાસક્રમ પૂર્ણ કરવામાં આવશે. વેકેશન દરમિયાન આરામ કર્યા બાદ વિદ્યાર્થીઓમાં શાળામાં પાછા ફરવાનો અને મિત્રો સાથે મુલાકાત કરવાનો ખાસ ઉત્સાહ જોવા મળ્યો હતો. 8 જૂનથી 4 નવેમ્બર સુધી પ્રથમ સત્ર ચાલવાનું છે. જે બાદ 5 નવેમ્બરથી 25 નવેમ્બર સુધી દિવાળી વેકેશન આપવામાં આવશે. જે બાદ બીજી શૈક્ષણિક સત્ર શરૂ કરવામાં આવશે.

વિદ્યાર્થી રિયા ગજ્જરે જણાવ્યું હતું કે, શાળાએ આવવાની મને બહુ જ મજા આવે છે. કારણ કે શાળામાં મિત્રો અને શિક્ષકોને મળવાનો ખૂબ આનંદ હોય છે. વેકેશનમાં બહાર ફરવા માટે ગયા હતા. તેમજ બહાર ફરવાની પણ અમને ખૂબ મજા આવી છે. જેથી આજે પહેલા દિવસે મિત્રોને મળીને ખૂબ મજા આવી છે કારણ કે, શિક્ષકો અને શાળાને ખૂબ યાદ કરતા હતા.

વિદ્યાર્થીની ખુશીએ જણાવ્યું હતું કે, મને શાળાનો પહેલો દિવસ ખૂબ જ ગમે છે. કારણ કે પહેલા દિવસે શિક્ષકોને મળવાની અને મિત્રો સાથે રમવાની ખૂબ મજા આવતી હોય છે. અમે વેકેશનમાં ઉત્તરાખંડ ફરવા માટે ગયા હતા. ત્યાં પણ ખૂબ મજા કરી હતી. તેમજ વેકેશનમાં શાળાને અને મિત્રોને ખૂબ યાદ કર્યા છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## 30 લાખની આવક, સ્ટાફની ખેંચ, વેકેશનમાં સુરતીઓનું આકર્ષણ

# સુરત નેચર પાર્કમાં ભીડ: 34 દિવસમાં 1.09 લાખ લોકો

(એજન્સી) સુરત । તા. 08

ઉનાળાના વેકેશન દરમિયાન સુરત મહાનગરપાલિકા સંચાલિત સરથાણા ખાતેનો 'ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી ઝૂલોજીકલ ગાર્ડન અને નેચર પાર્ક' ફરી એકવાર સુરતીઓ માટે ફરવાનું શ્રેષ્ઠ સ્થળ સાબિત થયું છે. 4 મે થી 7 જૂન દરમિયાનના 34 દિવસના ગાળામાં એક લાખથી વધુ મુલાકાતીઓએ આ પાર્કની મુલાકાત લીધી છે, જેનાથી સુરત મહાનગરપાલિકાની તિજોરીમાં લાખો રૂપિયાની આવક થઈ છે.

### 34 દિવસમાં 30 લાખની કમાણી

પાલિકાના આંકડા મુજબ, વેકેશન દરમિયાન કુલ 1,09,189 નાગરિકોએ નેચર પાર્કની મુલાકાત લીધી હતી. આ સંખ્યાના કારણે પાલિકાને 30,08,950 રૂપિયાની આવક થઈ છે. વેકેશનના અંતિમ સપ્તાહ અને ખાસ કરીને રવિવારના દિવસે પાર્કમાં ભારે ભીડ જોવા મળી હતી. માત્ર સુરત જ નહીં, પરંતુ આસપાસના દક્ષિણ ગુજરાતના અન્ય શહેરોમાંથી પણ પર્યટકો અહીં પ્રાણી-પક્ષીઓ નિહાળવા ઉમટી પડ્યા હતા.

સરથાણા નેચર પાર્ક માત્ર મનોરંજનનું સાધન જ નથી, પરંતુ પર્યાવરણ અને વન્યજીવ જાગૃતિનું કેન્દ્ર પણ છે. હાલમાં આ પાર્કમાં 24 પ્રજાતિના 128 પ્રાણીઓ, 27 પ્રજાતિના 294 પક્ષીઓ અને 5 પ્રજાતિના 61 રેપટાઈલ્સ (સરિસૃપ) મુલાકાતીઓ માટે મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. બાળકો અને વિદ્યાર્થીઓ માટે આ સ્થળ વન્યજીવન વિશે જાણકારી મેળવવાની શ્રેષ્ઠ તક પૂરી પાડે છે.



### સ્ટાફ પર વધારાનું ભારણ

એક તરફ મુલાકાતીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે, ત્યારે બીજી તરફ પાર્કમાં ઉપલબ્ધ કર્મચારીઓની મર્યાદિત સંખ્યા ચિંતાનો વિષય બની છે. ટિકિટ વિતરણથી લઈને પ્રાણીઓની દેખરેખ અને મુલાકાતીઓની સુરક્ષા જેવી જવાબદારીઓ માટે પૂરતો સ્ટાફ ન હોવાથી વર્તમાન કર્મચારીઓએ ભારે દબાણ વચ્ચે ફરજ બજાવવી પડી હતી. પાલિકા તંત્ર દ્વારા આ બાબતે યોગ્ય આયોજન કરવું અનિવાર્ય છે, જેથી ભવિષ્યમાં પણ મુલાકાતીઓને સારી સુવિધા મળી રહે.

### એક્વેરિયમ બંધ હોવાથી ધસારો વધ્યો

આ વર્ષે વેકેશન દરમિયાન સરથાણા નેચર પાર્કમાં ભીડ વધવાનું એક કારણ પાલ વિસ્તારમાં આવેલ એક્વેરિયમનું બંધ હોવું પણ છે. બાંધકામની ખામીઓને કારણે આ એક્વેરિયમ લાંબા સમયથી રિપેરિંગ હેઠળ છે. વેકેશનમાં અહીં જવા ઈચ્છતા અનેક પરિવારોએ એક્વેરિયમ બંધ હોવાથી નિરાશા અનુભવી હતી, જેના પરિણામે પ્રવાસન માટે લોકોએ સરથાણા નેચર પાર્કની પસંદગી કરી હતી.

સુરત મહાનગરપાલિકાના આ નેચર પાર્કે ફરી એકવાર સાબિત કર્યું છે કે શહેરીજનોને હરવા-ફરવા માટે પ્રકૃતિની નજીક રહેલા સ્થળોની કેટલી જરૂર છે. આગામી સમયમાં જો સુવિધાઓ અને સ્ટાફમાં વધારો કરવામાં આવે, તો આ પાર્ક સુરતનું સૌથી મોટું પર્યટન હબ બની શકે તેમ છે.

## રાજકોટના ત્રંબામાં ગમખ્વાર અકસ્માત: વેપારીનું મોત, અકસ્માત CCTVમાં કેદ, ચાલકે ભૂલ સ્વીકારી



રાજકોટ | રાજકોટ જિલ્લાના ત્રંબા ગામ નજીક રવિવારે બપોરના સમયે સર્જાયેલા એક કરુણ અકસ્માતમાં ૫૨ વર્ષીય વેપારીનું મોત નીપજ્યું છે. પૂરઝડપે આવતી કારના ચાલકે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતા કાર સીધી રોડ કિનારે આવેલી દુકાનમાં ઘૂસી ગઈ હતી, જેમાં દુકાન ખોલી રહેલા વેપારીનું કાર અને દીવાલ વચ્ચે દબાઈ જવાથી ગંભીર ઈજાઓ થતા મોત થયું હતું. મળતી માહિતી અનુસાર, કનૈયાલાલ બારસિયા નામના વેપારી ત્રંબા ગામ નજીક પોતાની એગ્રોની દુકાન ખોલી રહ્યા હતા. તે જ સમયે ત્યાંથી પસાર થતી એક કારના ચાલકે કાબૂ ગુમાવતા કાર ધડાકાભેર દુકાનમાં ઘૂસી ગઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે કનૈયાલાલભાઈ કાર અને દીવાલની વચ્ચે ફસાઈ ગયા હતા. આસપાસના લોકો દ્વારા તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ગંભીર ઈજાઓને કારણે સારવાર દરમિયાન તેમનું અવસાન થયું હતું. આ સમગ્ર ઘટના દુકાનમાં લાગેલા CCTV અને કારના ડેશકેમમાં સ્પષ્ટ રીતે કેદ થઈ ગઈ છે.

## વડોદરાના અંકોડિયામાં કેનાલમાં ડૂબી જતા યુવકનું મોત, ફાયરબ્રિગેડે મૃતદેહ બહાર કાઢ્યો

(એજન્સી) વડોદરા । તા. 08

વડોદરાના અંકોડિયા ગામ નજીક આવેલી કેનાલમાં આજે એક અત્યંત દુઃખદ ઘટના બની હતી, જેમાં મિત્રો સાથે નહાવા ગયેલા ૨૧ વર્ષના યુવકનું પાણીમાં ડૂબી જવાથી કરુણ મોત નીપજ્યું હતું. આ ઘટનાને પગલે મૃતકના પરિવારજનો અને મિત્રવર્તુળમાં શોકનું મોજું ફરી વળ્યું છે. દાંડિયાબજાર વિસ્તારમાં આવેલ ઓમ ચેમ્બર્સમાં રહેતો ૨૧ વર્ષનો શ્રવણ અનિલભાઈ કેસારકર આજે બપોરે પોતાના ત્રણ મિત્રો સાથે અંકોડિયા ગામની સીમમાંથી પસાર થતી કેનાલ પાસે ગયો હતો. ભારે ગરમીના કારણે ઠંડક મેળવવાના હેતુથી શ્રવણ અને તેના મિત્રો કેનાલના પાણીમાં નહાવા માટે ઉતર્યા હતા. નહાતી વખતે અચાનક શ્રવણ ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયો હતો અને બહાર આવી શક્યો ન હતો. શ્રવણને ડૂબી જતો જોઈ તેના મિત્રો ગભરાઈ ગયા હતા અને આસપાસના લોકોની મદદ માંગી હતી. તુરંત જ સ્થાનિક ફાયરબ્રિગેડને આ અંગે જાણ કરવામાં આવી હતી. ફાયરબ્રિગેડના જવાનોએ ઘટનાસ્થળે પહોંચીને તરત જ શોધખોળ હાથ ધરી હતી. લાંબા સમયની જહેમત બાદ ફાયર બ્રિગેડના જવાનોએ કેનાલમાંથી શ્રવણનો મૃતદેહ બહાર કાઢ્યો હતો.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તાલુકા પોલીસ સ્ટેશનની ટીમ પણ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી. પોલીસે પ્રાથમિક તપાસ હાથ ધરીને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડ્યો છે. તાલુકા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. શ્રવણના મૃત્યુના સમાચાર મળતા જ તેના પરિવારમાં આક્રંદ છવાઈ ગયો હતો. ચોમાસા પહેલા અને ગરમીના દિવસોમાં અવારનવાર યુવાનો કેનાલ કે નદીમાં નહાવા પડે છે, જે ઘણીવાર જીવલેણ સાબિત થાય છે. પાણીની ઊંડાઈ કે અંદરના પ્રવાહનો અંદાજ લગાવવો મુશ્કેલ હોવાથી આવી દુર્ઘટનાઓ વધતી જાય છે. તંત્ર દ્વારા વારંવાર ચેતવણી આપવામાં આવતી હોવા છતાં, યુવાનો આવા જોખમી સ્થળોએ નહાવા જવાનું ટાળતા નથી.



## ગોંડલ નજીકથી રૂ. 1.51 કરોડનો દારૂ ઝડપાયો, SMCની મોટી સફળતા મળી

(એજન્સી) ગોંડલ । તા. 08

રાજકોટ-જૂનાગઢ હાઈ-વે પર આજે સવારે સ્ટેટ મોનિટરિંગ સેલ (એસએમસી)ની ટીમે એક મોટી કાર્યવાહી કરીને ૧.૫૧ કરોડ રૂપિયાના અંગ્રેજી દારૂ સાથે એક ટ્રક ઝડપી પાડ્યો છે. ગોંડલ નજીક ભરૂડી ટોલ પ્લાઝા પાસેથી પસાર થતા આ ટ્રકમાંથી પોલીસે મોટા પ્રમાણમાં દારૂનો જથ્થો જપ્ત કરી ટ્રક ચાલકની ધરપકડ કરી છે. એસએમસીના પીઆઈ આર. કે. કરમટા અને પીએસઆઈ વી. એન. જાડેજાને મળેલી ચોક્કસ બાતમીના આધારે આ રેડ પાડવામાં આવી હતી. તપાસ દરમિયાન ટ્રકમાંથી અંગ્રેજી દારૂની ૧૧૫૪ પેટી, જેમાં કુલ ૪૧,૫૮૦ બોટલ સમાવિષ્ટ છે, તે મળી આવી હતી. દારૂની કિંમત ઉપરાંત ટ્રક, મોબાઈલ ફોન અને રોકડ મળીને કુલ ૧.૮૧ કરોડ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. આ દારૂ હરિયાણાથી લાવી ગુજરાતમાં ઘુસાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હતો. પ્રાથમિક તપાસમાં ટ્રક ચાલક ભુરારામ કાલુરામ સરન (રહે. રાજસ્થાન)ની ધરપકડ કરવામાં આવી છે. આ જથ્થો રાજસ્થાનના ખેમારામ રાવતારામ બેનીવાલે મોકલ્યો હોવાનું સામે આવ્યું છે. એસએમસીએ ટ્રકના માલિક રામનિવાસ અને તેના ભાઈ સુનિલને પણ આરોપી બનાવ્યા છે.

## રેશનિંગ દુકાનદારો પર CBDC કામગીરીનું દબાણ વધ્યું, વીસીઈને 20 રૂપિયા, દુકાનદારોને મફત કામ!

(એજન્સી) વડોદરા । તા. 08

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પૂર્ણ થતાની સાથે જ રાજ્યમાં પુરવઠા વિભાગનું દબાણ રેશનિંગ દુકાનદારો (એફપીએસ સંચાલકો) પર વધી ગયું છે. સરકાર દ્વારા નવી સીબીડીસી (સેન્ટ્રલ બેન્ક ડિજિટલ કરન્સી) યોજનાના અમલીકરણ માટે દુકાનદારોને કોઈપણ વધારાના વળતર વિના કામગીરી સોંપવામાં આવતા રાજ્યભરના ૧૭ હજાર જેટલા રેશનિંગ દુકાનદારોમાં રોષની લાગણી ફેલાઈ છે.



સરકારે આ કામગીરી માટે પંજાબ નેશનલ બેંક સાથે જોડાણ કર્યું છે. રસપ્રદ બાબત એ છે કે, ગ્રામ્ય કક્ષાએ કામ કરતા વીસીઈ માટે એક રેશનકાર્ડની નોંધણી દીઠ ૨૦ રૂપિયા વેતન નક્કી કરવામાં આવ્યું છે, જ્યારે રેશનિંગ દુકાનદારોને આ જ કામ કોઈપણ વળતર વિના કરવા માટે દબાણ કરવામાં આવી રહ્યું છે. સંચાલકોનું કહેવું છે કે સરકારની આ 'એકને ગોળ અને બીજાને ખોળ' જેવી નીતિ અન્યાયી છે.

અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના ૮ માર્ચના પરિપત્રમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે આ કામગીરી વીસીઈ અથવા બેંકના કર્મચારીઓએ કરવાની છે. તેમાં ક્યાંય પણ એફપીએસ સંચાલકોનો ઉલ્લેખ નથી કે તેમને આ કામ કરવા માટે કોઈ વળતર ચૂકવવાની વાત નથી. છતાં સ્થાનિક પુરવઠા વિભાગ દ્વારા મૌખિક રીતે અને વોટ્સએપ ગૃપોમાં દુકાનદારો પર આ કામગીરી પૂર્ણ કરવા માટે ભારે દબાણ કરવામાં આવી રહ્યું છે, જે દુકાનદારો માટે હેરાનગતિનું કારણ બન્યું છે. રાજ્યના વિવિધ જિલ્લાઓના એસોસિએશન પ્રમુખોએ આ મનસ્વી કામગીરીનો વિરોધ નોંધાવ્યો છે.

## વડોદરામાં ભારે પવનને કારણે બે સ્થળે વૃક્ષ ધરાશાયી, ફાયરબ્રિગેડ દ્વારા રસ્તા ખુલ્લા કરાયા



વડોદરા | વડોદરા શહેરમાં ગઈકાલે મોડી રાતથી ફૂંકાયેલા તેજ પવનને પગલે વૃક્ષો ધરાશાયી થવાની ઘટનાઓ સામે આવી છે. શહેરના કારેલીબાગ અને ગોરવા વિસ્તારમાં વૃક્ષ ધરાશાયી થતા ફાયરબ્રિગેડની ટીમને ઘટનાસ્થળે દોડી જવું પડ્યું હતું. ખાસવાડી સ્મશાન નજીક બહુચરાજી રોડ પર એક મોટું વૃક્ષ ધરાશાયી થયું હતું. આ ઘટનામાં ત્યાં પાર્ક કરેલી એક કાર વૃક્ષની ડાળીઓ નીચે દબાઈ ગઈ હતી. સદનસીબે કારમાં કોઈ વ્યક્તિ હાજર ન હોવાથી જાનહાનિ ટળી હતી. બીજી તરફ, ગોરવા પંચવટી રોડ પર પણ એક વૃક્ષ ધરાશાયી થતા રસ્તો સંપૂર્ણપણે બ્લોક થઈ ગયો હતો, જેના કારણે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ઘટનાની જાણ થતા જ ફાયરબ્રિગેડની ટીમ તાત્કાલિક બંને સ્થળોએ પહોંચી ગઈ હતી. ફાયરના જવાનોએ કટર અને અન્ય સાધનોની મદદથી વૃક્ષની ડાળીઓને કાપીને રસ્તો ખુલ્લો કર્યો હતો. શહેરમાં અન્ય કેટલાક વિસ્તારોમાંથી પણ વૃક્ષની ડાળીઓ તૂટવાના સમાચાર મળ્યા છે, પરંતુ તેના માટે ફાયરબ્રિગેડને સત્તાવાર કોલ મળ્યા નહોતા.

## ગેટ પર પાઈપો ખડકતા ભારે જામ

# વડોદરા ગોત્રી હોસ્પિટલ બહાર ટ્રાફિકની હાલાકી



(એજન્સી) વડોદરા । તા. 08

વડોદરાની અત્યંત વ્યસ્ત અને સંવેદનશીલ એવી ગોત્રી હોસ્પિટલના મુખ્ય પ્રવેશદ્વાર પર એક કોન્ટ્રાક્ટરની ગંભીર બેદરકારી સામે આવતા ભારે હોબાળો મચ્યો છે. હોસ્પિટલના મેઈન ગેટ પર જ લોખંડની પાઈપો ખડકી દેવામાં આવતા સવારથી જ ટ્રાફિક જામની ગંભીર સમસ્યા સર્જાઈ હતી. આ બેદરકારીને કારણે પાંચ જેટલી એમ્બ્યુલન્સો ટ્રાફિકમાં ફસાઈ ગઈ હતી, જેના લીધે સારવાર અર્થે આવતા ગંભીર દર્દીઓના જીવ પણ જોખમમાં મુકાયા હતા.

આ કોઈ પહેલીવાર નથી જ્યારે કોન્ટ્રાક્ટરે આ પ્રકારની ભૂલ કરી હોય. થોડા દિવસ અગાઉ પણ હોસ્પિટલનો ઈમરજન્સી ગેટ બ્લોક કરવામાં આવ્યો હતો, ત્યારે ડૉક્ટરોની ચેતવણી બાદ પાઈપો હટાવી લેવામાં આવી હતી. જોકે, આ ઘટનામાંથી કોઈ બોધપાઠ લેવાને બદલે કોન્ટ્રાક્ટરે ફરીથી ગઈકાલે રાત્રે મેઈન ગેટ પર જ પાઈપોનો મોટો ઢગલો કરી દીધો હતો. સવારના પીક અવર્સમાં જ્યારે હોસ્પિટલ આવતા દર્દીઓ, સ્ટાફ અને વિદ્યાર્થીઓની અવરજવર સૌથી વધુ હોય છે, ત્યારે આ ગેટ બ્લોક થઈ જવાથી હજારો લોકો કલાકો સુધી ટ્રાફિકમાં અટવાઈ પડ્યા હતા.

ગોત્રી હોસ્પિટલ અને મેડિકલ કોલેજ કેમ્પસ અત્યંત વિશાળ છે. અહીં દરરોજ આશરે 1400 દર્દીઓ સારવાર લેવા આવે છે, ઉપરાંત 1200થી વધુ વિદ્યાર્થીઓ, 300 પેરામેડિકલ સ્ટાફ અને 300 જેટલા ડૉક્ટરો સતત અવરજવર કરે છે. આટલી મોટી સંખ્યામાં લોકોનું સંચાલન જ્યાં થતું હોય ત્યાં પ્રવેશદ્વાર અવરોધાવું એ મોટી આપત્તિને નોતરવા સમાન છે. કોન્ટ્રાક્ટરની આ કામગીરીને લઈને લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને આ પ્રકારના ગંભીર મુદ્દે બેદરકારીને "બુદ્ધિનું દેવાળું" ગણાવી રહ્યા છે.

સ્થાનિકો અને હોસ્પિટલ સ્ટાફના મતે, આ સમસ્યા માત્ર એક દિવસની નથી. ગોત્રી હોસ્પિટલ નજીક કોઈ વ્યવસ્થિત ટ્રાફિક પોઈન્ટ કે ટ્રાફિક પોલીસની કાયમી વ્યવસ્થાનો અભાવ છે. ડિવાઈડર અને ડાઈવર્ઝનનું આયોજન પણ યોગ્ય રીતે થયું નથી, જેના કારણે એમ્બ્યુલન્સોને ફરજિયાત 'રોંગ સાઈડ'માં જવું પડે છે. આ પરિસ્થિતિ અકસ્માતને સીધું જ આમંત્રણ આપે છે.

આ ઘટના બાદ હવે વહીવટી તંત્ર અને સ્થાનિક પોલીસ સામે અનેક પ્રશ્નો ઊભા થયા છે. લોકોની માંગ છે કે ગોત્રી હોસ્પિટલ જેવા સંવેદનશીલ વિસ્તારમાં એમ્બ્યુલન્સ માટે ગ્રીન કોરિડોર જેવી વ્યવસ્થા બનાવવામાં આવે. વધુમાં, હોસ્પિટલ કેમ્પસમાં અવરોધ ઊભો કરનાર બેદરકાર કોન્ટ્રાક્ટર સામે કડક કાયદાકીય પગલાં લેવા જોઈએ જેથી ભવિષ્યમાં કોઈ દર્દીએ ટ્રાફિકને કારણે જીવ ગુમાવવો ન પડે.

## દરબારમાં મહિલા ધૂણી, હુમલો કર્યો, અંધશ્રદ્ધા ફેલાવવા બદલ આક્રોશ

# રાજકોટ દિવ્ય દરબાર: અંધશ્રદ્ધાનો વીડિયો વાયરલ

(એજન્સી) રાજકોટ । તા. 08

બાગેશ્વરધામના પીઠાધીશ્વર ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રી ફરી એકવાર વિવાદના વંટોળમાં ફસાયા છે. રાજકોટમાં આયોજિત તેમના 'દિવ્ય દરબાર' દરમિયાન બનેલી એક ચોંકાવનારી ઘટનાએ સોશિયલ મીડિયા પર ભારે ચર્ચા જગાવી છે. કાર્યક્રમ દરમિયાન જાહેરમાં અંધશ્રદ્ધાને પ્રોત્સાહન અપાતું હોવાના આક્ષેપો સાથે, પંડાલમાં સર્જાયેલી અંધાધૂંધીના દ્રશ્યોએ લોકોમાં ભારે રોષ અને આક્રોશ પેદા કર્યો છે. આ ઘટનાક્રમ બાદ તર્કવાદીઓ અને સ્થાનિકોએ આયોજન સામે કડક સવાલો ઉઠાવ્યા છે.મળતી માહિતી મુજબ, દિવ્ય દરબારના પંડાલમાં જ્યારે ધીરેન્દ્ર શાસ્ત્રી મંચ પર બિરાજમાન હતા, ત્યારે તેમણે કોઈ વિશેષ



આહવાન કર્યું હતું. આ સંબોધન બાદ દરબારમાં હાજર રહેલા કેટલાક લોકો કથિત રીતે 'ધૂણવા' લાગ્યા હતા. વાયરલ થયેલા વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે એક મહિલા પર 'પ્રેત' આવ્યું હોવાના દાવા સાથે તે અચાનક આક્રમક થઈ ગઈ હતી. પરિસ્થિતિ એટલી હદે વણસી ગઈ કે આ મહિલાએ પંડાલમાં હાજર અન્ય લોકો પર હુમલો કરી દીધો, જેના કારણે ત્યાં ભારે અફરાતફરી અને દોડધામ મચી ગઈ હતી.રબારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જોખમાઈ હોવા છતાં, મંચ પરથી ધીરેન્દ્ર શાસ્ત્રી આ સમગ્ર ઘટનાક્રમને શાંતિથી નિહાળતા રહ્યા હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. હાજર લોકો અને વીડિયો જોનારા સોશિયલ મીડિયા યુઝર્સમાં આ બાબતને લઈને ભારે નારાજગી છે કે, આવી અંધાધૂંધીને રોકવા માટે બાબાએ કોઈ જ હસ્તક્ષેપ કર્યો ન હતો. પંડાલમાં હાજર લોકોની સુરક્ષા અને ગરિમા જાળવવાને બદલે મૂકપ્રેક્ષક બની રહેલા બાબાના વલણે લોકોના રોષમાં વધારો કર્યો છે.

વૈજ્ઞાનિક અભિગમ ધરાવતા સમાજમાં આ પ્રકારના કૃત્યો જાહેરમાં થવા તે ચિંતાનો વિષય છે. બુદ્ધિજીવીઓ અને તાર્કિકોએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે ડિજિટલ યુગમાં ભૂત-પ્રેત કાઢવાના નામે લોકોને ભરમાવવાનું અને અંધશ્રદ્ધા ફેલાવવાનું કાર્ય તાત્કાલિક અટકાવવું જોઈએ. સોશિયલ મીડિયા પર આ વીડિયો વાયરલ થયા બાદ લોકો પ્રશાસન સામે પણ તીખા પ્રશ્નો કરી રહ્યા છે કે, આવા કાર્યક્રમો માટે મંજૂરી કેવી રીતે મળે છે અને જ્યારે કાર્યક્રમમાં અંધાધૂંધી થાય ત્યારે તંત્ર કેમ આંખ આડા કાન કરે છે? રાજકોટમાં યોજાયેલા આ કાર્યક્રમ બાદ સ્થાનિક વહીવટી તંત્રની કામગીરી પર પણ સવાલો ઉઠી રહ્યા છે. અંધશ્રદ્ધા નિર્મૂલન અંગેના કાયદાઓ હોવા છતાં, આવા આયોજનોને મળતી છૂટછાટ અને તેના કારણે સામાન્ય નાગરિકોને પડતી હાલાકી એ ગંભીર ચિંતાનો વિષય છે.

## ત્રણ કલાકમાં ઘર સાફ કરી તસ્કરો ફરાર

# વડોદરામાં ખરીદી કરવા નીકળેલા દંપતીના ઘરે ચોરી

(એજન્સી) વડોદરા । તા. 08

વડોદરા શહેરના કારેલીબાગ બાદ હવે હરણી રોડ વિસ્તારમાં પણ બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું છે. ખરીદી કરવા માટે મોલમાં ગયેલા દંપતીની ગેરહાજરીમાં તસ્કરોએ ઘરમાં પ્રવેશ કરી સાડા છ તોલાના સોનાના દાગીનાની ચોરી કરી હોવાનો કિસ્સો સામે આવ્યો છે.

હરણી રોડ પર આવેલી ડાયમંડ રેસીડેન્સીમાં રહેતા તાપસ ચટ્ટોપાધ્યાય, જેઓ સાવલીની એક કંપનીમાં નોકરી કરે છે, તેઓ રવિવારે સાંજે પોતાની પત્ની સાથે મોલમાં ખરીદી કરવા માટે ગયા હતા.

સાંજે ૬:૩૦ વાગ્યાથી લઈને રાત્રે ૯:૩૦ વાગ્યા સુધીના માત્ર ત્રણ કલાકના ગાળામાં તસ્કરોએ તક સાધીને બંધ મકાનને નિશાન બનાવ્યું હતું.

દંપતી રાત્રે જ્યારે પરત ફર્યું ત્યારે તેમને ઘરની જાળી ખુલ્લી અને દરવાજાનો નકુચો તૂટેલો જોવા મળ્યો હતો. ઘરમાં તપાસ કરતા કબાટમાંથી લાલ રંગની બેગ ગાયબ હતી, જેમાં સાડા છ તોલાથી વધુ વજનના સોનાના દાગીના રાખેલા હતા. તસ્કરોએ ખૂબ જ આયોજનબદ્ધ રીતે ઘરના મુખ્ય ભાગમાં રહેલી કિંમતી વસ્તુઓ પર હાથફેરો કર્યો હતો.

આ અંગે તાપસ ચટ્ટોપાધ્યાયે હરણી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કર્યો છે. હાલમાં પોલીસ દ્વારા આસપાસના વિસ્તારોમાં રહેલા CCTV ફૂટેજ મેળવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે, જેથી તસ્કરોને પકડી શકાય. વડોદરામાં છેલ્લા થોડા દિવસોમાં ઘરફોડ ચોરીના એક પછી એક બનાવો વધતા રહેણાંક વિસ્તારોમાં લોકોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

પોલીસે પણ નાગરિકોને ઘર ખાલી કરીને બહાર જતી વખતે સાવચેતી રાખવા અને સામાજિક સુરક્ષા અંગે જાગૃત રહેવા અપીલ કરી છે.

## 50 અરજીઓ બાદ પોલીસની તવાઈ

# રાજકોટમાં સાયબર ફ્રોડના 1.78 કરોડ જપ્ત, 9ની ધરપકડ

(એજન્સી) રાજકોટ । તા. 08

સાયબર ગઠિયાઓને પોતાના બેંક ખાતા ભાડે આપી કૌભાંડમાં મદદ કરનારાઓ વિરુદ્ધ રાજકોટ પોલીસે લાલ આંખ કરી છે. 'ઓપરેશન મ્યુલ હન્ટ ૨.૦' હેઠળ હાથ ધરવામાં આવેલી કાર્યવાહીમાં અત્યાર સુધીમાં ૯ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જેમના ખાતામાં સાયબર ફ્રોડના ૧.૭૮ કરોડ રૂપિયા જમા થયા હતા. આ કૌભાંડમાં સુરત કનેક્શન પણ બહાર આવતા પોલીસની તપાસ વધુ સઘન બની છે.

રાજકોટ રૂરલ એસપી વિજયસિંહ ગુર્જરના જણાવ્યા અનુસાર, ધરપકડ કરાયેલા આરોપીઓએ માત્ર ૫ થી ૧૦ હજાર રૂપિયાની લાલચમાં પોતાના બેંક ખાતા એક મહિના માટે સાયબર ગઠિયાઓને ભાડે આપ્યા હતા. જેમના ખાતામાં શંકાસ્પદ વ્યવહારો જણાયા અને જેઓ આ ગુનાહિત પ્રવૃત્તિમાં જાણકારી સાથે જોડાયેલા હતા, તેમની સામે જ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. ગ્રામ્ય વિસ્તારના એવા નાગરિકો કે જેમને પોતાના ખાતાનો ઉપયોગ ફ્રોડ માટે થતો હોવાની જાણ નહોતી, તેમને તપાસ દરમિયાન બાકાત રાખવામાં આવ્યા છે.

રાજકોટ જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનમાં કુલ ૮ ગુના નોંધાયા છે, જેમાં સંડોવાયેલા ૧૬ શખ્સો પૈકી ૯ની ધરપકડ કરવામાં આવી છે. વિંછીયા, ગોંડલ (બી-ડિવિઝન અને તાલુકા), મેટોડા, જસદણ, ધોરાજી અને પડધરીમાં નોંધાયેલા આ કેસોમાં સાયબર ફ્રોડની ૫૦ જેટલી અરજીઓ દેશભરમાંથી મળી હતી. મેટોડા પોલીસના ગુનામાં સૌથી વધુ ૬૨ લાખ રૂપિયા અને ગોંડલ તાલુકા પોલીસના ગુનામાં ૮૪.૮૬ લાખ રૂપિયા જેવા મોટા આંકડા સામે આવ્યા છે. પોલીસની તપાસમાં સાત આરોપીઓ હજુ પણ વોન્ટેડ છે, જેમાં ધોરાજી અને સુરતના રહેવાસીઓનો સમાવેશ થાય છે. આ કૌભાંડમાં સુરત કનેક્શન ખુલતા રાજકોટ પોલીસની એક ટીમ સુરત રવાના થઈ છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**
તમારા બાળપણની યાદગીરીઓ આજે તમને વ્યસ્ત રાખશે. આ પ્રક્રિયામાં તમે તમારી જાત પર બિનજરૂરી માનસિક તાણ લાવશો. પ્રસંગોપાત બાળક જેવા બનવાની ક્ષમતા ખોઈ બેસવામાંથી જ તમારી બેચેની અને તાણ ઉદભવ્યા છે.

**વૃષભ : બ. વ. ઉ.**
કશુંક કરવાની તમારી અનિચ્છા તમને લાગણીશીલ તથા માનસિક અભિગમનો શિકાર બનાવશે. આજે તમારે જમીન, રિયલ એસ્ટેટ અથવા સાંસ્કૃતિક પ્રૉજેક્ટ્સને લગતી બાબતો પર ધ્યાન આપવું જોઈએ.

**મિથુન : ક. છ. ઘ.**
તમારી ઈચ્છાઓ પૂરી કરવા માટે અંગત સંબંધોનો દુરૂપયોગ તમારી પત્નીને ગુસ્સો અપાવશે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે.

**કર્ક : ડ. હ.**
તમારી સાચી ક્ષમતાને જાણો કેમ કે તમે દ્રઢતામાં નહીં પણ ઈચ્છાશક્તિમાં પાછળ પડો છો. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. બહેનના લગ્નના સમાચાર તમને ખુશખુશાલ કરી મુકશે. બહેનથી દૂર થવાના વિચારમાત્રથી તમને દુઃખની લાગણી થવાની શક્યતા છે.

**સિંહ : મ. ટ.**
બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. મિત્રો તમારા અંગત જીવનમાં જરૂર કરતાં વધારે ચંચૂપાત કરશે.

**કન્યા : પ. ઠ. ણ.**
મજા માટેની ટ્રીપ તથા સામાજિક મેળાવડા તમને નિરાંતવા તથા ખુશ રાખશે. રિયલ એસ્ટેટમાં રોકાણ લલચાવનારૂં હશે. તમારી પાસેના ફાજલ સમયનો લાભ તમારા પરિવારના સભ્યોની મદદ કરવા માટે લો.

**તુલા : ર. ત.**
તમારો ઝઘડાખોર સ્વભાવ અંકુશમાં રાખો કેમ કે તેનાથી તમારા સંબંધો પર કાયમી અસર પડી શકે છે. મોકળાશભર્યું મન અને કોઈના પણ પ્રત્યે પૂર્વગ્રહ ત્યજીને તમે તેમાંથી બહાર આવી શકો છો. તમારું સંચિત ધન આજે તમારા કામ આવી શકે છે.

**વૃશ્ચિક : ન. ય.**
તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. જીવન સાથી ની ખરાબ તબિયત ને લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે પરંતુ આ વાત ને લયીને ચિંતિત થવા ની જરૂર નથી.

**ધન : ભ. ધ. ફ. ઢ.**
યોગ તથા ધ્યાન તમને સ્વસ્થ રહેવામાં તથા માનસિક રીતે ફિટ રહેવામાં મદદ કરશે. રિયલ એસ્ટેટ અને આર્થિક વ્યવહારો માટે સારો દિવસ. મિત્રો તમને એક યાદગાર સાંજ માટે તેમના ઘરે બોલાવશે.

**મકર : ખ. જ.**
તમારા અણધાર્યા સ્વભાવને તમારા વૈવાહિક સંબંધ પર અસર કરવા ન દો.આ બાબતને ટાળવાનો પ્રયાસ કરો ન્યથા તમે પછીથી પસ્તાશો. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે.

**કુંભ : ગ. સ. શ. ષ.**
તમારા શરીરને રિચાર્જ કરવા માટે તમારે સંપૂર્ણ આરામ લેવો જોઈએ અન્યથા થાક તમારામાં નિરાશવાદ પેદા કરી શકે છે. સંયુક્ત સાહસો તથા શંકાસ્પદ આર્થિક યોજનાઓમાં રોકાણ કરતા નહીં. તમે જેને પ્રેમ કરે છો એવા લોકો પાસેથી ભેટ મેળવવા અથવા તેમને આપવા માટે મંગળકારી દિવસ.

**મીન : દ. ચ. ઝ. થ.**
વધારે પડતો પ્રવાસ તમને ઝનૂન પર લાવી મુકશે. જે લોકોએ ક્યાંક નિવેશ કર્યું હતું તે લોકો ને આજ ના દિવસે આર્થિક હાનિ થવા ની શક્યતા છે. પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્રોત બનશે.

ત્રણેય સામે દારૂબંધી ભંગનો ગુનો નોંધવામાં આવ્યો

# જામનગરમાં વાઘેરવાડા વિસ્તારમાંથી સર્પાકારે કાર હંકારી રહેલા યુવક સહિત ત્રણ શખ્સો દારૂના નશામાં ઝડપાયા

(એજન્સી) જામનગર | તા.08



જામનગર શહેરના વાઘેરવાડા વિસ્તારમાં જાહેર માર્ગ પર નશાની હાલતમાં કાર હંકારી લોકોના જીવને જોખમમાં મૂકનાર એક યુવક સહિત કારમાં સવાર ત્રણેય શખ્સો સામે પોલીસે કાર્યવાહી કરી છે. કાર ચાલક ઉપરાંત તેની સાથે બેઠેલા અન્ય બે યુવકો પણ દારૂ પીધેલી હાલતમાં મળી આવતા ત્રણેય સામે દારૂબંધી ભંગનો ગુનો નોંધવામાં આવ્યો છે, જ્યારે ચાલક સામે નશામાં વાહન ચલાવવા બદલ અલગથી ગુનો નોંધાયો છે.સીટી 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશનનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે સાંજે આશરે 6:55 વાગ્યે વાઘેરવાડા વિસ્તારમાં આશાપુરા ખડકી બહાર બચુનગર પાસે એક કાર સર્પાકારે અને બેદરકારીપૂર્વક ચલાવવામાં આવતી જોવા મળી હતી. પોલીસે કારને રોકી તપાસ કરતાં ડ્રાઈવર સહિત ત્રણ વ્યક્તિઓ મળી આવ્યા હતા.કાર ચલાવનાર હર્ષ પ્રકાશભાઈ ટાંક (ઉ.વ.23, રહે. લાલવાડી અટલ આવાસ, જામનગર)ના મોઢામાંથી દારૂની તીવ્ર વાસ આવતી હતી. તેની આંખો લાલ હતી તેમજ શરીરનું સંતુલન જાળવી શકતો ન હોવાથી લથડતો હોવાનું જણાયું હતું. પૂછપરછ દરમિયાન તે દારૂ પીવા અંગેનો કોઈ પાસ કે પરમિટ રજૂ કરી શક્યો નહોતો. કારમાં તેની સાથે બેઠેલા જય દીપકભાઈ ગોહિલ અને પુનીત મનસુખલાલ ભીંડી પણ દારૂના નશામાં હોવાનું સામે આવ્યું હતું. જેથી પોલીસે ત્રણેય સામે દારૂબંધી ભંગ અંગે કાર્યવાહી હાથ ધરી હતી.પોલીસે આરોપીની જી.જે.38-ટી.એ.9199 નંબરની સુઝુકી એટીંગા મોડેલની આશરે રૂ. 6 લાખ કિંમતની કાર કબજે કરી હતી. સમગ્ર મામલે હર્ષ ટાંક સામે મોટર વાહન અધિનિયમની કલમ 185 હેઠળ નશામાં વાહન ચલાવવાનો તેમજ પ્રોહિબિશન એક્ટની કલમ 66(1)(બી) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. જ્યારે તેની સાથે કારમાં રહેલા અન્ય બે યુવકો સામે પણ દારૂબંધી ભંગ અંગે અલગ કાર્યવાહી કરવામાં આવી છે.

## જામનગરમાં હિરજી મિસ્ત્રી રોડ પર એપાર્ટમેન્ટમાં રહેતી પરિણીતાએ દારૂના નશામાં ધૂત બનેલા પોતાના પતિને પકડાવ્યો

(એજન્સી) જામનગર | તા.08

જામનગર શહેરના હીરજી મિસ્ત્રી રોડ વિસ્તારમાં એક અનોખી ઘટના સામે આવી છે, જેમાં એક મહિલાએ પોતાના જ પતિને દારૂના નશામાં ઘરે આવી ગાળો આપી ઝઘડો કરતાં પોલીસના હવાલે કરાવી દીધો હતો. એટલું જ નહીં, મહિલા પોલીસની જનરક્ષક વાહનમાં બેસીને પોલીસ મથકે પહોંચી હતી અને પોતાના પતિ વિરુદ્ધ સત્તાવાર ફરિયાદ પણ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, મોતી એપાર્ટમેન્ટના ગ્રાઉન્ડ ફ્લોરમાં રહેતી એક મહિલાના પતિ દીપેનભાઈ ધોડકિયા મધરાતે દારૂના નશામાં ઘરે આવ્યા હતા. નશાની હાલતમાં તેમણે પત્નીને ગાળો આપી ઝઘડો શરૂ કરતાં મહિલાએ રાત્રે લગભગ 12:47 વાગ્યે 112 જનરક્ષક સેવાને ફોન કરી મદદ માગી હતી. બાદમાં જનરક્ષકની ટીમ સ્થળ પર પહોંચી હતી અને પતિ-પત્ની બંનેને પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા. ત્યાં દીપેનભાઈની હાલત ચકાસવામાં આવતા તેમની જીભ થોથરાતી હોવાનું, આંખો લાલચોળ હોવાનું તેમજ શરીરનું સંતુલન જાળવી શકતા ન હોવાનું સામે આવ્યું હતું. પોલીસે દારૂ પીવાની કોઈ કાયદેસર પરમીટ અંગે પૂછતાં તેમણે આવી કોઈ પરમીટ ન હોવાનું જણાવ્યું હતું.આથી પોલીસે પંચનામું કરી દીપેનભાઈ ધોડકિયાની અટકાયત કરી હતી, અને તેની સામે પ્રોહિબિશન અધિનિયમની કલમ 66(1)(બી) અને 85(1) હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## જામનગર શહેર અને જિલ્લામાં 35 દિવસના વેકેશન બાદ તમામ શાળાઓમાં ફરી ગુંજી વિદ્યાર્થીઓની કિલકારીઓ

જામનગર : સમગ્ર ગુજરાત રાજ્યમાં આજે 35 દિવસના ઉનાળુ વેકેશનના સમયગાળા બાદ આજે જામનગર શહેર અને જિલ્લાના તમામ સરકારી તેમજ ખાનગી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ સહિત કોલેજોમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થતાં ફરી એકવાર શૈક્ષણિક વાતાવરણ જીવંત બન્યું હતું. લાંબા વિરામ બાદ શાળાઓના પરિસરમાં વિદ્યાર્થીઓની કિલકારીઓ ગુંજતી થતાં કેમ્પસમાં ચહલપહલનો માહોલ જોવા મળ્યો હતો.રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલા શૈક્ષણિક કેલેન્ડર મુજબ આજથી સમગ્ર ગુજરાતમાં શૈક્ષણિક કાર્યનો પુનઃપ્રારંભ કરવામાં આવ્યો છે. જેના અનુસંધાને જામનગર શહેર અને જિલ્લાના વિવિધ વિસ્તારોમાં આવેલી શાળાઓમાં વહેલી સવારથી જ વિદ્યાર્થીઓનો ધસારો જોવા મળ્યો હતો. નવા શૈક્ષણિક વર્ષની શરૂઆતને લઈને વિદ્યાર્થીઓમાં પણ અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.વહેલી સવારથી વાલીઓ પોતાના સંતાનોને શાળાએ મૂકવા માટે નીકળ્યા હતા. અનેક વાલીઓ ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર વાહનો મારફતે બાળકોને શાળાએ પહોંચાડતા નજરે પડ્યા હતા. બીજી તરફ શાળા સંચાલકો દ્વારા સંચાલિત સ્કૂલ બસો, વેન અને સ્કૂલ રીક્ષા સહિતના ખાનગી વાહનો પણ આજે ફરીથી રસ્તા પર દોડતા થયા હતા. શહેરના મુખ્ય માર્ગો તેમજ શાળાઓની આસપાસના વિસ્તારોમાં વિદ્યાર્થીઓની અવરજવરથી ખાસ્સી ચહલપહલ જોવા મળી હતી. નવા શૈક્ષણિક સત્રની શરૂઆત સાથે રાજ્ય સરકારના મહત્ત્વાકાંક્ષી 'શાળા પ્રવેશોત્સવ' અને 'કન્યા કેળવણી મહોત્સવ' સહિતના કાર્યક્રમોની તૈયારીઓ પણ પૂર્ણતાના આરે પહોંચી ગઈ છે.

## જામનગરના બેડી વિસ્તારમાં પારિવારિક ઝઘડામાં યુવક સામે ગુનો નોંધાયો : સાવકા પિતાને મુઠ વડે હુમલો કરી ઈજા પહોંચાડવાનો આક્ષેપ



જામનગર : જામનગરના બેડી વિસ્તારમાં પારિવારિક ઝઘડાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો છે. ફરિયાદ મુજબ પરિવારના એક સભ્યને મોડા ઘરે આવવા બાબતે ઠપકો આપતાં થયેલા મનદુઃખના કારણે નૌસાદ કાસમ સચડા નામના યુવકે પોતાના સાવકા પિતા કાસમભાઈ સુલેમાનભાઈ સચડા સાથે ઝઘડો કર્યો હતો.આરોપ છે કે નૌસાદે પારીવારીક કારણોસર ઝગડો કરી ફરિયાદી કાસમભાઈ ઉપર મુઠ વડે હુમલો કરી ડાબા કાન ઉપર ઈજા પહોંચાડી હતી, જેના કારણે ટાંકા લેવા પડ્યા હતા. સાથે જ જાહેરનામાનો ભંગ પણ કરવામાં આવ્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.બેડી મરીન પોલીસ સ્ટેશને ભારતીય ન્યાય સંહિતા-2023ની કલમ 118(1) તથા જી.પી. એક્ટ કલમ 135(1) મુજબ ગુનો નોંધી આરોપીને ઝડપી પાડવા કાર્યવાહી હાથ ધરી છે.

પ્રમાણપત્ર શંકાસ્પદ હોવાનું સામે આવ્યું

## જામનગર નજીક સિક્કામાં ટીપીએસ કંપનીના ટેન્ડરમાં બનાવટી અનુભવ પ્રમાણપત્રનો આક્ષેપ : કોન્ટ્રાક્ટર સામે છેતરપિંડીની ફરિયાદ

(એજન્સી) જામનગર | તા.08

જામનગર જિલ્લાના સિક્કા સ્થિત ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કોર્પોરેશન લિમિટેડ (ટી.પી.એસ.)ના વી.આઈ.પી. ગેસ્ટ હાઉસ માટેના હાઉસકીપિંગ અને કેટરિંગ સર્વિસના ટેન્ડરમાં બનાવટી અનુભવ પ્રમાણપત્ર રજૂ કરી ટેન્ડર મેળવવામાં આવ્યું હોવાના આક્ષેપ સાથે તાપી જિલ્લાના વ્યારાના એક શખ્સ તેમજ વલસાડના એક શખ્સ સામે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.ફરિયાદ મુજબ, જીએસઈસીએલના સિક્કા ટીપીએસ ખાતે નાયબ મહાપ્રબંધક (માનવસંપદા) તરીકે ફરજ બજાવતા દિપકકુમાર ઈશ્વરભાઈ સિંધાએ રજૂઆત કરી છે કે વર્ષ 2019માં વી.આઈ.પી. ગેસ્ટ હાઉસ માટે હાઉસકીપિંગ અને કેટરિંગ સેવાઓ માટે ઓનલાઈન ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું. ટેન્ડર પ્રક્રિયા અંતે પી.જે.પી. કેટરર્સને 11 મહિનાનો વર્ક ઓર્ડર આપવામાં આવ્યો હતો.

વર્ક ઓર્ડર મળ્યા બાદ કોન્ટ્રાક્ટર દ્વારા સેવાઓ શરૂ કરવામાં આવી હતી, પરંતુ ભોજન અને અન્ય સેવાઓની ગુણવત્તા અંગે કર્મચારીઓ અને અધિકારીઓ તરફથી વારંવાર ફરિયાદો મળતા બિલમાંથી નિયમ મુજબ પેનલ્ટી કપાત કરવામાં આવતી હતી. ત્યારબાદ કોન્ટ્રાક્ટરના માલિક તાપી જિલ્લાના વ્યારાના વતની જબ્બારસિંહ રાજપુરોહિતે ટેન્ડર પ્રક્રિયામાં ભ્રષ્ટાચાર અને ખોટી કપાતના આક્ષેપો સાથે ઉચ્ચ કચેરીમાં ફરિયાદ કરી હતી.

આ ફરિયાદના અનુસંધાને કરાયેલી આંતરિક તપાસ દરમિયાન ટેન્ડર સાથે રજૂ કરાયેલ અનુભવનું પ્રમાણપત્ર શંકાસ્પદ હોવાનું સામે આવ્યું હતું. તપાસમાં જાણવા મળ્યું હતું કે અતુલ લિમિટેડના નામે રજૂ કરાયેલ અનુભવ પ્રમાણપત્ર મૂળ કંપની દ્વારા આપવામાં આવ્યું ન હતું અને તેમાં ચેડાં કરાયા હોવાનું જણાયું હતું. વધુમાં, અગાઉ અતુલ લિમિટેડમાં કામ કરતા વલસાડ ના વતની મહેશકુમાર સમારામ મહેતાની સંડોવણી પણ બહાર આવી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે ખોટું અને બનાવટી અનુભવ પ્રમાણપત્ર સાચું હોવાનું દર્શાવી ટેન્ડર પ્રક્રિયામાં રજૂ કરીને કોન્ટ્રાક્ટ મેળવવામાં આવ્યો હતો. આ કોન્ટ્રાક્ટ દરમિયાન કુલ રૂ.11,47,531 ના બિલો મંજૂર કરાવવામાં આવ્યા હોવાનું પણ જણાવાયું છે.આ સમગ્ર મામલે સંબંધિત કેટરિંગ એજન્સીને વર્ષ 2021માં ત્રણ વર્ષ માટે બ્લેકલિસ્ટ કરવામાં આવી હતી. હવે ફરિયાદીએ જબ્બારસિંહ રાજપુરોહિત, મહેશકુમાર મહેતા તથા તપાસ દરમિયાન જે કોઈ જવાબદાર જણાય તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માગ કરી છે.

સતત પાંચ વર્ષથી સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવી રહ્યું છે

# નિરોણા આહિર સમાજે નિઃસ્વાર્થ સેવા બદલ હિરજી રવાભાઈ અને મેઘા વેલાભાઈને સન્માનિત કર્યા

| જગદીશ પી દવે| દેશલપર (ગુંતલી)



નખત્રાણા તાલુકાના નિરોણા ગામે શ્રી નિરોણા આહિર સમાજ દ્વારા આયોજિત વૈશાખ સમૂહ લગ્ન પ્રસંગે સમૂહ ભોજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના સફળ આયોજનમાં મહત્વપૂર્ણ સહયોગ આપનાર અને સ્થળ માટે નિઃસ્વાર્થ ભાવે પોતાની જમીન ઉપલબ્ધ કરાવનાર આહિર હિરજી રવાભાઈ તથા આહિર મેઘા વેલાભાઈનું સમાજ દ્વારા સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે આહિર હિરજી રવાભાઈએ જણાવ્યું હતું કે આહિર સમાજ દ્વારા સતત પાંચ વર્ષથી સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આવા સમૂહ આયોજનોથી સમય અને ખર્ચમાં નોંધપાત્ર બચત થાય છે તેમજ અન્નનો બગાડ પણ ઓછો થાય છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે છેલ્લા ચાર વર્ષથી આ જ સ્થળે સમૂહ લગ્ન અને સમૂહ ભોજનનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જે સમાજની એકતા અને સહકારની ભાવનાનું ઉત્તમ ઉદાહરણ છે.સમાજના આગેવાનોએ જણાવ્યું હતું કે સમાજહિતના કાર્યોમાં નિઃસ્વાર્થ સહયોગ આપનાર વ્યક્તિઓનું સન્માન કરવું એ સમગ્ર સમાજ માટે ગૌરવની બાબત છે. આ પ્રસંગે મોટી સંખ્યામાં સમાજજનો ઉપસ્થિત રહ્યા હતા અને સન્માનિત આગેવાનોને શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમ દરમિયાન સમાજમાં એકતા, સહકાર અને સેવાભાવના મૂલ્યોને વધુ મજબૂત બનાવવાનો સંદેશ પણ આપવામાં આવ્યો હતો.

## જામનગરના જોડીયા તાલુકાના પીઠડ ગામે કારમાં ઈંગ્લીશ દારૂની હેરાફેરી પકડાઈ : રૂ.13 લાખથી વધુનો મુદ્દામાલ ઝડપાયો

(એજન્સી)જામનગર | તા.08

જામનગર જિલ્લાના જોડીયા તાલુકાના પીઠડ ગામ ખાતે જોડિયા પોલીસે બાતમીના આધારે દરોડો પાડી ટાટા હેરિયર કારમાંથી પરપ્રાંતીય ઈંગ્લિશ દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે મોરબીના બે શખ્સોની ધરપકડ કરી કુલ રૂ.13,08,302ના મુદ્દામાલ સાથે ગુનો નોંધ્યો છે.જોડીયા પોલીસ સ્ટેશનનો સ્ટાફ પીઠડ ગામમાં વોચમાં હતો ત્યારે બાતમી મળી હતી કે એક ટાટા હેરિયર કારમાં વિદેશી દારૂનો જથ્થો લાવવામાં આવી રહ્યો છે. જેના આધારે પોલીસે પીઠડ ગામના રામમંદિર પાસે નાકાબંધી ગોઠવી હતી. દરમિયાન સફેદ રંગની ટાટા હેરિયર કારને અટકાવી તપાસ કરતા કારમાંથી "ગ્રીન લેબલ એક્સપોર્ટ સ્પેશિયલ ધ રિચ બ્લેન્ડ વ્હિસ્કી" નામની 750 એમએલની કુલ 93 બોટલ મળી આવી હતી. જેની અંદાજિત કિંમત રૂ.1,02,300 હોવાનું જાણવા મળ્યું હતું.

વાલીઓ માટે લાલબત્તી સમાન કિસ્સો

## જામનગર: રમતા રમતા પાણીના ટાંકામાં પડી જતા 3 વર્ષના માસૂમ બાળકનું મોત, પરિવારમાં આક્રંદ

(એજન્સી)જામનગર | તા.08



જામનગરમાં સાતનાલા નજીક મહાદેવ નગર વિસ્તારમાં રહેતા એક ગઢવી પરિવારમાં ગઈકાલે (સાતમી જૂન) કરૂણાંતિકા સર્જાઇ હતી. ત્રણ વર્ષના માસુમ બાળકનું રમતાં રમતાં પાણીના ટાંકામાં પડી જતાં ડૂબી જવાથી મૃત્યુ નીપજ્યું હતું. જેને લઈને પરિવાર પર આભ તૂટી પડ્યો હતો.જામનગરના સાત નાલા વિસ્તારમાં આવેલા મહાદેવનગર ખાતે રહેતા માયા સંધિયાનો ત્રણ વર્ષીય પુત્ર જયરાજ ઘરના ફળિયામાં રમતાં રમતાં પાણીના ટાંકામાં પડી ગયો હતો. બેશુદ્ધ બનતા બાળકને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પરંતુ હોસ્પિટલ ખાતે ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. આ દુઃખદ ઘટનાથી પરિવાર પર આભ ફાટી પડ્યું છે અને સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. આ ઘટના વાલીઓ માટે ચેતવણીરૂપ છે. બાળકો રમતા હોય ત્યારે પાણીના ટાંકા, કૂવા, ખાડા સહિતના જોખમી સ્થળો પાસે ખાસ તકેદારી રાખવાની જરૂર છે.

3 મહિલા સહિતા 11 જુગારીઓ ઝડપાયા

## જામનગરમાં મયુરનગર તેમજ ગ્રેઈન માર્કેટ વિસ્તારમાં ગઈકાલે 2 સ્થળે જુગારના દરોડા

(એજન્સી) જામનગર | તા.08

જામનગર શહેરમાં જાહેરમાં ચાલતા જુગારધામો સામે પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. શહેરના સીટી "એ" ડિવિઝન તથા સીટી "સી" ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં અલગ અલગ સ્થળોએ દરોડા પાડી 3 મહિલાઓ સહિત કુલ 11 આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે.પ્રથમ બનાવમાં સીટી "એ" ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં નદીપા રોડ ખાંડ બજાર ગ્રેઈન માર્કેટના ખૂણા પાસે જાહેરમાં એકી-બેકી નામનો જુગાર રમતા બે શખ્સો ઝડપાયા હતા. પોલીસે દિપકભાઈ પરસોતમભાઈ ચાવલિયા અને અસ્ફાકભાઈ ઈસ્માઈલભાઈ શેખને રોકડ રૂપિયા 11,700 સાથે ઝડપી પાડ્યા હતા.બીજા બનાવમાં સીટી "સી" ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગોકુલનગર મયુરનગર શેરી નં. 3 ખાતે જાહેરમાં તીનપત્તી જુગાર રમતા 3 મહિલાઓ સહિતના 9 શખ્સોને ઝડપી પાડવામાં આવ્યા હતા. પોલીસે સ્થળ પરથી રોકડ રૂપિયા 82,000 તથા ગંજીપત્તાના પાનાં મળી કુલ રૂપિયા 82,000નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

ઉપરોક્ત દરોડા દરમિયાન પોલીસે ચમનભાઈ કેશવજીભાઈ પાડલીયા, અજય કરણાભાઈ વાઘેલા, સંજય કિશોરભાઈ મકવાણા, ભરત રાઘવજીભાઈ પાડલીયા, જયપાલસિંહ જુવાનસિંહ જાડેજા, ભુપત ધનાભાઈ ગુજરાતી, જોસનાબેન ભુપતભાઈ ગુજરાતી, નંદકુવરબા જુવાનસિંહ જાડેજા, તેમજ કાંતાબેન ચીનાભાઈ કુનેતિયા સહિત 9 આરોપીઓની અટકાયત કરી લીધી છે.બંને બનાવોમાં કુલ 11 આરોપીઓ સામે જુગારધારા કલમ-12 મુજબ ગુના નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. બંને દરોડાઓ દરમિયાન કુલ રૂપિયા 93,700નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

સિંહ બેગ લઈને ભાગી ગયો; યાત્રિકનો જીવ અધ્ધર થયો, વન વિભાગનું જંગલમાં સર્ચ ઓપરેશન

# ભાવનગર: પાલીતાણાના શેત્રુંજય પર્વત પર અનોખી ઘટના, પ્રવાસીની બેગ લઈને ભાગ્યો સિંહ! આખો મામલો

(એજન્સી) ભાવનગર | તા.08



ભાવનગર જિલ્લાના વિશ્વવિખ્યાત જૈન તીર્થધામ પાલીતાણાના પવિત્ર શેત્રુંજય પર્વત પર ફરી એકવાર ડાલામથ્થો સિંહ ચઢી આવતા યાત્રિકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. દર્શનાર્થે આવેલા શ્રદ્ધાળુઓએ સિંહને સાવ નજીક જોતા ગભરાઈને ભાગદોડ મચાવી દીધી હતી, જેના કારણે અનેક લોકોએ સુરક્ષાના કારણોસર પોતાની ધાર્મિક યાત્રા અધવચ્ચે જ રોકી દીધી હતી. આ દરમિયાન સિંહ એક પ્રવાસીની કિંમતી સામાન ભરેલી બેગ મોઢામાં દબાવીને જંગલ તરફ ભાગી જતાં ભારે કુતૂહલ સાથે ચિંતા વ્યાપી હતી.મળતી માહિતી અનુસાર, શેત્રુંજય પર્વત પર જ્યારે યાત્રિકો યાત્રા કરી રહ્યા હતા ત્યારે અચાનક સિંહ સામે આવી ચડ્યો હતો. સિંહને જોઈને યાત્રિકોમાં દોડધામ મચી ગઈ હતી. આ દરમિયાન એક યાત્રિક પોતાનો સામાન મૂકીને ભાગ્યો હતો, ત્યારે સિંહ તે યાત્રિકની કિંમતી સામાનવાળી બેગ મોઢામાં ભરાવીને જંગલ તરફ રવાના થઈ ગયો હતો. બેગમાં મોંઘી અને મહત્ત્વની વસ્તુઓ હોવાને કારણે યાત્રિકનો જીવ ચિંતામાં મુકાયો હતો અને તેણે તાત્કાલિક વન વિભાગનો સંપર્ક સાધ્યો હતો.ઘટનાની ગંભીરતા અને વિચિત્રતાને જોતા પાલીતાણા વન વિભાગની ટીમ અને ટ્રેકર્સની મદદ લઈને તાત્કાલિક એક્શનમાં આવી ગઈ હતી. વનકર્મીઓએ સિંહ જે દિશામાં ગયો હતો તે શેત્રુંજય પર્વતના જંગલ વિસ્તારમાં સઘન સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. ભારે જહેમત બાદ વન વિભાગની ટીમે જંગલના અંદરના ભાગમાંથી યાત્રિકની તે બેગ શોધી કાઢી હતી. સિંહે બેગને નુકસાન પહોંચાડ્યું નહોતું અને સદનસીબે બેગમાં રહેલો તમામ કિંમતી સામાન એકદમ સુરક્ષિત હાલતમાં મળી આવ્યો હતો. વન વિભાગે જરૂરી કાનૂની અને વહીવટી પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ આ કિંમતી બેગ તેના મૂળ માલિકને સોંપી દીધી હતી.જો કે, પવિત્ર પર્વત પર સિંહની અવરજવરને પગલે વન વિભાગ હવે વધુ એલર્ટ બન્યું છે. યાત્રિકોની જાનમાલની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સમગ્ર શેત્રુંજય પર્વત વિસ્તારમાં વનકર્મીઓ દ્વારા પેટ્રોલિંગ અને વાઈલ્ડલાઈફ મોનિટરિંગ (વન્યજીવોની દેખરેખ) ખૂબ જ વધારી દેવામાં આવી છે.

## જામનગરમાં પટેલ કોલોની વિસ્તારમાં દારૂ સાથે એક શખ્સ ઝડપાયો : વિદેશી દારૂ અને બીયરનો જથ્થો કબજે




(એજન્સી) જામનગર | તા.08

જામનગર શહેરના સીટી "બી" ડિવિઝન વિસ્તારમાં પોલીસ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી દરમિયાન પટેલ કોલોની શેરી નં. 9 પાસે જાહેરમાં વિદેશી દારૂનો જથ્થો રાખી વેચાણ અને વહન કરવામાં આવતો હોવાની માહિતીના આધારે દરોડો પાડવામાં આવ્યો હતો.

દરોડા દરમિયાન પ્રમોદસિંહ નિર્મળસિંહ ચાવડા નામના દારૂના ધંધાર્થીને ઝડપી પાડવામાં આવ્યો હતો, જ્યારે યશ રાવલ અને દિગ્વિજયસિંહ જાડેજા નામના બે આરોપીઓ ફરાર હોવાનું જાણવા મળ્યું છે.

પોલીસે સ્થળ પરથી પરમીટ વગર રાખવામાં આવેલ વિદેશી દારૂની બોટલો તથા બીયરના 30 ટીન મળી કુલ રૂપિયા 7,775ની કિંમતનો જથ્થો કબજે કર્યો હતો. આ અંગે પ્રોહિબિશન એક્ટની કલમ 65(એ), 116(બી) મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## બ્રોકર અને આઈપીઓ માળખામાં મોટા ફેરફારનું આયોજન

# શેરબજારના નિયમોમાં ધરખમ સુધારાની તૈયારીમાં સેબીના અધ્યક્ષ

## બજારની ગતિ વધારવા સેબીની નવી નિયમનકારી પહેલ

(એજન્સી) મુંબઈ | તા 08




ભારતીય મૂડી બજારમાં આવેલા જબરદસ્ત ઉછાળા વચ્ચે, ભારતીય સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ (સેબી) હવે આગામી સુધારાના તબક્કા તરફ આગળ વધી રહ્યું છે. સેબીના અધ્યક્ષ તુહિન કાંત પાંડેએ મુંબઈમાં આયોજિત એક કાર્યક્રમમાં સંકેત આપ્યો છે કે બજારના અગ્રણી નિયમોમાં વ્યાપક સમીક્ષા કરવામાં આવશે. આ સમીક્ષામાં સ્ટોકબ્રોકર્સ, આઈપીઓ લિસ્ટિંગના નિયમો, પોર્ટફોલિયો મેનેજમેન્ટ સેવાઓ અને સંશોધન વિશ્લેષકો (રિસર્ચ એનાલિસ્ટ) નો સમાવેશ થાય છે.અધ્યક્ષ પાંડેએ જણાવ્યું હતું કે, ભારતના મૂડી બજારો હવે કૌટુંબિક બચત અને સાહસિક વિકાસને જોડતી એક મુખ્ય કડી બની ગયા છે. વધતા જતા છૂટક રોકાણકારોના જોડાણ અને નાણાકીયકરણને કારણે બજારનું મહત્વ અનેકગણું વધી ગયું છે. પાંડેના મતે, આટલા મોટા પાયે ફેલાયેલા બજારમાં નિયમનકારી માળખું એવું હોવું જોઈએ જે સરળતા, કાર્યક્ષમતા અને વિશ્વાસને સંતુલિત કરી શકે. સેબીનો મુખ્ય અભિગમ 'ઓપ્ટિમમ રેગ્યુલેશન' એટલે કે રોકાણકારોના રક્ષણ અને બજારની અખંડિતતા જાળવીને વિકાસને પ્રોત્સાહન આપવાનો રહ્યો છે.છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતીય બજારે અભૂતપૂર્વ પ્રગતિ કરી છે. આર્થિક વર્ષ ૨૦૨૬ના અંત સુધીમાં વાર્ષિક ઈક્વિટી ઈશ્યુઅન્સ ૪.૫ લાખ કરોડ રૂપિયાને વટાવી ગયા છે, જ્યારે કોર્પોરેટ બોન્ડ ઈશ્યુઅન્સ ૯ લાખ કરોડ રૂપિયાથી વધુ રહ્યા છે. રોકાણકારોની વાત કરીએ તો, સિક્યોરિટીઝ માર્કેટમાં વ્યક્તિગત રોકાણકારોના ખાતાની સંખ્યા વધીને ૧૪.૫ કરોડ સુધી પહોંચી ગઈ છે, જે વાર્ષિક ૨૦ ટકાથી વધુના દરે વધી રહી છે. મ્યુચ્યુઅલ ફંડની અસ્કયામતો ૧૨ લાખ કરોડના પાયા પરથી વધીને ૮૦ લાખ કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ છે. આ સાથે ભારતનું બજાર મૂડીકરણ (Market Cap) હવે જીડીપીના ૧૨૮ ટકા સુધી પહોંચ્યું છે.સેબી હવે ભારતીય ડેટ માર્કેટને વધુ ઊંડું બનાવવા માટે આરબીઆઈ સાથે મળીને કોર્પોરેટ બોન્ડ ઈન્ડેક્સ ડેરિવેટિવ્સ રજૂ કરવા પર કામ કરી રહ્યું છે. આ ઉપરાંત, વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (FPIs) માટે નોંધણી અને ઓનબોર્ડિંગની સમયમર્યાદા ઘટાડવા માટે કસ્ટોડિયન બેન્કો અને આરબીઆઈ સાથે મળીને પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આનો હેતુ વૈશ્વિક મૂડી માટે ભારતીય નાણાકીય ઈકોસિસ્ટમને વધુ ઝડપી અને અવરોધમુક્ત બનાવવાનો છે.પાંડેએ ભાર મૂક્યો હતો કે છેલ્લા પાંચ વર્ષમાં જાહેર મૂડી ખર્ચમાં લગભગ બમણો વધારો થયો છે, જેણે આધુનિક અને કૃત્રિમ બુદ્ધિમત્તા (AI) સંચાલિત ડિજિટલ અર્થતંત્ર માટે મજબૂત પાયો નાખ્યો છે. આ તમામ પગલાંઓનો હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે વિકાસ ત્યારે જ રોકાણ યોગ્ય બને છે જ્યારે બજારમાં પ્રવેશ સરળ હોય, પ્રક્રિયાઓ અનુમાનિત હોય અને બજાર સુચારૂ રીતે કાર્યરત હોય. સેબીના આ આગામી સુધારા બજારના તમામ હિતધારકો માટે એક નવો માર્ગ ખોલશે.

### અદાણી પોર્ટ્સનો આર્જેન્ટિનામાં ૧૦ વર્ષનો મરીન કોન્ટ્રાક્ટ

નવી દિલ્હી : અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડ (APSEZ) એ આર્જેન્ટિનામાં ૧૦ વર્ષનો મહત્વપૂર્ણ મરીન સર્વિસ કોન્ટ્રાક્ટ મેળવીને દક્ષિણ અમેરિકાના બજારમાં સત્તાવાર રીતે પ્રવેશ કર્યો છે. આ કરાર આર્જેન્ટિનાના ભારત સાથેના પ્રથમ લિક્વિફાઇડ નેચરલ ગેસ (LNG) નિકાસ કોરિડોરને આધાર આપવા માટે કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટમાં અંદાજે ૭૦ મિલિયન ડોલરના રોકાણની પ્રતિબદ્ધતા રહેલી છે. આ કોન્ટ્રાક્ટ અદાણી પોર્ટ્સની પેટાકંપની 'ધ અદાણી હાર્બર ઈન્ટરનેશનલ' ને આર્જેન્ટિનાના મેરિડિયન ગ્રુપ સાથેના કન્સોર્ટિયમ દ્વારા પ્રાપ્ત થયો છે. આ નિર્ણય 'સધર્ન એનર્જી એસ.એ.' (SESA) દ્વારા હાથ ધરવામાં આવેલી વૈશ્વિક ટેન્ડર પ્રક્રિયા બાદ લેવામાં આવ્યો છે. કરાર મુજબ, કન્સોર્ટિયમ સધર્ન એનર્જી FLNG પ્રોજેક્ટ માટે એન્ડ-ટુ-એન્ડ મરીન સેવાઓ પૂરી પાડશે. જેમાં LNG કેરિયર્સ માટે ટગબોટ ઓપરેશન્સ, ઓફશોર લોજિસ્ટિક્સ, સપ્લાય સપોર્ટ અને ક્રૂ ટ્રાન્સફર જેવી સેવાઓનો સમાવેશ થાય છે. આ કામગીરી માટે ચાર ઉચ્ચ-ક્ષમતાવાળી ટગબોટ્સ, એક એન્કર હેન્ડલિંગ વેસલ અને એક ક્રૂ બોટ તૈનાત કરવામાં આવશે.

અદાણી પોર્ટ્સના સીઈઓ અશ્વિની ગુપ્તાએ આ સિદ્ધિ પર જણાવ્યું હતું કે, "આ પ્રોજેક્ટ વિવિધ ભૌગોલિક વિસ્તારોમાં મોટા પાયાના એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સને ટેકો આપવાની અમારી વધતી જતી ક્ષમતાને પ્રતિબિંબિત કરે છે.

# News Brief

### અંબુજા સિમેન્ટ્સના કૌશલ્ય કાર્યક્રમે ગુજરાતનાં 20,000થી વધુ ગ્રામીણ યુવાનોનું જીવન બદલ્યું

અમદાવાદ : વૈવિધ્યસભર અદાણી જૂથની સિમેન્ટ અને બિલ્ડિંગ મટીરીયલ કંપની અંબુજા સિમેન્ટ્સે તેની સીએસઆર પહેલ સ્કીલ એન્ડ આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ (SEDI) હેઠળ ગુજરાતના 20,334થી વધુ ગ્રામીણ યુવાનોના જીવનમાં પરિવર્તન આણ્યું છે. આ પહેલ કોડિનાર, સુરત, ગાંધીનગર, સાણંદ, મોરબી, મહુવા અને રાજુલા જેવા વિસ્તારોમાં હાથ ધરવામાં આવી છે. આ કાર્યક્રમ ઈલેક્ટ્રિકલ કામ, વેલ્ડિંગ, સીએનસી કટીંગ અને ડેટા એન્ટ્રી જેવા બજારની માંગ આધારિત વ્યવસાયોમાં તાલીમ પ્રદાન કરે છે, અને આ કાર્યક્રમે મહત્વપૂર્ણ રોજગારી અને વ્યવસાયની તકો પૂરી પાડી છે. 75 ટકાથી વધુના નોંધપાત્ર પ્લેસમેન્ટ રેટ સાથે, 16,285થી વધુ યુવાનોને 425થી વધુ પ્લેસમેન્ટ ભાગીદારો સાથે નોકરીઓ મળી છે, જે તેમના પરિવારોને ગરીબીમાંથી બહાર લાવવામાં મદદ કરે છે. આ કાર્યક્રમ લિંગ આધારિત રૂઢિચુસ્તતાને તોડવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જે યુવતીઓને સામાન્ય રીતે પુરુષ પ્રધાન ગણાતા વ્યવસાયો જેમ કે વેલ્ડિંગ અને ઈલેક્ટ્રિકલ કામમાં કારકિર્દી બનાવવા માટે પ્રોત્સાહિત કરે છે. અત્યાર સુધીમાં, 9,565 યુવતીઓએ આવા અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવ્યો છે, જ્યારે પુરુષોને નર્સિંગ જેવા આરોગ્ય સંભાળના વ્યવસાયો શોધવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. ઉપરાંત, અંબુજા સિમેન્ટ્સ ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપે છે, જેમાં 500થી વધુ ગ્રામીણ તાલીમાર્થીઓએ નાણાકીય અને માર્ગદર્શન સહાય મેળવીને પોતાના વ્યવસાયો સ્થાપ્યા છે. આ પહેલ ગ્રામીણ યુવાનોને ઉદ્યોગની માંગને અનુરૂપ આવશ્યક કૌશલ્યોથી સજ્જ કરીને સમુદાયોને સશક્ત બનાવવા અને ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવા માટેની અંબુજા સિમેન્ટ્સની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે, જે તેનાથી ઉજ્જવળ ભવિષ્ય તરફનો માર્ગ મોકળો કરે છે.

### ટીવીએસ મોટર કંપનીએ તેની પ્રીમિયમ વિશિષ્ટ એક્સપિરિયન્સ ચેનલ ટીવીએસ પેડોકની જાહેરાત કરી

બેંગાલુરુ: ટુ-વ્હીલર અને થ્રી-વ્હીલર સેગમેન્ટમાં વૈશ્વિક સ્તરે અગ્રણી અને ટીવીએસ વેણુ ગ્રુપનો ભાગ એવી ટીવીએસ મોટર કંપની (ટીવીએસએમ) એ આજે તેના પ્રીમિયમ પોર્ટફોલિયો માટે સમર્પિત વિશિષ્ટ રિટેલ ચેનલ ટીવીએસ પેડોકની જાહેરાત કરી છે, જે ગ્રાહક-કેન્દ્રિત રિટેલ અને માલિકી અનુભવના ક્ષેત્રમાં નવો માપદંડ સ્થાપે છે. આ વ્યૂહાત્મક પહેલ કંપનીની પ્રીમિયમ મોબિલિટી યાત્રામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન છે. આ પ્લેટફોર્મ દ્વારા બ્રાન્ડ સાથેનું મજબૂત જોડાણ, પર્સનલાઇઝ્ડ સર્વિસ અને શ્રેષ્ઠ આફ્ટર સેલ્સ સપોર્ટ એક જ વિશિષ્ટ રિટેલ ઈકોસિસ્ટમ હેઠળ ઉપલબ્ધ થશે. ટીવીએસ મોટર છેલ્લા ચાર દાયકાથી વધુ સમયથી રેસિંગ ક્ષેત્ર સાથે સંકળાયેલી છે અને લાંબા સમયથી માને છે કે મોટરસ્પોર્ટ એ એન્જિનિયરિંગ કુશળતા અને પ્રદર્શન આધારિત નવીનતાની સૌથી મોટી કસોટી છે. આ વિચારધારા આજે પણ કંપનીના પ્રીમિયમ પોર્ટફોલિયોને માર્ગદર્શન આપે છે. ટીવીએસ મોટર કંપનીની પ્રીમિયમ રેન્જની પ્રોડક્ટ્સના વિકાસ અને ગ્રાહકો સાથેના જોડાણમાં રેસિંગ આજે પણ મુખ્ય આધારસ્તંભ છે. વધી રહેલા સમૃદ્ધ ગ્રાહકવર્ગ અને બદલાતી વૈભવી જીવનશૈલીના લીધે ભારત વિશ્વના સૌથી ઝડપથી વિકસતા પ્રીમિયમ મોબિલિટી બજારોમાંનું એક છે. આજના મહત્ત્વાકાંક્ષી ગ્રાહકો માત્ર એક પ્રોડક્ટ ખરીદવા માંગતા નથી, પરંતુ પોતાની ઓળખ વ્યક્ત કરવાની તક, પર્સનલાઇઝેશન, સમાન રસ ધરાવતા લોકોનો સમુદાય અને બ્રાન્ડ સાથેનો વિશેષ અનુભવ પણ ઈચ્છે છે.

### એક્સિસ મેક્સ લાઇફએ નાણાકીય વર્ષ 2026 માટે રૂ.2,530 કરોડનું પાર્ટિસિપેટિંગ બોનસ જાહેર કર્યું

નવી દિલ્હી: એક્સિસ મેક્સ લાઈફ ઈન્સ્યુરન્સ લિ. જે પહેલા મેક્સ લાઈફ ઈન્સ્યુરન્સ કંપની લિ. ("એક્સિસ મેક્સ લાઈફ"/"કંપની"), નાણાકીય વર્ષ 2025-26 માટે લાયક પોલિસીધારકો માટે રૂ. 2,530 કરોડનું પાર્ટિસિપેટિંગ (પીએઆર) બોનસની જાહેરાત કરે છે. આ કંપની એ સતત 24માં વર્ષે વાર્ષિક બોનસ જાહેર કર્યું છે અને છેલ્લા 24 વર્ષથી જાહેર કરવામાં આવેલું કૂલ બોનસ રૂ.18.377 કરોડે પહોંચ્યું છે. જુલાઇ-2026થી 21 લાખથી વધુ લાયકાત ધરાવતા પીએઆર પોલિસીધારકોને જાહેર કરાયેલ બોનસ આપવામાં આવશે. એક્સિસ મેક્સ લાઈફનું પીએઆર ફંડ નાણાકીય વર્ષ- 25માં રૂ.74,199 કરોડથી વધીને નાણાકીય વર્ષ-26માં રૂ.79,003 કરોડ થયું છે, જે છેલ્લા એક દાયકામાં સીએજીઆરનું 17 ટકા જેટલું છે.

| વર્ષ | બોનસ |
|---|---|
| નાણાકીય વર્ષ 21-22 | રૂ.1,469 કરોડ |
| નાણાકીય વર્ષ 22-23 | રૂ.1,604 કરોડ |
| નાણાકીય વર્ષ 22-23 | રૂ.1,826 કરોડ |
| નાણાકીય વર્ષ 24-25 | રૂ. 2,135 કરોડ |
| નાણાકીય વર્ષ 25-26 | રૂ. 2,530 કરોડ |

એક્સિસ મેક્સ લાઈફના પાર્ટીસિપેટિંગ પ્રોડક્ટ્સ એ મલ્ટીપલ બોનસ ટાઈપ ઓફર કરે છે, જેમાં રોકડ બોનસ, રિવર્ઝનરી બોનસ અને ટર્મિનલ બોનસનો સમાવેશ થાય છે. વધુમાં, આ ઉત્પાદનો ગ્રાહકોને મૂળભૂત વીમા રકમને અસર કર્યા વિના બોનસને ભેગુ કરીને, સંચિત બોનસનું આંશિક ઉપાડ, ચૂકવેલ ઉમેરાઓ અને પ્રીમિયમ ઓફસેટ જેવી સુવિધાઓ આપે છે.

---

**ઓગસ્ટથી ક્રૂડ ઓઈલના ભાવમાં મોટો ઘટાડો શક્ય**

## ૨૦૨૬માં ક્રૂડ ઓઈલના ભાવ સરેરાશ ૮૭ ડોલર રહેવાની શક્યતા

નવી દિલ્હી : વૈશ્વિક રેટિંગ એજન્સી ફિચ રેટિંગ્સના તાજેતરના અહેવાલ મુજબ, વર્ષ ૨૦૨૬માં બ્રેન્ટ ક્રૂડ ઓઈલના ભાવ સરેરાશ ૮૭ ડોલર પ્રતિ બેરલ રહેવાનું અનુમાન છે. એજન્સીએ અપેક્ષા વ્યક્ત કરી છે કે મે થી જુલાઈના સમયગાળા દરમિયાન ભાવ ૧૦૦ થી ૧૧૦ ડોલર પ્રતિ બેરલ જેટલા ઊંચા સ્તરે રહી શકે છે, પરંતુ ઓગસ્ટથી તેમાં ઘટાડો થવાનું શરૂ થશે અને સપ્ટેમ્બરથી તે ૭૦ ડોલરની આસપાસ આવી શકે છે.ફિચના અનુમાનનો મુખ્ય આધાર હોર્મુઝની સામુદ્રધુનીનું ફરીથી ખુલવું છે. એજન્સી માને છે કે જુલાઈના અંત સુધીમાં આ મહત્વનો શિપિંગ રૂટ ફરી કાર્યરત થઈ જશે. હાલમાં ભાવમાં જે ઉછાળો જોવા મળી રહ્યો છે, તે ઉત્પાદન ક્ષમતામાં કાયમી નુકસાનને કારણે નહીં પરંતુ હંગામી લોજિસ્ટિકલ સપ્લાય શોકને કારણે છે. હોર્મુઝની નાકાબંધીને કારણે દરરોજ લગભગ ૨ કરોડ બેરલ તેલના પરિવહનમાં અવરોધ આવ્યો છે, જે વૈશ્વિક વપરાશના પાંચમા ભાગ જેટલું છે. ફિચ રેટિંગ્સના મતે, સપ્ટેમ્બર ૨૦૨૬થી વૈશ્વિક તેલ બજારમાં ફરીથી ઓવરસપ્લાયની સ્થિતિ સર્જાશે. આ માટેના મુખ્ય કારણોમાં મધ્ય પૂર્વના દેશોમાં ઉત્પાદનનું ઝડપી પુનઃપ્રાપ્તિ, નોન-ઓપેક દેશોમાં મજબૂત સપ્લાય વૃદ્ધિ અને ઓપેક દ્વારા ઉત્પાદન વધારવાની શક્યતા છે. અત્યાર સુધીમાં પ્રાદેશિક તેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને કોઈ નોંધપાત્ર નુકસાન થયું નથી, જે શિપિંગ રૂટ ખુલતાની સાથે જ ઉત્પાદનમાં ઝડપી રિકવરી લાવવામાં મદદરૂપ થશે.

## કોટક લાઈફે ₹1,398 કરોડનું બોનસ જાહેર કર્યું

### નાણાકીય વર્ષ 26 માટે 99.5%* વ્યક્તિગત દાવા સમાધાન ગુણોત્તર પ્રાપ્ત કર્યો

(એજન્સી) મુંબઈ | તા 08

કોટક મહિન્દ્રા લાઈફ ઈન્શ્યોરન્સ કંપની લિમિટેડ ('કોટક લાઈફ') એ આજે 7.7 લાખ ભાગ લેનારા પોલિસીધારકો માટે 1,398 કરોડનું બોનસ જાહેર કર્યું, જે ગયા વર્ષ કરતાં 18.7% વધુ છે, જે સતત 25 વર્ષ બોનસ ચૂકવણી દર્શાવે છે. કંપનીએ નાણાકીય વર્ષ 2025-26 માટે વ્યક્તિગત દાવાઓ માટે 99.50%* અને જૂથ દાવાઓ માટે 99.80%* ના દાવા સમાધાન ગુણોત્તરની પણ જાહેરાત કરી. વર્ષ દરમિયાન, કોટક લાઈફે વ્યક્તિગત અને જૂથ બંને સેગમેન્ટને આવરી લેતા 1,52,860 દાવાઓમાં કુલ 2,009 કરોડ ચૂકવ્યા છે.કોટક લાઈફના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ મહેશ બાલાસુબ્રમણ્યમે જણાવ્યું હતું કે, "ગ્રાહકો દાવાના સમયે જીવન વીમા સરળતાથી કામ કરે તેવી અપેક્ષા રાખે છે. અમારું ધ્યાન દાવાઓનું કાર્યક્ષમ રીતે નિરાકરણ થાય અને પોલિસીધારકો વર્ષ-દર-વર્ષ બોનસ દ્વારા સતત લાંબા ગાળાના મૂલ્યને જુએ તેની ખાતરી કરવા પર છે. આ જવાબદારી, પારદર્શિતા અને સુસંગતતા દ્વારા ગ્રાહકો સાથે સ્થાયી ભાગીદારી બનાવવાની અમારી માન્યતાને મજબૂત બનાવે છે."કોટક લાઈફ માટે એક મુખ્ય ધ્યાન ક્ષેત્ર ટર્નઅરાઉન્ડ સમયમાં સુધારો કરી રહ્યું છે, જેમાં 84% પાત્ર દાવાઓ બધા જરૂરી દસ્તાવેજો પ્રાપ્ત થયાના એક કાર્યકારી દિવસમાં નિકાલ કરવામાં આવ્યા છે, જેનાથી પરિવારોને વિલંબ વિના ભંડોળ મેળવવામાં મદદ મળી રહી છે.સમયસર દાવાની પતાવટ અને સુસંગત મૂલ્ય પહોંચાડવા પર આ મજબૂત ધ્યાન કોટક લાઈફના ગ્રાહક સંતોષ સ્કોર્સમાં પ્રતિબિંબિત થાય છે. કંપની હંસા રિસર્ચ લાઈફ ઈન્શ્યોરન્સ ગ્રાહક અનુભવ અભ્યાસ (CuES) 2026★ માં બીજા ક્રમે છે, જેમાં 60% ના નેટ પ્રમોટર સ્કોર સાથે, મજબૂત ગ્રાહક હિમાયત દર્શાવે છે.

---

**એનવિડિયા અને એલજી ગ્રુપ એઆઈ ફેક્ટરીનું નિર્માણ કરશે**

## એનવિડિયા અને એલજી ગ્રુપ એઆઈ ફેક્ટરીનું નિર્માણ કરશે



સિઓલ : ટેકનોલોજી જગતની દિગ્ગજ કંપની એનવિડિયા અને દક્ષિણ કોરિયાના પ્રતિષ્ઠિત એલજી ગ્રુપે એક વ્યૂહાત્મક ભાગીદારીની જાહેરાત કરી છે. આ જોડાણનો મુખ્ય ઉદ્દેશ્ય રોબોટિક્સ, સ્વાયત્ત ડ્રાઈવિંગ ટેકનોલોજી, એઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ક્લાઉડ સેવાઓના વિકાસને વેગ આપવા માટે એક અદ્યતન 'એઆઈ ફેક્ટરી' બનાવવાનો છે. આ સહયોગ દ્વારા એલજી ગ્રુપ પોતાની વિવિધ વ્યાવસાયિક કામગીરીમાં કૃત્રિમ બુદ્ધિમત્તા આધારિત એપ્લિકેશન્સને તાલીમ, સિમ્યુલેશન અને અમલીકરણ કરવામાં સક્ષમ બનશે.આ ભાગીદારીનો સૌથી મહત્વનો ભાગ 'ફિઝિકલ એઆઈ' અને રોબોટિક્સ છે. એનવિડિયાના રોબોટિક્સ ફ્રેમવર્ક આઈઝેક સિમ અને આઈઝેક લેબનો ઉપયોગ એલજીના વિકાસના કાર્યપ્રવાહમાં કરવામાં આવશે. આનાથી રોબોટ્સને વાસ્તવિક દુનિયામાં ઉતારતા પહેલા વર્ચ્યુઅલ વાતાવરણમાં તાલીમ આપી શકાશે અને તેનું પરીક્ષણ કરી શકાશે. એલજી ઈલેક્ટ્રોનિક્સ એનવિડિયાના આઈઝેક જીઆર૦૦ટી મોડલનો ઉપયોગ કરીને તેના હોમ રોબોટ્સ અને મોડ્યુલર રોબોટિક્સ પ્લેટફોર્મને વધુ સક્ષમ બનાવવાનું લક્ષ્ય રાખી રહ્યું છે. આ મોડલ રોબોટ્સને માનવીય તર્કશક્તિ અને જટિલ કાર્યો કરવાની ક્ષમતા પ્રદાન કરશે.

## અમેરિકામાં વૃદ્ધોનો ખર્ચ યુવાનો કરતા પણ ઝડપથી વધવાની શક્યતા

નવી દિલ્હી : એક તરફ સામાન્ય આર્થિક માન્યતા એવી છે કે વધતી જતી વૃદ્ધ વસ્તી અર્થતંત્ર માટે નુકસાનકારક હોય છે અને તે વપરાશમાં ઘટાડો લાવે છે, પરંતુ અમેરિકામાંથી આવતા તાજેતરના અહેવાલો કંઈક અલગ જ વાર્તા કહી રહ્યા છે. એચએસબીસી ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ રિસર્ચના અહેવાલ મુજબ, અમેરિકામાં હવે વૃદ્ધ લોકોનો ખર્ચ અન્ય પુખ્ત વયના લોકો કરતા વધુ ઝડપથી વધવાની અપેક્ષા છે. આગામી વર્ષોમાં આ વયજૂથના વાસ્તવિક ખર્ચમાં લગભગ ૪ ટકાનો વધારો થઈ શકે છે, જ્યારે અન્ય પુખ્ત વયના લોકોના ખર્ચમાં માત્ર ૨ ટકાનો વધારો થવાની ધારણા છે. સામાન્ય રીતે અર્થશાસ્ત્રમાં એવું માનવામાં આવે છે કે વસ્તી વૃદ્ધત્વને કારણે રોકાણ ઘટે છે, સરકારી નાણાકીય સ્થિતિ નબળી પડે છે અને વપરાશ પણ ઠંડો પડી જાય છે. પરંતુ આ આંકડાઓ આ ધારણાને ખોટી સાબિત કરી રહ્યા છે. વર્ષ ૨૦૨૪ સુધીમાં, ૬૫ વર્ષ કે તેથી વધુ ઉંમરના લોકો કુલ યુએસ ગ્રાહક ખર્ચમાં ૨૨ ટકા હિસ્સો ધરાવે છે, જે ૨૦૧૪ માં ૧૮ ટકા હતો. ૨૦૧૪ થી આ જૂથના નામાંકિત ખર્ચમાં વાર્ષિક ૬.૩ ટકાનો વધારો થયો છે, જે વસ્તીના બાકીના વર્ગના ૪.૨ ટકાના વૃદ્ધિ દર કરતા ઘણો વધારે છે.

વૃદ્ધોની વધતી જતી ખરીદશક્તિ પાછળ બે મુખ્ય કારણો જવાબદાર છે: લાંબા સમય સુધી રોજગારમાં ટકી રહેવું અને સંપત્તિનો સંચય. છેલ્લા બે દાયકાની સરખામણીમાં, ઓઈસીડી (OECD) દેશોમાં હવે વધુ વૃદ્ધો કાર્યબળનો હિસ્સો બની રહ્યા છે. આનાથી માત્ર તેમની આવક જ જળવાઈ નથી રહેતી, પરંતુ તે ગ્રાહક ખર્ચને પણ ટેકો આપે છે. નાણાકીય દૃષ્ટિએ પણ આ પેઢી ખૂબ જ મજબૂત સ્થિતિમાં છે. ૧૯૮૯ માં ૩૫-૪૪ વર્ષના વયજૂથની સરખામણીમાં ૬૫-૭૪ વર્ષના લોકો પાસે ૨.૪ ગણી વધુ નાણાકીય સંપત્તિ હતી, જે ૨૦૨૨ સુધીમાં વધીને લગભગ ૪ ગણી થઈ ગઈ છે. વૃદ્ધો હવે માત્ર સ્વાસ્થ્ય, ઉપયોગિતાઓ અને ઘરના નિભાવ પાછળ જ ખર્ચ નથી કરતા, પરંતુ તેમના ખર્ચની સૌથી ઝડપથી વધતી શ્રેણીઓમાં મનોરંજન, જાહેર પરિવહન અને ફર્નિચરનો પણ સમાવેશ થાય છે. આ પેઢીનું વધતું જતું સક્રિય જીવન હવે બજારના ચોક્કસ ક્ષેત્રોને નવી ગતિ આપી રહ્યું છે.

---

**ફ્યુચર એન્ડ ઓપ્શન્સના જોખમી ટ્રેડિંગમાં ૯૩ ટકા યુવાનોની મૂડીનું ધોવાણ**

## શેરબજારનો જોખમી નશો યુવાનોને બનાવી રહ્યો છે દેવાદાર



અમદાવાદ : દારૂ અને નશીલા પદાર્થોની જેમ જ આજકાલ ભારતીય યુવાધનને શેરબજારનો ઘેરો નશો ચઢ્યો છે. શોર્ટકટથી પૈસા કમાઈને રાતોરાત અમીર બનવાની લાલચમાં લાખો યુવાનો બજારની પાયાની સમજ કે ગણિત વગર જ રોકાણના અંધારિયા કૂવામાં ઝંપલાવી રહ્યા છે. મીડિયા અહેવાલ અનુસાર, વર્ષ ૨૦૧૯માં ૩૦ વર્ષથી ઓછી ઉંમરના રોકાણકારોનું પ્રમાણ માત્ર ૨૩ ટકા હતું, જે ૨૦૨૪-૨૫માં ઉછળીને ૪૦ ટકા સુધી પહોંચ્યું છે. આ આંકડાઓ દર્શાવે છે કે નવી પેઢી માટે શેરબજાર હવે નાણાકીય આયોજનનું સાધન મટીને જુગારનું મેદાન બની ગયું છે, જેમાં ૯૩ ટકા છૂટક રોકાણકારો પોતાનું ધન ગુમાવે છે.હાલના સમયમાં ખાસ કરીને 'જેન ઝી' પેઢી દર મહિને ૫ હજારથી ૫૦ હજાર રૂપિયા સુધીનું રોકાણ કરવા ટેવાઈ છે. આમાં સૌથી ચિંતાજનક પાસું એ છે કે, મોટાભાગના યુવાનો ફ્યુચર એન્ડ ઓપ્શન્સ (એફ એન્ડ ઓ) જેવી અત્યંત જોખમી પદ્ધતિઓ અપનાવી રહ્યા છે. નિયમનકારી સંસ્થાઓના ડેટા સાક્ષી પૂરે છે કે ૯૦ થી ૯૩ ટકા લોકો આમાં માત્ર નુકસાન જ ભોગવે છે. તેમ છતાં, શેરબજારની ચમક-ધમક જોઈને યુવાનો વધુને વધુ મૂડી રોકી રહ્યા છે. આ પરિસ્થિતિ એક એવા જુગારી જેવી છે જે હાર્યા પછી ફરીથી બમણા દાવ લગાવે છે.ઘણા કિસ્સાઓમાં રોકાણ માટે જરૂરી પૈસા ન હોવાથી યુવાનો બેન્ક કે ખાનગી નાણાકીય સંસ્થાઓ પાસેથી ક્રેડિટ કાર્ડ અને પર્સનલ લોન લઈ રહ્યા છે. અંદાજ મુજબ ૫૦ ટકાથી વધુ યુવાનો ઉધારીના પૈસાથી બજારમાં રમી રહ્યા છે. જો નફો ન થાય, તો ૧૨ થી ૩૦ ટકાના તોતિંગ વ્યાજનું ભારણ તેમના માથે આવે છે, જેનાથી બચવા માટે તેઓ એક દેવું ઉતારવા બીજું દેવું કરે છે. આ એક એવું ચક્રવ્યૂહ છે જે અનેક પરિવારોને પાયમાલ કરી રહ્યું છે, જ્યાં એક સમયે ઘરના દાગીના વેચવાની નોબત પણ આવી પડે છે.સોશિયલ મીડિયા પર સક્રિય 'ફિનફ્લૂએન્સર્સ' કે જેઓ માત્ર ૬૦ સેકન્ડની વીડિયો ક્લિપમાં શેરબજારની ટિપ્સ આપે છે, તેઓ આજના યુવાનોને ભરમાવી રહ્યા છે. સૂત્રો દ્વારા જાણવા મળ્યા મુજબ, ૭૦ ટકા જેટલા રોકાણકારો કોઈ કંપનીમાં રોકાણ કરતા પહેલા તેની બેલેન્સ શીટ કે આર્થિક સ્થિતિ તપાસવાની તસ્દી પણ લેતા નથી. મોટા શહેરોમાં હવે માત્ર યુવાનો જ નહીં, પરંતુ ગૃહિણીઓમાં પણ શેરબજારનો ક્રેઝ વધી રહ્યો છે, જે કોરોના પછી નોંધપાત્ર રીતે વધ્યો છે. બજારમાં જ્યારે પણ મોટી ઉથલપાથલ થાય છે, ત્યારે સૌથી વધુ ફટકો નાના અને બિનઅનુભવી રોકાણકારોને જ પડે છે.

**મે ૨૦૨૬માં ૨૫.૩૧ લાખ વાહનોનું રેકોર્ડબ્રેક વેચાણ**

## ભારતીય વાહન બજારમાં મે મહિનામાં અત્યાર સુધીની સૌથી વધુ વેચાણ



નવી દિલ્હી : ભારતીય ઓટોમોબાઈલ રિટેલ ક્ષેત્રે મે ૨૦૨૬માં ઐતિહાસિક પ્રદર્શન કર્યું છે. ફેડરેશન ઓફ ઓટોમોબાઈલ ડીલર્સ એસોસિએશન (ફાડા) ના અહેવાલ મુજબ, મે મહિનો પેસેન્જર વ્હીકલ્સ, થ્રી-વ્હીલર્સ અને ટ્રેક્ટર માટે અત્યાર સુધીનો શ્રેષ્ઠ મહિનો સાબિત થયો છે. ગરમીના મોજા, બળતણના ભાવમાં ફેરફાર અને વૈશ્વિક તણાવ જેવા પડકારો છતાં, ભારતીય ઓટો રિટેલે પોતાની વૃદ્ધિની ગતિ જાળવી રાખી છે. મે ૨૦૨૬માં કુલ ૨૫,૩૧,૦૬૭ વાહનોનું વેચાણ થયું હતું, જે વાર્ષિક ધોરણે ૯.૫૫ ટકાનો વધારો દર્શાવે છે. આગામી સમય માટે ભારતીય વાહન ડીલરો અત્યંત સકારાત્મક અને આશાવાદી જણાઈ રહ્યા છે. ફાડાના સર્વેક્ષણ મુજબ, ૫૯.૦૭ ટકા ડીલરો આગામી ત્રણ મહિના (જૂન, જુલાઈ અને ઓગસ્ટ ૨૦૨૬) માં વૃદ્ધિની અપેક્ષા રાખી રહ્યા છે. જો કે, મે મહિનામાં ચોમાસામાં વિલંબ અને મોસમી પરિબળોને કારણે અગાઉના મહિનાની સરખામણીએ વેચાણમાં ૬.૭૫ ટકાનો સાધારણ ઘટાડો જોવા મળ્યો હતો, પરંતુ તે છતાં એકંદર માંગ મજબૂત રહી હતી.

મે મહિનાના પ્રદર્શનમાં ગ્રામીણ ભારતનું યોગદાન સૌથી મહત્વનું રહ્યું છે. પેસેન્જર વ્હીકલના રિટેલ વેચાણમાં વાર્ષિક ધોરણે ૨૩.૨૫ ટકાનો ઉછાળો આવ્યો છે, જેમાં ગ્રામીણ વિસ્તારોમાં માંગ ૩૦.૩૫ ટકા વધી છે, જે શહેરી વિસ્તારોના ૧૮.૮૦ ટકાની સરખામણીએ ઘણી વધારે છે. ટ્રેક્ટરના વેચાણમાં પણ ૧૧.૧૭ ટકાનો વધારો નોંધાયો છે, જે ખેતીવાડીના સારા સંકેતો આપે છે. આ ઉપરાંત, ટુ-વ્હીલરના વેચાણમાં ૭.૫૪ ટકા અને કોમર્શિયલ વ્હીકલ્સમાં ૫.૨૯ ટકાનો વધારો જોવા મળ્યો છે.ગ્રાહકોની પસંદગીમાં પણ મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે. બળતણના ભાવમાં ફેરફારને પગલે ગ્રાહકો વૈકલ્પિક ઈંધણ તરફ વળી રહ્યા છે. મે મહિનામાં ઈલેક્ટ્રિક ટુ-વ્હીલરનું વેચાણ ૯.૨૫ ટકા અને પેસેન્જર વ્હીકલ્સમાં કોમ્પ્રેસ્ડ નેચરલ ગેસ (CNG) નો હિસ્સો ૨૩.૩૪ ટકા સુધી પહોંચ્યો છે. જોકે, પેસેન્જર વ્હીકલની ઈન્વેન્ટરી ૩૧-૩૩ દિવસ સુધી વધી ગઈ છે, જે ફાડાની ૨૧ દિવસની ભલામણ કરતા વધારે છે. દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની આગેકૂચ અને આગામી ખરીફ પાકની વાવણી ગ્રામીણ અર્થતંત્રમાં રોકડ પ્રવાહ વધારશે, જે ઓટો રિટેલ માટે ટેકાનું કામ કરશે. જોકે, ગરમીનું મોજું અને વધતો નૂર (ફ્રેટ) ખર્ચ જેવા પડકારો હજુ પણ યથાવત છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, જેઠ વદ - 09

# બેઠક પહેલા ઈન્ડિયા ગઠબંધનમાં તણાવ વધ્યો

૨૦૨૪ની લોકસભાની ચૂંટણી પછી થયેલી તમામ રાજ્યોની ચૂંટણીમાં ઈન્ડિયા ગઠબંધનના વિવિધ પક્ષો વચ્ચે સમજૂતી શક્ય બની નથી. ઈન્ડિયા ગઠબંધનના નેતૃત્વ બાબતે કોઈપણ પક્ષ એકમત થઈ શક્યો નથી. રાહુલ ગાંધીનું નેતૃત્વ કોંગ્રેસ સિવાય બીજા કોઈપણ પક્ષને મંજૂર નથી. પશ્ચિમ બંગાળમાં ટીએમસીની હાર પછી મમતા બેનર્જીનું માન પણ ઓછું થઈ ગયું છે. હારેલા તમામ વિરોધપક્ષો ફરીથી ઈન્ડિયા ગઠબંધનને એક કરવા મથી રહ્યા છે. આજે ઈન્ડિયા ગઠબંધનની બેઠક બોલાવવામાં આવી છે. આ બેઠક પહેલા જ તમામ પક્ષો વચ્ચેના મતભેદો જાહેર થઈ ગયા છે. સીપીઆઈએમએ કેરળ વિધાનસભા ચૂંટણી વખતે કોંગ્રેસે મુકેલા આરોપો બાબતે નારાજગી દર્શાવી છે. બીએમકેએ પણ નિર્ણયનો બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો છે. સીપીઆઈએમના મહામંત્રી એમ એ બેબીએ કોંગ્રેસ પ્રમુખ મલ્લીકાર્જૂન ખડગેને પત્ર લખીને કહ્યું છે કે, એમનો પક્ષ ગઠબંધનની બેઠકમાં ભાગ લેશે અને રાજ્યસભાના સાંસદ જ્હોન બ્રિટાસ બેઠકમાં પક્ષનું પ્રતિનિધિત્વ કરશે. જોકે એમણે કોંગ્રેસ પર ગંભીર આરોપો પણ મૂક્યા છે.દિલ્હીના જંતર મંતર ખાતે કોકરોચ જનતા પાર્ટી (સીજેપી)ના પ્રદર્શન વિશે સામસામી દલીલો થઈ રહી છે. કેટલાક એને યુવાનોનો આક્રોશ કહી રહ્યા છે, તો કોઈ એને ફક્ત સોશ્યલ મીડિયાની પ્રસિદ્ધિ ગણાવે છે. સીજેપીના સ્થાપક અભિજીત દિપકેએ દાવો કર્યો છે કે, જનંતર મંતર પર થયેલું પ્રદર્શન તો ફક્ત ટ્રેઈલર છે. જો યુવાનો એક થઈ જાય તો મોટું આંદોલન થઈ શકે છે. જો ૭ દિવસની અંદર કેન્દ્રીય શિક્ષામંત્રી ધર્મેન્દ્ર પ્રધાનને હટાવવામાં નહીં આવે તો આંદોલન તેજ કરવામાં આવશે. આ આંદોલન પર દેશ-વિદેશના મીડિયાની નજર છે. બ્રિટનના અખબાર ટેલિગ્રાફે લખ્યું છે કે સીજેપી ભારતમાં વધતી બેરોજગારી, પરીક્ષાના ગોટાળા અને રાજકીય વ્યવસ્થા વિરુદ્ધ યુવાનોનો ગુસ્સો પ્રદર્શિત કરે છે. અમેરિકાના અખબાર ધ વોશિંગ્ટન પોસ્ટએ લખ્યું છે કે સીજેપી એવા યુવાનોનો અવાજ બની રહી છે, જે પરીક્ષામાં થતી ગરબડો અને બેરોજગારીથી હેરાન પરેશાન છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે 'બૃહદ મુંબઈ ઈલેક્ટ્રીક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ' (બીઈએસટી) માટે એક રીડેવલપમેન્ટ યોજના તૈયાર કરવા માટે અધિકારીઓને આદેશ આપ્યો હતો. સરકારનું કહેવું હતું કે, આ પ્રોજેક્ટને કારણે બીઈએસટીના ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું આધુનિકીકરણ થશે. એની નાણાકીય પરિસ્થિતિ પણ સુધરશે. બીઈએસટીના વિવિધ ડેપોનું મલ્ટિપર્પઝ ડેવલપમેન્ટ થશે. સરકારના આ નિર્ણયને કારણે મહારાષ્ટ્રમાં મોટો વિવાદ થયો હતો. મહારાષ્ટ્રમાં કેટલીક સરકારી જમીનોનું ખાનગીકરણ થઈ રહ્યું હોવાથી વિરોધપક્ષોએ આક્ષેપ મૂક્યો હતો કે, પોતાના મળતિયાઓને લાભ કરાવી આપવા માટે બીઈએસટીના ડેપોની જમીન હડપવામાં આવે છે. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે સ્પષ્ટતા કરવી પડી હતી કે, રીડેવલપમેન્ટ માટે બીઈએસટીની માલિકીની કોઈપણ જમીન વેચવામાં આવશે નહીં, પરંતુ તમામ પ્રોજેક્ટ પબ્લિક - પ્રાઈવેટ પાર્ટનરશીપ 'પીપીપી' મોડેલ હેઠળ પુરો કરવામાં આવશે. જમીનની માલિકી બીઈએસટી પાસે જ રહેશે.

## નિરોણા આહિર સમાજે નિઃસ્વાર્થ સેવા બદલ હિરજી રવાભાઈ અને મેઘા વેલાભાઈને સન્માનિત કર્યા

જગદીશ પી દવે| દેશલપર (ગુંતલી)



નખત્રાણા તાલુકાના નિરોણા ગામે શ્રી નિરોણા આહિર સમાજ દ્વારા આયોજિત વૈશાખ સમૂહ લગ્ન પ્રસંગે સમૂહ ભોજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના સફળ આયોજનમાં મહત્વપૂર્ણ સહયોગ આપનાર અને સ્થળ માટે નિઃસ્વાર્થ ભાવે પોતાની જમીન ઉપલબ્ધ કરાવનાર આહિર હિરજી રવાભાઈ તથા આહિર મેઘા વેલાભાઈનું સમાજ દ્વારા સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે આહિર હિરજી રવાભાઈએ જણાવ્યું હતું કે આહિર સમાજ દ્વારા સતત પાંચ વર્ષથી સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આવા સમૂહ આયોજનોથી સમય અને ખર્ચમાં નોંધપાત્ર બચત થાય છે તેમજ અન્નનો બગાડ પણ ઓછો થાય છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે છેલ્લા ચાર વર્ષથી આ જ સ્થળે સમૂહ લગ્ન અને સમૂહ ભોજનનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જે સમાજની એકતા અને સહકારની ભાવનાનું ઉત્તમ ઉદાહરણ છે.સમાજના આગેવાનોએ જણાવ્યું હતું કે સમાજહિતના કાર્યોમાં નિઃસ્વાર્થ સહયોગ આપનાર વ્યક્તિઓનું સન્માન કરવું એ સમગ્ર સમાજ માટે ગૌરવની બાબત છે.

## વીરપુર તાલુકામાં 'સ્વચ્છતા સપ્તાહ અભિયાન'નો ભવ્ય પ્રારંભ: 'સ્વચ્છ ગામ, સુરક્ષિત જળવાયુ'ના નારા સાથે જનજાગૃતિનો મહાયજ્ઞ શરૂ

જગદીશ ત્રિવેદી | મહીસાગર



વડાપ્રધાનશ્રીના ૧૨ વર્ષના સફળ કાર્યકાળની ઉજવણી અને વિકસિત ભારત સંકલ્પ સંમેલનના આયોજનના ભાગરૂપે રાજ્ય સરકારના આદેશ અનુસાર વીરપુર તાલુકામાં આજથી 'સ્વચ્છતા સપ્તાહ અભિયાન - સ્વચ્છ ગામ, સુરક્ષિત જળવાયુ'નો ઉત્સાહભેર પ્રારંભ કરવામાં આવ્યો છે. તારીખ ૦૮ જૂન ૨૦૨૬ના રોજ અભિયાનના પ્રથમ દિવસે વીરપુર તાલુકાની તમામ ગ્રામ પંચાયતોમાં સ્વચ્છતા અંગે લોકજાગૃતિ ફેલાવવાના હેતુથી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વહીવટી તંત્ર અને ગ્રામજનોનો અભૂતપૂર્વ સહયોગ સાંપડ્યો હતો. અભિયાનના ઉદ્ઘાટન પ્રસંગે વીરપુર તાલુકાની તમામ ગ્રામ પંચાયતોમાં ગ્રામજનો, યુવા મંડળો અને શાળાના બાળકોના સહયોગથી ભવ્ય સ્વચ્છતા જાગૃતિ રેલી અને પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ખાસ કરીને ખેરોલી અને સાલૈયા જેવી ગ્રામ પંચાયતોમાં યોજાયેલી આ રેલીમાં 'સ્વચ્છ ગામ, સુરક્ષિત જળવાયુ'ના ગગનભેદી નારાઓ સાથે સમગ્ર વાતાવરણને સ્વચ્છતામય બનાવી દેવામાં આવ્યું હતું. આ પદયાત્રાનો મુખ્ય હેતુ ગ્રામીણ સ્તરે સ્વચ્છતા પ્રત્યે સભાનતા કેળવવાનો અને દરેક નાગરિકને આ અભિયાનમાં સક્રિયપણે જોડવાનો છે.

## અધિક જેઠ માસ' 'પુરુષોત્તમ માસ' નિમિતે શ્રીકષ્ટભંજનજનદેવ દાદાને જન્માષ્ટમી થીમ ઉપર મનોહર મોરપિચ્છનો દિવ્ય શણગાર

નરેન્દ્ર દવે જૂનાગઢ



સાળંગપુર તા.૮. શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત વિશ્વપ્રસિદ્ધ યાત્રાધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર, સાળંગપુરધામ ખાતે પવિત્ર 'અધિક જેઠ માસ' એટલે કે 'પુરુષોત્તમ માસ' અંતર્ગત જન્માષ્ટમી ઉત્સવ(વદ આઠમ) શ્રી હરિપ્રકાશદાસજી સ્વામી પ્રેરણાથી તારીખ 08-06-2026, સોમવારના રોજ શ્રીકષ્ટભંજનદેવ દાદાને મનોહર મોરપિચ્છનો જન્માષ્ટમી થીમ ઉપરનો દિવ્ય શણગાર કરવામાં આવ્યો હતો. સવારે 5:45 કલાકે આરતી પૂજારી સ્વામી દ્વારા કરવામાં આવી હતી. ભગવાન શ્રીકૃષ્ણની બાળલીલા અને ગૌ-સેવા દર્શાવતી એક અત્યંત આકર્ષક અને જીવંત ઝાંખી તૈયાર કરવામાં આવી હતી, જે ભક્તો માટે આકર્ષણનું કેન્દ્ર બની છે. ગર્ભગૃહનમા મોરના પીંછા (મોરપિચ્છ) ની કલાત્મક પ્રતિકૃતિ તૈયાર કરવામાં આવી છે, શ્રીકૃષ્ણ વાંસળી વગાડતા અને ગાયોની વચ્ચે બિરાજમાન હોય તેવું આબેહૂબ દ્રશ્ય ખડું કરાયું છે.

### પર્યાવરણનું સંરક્ષણ અને સર્જન કૃષ્ણ ભક્તિ છે

## ધોરાજીમાં પર્યાવરણવિદ્ તખુભાઈ સાંડસુરનું પ્રેરક ઉદબોધન

ધોરાજી | રાજકોટ જિલ્લાના ધોરાજી શહેરમાં નગરપાલિકા અને યુથ હોસ્ટેલ એસોસિએશન ઓફ ઈન્ડિયા ધોરાજી શાખાના સંયુક્ત ઉપક્રમે પાંચમી જૂને પર્યાવરણ દિવસની ઉજવણી એક પરિસંવાદના આયોજન દ્વારા કરવામાં આવી. આ પરિસંવાદના મુખ્ય વક્તા તરીકે પર્યાવરણવિદ્ શ્રી તખુભાઈ સાંડસુર ઉપસ્થિત રહ્યા હતા. યુથ હોસ્ટેલ એસોસિએશનના રાજ્ય અગ્રણી શ્રી વિનુભાઈ ઉકાણીએ પ્રાસંગિક ઉદબોધનમાં પર્યાવરણના મહત્વને સ્થાપિત કર્યું હતું. રાષ્ટ્રીય કક્ષાની કામગીરીમાં જોડાયેલાં બી.આર ઝાલાએ કોરિયાનું ઉદાહરણ આપીને ત્યાંના વન ક્ષેત્રોના વિકાસની ગાથા રજુ કરી હતી. મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત શ્રી તખુભાઈ સાંડસુરે જણાવ્યું હતું કે પર્યાવરણની પ્રવૃત્તિઓ બે આધાર સ્તંભો સાથે આગળ વધતી રહી છે, એક સંવર્ધન અને બીજું સર્જન. આપણે ત્યાં સર્જન ઉપર જે ભાર મુકાય છે તેટલો સંવર્ધન ઉપર નથી! વિકાસની એક મર્યાદાને સ્વીકારીને પર્યાવરણને બચાવવા તરફ ગંભીરતા કેળવવી પડશે. ભગવાન શ્રી કૃષ્ણ એ પર્યાવરણ જળ, જમીન, જંગલ વગેરે સાથે જોડાયેલા પ્રકૃતિ દેવતા છે.તેથી પર્યાવરણની પ્રવૃત્તિ સાથે જોડાયેલા સૌ કોઈ કૃષ્ણ ભક્ત છે અને તે પ્રવૃત્તિ કૃષ્ણ ભક્તિ છે. કાર્યક્રમનું સંચાલન શ્રી ત્રિવેદીભાઈએ કર્યું હતું.

## 35 દિવસના વેકેશન બાદ કેશોદમાં ફરી ગુંજ્યો વિદ્યાર્થીઓનો કલરવ

નરેન્દ્ર દવે જૂનાગઢ

કેશોદ, તા. 8. ઉનાળાની 35 દિવસની લાંબી રજાઓ પૂર્ણ થતાં કેશોદ શહેર અને તાલુકાની સરકારી તેમજ ખાનગી શાળાઓ માં આજથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો હતો. વેકેશન બાદ શાળાઓના દ્વાર ખુલતાં વિદ્યાર્થીઓના કલરવથી શાળા પરિસરો ફરી જીવંત બન્યા હતા. નવા શૈક્ષણિક વર્ષની શરૂઆતને લઈને વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.કેશોદની વિવિધ સરકારી અને ખાનગી શાળાઓમાં આજે શિક્ષણ કાર્ય નિયમિત રીતે શરૂ કરવામાં આવ્યું હતું. ખાસ કરીને સરકારી કન્યા શાળામાં ધોરણ 11 અને 12 સાયન્સ પ્રવાહમાં પ્રવેશ પ્રક્રિયા ચાલુ છે. જ્યારે કન્યા વિનય મંદિર કેશોદ ખાતે ધોરણ 9 અને 11માં અંદાજે 350 જેટલા વિદ્યાર્થી ઓને પ્રવેશ આપવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત શહેરની વિવિધ ખાનગી શાળાઓમાં પણ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓના પ્રવેશ માટે વાલીઓ પહોંચી રહ્યા છે. નવા શૈક્ષણિક વર્ષને ધ્યાનમાં રાખી શાળાઓ દ્વારા જરૂરી તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે અને વિદ્યાર્થીઓના સ્વાગત માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. શાળાઓ શરૂ થતાં શહેરના વિવિધ બુક સ્ટોલ પર પાઠ્યપુસ્તકો, નોટબુકો, સ્વા.પોથી અને અન્ય શૈક્ષણિક સામગ્રી ખરીદવા માટે વિદ્યાર્થીઓ અને વાલીઓની ભારે ભીડ જોવા મળી હતી. તેમજ યુનિફોર્મ મેળવવા માટે પણ વાલીઓ અને વિદ્યાર્થીઓ વિવિધ દુકાનો પર દોડધામ કરતા જોવા મળ્યા હતા.

## શ્રી વિશ્રામ બાપા બગીચો: નખત્રાણાના આંગણે ખીલ્યું પ્રકૃતિનું હાસ્ય, બાળકો માટે બન્યો આનંદનો ઓરડો

મહેશ એલ. સોની, નખત્રાણા

નખત્રાણા, તા.૮/૬/૨૦૨૬ આધુનિક યુગમાં મોબાઈલ અને ટેક્નોલોજીની ભરમાર વચ્ચે બાળકોને કુદરતના ખોળે રમતું મૂકી સાચો આનંદ આપવા નખત્રાણા નગરપાલિકા દ્વારા શ્રી વિશ્રામ બાપા બાગની મુલાકાત લેવા માટે નગરજનોને ભાવભરી અપીલ કરવામાં આવી છે. નગરપાલિકાના ઉપપ્રમુખ શ્રીમતિ દમયંતીબેન ડાયાભાઈ સેંઘાણીએ એક યાદીમાં જણાવ્યું હતું કે, નખત્રાણાની શાન સમો શ્રી વિશ્રામ બાપા બગીચો આજે નવપલ્લવિત સ્વરૂપે સોળે કળાએ ખીલી ઉઠ્યો છે. લીલીછમ હરિયાળી, મનમોહક પુષ્પોની સુગંધ અને પક્ષીઓના કલરવથી ગુંજતો આ બગીચો તન-મનને તરોતાજા કરી દે તેવું અદ્ભુત સ્થળ બની ગયો છે. દમયંતીબેને વધુમાં ઉમેર્યું કે, આ બગીચો માત્ર મનોરંજનનું સ્થાન નથી, પરંતુ બાળકોના સર્વાંગી વિકાસનું તીર્થધામ છે. અહીં બાળકો માટે અદ્યતન અને સુરક્ષિત હિંચકા, સ્લાઈડર તથા રમત-ગમતના સાધનો મુકવામાં આવ્યા છે. ખુલ્લી હવામાં દોડવું, કુદવું, ફૂલ-છોડને નજીકથી નિહાળવા એ બાળકોના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે અમૃત સમાન છે. મોબાઈલ અને ટીવીની સ્ક્રીનથી દૂર, પ્રકૃતિના સાનિધ્યમાં વિતાવેલો સમય બાળકોમાં સર્જનાત્મકતા, એકાગ્રતા અને સામાજિકતાના ગુણોનો વિકાસ કરે છે.

## અમરેલીના બાબરામુકામે સમસ્ત વાટલીયા પ્રજાપતિ સમાજ ગુજરાતની ભવ્ય બેઠક સંપન્ન સામાજિક અને રાજકીય ઉત્થાન માટે ઘડાયું ભાવી આયોજન

રિપોર્ટર રાકેશ પ્રજાપતિ ખાંભા



બાબરા મુકામે આવેલી શ્રી વાટલીયા પ્રજાપતિ સમાજની વાડી ખાતે સમસ્ત વાટલીયા પ્રજાપતિ સમાજ ગુજરાત દ્વારા એક મહત્વપૂર્ણ કમિટીની મિટિંગનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. પ્રજાપતિ સમાજના ઉજ્જવળ ભવિષ્ય અને સર્વાંગી વિકાસના લક્ષ્ય સાથે યોજાયેલી આ બેઠકમાં ગુજરાતભરમાંથી આગેવાનો અને યુવાનોની પ્રેરણાદાયી ઉપસ્થિતિઆ પ્રગતિશીલ બેઠકમાં તાલુકા તેમજ જિલ્લા મથકો ઉપરાંત સમગ્ર ગુજરાત રાજ્યમાંથી પ્રજાપતિ સમાજના વિવિધ સંગઠનોના પ્રમુખો, વરિષ્ઠ અગ્રણીઓ, સમાજ શ્રેષ્ઠીઓ અને મોટી સંખ્યામાં ઉત્સાહી યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. સમાજને વિકસિત કરવા માટે આ મુદ્દાઓ પર થઈ ગહન ચર્ચા:રાજકીય અને સામાજિક જાગૃતિ: સમાજને રાજકીય ક્ષેત્રે યોગ્ય પ્રતિનિધિત્વ મળે અને સામાજિક રીતે વધુ સક્ષમ કેવી રીતે બનાવી શકાય તે અંગે વિસ્તૃત રણનીતિ તૈયાર કરવામાં આવી હતી.

## મહીસાગર જિલ્લા એસ એસ સી અને એચ એસ સી પૂરક પરિક્ષા સંદર્ભે જિલ્લા સ્થાયી પરીક્ષા સમિતિની બેઠક કલેકટર સુશ્રી અર્પિત સાગરના અધ્યક્ષ સ્થાને યોજાઈ

જગદીશ ત્રિવેદી | મહીસાગર

મહીસાગર જિલ્લામાં અગામી ધોરણ ૧૦ અને ૧૨ ની સામાન્ય પ્રવાહ તેમજ વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષા સંદર્ભમાં સ્થાયી પરીક્ષા સમિતીની બેઠક જિલ્લા કલેકટર સુશ્રી અર્પિત સાગરના અધ્યક્ષ સ્થાને લુણાવાડા જિલ્લા સેવા સદન ખાતે યોજાઈ.આ બેઠકમાં જિલ્લા કલેકટર સુશ્રી અર્પિત સાગરે અગામી ધોરણ ૧૦ અને ૧૨ ની પૂરક પરીક્ષાઓ શાંતિપૂર્વક અને નિર્ભય પણે યોજાય તે માટે જરૂરી આયોજન કરવા સંબધિત અધિકારીઓને સુચના આપી હતી. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી નૈલેષકુમાર મુનિયાએ પૂરક પરીક્ષા અંગે વિગત આપતાં જણાવ્યું હતું કે આગામી મહીસાગર જિલ્લામાં ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ની પૂરક પરીક્ષાઓ તારીખ ૧૧ જૂન થી તારીખ ૨૦ જૂન સુધી પરીક્ષાઓ યોજાશે. પૂરક પરીક્ષામાં ધોરણ ૧૦ ના ૧૬૫૦ વિધાર્થીઓ પરીક્ષા આપશે જ્યારે ધોરણ ૧૨ ની સામાન્ય પ્રવાહમાં ૩૩૦, ધોરણ ૧૨ ની વિજ્ઞાન પ્રવાહમાં ૫૮૦ અને ધોરણ ૧૨ વિજ્ઞાનપ્રવાહ પ્રાયોગિક ૦૨ વિધાર્થીઓ પરીક્ષા આપશે એમ મળી કુલ ૨૫૬૨ વિધાર્થીઓ પરીક્ષામાં આપશે બેઠકમાં પરીક્ષાના સંપૂર્ણ આયોજન, કાયદો અને વ્યવસ્થા, વિધાર્થીઓ પરીક્ષા સ્થલે સમય સર પહોંચી શકે તે માટે બસની વ્યવસ્થા, આરોગ્યની સુવિધા, પરીક્ષા દરમિયાન ટ્રાફિક વ્યવસ્થાવગેરે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટરશ્રી સી વી લટા સહિત સંબંધિત અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## મહીસાગર જિલ્લામાં બાળ મજૂરી વિરુદ્ધ લાલ આંખ: લુણાવાડામાં ત્રણ સંસ્થાઓ પર ત્રાટકી ટાસ્ક ફોર્સ

જગદીશ ત્રિવેદી | મહીસાગર

બાળ તથા તરુણ મજૂરી નાબૂદ કરવાના મક્કમ ધ્યેય સાથે મહીસાગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. મહીસાગર કલેક્ટર દ્વારા નિયુક્ત કરવામાં આવેલી જિલ્લા ટાસ્ક ફોર્સના સભ્યોએ લુણાવાડા ટાઉનમાં વિવિધ વ્યવસાયિક એકમો પર આકસ્મિક દરોડા પાડ્યા હતા. સરકારી શ્રમ અધિકારી પી. કે. બારીઆની સીધી રાહબરી હેઠળ હાથ ધરવામાં આવેલી આ તપાસ પ્રક્રિયા દરમિયાન શ્રમ કાયદાઓનો ભંગ કરી તરુણો પાસે મજૂરી કરાવતા એકમોને ઝડપી પાડવામાં આવ્યા હતા. આ કામગીરીનો મુખ્ય ઉદ્દેશ્ય જિલ્લાને બાળ શ્રમ મુક્ત બનાવવાનો અને શ્રમયોગીઓના અધિકારોનું રક્ષણ કરવાનો છે.તારીખ ૨૯ મે, ૨૦૨૬ના રોજ લુણાવાડાના ચારકોસિયા નાકા સહિતના વિસ્તારોમાં હાથ ધરવામાં આવેલી આ કાર્યવાહીમાં કુલ ત્રણ શ્રમયોગીઓને મુક્ત કરવામાં આવ્યા હતા. વિગતો મુજબ, લુણાવાડા સ્થિત 'રામ ઓટો ગેરેજ'માંથી એક બાળ તરુણ શ્રમયોગી, 'શિવમ ઓટો પાર્ટ્સ'માંથી એક તરુણ શ્રમયોગી અને 'પેરાડાઈઝ ઓટો ઈલેક્ટ્રીક વર્ક્સ'માંથી એક તરુણ શ્રમયોગી મળી આવ્યા હતા. ટાસ્ક ફોર્સે તાત્કાલિક ધોરણે આ ત્રણેય તરુણોને કામના સ્થળેથી મુક્ત કરાવી સલામત સ્થળે ખસેડવાની પ્રક્રિયા હાથ ધરી હતી.

## જૂનાગઢમાં તબીબી ક્રાંતિ: એલોપેથી, ચક્ર વિજ્ઞાન અને ભાવનાઓનો સમન્વય, ડૉ. પૂજાબેન ટાંક (કોયાણી) વૈશ્વિક પીએચ.ડી.ની સિદ્ધિથી સન્માનિત થતા ગિરનારી ગ્રુપ દ્વારા કરાયેલું અદકેરુ સન્માન.

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ: ૦૮ જૂનાગઢના તબીબી અને સામાજિક ઈતિહાસમાં એક સુવર્ણ પ્રકરણ ઉમેરાયું છે. ત્વચા, વાળ અને કોસ્મેટિક સારવાર ક્ષેત્રે અગ્રણી એવા 'પ્રેરણા સ્કીન હેર એન્ડ લેસર ક્લિનિક'ના સંચાલક ડૉ. પૂજાબેન ટાંક (કોયાણી) એ વૈશ્વિક સ્તરે એક એવી શૈક્ષણિક અને તબીબી સિદ્ધિ હાસલ કરી છે, જેણે જૂનાગઢનું નામ આંતરરાષ્ટ્રીય ફલક પર રોશન કર્યું છે. યુનાઈટેડ નેશન્સ (UN) સંલગ્ન NGO દ્વારા સમર્થિત અને વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટી દ્વારા તેમને ડૉક્ટરેટ ઓફ ફિલોસોફી (Ph.D.) ની પદવી એનાયત કરવામાં આવી છે. આ અભૂતપૂર્વ સિદ્ધિ બદલ જૂનાગઢની પ્રતિષ્ઠિત અને સેવાભાવી સંસ્થા 'ગિરનારી ગ્રુપ' દ્વારા ડૉ. પૂજાબેનનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. વિજ્ઞાન અને પ્રાચીન શાણપણનો અદભુત સંગમ તાજેતરમાં મુંબઈ ખાતે પ્રતિષ્ઠિત કોન્ફરન્સ યોજાઈ હતી.આવૈશ્વિક મંચ પર ડૉ.પૂજાબેન ટાંક (કોયાણી) એ "Emotional and Metaphysical Signatures of Skin and Hair Conditions in Women: A Chakra-Based Diagnostic Study" વિષય પર પોતાનો મહત્વપૂર્ણ અને ક્રાંતિકારી અભ્યાસ પૂર્ણ કર્યો હતો. આ અભ્યાસમાં મહિલાઓમાં જોવા મળતા ત્વચા અને વાળ સંબંધિત વિવિધ રોગો તથા તેમની પાછળ રહેલા ભાવનાત્મક પરિબળો અને આંતરિક ઊર્જા કેન્દ્રો વચ્ચેના ગૂઢ સંબંધનું ઊંડાણપૂર્વક સંશોધન કરવામાં આવ્યું છે.

## કુકમા સિનાઈ નગરમાં 'માતા સાવિત્રીબાઈ ફુલે સન્માન કાર્યક્રમ' યોજાયો

જગદીશ પી દવે| દેશલપર (ગુંતલી)

ઉનાળું વેકેશન પૂર્ણ થતાં શાળાઓમાં ફરીથી શૈક્ષણિક માહોલ ખીલી ઉઠ્યો છે. બાળકોમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ વધે અને કોઈ બાળક શિક્ષણથી વંચિત ન રહે તેવા હેતુથી કુકમા ગામના સિનાઈ નગર ખાતે સાર્થક મહિલા વિકાસ ટ્રસ્ટ દ્વારા 'માતા સાવિત્રીબાઈ ફુલે સન્માન કાર્યક્રમ'નું આયોજન કરવામાં આવ્યું હતું.ટ્રસ્ટના અધ્યક્ષ હંસાબેન ચાવડાના અધ્યક્ષસ્થાને યોજાયેલા કાર્યક્રમમાં ધોરણ 1 થી 10 સુધી સારાં ગુણ સાથે પાસ થયેલા વિદ્યાર્થીઓને નોટબુક, બોલપેન અને મોમેન્ટો અર્પણ કરીને સન્માનિત કરવામાં આવ્યા હતા. સાથે જ દાતાશ્રીઓના સહયોગથી આશરે 200 જેટલા વિદ્યાર્થીઓને નિઃશુલ્ક નોટબુકોનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ટ્રસ્ટના ટ્રસ્ટીઓ ધનુબેન અતુલભાઈ મહેશ્વરી, સવિતાબેન હીરજી મહેશ્વરી, જયશ્રીબેન મહેશ્વરી, ખીમીબેન મહેશ્વરી, પ્રેમીલાબેન મહેશ્વરી સહિત અનેક મહિલાઓ ઉપસ્થિત રહી હતી. શિક્ષણલક્ષી આ પ્રવૃત્તિને કુકમા ગ્રામજનોએ હર્ષભેર બિરદાવી હતી. મુખ્ય અતિથિ તરીકે કચ્છ જિલ્લા પંચાયતના શાસક પક્ષના નેતા ધનજીભાઈ ચાવડા તથા કચ્છ જિલ્લા મચ્છોયા (આહિર) સમાજના ઉપપ્રમુખ દેવજીભાઈ ગોવિંદભાઈ ચાવડા હાજર રહ્યા હતા.

## સુગમ ડિજિટલ ગુજરાત પોર્ટલ નાગરિકોની સુવિધાનું સક્ષમ માધ્યમ બન્યું

પાલનપુર | વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં '૧૨ વર્ષ વિશ્વાસના, વિકાસના અને જનકલ્યાણના' અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. આ વિકાસયાત્રાના ભાગરૂપે નાગરિકોને સરકારી સેવાઓ સરળતાથી અને ઝડપથી ઉપલબ્ધ થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા 'સુગમ ડિજિટલ ગુજરાત પોર્ટલ' કાર્યરત કરવામાં આવ્યું છે. બનાસકાંઠા જિલ્લાના નાગરિકોના સમય અને નાણાંની બચત સાથે સરકારી સેવાઓને વધુ સરળ, પારદર્શક અને સુલભ બનાવવા માટે આ પોર્ટલ મહત્વપૂર્ણ સાબિત થઈ રહ્યું છે. આધુનિક અને ડિજિટલ યુગમાં સરકારી સેવાઓ લોકોને આંગળીના ટેરવે ઉપલબ્ધ કરાવવાના રાજ્ય સરકારના સંકલ્પને આ પોર્ટલ વધુ મજબૂત બનાવે છે.રાજ્ય સરકાર દ્વારા પાંચ મુખ્ય વિભાગોની ૨૦ જેટલી હાઈ-ટ્રાન્ઝેક્શન સેવાઓનું ઓનલાઈન સરલીકરણ કરવામાં આવ્યું છે. જેમાં આવકનો દાખલો, જાતિનો દાખલો, રહેઠાણનો દાખલો, નોન-ક્રિમીલેયર પ્રમાણપત્ર, આર્થિક રીતે નબળા વર્ગોનું પ્રમાણપત્ર, ખેડૂત પ્રમાણપત્ર, વારસાઈ પ્રમાણપત્ર, વરિષ્ઠ નાગરિક પ્રમાણપત્ર તેમજ રેશનકાર્ડ સંબંધિત વિવિધ સેવાઓનો સમાવેશ થાય છે.

## ધારીના સરસિયા રેન્જ હેઠળ લુવારિયા વાડી વિસ્તારમાં ગર્ભવતી સિંહણના મોતના મુદ્દે જવાબદાર ફોરેસ્ટરની તાત્કાલિક બદલી

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

બે દિવસથી બિમાર સિંહણ પડી હોવા છતાં સારવારમાં ગંભીર બેદરકારી ગીર પૂર્વ ધારીના સરસિયા રેન્જ હેઠળ લુવારિયા વાડી વિસ્તારમાં સગર્ભા સિંહણના મોત બાદ વન વિભાગમાં ભારે ખળભળાટ મચ્યો છે. ઘટનાને ગંભીરતાથી લઈને વન વિભાગે સ્થાનિક ફોરેસ્ટર ચેતન ઘેવરીયાની પાલીતાણા રેપિડ ખાતે બદલી કરતા સમગ્ર વિભાગમાં ફફડાટ ફેલાયો છે.

સરસિયા રેન્જના લુવારિયા વીડી વિસ્તારમાં એક સગર્ભા સિંહણ છેલ્લા બે દિવસથી બીમાર હાલતમાં એક જ જગ્યાએ પડેલી હોવાની માહિતી ગામજનોએ આપી હતી. ત્યારબાદ સિંહણનું મોત નિપજતા સમગ્ર મામલો ચર્ચામાં આવ્યો હતો. ઘટનાને પગલે જુનાગઢ સીએફ રામ રતન નાલાએ સ્થાનિક એ.સી. એને તપાસના આદેશ આપ્યા હતા. પ્રાથમિક સ્તરે સ્થાનિક ફોરેસ્ટર ધારીથી અપડાઉન કરતા હોવા અને વિસ્તારમાં

નિયમિત પેટ્રોલિંગના અભાવને કારણે બેદરકારી સામે આવી હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

## રાજુલા ખાતે દર્દી નારાયણની સેવા એજ પ્રભુ સેવા ના સુત્ર સાથે શરુ થયેલી નિઃશુલ્ક મહાત્માં ગાંધી આરોગ્ય મંદિરની મુલાકાત લેતા સંતો મહંતો : સંતોના આશીર્વાદ રૂપે ૫૧,૦૦૦ હજાર નું દાન અર્પણ કરવામાં આવ્યું

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

આજે રાજુલા ખાતે તા/૦૭/૦૬/૨૦૨૬ રવિવારના રોજ સંતો, મહંતો અને સેવાભાવી આગેવાનોની દર્દી નારાયણ માટે સંજીવની સમાન નિઃશુલ્ક હોસ્પિટલ ની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે પૂજ્ય શરદભાઈ વ્યાસ (દાદા)એ હોસ્પિટલની મુલાકાત લઈ હોસ્પિટલમાં ચાલી રહેલી દર્દી નારાયણ ની સેવાકીય પ્રવૃત્તિઓ અંગે ખુશી વ્યક્ત કરી હતી.પૂજ્ય શરદભાઈ વ્યાસે પૂજ્ય મોરારી બાપુના દિવ્ય આશીર્વાદ અને હોસ્પિટલ પાછળ રહેલી સેવાભાવના ને યાદ કરતાં જણાવ્યું હતું કે, માત્ર લોકસેવાના અને માનવ સેવા એજ પ્રભુ સેવા ના એકમાત્ર ધ્યેય સાથે ચાલતી આ સેવા યજ્ઞ સમાજ માટે પ્રેરણારૂપ છે. હોય અને દર્દી નારાયણ સેવા માટે અડીખમ આ સંસ્થા ઓનાં ટ્રસ્ટીશ્રીઓ, પૂર્વ ધારાસભ્ય અને મીરીટાઈમ બોર્ડ કર્મચારી મહામંડળ ના અધ્યક્ષ શ્રી અંબરીષભાઈ ડેર સહિત તમામ સેવાભાવી કાર્યકરોની નિષ્ઠાને બિરદાવી હતી. આ પ્રસંગે તેમણે આશિર્વાદ રૂપે હોસ્પિટલ માટે રૂ. ૫૧,૦૦૦ નું દાન અર્પણ કરી આશીર્વાદ પાઠવ્યા હતા.આ ઉપરાંત સેવાભાવી તબીબ ડોક્ટર કનુભાઈ કળસરિયા સાહેબ, પૂજ્ય અમરદાસ બાપુ, ડોક્ટર કાનજીભાઈ બલદાણિયા, સુરેશભાઈ નકુમ, લાલાભાઈ વડલી વાળા સહિત અન્ય આગેવાનો પણ હોસ્પિટલની મુલાકાતે પહોંચ્યા હતા.

## જિલ્લા કલેકટરશ્રી યોગેશ ચૌધરીના અધ્યક્ષ સ્થાને ધોરણ ૧૦ અને ૧૨ની પૂરક પરીક્ષાની પૂર્વ તૈયારીઓની સમીક્ષા બેઠક યોજાઇ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ, તા.૦૮, જિલ્લા કલેક્ટરશ્રી યોગેશ ચૌધરીના અધ્યક્ષ સ્થાને એસ.એસ. સી. અને એચ.એસ.સી. પૂરક પરીક્ષાની પૂર્વ તૈયારીઓની સમીક્ષા બેઠક યોજાઇ હતી. જેમાં જૂનાગઢ જિલ્લામાં વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહ અન્વયે એસ.એસ.સી. અને એચ.એસ.સી. પૂરક પરીક્ષા યોજવા જઈ રહી છે. તા.૧૧/૦૬/૨૦૨૬ થી ૨૦/૦૬/૨૦૨૬ સુધી વિવિધ વિષયોની પૂરક પરીક્ષા યોજાશે. આ ઉપરાંત ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, સંસ્કૃત પ્રથમા, સંસ્કૃત મધ્યમાના ઉતીર્ણ અને અનુતીર્ણ અને પરીક્ષામાં બેસવાપાત્ર ઉમેદવારોની પૂરક પરીક્ષા યોજાશે. આ બેઠકમાં જિલ્લા કલેકટરશ્રીએ પરીક્ષા દરમિયાન પૂરતો વીજળી પુરવઠો જળવાઈ રહે, સી.સી.ટી.વી. કેમેરા દ્વારા સતત મોનિટરિંગ તથા રેકોર્ડીંગ, પરીક્ષા કેન્દ્રો પર મેડિકલ સ્ટાફ અને એમ્બ્યુલન્સ સહિતની આરોગ્યલક્ષી સુવિધા ઉપલબ્ધ રહે ઉપરાંત પરીક્ષા કેન્દ્રો સુધી પહોંચવા માટે રસ્તામાં કોઈ અગવડ ન પડે, સુરક્ષા વ્યવસ્થા માટે પોલીસ બંદોબસ્ત અને અવર જવર માટેના વાહનો સહિતના મુદ્દે જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન આપ્યું હતું. આ પૂરક પરીક્ષા સવારે ૧૧:૦૦ થી સાંજના ૦૬:૦૦ કલાક સુધી પરીક્ષા યોજાશે. જિલ્લા કલેકટરશ્રીના માર્ગદર્શન અનુસાર ઓબ્ઝર્વર અને સ્કવોર્ડ ની નિમણુંક કરવામાં આવી છે.

## જૂનાગઢ જિલ્લામાં લેપ્રસી કેસ ડિટેકશન કેમ્પઈન-૨૦૨૬ અંતર્ગત સરાહનીય કામગીરી કરવામાં આવી

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ, તા.૦૮, સમગ્ર રાજય અને જૂનાગઢ જિલ્લામાં તા.૦૮ જુનથી તા.૧૮ જુન સુધી જાહેર રજા અને મમતા દિવસ બાદ કુલ દિવસ ૦૭ સુધી લેપ્રસી કેસ ડિટેકશન કેમ્પઈન હાથ ધરવામાં આવશે. જેમાં "ચાલો સૌ સાથે મળીને જાગૃતિ લાવીએ, ગેરસમજ દૂર કરીએ અને કોઈ પણ રક્તપિત્તગ્રસ્ત દર્દી વણશોધાયેલા ના રહે તે સુનિશ્ચિત કરીએ." તે થીમ અંતર્ગત વિવિધ કામગીરી હાથ ધરવામાં આવશે. આ લેપ્રસી કેસ ડિટેકશન કેમ્પઈન-૨૦૨૬ અંતર્ગત બધા તાલુકા આરોગ્ય અધિકારીશ્રીઓ, મેડિકલ ઓફિસરશ્રીઓ, સુપરવાઈઝર, આશા બહેનોની ઓનલાઈન મીટીંગ આયોજિત કરાઈ હતી. જેમાં અધિક કલેકટરશ્રીના અધ્યક્ષ સ્થાને બધા કમિટીના સભ્યોની મીટીંગ રાખવામાં આવેલ. આ લેપ્રસી કેસ ડિટેકશન કેમ્પઈન દરમિયાન સંદેશા વ્યવહારની અલગ અલગ રીતો જેમ કે રેલી, પોસ્ટર, બેનર, શાળાકીય પ્રવૃતિઓ, ટોક શો, વગેરે વિશે ગ્રામ આરોગ્ય સમિતિની બેઠકમાં ચર્ચા તથા આશા અને આરોગ્ય કાર્યકરોની ગૃહ મુલાકાત દરમિયાન રૂબરૂ લોકજાગૃતિ કરવામાં આવી હતી. આ તમામ કામગીરીનો સોશિયલ મીડિયા દ્વારા પણ પ્રચાર-પ્રસાર કરવામાં આવ્યો હતો.

## અમરેલી જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને જિલ્લા વાહકજન્ય રોગ નિયંત્રણ સંકલન સમિતિની બેઠક યોજાઈ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

આંતરશાખાકીય સંકલન દ્વારા મેલેરિયા, ડેન્ગ્યુ સહિતના મચ્છરજન્ય રોગોના નિયંત્રણ માટે વિવિધ વિભાગોની ભૂમિકા અને જવાબદારીઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ચોમાસા દરમિયાન પાણી ભરાવાની સ્થિતિ, સ્વચ્છતા જાળવવા, મચ્છર ઉત્પત્તિના સંભવિત સ્થળોનો નાશ કરવા તેમજ જનજાગૃતિ અભિયાનને વધુ અસરકારક બનાવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા આગામી દિવસોમાં મેલેરિયા અને ડેન્ગ્યુ વિરોધી માસ અંતર્ગત વિવિધ જાગૃતિ કાર્યક્રમો, સર્વેલન્સ કામગીરી તથા નિવારક પગલાંઓને વધુ વેગ આપવામાં આવશે, જેથી વાહકજન્ય રોગોના કેસોમાં ઘટાડો લાવી શકાય અને જન આરોગ્યનું રક્ષણ સુનિશ્ચિત થઈ શકે.બેઠકમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા મેલેરિયા અધિકારીશ્રી, તાલુકા આરોગ્ય અધિકારીશ્રીઓ, વિવિધ સરકારી વિભાગોના અધિકારીશ્રીઓ તેમજ જિલ્લાના તમામ નગરપાલિકાઓના ચીફ ઓફિસરશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.બેઠક દરમિયાન જિલ્લામાં વાહકજન્ય રોગોની વર્તમાન પરિસ્થિતિની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને મચ્છરોની ઉત્પત્તિ અટકાવવા માટે વિવિધ વિભાગો દ્વારા હાથ ધરવામાં આવનારી કામગીરી અંગે ચર્ચા કરવામાં આવી હતી.

## મેલેરિયા મુક્ત અભિયાન-૨૦30 અંતર્ગત જૂનાગઢ જિલ્લામાં આરોગ્ય વિભાગની સઘન કામગીરી

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ,તા.૮ ભારત સરકાર દ્વારા ૨૦૩૦ સુધીમાં મેલેરીય નાબુદી અભિયાન અમલમાં મુકવામાં આવેલ છે. જે અંતર્ગત ગુજરાત સરકાર દ્વારા મેલેરિયા મુક્ત ગુજરાત - અભિયાન અન્વયે આ હેતુને સાકાર કરવા વર્ષ ૨૦૧૭ થી સઘન ઝુંબેશ શરુ છે. દર વર્ષની જેમ જુન માસ - મેલેરિયા વિરોધી માસ તરીકે ઉજવણી કરવામાં આવે છે. મેલેરિયા મુક્ત અભિયાન-૨૦૩૦ અન્વયે વાહકજન્ય રોગચાળો નિયંત્રણ માટે પ્રિ-મોનસુન કામગીરી રૂપે હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ રાઉન્ડ-૧ માં ખાસ ઝુંબેશ આયોજનમાં આરોગ્ય કર્મચારી અને આશા ની ટીમ દ્વારા દ્વારા ૪૯૧ ગામોમાં ઘરો- ૨,૭૬,૯૦૮ ની હાઉસ ટુ હાઉસ મુલાકાત કરી સર્વેલન્સ કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ડેન્ગ્યું -ચિકનગુનિયા માટે સંવેદનશીલ વિસ્તારમાં તા. ૧૨-૫-૨૦૨૬ થી ૧૬-૫-૨૦૨૬ સુધીમાં,હાઉસ ટુ હાઉસ સર્વેમાં ફિલ્ડ કામગીરીની વિગતમાં જૂનાગઢ જિલ્લા (ગ્રામ્ય)ના આશા અને અન્ય આરોગ્ય કર્મચારી ની ૮૪૫ ટીમ દ્વારા ૪૯૧ ગામોમાં ૧,૧૭,૬૩૮ ઘરોની હાઉસ ટુ હાઉસ મુલાકાત કરતા તાવના લીધેલ કુલ લોહીના નમુનાની સ્લાઈડ-૨૫૮૫ નું માઈક્રોસ્કોપથી પરીક્ષણ કરતા પોઝીટીવ મેલેરિયા ના એક પણ કેસ મળ્યા ન્હતા. મચ્છર ઉત્પતિ અટકાવવા માટે એબેટ દવા નાખેલ ખુલ્લા પાત્રોની સંખ્યા- ૨,૬૫,૮૧૩, બળેલ ઓઈલ/ડીઝલ નાખેલ ખાડાની સંખ્યા- ૧૧૨, પોરાભક્ષક ગપ્પી-ગમ્બુસીયા માછલી નાખેલ સ્થળની સંખ્યા-૧૨૦૪, ડ્રાય ડે (સુકો દિવસ) આયોજનમાં સોર્સ રિડકશન કરેલ પાત્રોની સંખ્યા-૩૫૦૨, નકામા ટાયર નિકાલ-૮૩૦, ઈન્ડોર ફોગીંગ-૩૫૦ ઘરમાં કરેલ છે.

# વિશ્વ પર્યાવરણ દિવસે કચ્છમાં શુદ્ધ પાણી, ન્યુટ્રી કિચન ગાર્ડન અને જમીન સુધારણા અંગે જાગૃતિ અભિયાન

જગદીશ પી દવે| દેશલપર (ગુંતલી)



વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે એ.સી.ટી. સંસ્થા દ્વારા કચ્છ જિલ્લાના અબડાસા, માંડવી, મુન્દ્રા અને અંજાર તાલુકાઓમાં શુદ્ધ પીવાનું પાણી, ન્યુટ્રી કિચન ગાર્ડન અને ખેતીની જમીન સુધારણા અંગે વિવિધ જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થા છેલ્લા ૨૫ વર્ષથી સહભાગી ભૂગર્ભજળ વ્યવસ્થાપન કાર્યક્રમ અંતર્ગત પાણી અને જમીનની ગુણવત્તામાં સુધારો તથા કુદરતી સંસાધનોના સંવર્ધન માટે કાર્યરત છે.

પ્રાજ ફાઉન્ડેશન, અઝીમ પ્રેમજી ફાઉન્ડેશન અને ડી.પી. વર્લ્ડના નાણાકીય સહયોગથી યોજાયેલા કાર્યક્રમોમાં ગ્રામ્ય મહિલાઓ અને ખેડૂતોને આરોગ્યપ્રદ જીવનશૈલી, પર્યાવરણ સંરક્ષણ અને ટકાઉ કૃષિ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

અબડાસા તાલુકાના કોઠારા ખાતે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને પરબ વોટર મેનેજમેન્ટ પ્રા. લિ.ના સંકલનથી આશરે ૧૦૦ બહેનોને ઘરઆંગણે ન્યુટ્રી કિચન ગાર્ડન વિકસાવવા અંગે માર્ગદર્શન અપાયું હતું. સાથે શાકભાજીના બીજ તથા તેની માવજત માટેની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. પીવાના પાણીને શુદ્ધ બનાવવા માટે સિરામિક ફિલ્ટરનું પ્રત્યક્ષ નિદર્શન પણ કરવામાં આવ્યું હતું.

માંડવી તાલુકાના કોકલિયા ખાતે જીલુભા જાડેજા મેમોરિયલ ટ્રસ્ટના સહયોગથી આશરે ૩૫ બહેનોને ન્યુટ્રી કિચન ગાર્ડન અંગે માહિતી આપવામાં આવી હતી તેમજ શાકભાજીના બીજ અને માવજત કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ અંતર્ગત સ્થાનિક પ્રાથમિક શાળામાં વૃક્ષારોપણ કરીને હરિયાળીનો સંદેશ આપવામાં આવ્યો હતો.

બિદડા ખાતે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, સાડાઉ અને આત્મા પ્રોજેક્ટના સહયોગથી આશરે ૯૦ ખેડૂતો માટે ખેતીની જમીન સુધારણા, પાક સંરક્ષણ અને માટી પરીક્ષણ વિષયક તાલીમ કાર્યક્રમ યોજાયો હતો.

કૃષિ નિષ્ણાતોએ ખેડૂતોને વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમ દરમિયાન મહેમાનો દ્વારા વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું.

# ચાણસ્મા તાલુકા કોંગ્રેશ અને શહેર કોંગ્રેશ સંગઠન દ્વારા વધતી મોંઘવારીના વિરોધમાં દેખાવો કરી મામલતદારને આવેદનપત્ર આપ્યું

નિતીન ઠાકર ચાણસ્મા

રાંધણગેસ પેટ્રોલ ડીઝલ રાસાયણીક ખાતરોમાં કુદકે ને ભૂસકે ભાવવધારો થઈ રહ્યો જેના કારણે જીવનજરૂરીયાતની ચીજવસ્તુઓ નો ભાવવધારો થતાં જનજીવન પર ભાવવધારાની સીધી અસર પડી રહી છે ત્યારે. જનતામાં ભાવવધારા મુદ્દે રોષ વ્યાપી રહ્યો છે ત્યારે થઈ રહેલા ભાવવધારા પર સરકાર દ્વારા અંકુશ કરવામાં આવે તેની. તીવ્ર માં રાજ્યભરમાં આમ જનતા દ્વારા કરાઈ રહી છે ત્યારે સોમવારે ચાણસ્મા તાલુકા/ શહેર કોંગ્રેશ સંગઠન દ્વારા ભાવવધારા મુદ્દે ચાણ બસ મથક સામે ચાણસ્મા તાલુકા શહેર કોંગ્રેશ ના કાર્યકરો પદાધિકારીઓ એકઠા થઈ સુત્રોચ્ચાર કરી તીવ્ર વિરોધ કરી ચક્કાજામ કરવાનો પ્રયાસ કરાયો હતો પોલિશની સમજાવટ બાદ બસ મથક સામે મોઘવારીનો વિરોધ કરી રહેલ કાર્યકરો રેલી સ્વરૂપે મોઘવારી વિરોધી સુત્રોચ્ચાર કરતા મામલતદાર કચેરીએ પહોંચી સરકાર વધતાં જતાં જીવન જરૂરીયા ચીજવસ્તુઓના ભાવવધારા પર અંકુશ કરે તેની લેખિત રજૂઆત સાથેનું મામલતદાર ચાણસ્મા ને આવેદન આપ્યું હતું જેમાં ચાણસ્મા તાલુકા-શહેર કોંગ્રેશ સંગઠનના રાજુલ પટેલ નાગજીભા દરબાર રમેશભાઈ દેસાઇ યુવા અગ્રણી નરપતસિંહ. શહેર કોંગ્રેસ પ્રમુખ વરૂણ વ્યાસ સહિત તાલુકા શહેર કોંગ્રેસના આગેવાનો કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# દારૂબંધીના ગુજરાતમાં દેશલપર (ગુંતલી) ગામે શંકાસ્પદ પીણાંની બોટલો ચર્ચાનો વિષય

જગદીશ પી દવે| દેશલપર (ગુંતલી)



ગુજરાત રાજ્યમાં દારૂબંધીનો કાયદો અમલમાં હોવા છતાં નખત્રાણા તાલુકાના દેશલપર (ગુંતલી) ગામના મુખ્ય બજાર તરફ જતા રસ્તા પર કેફી પદાર્થ જેવા પીણાંની બોટલો જોવા મળતાં સ્થાનિકોમાં ચર્ચા જાગી છે. ગ્રામજનોએ પ્રશ્ન ઉઠાવ્યો છે કે જો આ બોટલોમાં પ્રતિબંધિત પદાર્થનું વેચાણ કે સેવન થતું હોય તો તે ગંભીર બાબત છે અને સંબંધિત તંત્રએ તાત્કાલિક તપાસ હાથ ધરવી જોઈએ.

સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ જાહેર માર્ગ પર આવી બોટલો જોવા મળતાં યુવાનો અને વિદ્યાર્થીઓ પર તેની નકારાત્મક અસર પડી શકે છે. ગ્રામજનોએ પોલીસ અને જવાબદાર વિભાગોને સમગ્ર મામલે તપાસ કરી હકીકત બહાર લાવવાની માંગ કરી છે.

ગ્રામજનોનું કહેવું છે કે ગુજરાતમાં દારૂબંધી કાયદો અમલમાં છે ત્યારે આવા દ્રશ્યો સામે આવતાં કાયદાના અમલ અંગે પણ સવાલો ઉભા થાય છે. જો કોઈ ગેરકાયદેસર પ્રવૃત્તિ ચાલી રહી હોય તો જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

હાલ આ મામલે સત્તાવાર રીતે કોઈ પુષ્ટિ થઈ નથી, પરંતુ ગ્રામજનોએ તંત્ર દ્વારા સ્થળ તપાસ કરીને સત્ય હકીકત જાહેર કરવાની માંગ કરી છે.

# દેશલપર-ઉગેડી માર્ગ પર આર.સી.સી. રોડની સાઈડો બની અકસ્માતનું કારણ

જગદીશ પી દવે દેશલપર (ગુંતલી)

દેશલપર-ઉગેડી માર્ગ પર તાજેતરમાં બનાવવામાં આવેલ આર.સી.સી. રોડની બંને બાજુ હજુ સુધી માટીનું પૂરાણ કરવામાં આવ્યું નથી, જેના કારણે માર્ગ વાહનચાલકો માટે જોખમી બન્યો છે. રોડની ધાર અને બાજુની જમીન વચ્ચે ઊંચાઈનો તફાવત હોવાથી નાના વાહનો માટે અકસ્માતની શક્યતા સતત વધી રહી છે.



સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ માર્ગ પર વાહન ચલાવતી વખતે જો કોઈ વાહન થોડી પણ સાઈડમાં ઉતરી જાય તો ગંભીર અકસ્માત સર્જાઈ શકે છે. ખાસ કરીને રાત્રિના સમયે અને વરસાદી મોસમ દરમિયાન સ્થિતિ વધુ જોખમી બની શકે છે. ગ્રામજનોએ તંત્ર સામે રોષ વ્યક્ત કરતાં જણાવ્યું છે કે રોડનું કામ પૂર્ણ થયા બાદ પણ સાઈડનું પૂરાણ કરવામાં ન આવતા લોકોના જીવ જોખમમાં મુકાયા છે.

અનેક વખત રજૂઆતો છતાં હજુ સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. સ્થાનિક રહેવાસીઓએ સંબંધિત વિભાગને તાત્કાલિક ધોરણે રોડની બંને બાજુ માટીનું પૂરાણ કરી માર્ગને સુરક્ષિત બનાવવાની માંગ કરી છે. ગ્રામજનોનો સવાલ છે કે, 'શું કોઈ ગંભીર અકસ્માત સર્જાયા પછી જ તંત્ર જાગશે? 'માર્ગની હાલની સ્થિતિને ધ્યાનમાં રાખીને વહેલી તકે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી લોકમાગ ઉઠી છે.

# બહાદરપુર ગ્રામ પંચાયત ખાતે સંખેડા ઝારોલા લાયન્સ હોસ્પિટલ દ્વારા નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું



રિપોર્ટર. કમલેસંખેડા. સંખેડા

બહાદરપુર ગ્રામ પંચાયત ખાતે સંખેડા ઝારોલા લાયન્સ હોસ્પિટલ દ્વારા નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં 55થી વધુ લાભાર્થીઓએ આંખની તપાસ કરાવી હતી, જેમાંથી 8 દર્દીઓમાં મોતિયાના લક્ષણો જોવા મળ્યા હતા.

આ કેમ્પનું આયોજન સંખેડા ઝારોલા લાયન્સ હોસ્પિટલ દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં બહાદરપુર ગ્રામ પંચાયતે સહયોગ આપ્યો હતો. પંચાયત કચેરી ખાતે યોજાયેલા આ કેમ્પનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રામીણ વિસ્તારના લોકોને વિનામૂલ્યે આંખની તપાસ અને સારવાર ઉપલબ્ધ કરાવવાનો હતો.

ઝારોલા લાયન્સ હોસ્પિટલના ડોકટરોની ટીમે દર્દીઓની આંખોની તપાસ કરી હતી. તપાસ દરમિયાન જે 8 દર્દીઓમાં મોતિયાના લક્ષણો જણાયા હતા, તેમને વધુ સારવાર માટે હોસ્પિટલનો સંપર્ક કરવા જણાવાયું હતું.

હોસ્પિટલ દ્વારા જણાવાયું હતું કે મોતિયા સહિત આંખના તમામ રોગોનું નિદાન અને સારવાર સંખેડા ઝારોલા લાયન્સ હોસ્પિટલ ખાતે તદ્દન નિઃશુલ્ક કરવામાં આવે છે. જરૂરિયાતમંદ દર્દીઓને હોસ્પિટલ ખાતે આવીને મફતમાં સારવાર કરાવવા અપીલ કરવામાં આવી છે.

# ગુજરાત-રાજસ્થાન સરહદે બસમાંથી ₹4 કરોડના દાગીના જપ્ત

(એજન્સી) પાલનપુર । તા. 07

રાજસ્થાન પોલીસે ગુજરાત-રાજસ્થાન સરહદ પર આવેલી માવલ ચોકી પરથી એક ટ્રાવેલ બસમાંથી 4 કરોડ રૂપિયાથી વધુના સોના-ચાંદીના દાગીના જપ્ત કર્યા છે. આ કાર્યવાહી દરમિયાન ત્રણ મુસાફરોની ધરપકડ કરવામાં આવી હતી. અમદાવાદના ચંદુલાલ સહિત 3 શખશ પાલનપુરથી રાજસ્થાન તરફ જઈ રહેલી બસમાં સવાર હતાં. પોલીસે માવલ ચોકી વિસ્તારમાં ચેકિંગ કરીને મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

માવલ ચોકી પર રાજસ્થાન પોલીસ દ્વારા નિયમિત ચેકિંગ ચાલી રહ્યું હતું. તે સમયે ગુજરાતના પાલનપુર તરફથી આવતી એક ખાનગી બસને રોકવામાં આવી હતી. બસમાં સવાર ત્રણ મુસાફરો શંકાસ્પદ જણાતા પોલીસે તેમની તલાશી લેવામાં આવી હતી.

તલાશી દરમિયાન, તેમની ત્રણ અલગ-અલગ બેગમાંથી સોના અને ચાંદીના દાગીનાનો મોટો જથ્થો મળી આવ્યો હતો. આ દાગીના સંબંધિત કોઈ કાયદેસરના બિલ કે દસ્તાવેજો રજૂ કરવામાં આવ્યા ન હતા.

ઝડપાયેલા આરોપીઓમાં સિરોહીના બારલુતના રહેવાસી રમેશ કુમાર (ઉંમર 53) પાસેથી 1.350 કિલો સોનાના અને 300 ગ્રામ ચાંદીના દાગીના મળ્યા હતા. સિરોહીના વેરા વિલપુરના ગજેન્દ્ર સિંહ (ઉંમર 32) પાસેથી 890 ગ્રામ સોનાના દાગીના જપ્ત કરાયા હતા. ત્રીજા આરોપી અમદાવાદ, ગુજરાતના ચંદુલાલ (ઉંમર 50) પાસેથી 571.5 ગ્રામ સોનાના અને 500 ગ્રામ ચાંદીના દાગીના મળી આવ્યા હતા. કુલ મળીને 2.800 કિલો સોનું અને 800 ગ્રામ ચાંદી જપ્ત કરવામાં આવી હતી.

# નીલગાયને ટક્કર બાદ થાર મૂકી બે શખ્સો ફરાર

(એજન્સી) લાખણી । તા. 07

લાખણી તાલુકાના ચિત્રોડા બસ સ્ટેન્ડ નજીક નીલગાયને ટક્કર માર્યા બાદ થાર ગાડી મૂકી બે શખ્સો ભાગી ગયા હતા. પોલીસે ગાડીમાંથી રૂ.53.81 લાખના 358.78 કિલો પોષડોડા જપ્ત કર્યા છે. આરોપીઓની ઓળખ માટે સ્થળ પરથી મળેલા પુરાવા એફએસએલમાં ડીએનએ તપાસ માટે મોકલ્યા હતા.

ચિત્રોડા ગામ નજીક ડીસા-લાખણી હાઈવે પર શનિવારના રોજ નંબર પ્લેટ વગરની મહિન્દ્રા થાર નીલગાયને અડફેટે લેતાં અકસ્માત સર્જાયો હતો. એરબેગ્સ ખુલી જતાં ગાડી બંધ પડી ગઈ અને ચાલક સહિત બે શખ્સો ફરાર થઈ ગયા હતા.

જીઆરડી જવાન કિરણભાઈ પરમાર અને સ્થાનીકોએ ગાડી રોડ સાઈડ કરતાં અંદર શંકાસ્પદ કટ્ટા જોવા મળ્યા હતા. આગથળા પોલીસે રાત્રે જ ગાડીને પોલીસ સ્ટેશન ખસેડી હતી. એફએસએલ અધિકારી ડી.એમ. પટેલની હાજરીમાં તપાસ દરમિયાન 21 કટ્ટામાંથી રૂ.53.81 લાખના 358.78 કિલો પોષડોડા મળી આવ્યા હતા. ઉપરાંત રૂ.10 લાખની થાર, પાણીની બોટલો, ગમછો સહિત કુલ રૂ.63.81 લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી હતી.

આગથળા પોલીસ ઈન્સ્પેક્ટર એમ.બી.રાઠોડે જણાવ્યું હતું કે,પોલીસે ગુનામાં સંડોવાયેલા અજાણ્યા શખ્સોની ઓળખ મેળવવા માટે ગાડીમાંથી મળી આવેલી પાણીની બોટલો અને ગમછાને DNA તપાસ માટે એફએસએલમાં મોકલ્યા છે.

# ખેડાની 1750 શાળાઓમાં નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ

(એજન્સી) ખેડા । તા. 07

ખેડા જિલ્લામાં લાંબા ઉનાળુ વેકેશન બાદ તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં નવા શૈક્ષણિક સત્રની ઉત્સાહભેર શરૂઆત થઈ ચૂકી છે. જિલ્લાની અંદાજે 1750 જેટલી શાળાઓમાં લાંબા સમયના વિરામ બાદ ફરી એકવાર ઘંટનાદ ગૂંજ્યો છે અને વિદ્યાર્થીઓની હાજરીથી શૈક્ષણિક સંકુલો જીવંત બન્યા છે. પ્રથમ દિવસે વિદ્યાર્થીઓને આવકારવા માટે તમામ શાળાઓમાં વિશેષ તૈયારીઓ કરવામાં આવી હતી, જેમાં નડિયાદની ડી.ડી.ટેકનીકલ હાઈસ્કૂલ સહિતની સંસ્થાઓમાં પરંપરાગત રીતે સ્વાગત કરીને શૈક્ષણિક કાર્યની શરૂઆત કરવામાં આવી હતી.

નવા શૈક્ષણિક વર્ષ 2026-27ના પ્રથમ દિવસે નડિયાદ અને સમગ્ર ખેડા જિલ્લાની શાળાઓમાં વહેલી સવારથી જ રોશની અને શણગાર જોવા મળ્યો હતો. શાળાના દરવાજે શિક્ષકો દ્વારા કુમકુમ તિલક અને સાકર ખવડાવીને વિદ્યાર્થીઓને આવકારવામાં આવ્યા હતા. વેકેશન પૂરું થતાં જ મિત્રોને મળવાનો આનંદ અને નવા ધોરણમાં પ્રવેશવાની ઉત્સુકતા બાળકોના ચહેરા પર સ્પષ્ટ વર્તાતી હતી. શાળાઓમાં પ્રથમ દિવસે માત્ર વહીવટી કે ઔપચારિક પ્રક્રિયાઓ કરવાને બદલે વિદ્યાર્થીઓ હળવાશ અનુભવે તે પ્રકારનું વાતાવરણ ઊભું કરવામાં આવ્યું હતું. બીજી તરફ નડિયાદ સ્થિત સંતરામ સમાધિસ્થાન અને સંતરામ કેળવણી મંડળ દ્વારા સંચાલિત સંતરામ તપોવન વિદ્યાપીઠ ખાતે આ શૈક્ષણિક સત્રના પ્રારંભને યાદગાર બનાવવા માટે એક અનોખો પ્રયોગ કરવામાં આવ્યો હતો.

# માતરના ગરમાળામાં દુકાનદાર પરિવાર પર હુમલો

ખેડા : ખેડા જિલ્લાના માતર તાલુકાના ગરમાળા ગામે જીઆઈડીસી વિસ્તારમાં એક અતિ નજીવી બાબતમાં વાતાવરણ ડહોળવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે. મોરસ એટલે કે ખાંડ બાંધવા માટેનો કાગળ ફાડવા જેવી તદ્દન સામાન્ય બાબતમાં અસામાજિક તત્વોએ એકસંપ થઈને એક હિન્દુ પરિવાર પર એકાએક હુમલો કરી દીધો હતો. આ હુમલાની ઘટનાને પગલે સ્થાનિક વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી. આ ચકચારી ઘટનાની વિગત એવી છે કે ગરમાળા ગામના જીઆઈડીસી વિસ્તારમાં આવેલી એક દુકાને ખાંડ બાંધવાના કાગળ ફાડવા જેવી સામાન્ય બાબતે બોલાચાલી થઈ હતી. જોતજોતામાં આ બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને 5 થી 6 જેટલા અસામાજિક તત્વોએ ભેગા મળીને દુકાનદાર પરિવાર પર લાકડીઓ અને હાથમાં આવેલી ચીજવસ્તુઓ વડે તૂટી પડ્યા હતા.

# પાટણમાં હિસ્ટ્રીશીટરના ગેરકાયદેસર દબાણ પર બુલડોઝર

પાટણ : પાટણ શહેરમાં વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ દ્વારા એક હિસ્ટ્રીશીટરના ગેરકાયદેસર દબાણ પર મોટી કાર્યવાહી કરવામાં આવી છે. ગુજરાત સરકારની અસામાજિક તત્વો સામેની ઝુંબેશના ભાગરૂપે, બુકડી વિસ્તારમાં આવેલી દુકાનો અને રહેણાંક મકાન પર બુલડોઝર ફેરવી દેવાયું હતું. આ સંયુક્ત ડિમોલિશન કામગીરી પાટણ સિટી A ડિવિઝન પોલીસ સ્ટેશનની હદમાં હાથ ધરવામાં આવી છે. ખોખરો તરીકે ઓળખાતા ઝહીર અબ્બાસ ખાન બેલીમ નામના વ્યક્તિએ સરકારી જગ્યા પર ગેરકાયદેસર રીતે આ દબાણો ઊભા કર્યા હતા. પોલીસના સત્તાવાર રેકોર્ડ મુજબ, ઝહીર અબ્બાસ ખાન બેલીમનો ગુનાહિત ઈતિહાસ ગંભીર છે. તેની સામે ખૂન, ખૂનની કોશિશ, ધાડ અને લૂંટ જેવા ગંભીર પ્રકારના 10 જેટલા ગુનાઓ નોંધાયેલા છે.

# પૂર્વ મંત્રી દિલીપ ઠાકોર બન્યા હાઈટેક ખેડૂત

પાટણ : પૂર્વ કેબિનેટ મંત્રી દિલીપજી વિરાજી ઠાકોર હવે 'હાઈટેક ખેડૂત' બન્યા છે. તેઓ જાતે ખેતી કરે છે અને પોતાના ટ્રેક્ટરમાં 2.50 લાખ રૂપિયાના ખર્ચે પંજાબથી ખાસ કાચનું AC કેબિન તૈયાર કરાવ્યું છે. આ સિસ્ટમ ખેડૂતો અને ડ્રાઈવરોના સ્વાસ્થ્ય માટે વરદાનરૂપ હોવાનું તેમણે જણાવ્યું છે. આ AC કેબિનમાં સ્વાસ્થ્ય સુરક્ષાનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે. તેમાં CCTV કેમેરા, નાનું એન્ડ્રોઈડ ટીવી અને સ્માર્ટ ઘડિયાળ જેવી સુવિધાઓ પણ મુકવામાં આવી છે. આ આરામદાયક કેબિનમાં બેસીને તેઓ ખેતર ખેડવા સહિતના તમામ ખેત કામો જાતે કરે છે. AC કેબિન તેમને ઠંડી અને ગરમીથી રક્ષણ આપે છે. ઉપરાંત, ધૂળ અને રજકણોથી બચાવ થતાં શારીરિક રીતે પણ ફાયદાકારક રહે છે.

# શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ પંચમહાલ જિલ્લા અંતર્ગત ગોધરા શહેર એકમ અને પંચમહાલ જિલ્લા

જગદીશ ત્રિવેદી| મહીસાગર

બ્રહ્મસમાજની એક મહત્વપૂર્ણ સંયુક્ત કારોબારી મિટિંગ ગઈકાલે તારીખ ૦૬ જૂન ૨૦૨૬, શનિવારના રોજ સાંજે ૬:૦૦ કલાકે માંગલ્ય પાર્ટી પ્લોટ, ગોધરા ખાતે અત્યંત ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં યોજાઈ ગઈ હતી. આ બેઠકમાં બ્રહ્મસમાજના માનનીય પ્રદેશ પ્રમુખ શ્રી શૈલેષભાઈ ઠાકર વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે ઉપસ્થિત તમામ કારોબારી સભ્યોને સંગઠનને વધુ મજબૂત અને વ્યાપક બનાવવા માટે અમૂલ્ય તથા પ્રેરણાદાયી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.કાર્યક્રમની શરૂઆત પરંપરાગત રીતે દીપ પ્રાગટ્ય અને ઉપસ્થિત મહાનુભાવોના પરિચય અને સ્વાગત વિધિથી કરવામાં આવી હતી. બેઠકમાં મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત પ્રદેશ પ્રમુખ શ્રી શૈલેષભાઈ ઠાકરે સોશિયલ મીડિયાના મહત્વ પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં સમાજના છેવાડાના માણસ સુધી પહોંચવા માટે ફેસબુક, સ્ટેટસ અને સ્ટોરી જેવા માધ્યમોનો મહત્તમ ઉપયોગ કરવો અનિવાર્ય છે. તેમણે બ્રહ્મસમાજની મોટી ઉપલબ્ધિઓ વિશે જણાવતા ગર્વભેર જાહેર કર્યું હતું કે, સમાજ દ્વારા ચલાવવામાં આવતી વિવિધ ટ્રેનિંગ અને બ્રહ્મ એકેડેમીના માધ્યમ દ્વારા અત્યારે બ્રહ્મસમાજના ઘણા દીકરા-દીકરીઓ સરકારી નોકરી મેળવવામાં સફળ રહ્યા છે.



# સિવિલ હોસ્પિટલ, જૂનાગઢ ખાતે શેરડીના મશીનમાં હાથ ફસાતા ગંભીર ઈજા પામેલા દર્દીનો હાથ સફળ માઈક્રોવેસ્ક્યુલર સર્જરીથી બચાવવામાં આવ્યો

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૮. તા.27 મેના રોજ શેરડીના મશીનમાં હાથ ફસાઈ જવાથી દર્દીના ડાબા હાથમાં ગંભીર ક્રશ ઈજા થઈ હતી. ઈજાના કારણે હાથના ઉપરના તેમજ હથેળીના ભાગની ચામડી, પેશીઓ તથા હાથના તમામ મહત્વના Tendonsને ગંભીર નુકસાન થયું હતું. દર્દીને અકસ્માત બાદ 8 કલાકની અંદર ઓપરેશન થિયેટરમાં લઈ જઈ તાત્કાલિક ઘાનું સંપૂર્ણ વોશ અને ડિબ્રાઈડમેન્ટ ઓપરેશન કરવામાં આવ્યું હતું.

# બફારો એટલો બધો છે ને કે પાણી પીવો એ બધું પરસેવે રેબઝેબ થઈ જાય

પરસેવો.પરસેવો..પરસેવો.બાપરે!!!બફારો એટલો બધો છે ને કે જેટલું પાણી પીવો એ બધું પરસેવે રેબઝેબ થઈ ને વહી જાય છે.લાગે છે કે મેઘરાજા ની અંદર નાણાં મંત્રી નિર્મલાજી નો આત્મા વસી ગયો છે ત્યારે તો ટેક્સ ઉઘરાવવાની લાલચ માં વરસાદ વરસાવતા નથી.અધિક માસ એ વરસાદ ની છમ છમાં છમ્મ વગર અધૂરો સમજો અમારા ગોર માં ને રાવટી માં ગરમી લાગે છે એનું તો વિચારો. અરે!! મેઘરાજા, તમે દેવો ના દેવ છો સ્વાર્થ ની આડ માં ષડયંત્ર રચતા માણસ થોડા છો વરસાદ વરસાવો તો મારા જેવા ચાતક પક્ષી ને એમાં તરબોળ થઈ જવાનો મોકો મળે.અનરાધાર વરસાદ વરસે એમાં ધરતી પુત્રી સહિત બધા ખુશ ખુશાલ સમજો.તમને ખબર છે અમારા ધરતી પર વિદેશી વંદા ઓની ફોજ ઉતરી પડી છે એમાં દેશી વંદા ઓના સરદાર મોત ના ડરે ભૂગર્ભ માં છુપાઈ ગયા છે.મોગેમ્બો ખુશ હુવા ની બીકે રેલી માં માણસો ની સંખ્યા ઓછી થઈ જુગાડ કરીને ભાડુતી માણસો બોલાવ્યા પણ "ભક્ત ની ભગવાન પર નિષ્ઠા વધારે" એમાં વિશાલ મંડપ માં જન સમુદાય ના નામે ગણ્યા ગાંઠિયા "સો કોલ્ડ સેક્યુલર" લોકો એકઠા થતા બોલ્યા કે "અમને નહેરુજી વખત ની આઝાદી જોઈએ" મેઘરાજા,મીડિયા વાળા ભારે ચાલક એટલે બધાને પૂછ્યું કે નહેરુજી વખત ની આઝાદી કોણે કોણે ભોગવી છે? ત્યારે બે ત્રણ યુવાનો અંગ્રેજી ભાષામાં ચટર પટર કરતા સ્ટાઈલિશ સ્ટાઈલ માં બોલ્યા કે રાહુલ સર,પિત્રોડા સર, ખડગે સર,બેનર્જી સર,કેજરીવાલ સર વગેરે વગેરે વગેરે નહેરુજી વખતની આઝાદી જીવ્યા છે. મીડિયા વાળા એ મૂછ માં હસતા ઝેનજી ગ્રુપ ને પૂછ્યું કે તમને સરકાર વિરુદ્ધ લડાઈ શું કામ લડવી છે? શું આ દેશ માં અસુરક્ષિત છો? શું તમને જોબ વગેરે મળવાની સમસ્યા થાય છે?

મેઘરાજા,તમે વરસાદ વરસાવો કે નહીં એથી શું થયું? અમારે ત્યાં તો ધાણી ફૂટ અંગ્રેજી માં અનરાધાર વરસાદ વરસે છે. દર વર્ષે ઉનાળા ના વેકેશન માં જેમ કાર્ટૂન નેટવર્ક ચેનલ બાળકો માટે અવનવા આકર્ષણ લઈને આવે છે એમજ અમારે ત્યાં દર પાંચ વર્ષે ચૂંટણી થયા બાદ જે પાર્ટી હારે એ સત્તાધીશ પાર્ટી ને પરેશાન કરવા માટે સંવિધાન રેલી, કોંક્રોચ પાર્ટી નું નિર્માણ,સંસદ ભવન બહાર સરકાર વિરોધી નારા લગાવવા, લઘુમતી કોમ ના રક્ષક બની ને રેલીઓ કરવી,બિચારા ગાંધી બાપુ ને તો રાજનેતાઓ ના સ્વાર્થ થી કશુંય લેવા દેવા નથી છતાંય એના પૂતળા નીચે બેસીને દેખાવ ખાતર ઉપવાસ એકટાણા કરવા વગેરે વગેરે રંગારંગ કાર્યક્રમો ચાલ્યા કરે છે. અમારા ત્યાં રાજનેતાઓથી લઈને સામાજિક કાર્યકર વગેરે એવું સમજે કે સોશિયલ મીડિયામાં ફોલોવર્સ ની સંખ્યા વધે તો "સરદાર" મતલબ ટીમ ના નેતા દુનિયા મુઠ્ઠી માં સમજો. બેત્રણ વર્ષ પહેલા સોશિયલ મીડિયામાં ફોલોવર્સ ની સંખ્યા મારે વધારે હોવાથી બે ત્રણ સદસ્યો ના કહેવાથી "ગેટ ટુ ગેધર" નું પ્લાનિંગ કર્યું. મારું હાળું બધા કરે તો આપણે કેમ ન કરીએ? રંગેચંગે કાર્યક્રમ ની સુંદર રૂપરેખા તૈયાર કરીને નોમિનલ ફી નક્કી કરી. શરૂઆતી ઉત્સાહ એટલી હદે હતો ને કે મારા ઉત્સાહ આગળ મારા ઘરના એક ના એક ઓક્ટોપસ બાબા ઉર્ફ પતિદેવ ની સત્ય વાણી સાંભળવા નો મારા પાસે સમય જ નહતો.એ સમયે મને પણ કોકરોંચ પાર્ટી ના નેતા જેટલું "૭.૬" ફોલોવર્સ છે એવું અભિમાન મારા તન,મગજ માં હવા હતી.



આવ રે વરસાદ

- રુપાલી દવે

મેઘરાજા..મેઘરાજા..મેઘરાજા..

મેઘરાજા,જલ્દી વરસાદ વરસાવો બાપ મધ્યમ વર્ગીય ને રાત દિવસ એ. સી ચલાવવું ન પોસાય. ગરમી ના અસહ્ય બફારા મા લાઈટ નું બિલ ધબકારા વધારી નાખે છે.મેઘરાજા સાથે સ્માર્ટ મોબાઈલ ફોન માં વાતચીત ચાલતી હતી ત્યાં ફેસબુક નું નોટિફિકેશન "ફોલોવર્સ" આવતા મન ગુલશન ગુલશન થઈ ગયું.આપણે મધ્યમ વર્ગીય માણસ એટલે નાની નાની ખુશીઓ થી ખુશ થઈ જઈએ. જો ફેસબુક પર ફોટો,આર્ટિકલ વગેરે વગેરે પર લાઈક્સ અને કૉમેન્ટ્સ ઓછા આવે તો દિલ તૂટી જાય છે ને વધારે આવે તો "આમી રસગુલ્લા" બોલતા બોલતા દિલ વધારે જોર થી ખુશીમાં ધડકવા લાગે છે.આજકાલ સોશિયલ મીડિયા એક જ એવું માધ્યમ છે જે મધ્યમ વર્ગીય લોકોને ખુશ કરી શકે છે. આપણા નાણામંત્રી નિર્મલાજી એના બધા જ નિર્ણયો સોશિયલ મીડિયા નું ગહન રિસર્ચ કરીને જ કરે છે.ક્યાં કેટલો ટેસ્ટ વધારવો? કોની ચોટલી પકડી ને બાટલી માં કેદ કરવી? ભારત ની તિજોરી ભરવા માટે રૂપિયા નો સોર્સ ક્યાં છે? વગેરે વગેરે..

કેવી રીતે?

લગ્ન પ્રસંગો માં ખુશીઓના ઢોલ વાગ્યા બાદ મામા મામી,કાકા કાકી,ભાઈ ભાભી,નણંદ,માસી વગેરે વગેરે સગા સબંધીઓની "રીલ" પરિવાર સાથે,વર વધુ સાથે,ખુદની સાથે ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક માટે તો બનાવે જ છે.ગુલાબ જાંબુ ભાવે કે ન ભાવે પણ રીલ માટે ગુલાબ જાંબુ ખાવાનું નાટક તો કરવું પડે.લગ્ન ની ચમક દમક સોશિયલ મીડિયામાં વાયરલ થતા એ સો ગણી વધી જાય છે એટલે તો મેકઅપ ના સાધનો થી લઈને બ્યૂટી પાર્લર પણ ટેક્સ ચૂકવતા થઈ ગયા છે. ઈવેન્ટ મેનેજમેન્ટ ની ફી ટેક્સ ને લીધે તો વધારે છે. લગ્ન પ્રસંગ માં કેટરિંગ વાળા ફૂડ પર પ્લેટ ના ભાવ વિથ ટેક્સ સાથે આપતા થઈ ગયા છે.પ્રસંગો એ પ્રસંગો કરતા દેખાડા વધારે થયા છે.ઉનાળા અને દિવાળી ના વેકેશન પડતા જ વિવિધ જગ્યા એ પ્રવાસ નું આયોજન થતું હોય છે.સોશિયલ મીડિયામાં પ્રવાસો વધારે શેર થવા લાગવા લાગ્યા એ બાદ સરકાર ને પ્રવાસન ક્ષેત્રે માં લાભ કમાવવાની સ્કિમો મળી રહી છે. ટૂંક માં જે પડદા પાછળ છુપાવવાની ચીજ છે એ સોશિયલ થઈ જતા સરકાર ને તિજોરી ભરવા "રૂપિયા" શોધવા જવા પડતા નથી.

મેઘરાજા સાથે વાત ચિત ચાલતી હતી ત્યાં સૂરજ દાદા એ લાલ ચટક મોં કરીને ગુસ્સા મા કહ્યું કે બિચારા પ્રધાન મંત્રી ની વિકાસ યોજના ને વગોવી ને શું મળશે? કોક્રોચ ની તો ભારત ની જીડીપી ૭ સાંભળતા જ હવા ઉડી જતા રેલી ત્યજી ને કાર માં બેસવું પડ્યું હતું.કમાણી વધે તો એની સામે ખર્ચ થાય ને ખર્ચ કરો તો ટેક્સ તો ભરવા જ પડે ને એમાં શું મોટી વાત છે.બધું મફત નું લુંટવા માં માનો છો ઘરની છત પર સોલાર પેનલ નાખી ને ફ્રી માં વીજળી નો લાભ મેળવો છો એ વાત કેમ નથી કરતા? ખબર છે તને ચાર ચાર એસી ચલાવનારા ને પણ સોલાર પેનલ ને લીધે લાઈટ નું બિલ આવતું નથી.ધરતી નું પાણી સૂરજ શોષે ને ઉનાળા માં શોષેલા પાણી માંથી વરસાદી વાદળા બને.મેઘરાજા એ વરસાદી વાદળાઓ ની ફોજને ચોમાસા માં વરસાવે છે. બન્ને કાન ને એક હાથ થી પાછળ થી પકડ કે આગળ થી વાત તો સરખી લાગશે. ચિંતા ન કર અંબાલાલ દાદા ની આગાહી સાચી પડવા જઈ રહી છે ટૂંક સમયમાં વીજળીની તડાફડી માં ધામધૂમ થી વરસાદ ની સીઝન શરૂ થઈ જશે ને એમાં ગામ તળાવ બધું ડુબી જવાનું..

આવરે વરસાદ..આવરે વરસાદ..

# સલીમ કુમારના અંતિમ સંસ્કારમાં પાપરાઝી પર ભડક્યો પુત્ર...

## અમને શાંતિથી અંતિમ વિદાય આપવા દો : સો.મી.પર સામે આવેલા વીડિયો અનુસાર, ચંદુએ ત્યાં હાજર ફોટોગ્રાફર્સ અને કેમેરામેન પર નારાજગી વ્યક્ત કરી



(એજન્સી) મુંબઇ | તા 08

નેશનલ ફિલ્મ એવોર્ડ વિજેતા મલયાલમ એક્ટર સલીમ કુમારના અંતિમ સંસ્કાર રવિવારે કેરળના એર્નાકુલમ જિલ્લામાં આવેલા તેમના નિવાસસ્થાને સંપૂર્ણ રાજકીય સન્માન સાથે કરવામાં આવ્યા. સલીમ કુમારનું નિધન શનિવારે થયું હતું. અંતિમ સંસ્કાર દરમિયાન ત્યાં ભારે ભીડ અને પાપારાઝીની હાજરીથી તેમનો મોટો દીકરો ચંદુ અસ્વસ્થ થઈ ગયો.

સોશિયલ મીડિયા પર સામે આવેલા વીડિયો અનુસાર, ચંદુએ ત્યાં હાજર ફોટોગ્રાફર્સ અને કેમેરામેન પર નારાજગી વ્યક્ત કરી. તેણે મીડિયાને પાછળ હટવા અને પરિવારને શાંતિથી અંતિમ વિદાય આપવા અપીલ કરી.

અંતિમ સંસ્કાર સમયે કેમેરામેન પર ભડક્યો પુત્ર સલીમ કુમારના નિધન બાદ તેના અંતિમ દર્શન માટે સંબંધીઓ, નજીકના મિત્રો અને પ્રશંસકોની મોટી ભીડ ઉત્તરી પરવૂર સ્થિત તેના ઘરે એકઠી થઈ હતી. આ દરમિયાન ત્યાં મોટી સંખ્યામાં મીડિયાકર્મીઓ પણ હાજર હતા. સોશિયલ મીડિયા પર વાઈરલ વીડિયોમાં દેખાઈ રહ્યું છે કે ભીડ અને કેમેરાથી ઘેરાયેલા હોવાને કારણે એક્ટરનો મોટો દીકરો ચંદુ ખૂબ જ પરેશાન થઈ ગયો. તેણે ત્યાં હાજર ફોટોગ્રાફર્સને અંતર રાખવા કહ્યું. ચંદુએ મોટા અવાજે મીડિયાને અપીલ કરી કે તેઓ પાછળ હટી જાય જેથી પરિવારના સભ્યો શાંતિથી અંતિમ સંસ્કારની વિધિઓ પૂરી કરી શકે.

પીએમ મોદીએ દુઃખ વ્યક્ત કર્યું પીએમ મોદીએ એક્ટર સલીમ કુમારને એક એવા ઉત્તમ કલાકાર તરીકે યાદ કર્યા જેઓ દરેક પ્રકારના રોલમાં સરળતાથી ભળી જતા હતા. એક્સ (ટ્વિટર) પર પોતાની વાત શેર કરતા વડાપ્રધાને કહ્યું: ‘દિગ્ગજ અભિનેતા શ્રી સલીમ કુમાર જીના નિધનથી મને ઊંડું દુઃખ થયું છે. તેમની શાનદાર કારકિર્દી દરમિયાન, તેમણે અલગ-અલગ પ્રકારની ભૂમિકાઓ ભજવીને અને તેમના યાદગાર અભિનયથી લોકોના દિલ પર એક ખાસ છાપ છોડી. દુઃખની આ ઘડીમાં મારી સંવેદનાઓ તેમના પરિવાર અને તેમના અસંખ્ય ચાહકો સાથે છે. ઓમ શાંતિ.‘

શનિવારે નિધન થયું હતું સલીમ કુમારનું 56 વર્ષની વયે કાર્ડિયાક અરેસ્ટને કારણે શનિવારે રાત્રે નિધન થયું હતું. તેઓ અસ્વસ્થ થયા બાદ કોચી (કેરળ)ની અમૃતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. તેમણે ‘આદામિન્ટે મકન અબુ’, ‘પુલિવાલ કલ્યાણમ’, ‘અચનુરંગથા વીડુ’, ‘મીસા માધવન’ અને ‘માયાવી’ જેવી ઘણી મલયાલમ ફિલ્મોમાં કામ કર્યું હતું.

રવિવારે પારાવુર ટાઉન હોલમાં તેમના પાર્થિવ શરીરને અંતિમ દર્શન માટે રાખવામાં આવ્યું હતું. કેરળના મુખ્યમંત્રી વી.ડી. સતીશને સલીમ કુમારના નિધન પર દુઃખ વ્યક્ત કર્યું. જ્યારે કેરળ સરકારે અંતિમ સંસ્કાર અને તેનાથી સંબંધિત તમામ ખર્ચ ઉઠાવવાનો નિર્ણય કર્યો.

**300થી વધુ ફિલ્મોમાં કામ કર્યું |** સલીમ કુમાર મલયાલમ સિનેમાના પ્રખ્યાત અભિનેતા હતા. તેમણે ત્રણ દાયકાથી વધુ લાંબી કારકિર્દીમાં 300થી વધુ ફિલ્મોમાં કામ કર્યું. તેમણે મુખ્યત્વે મલયાલમ ફિલ્મોમાં અભિનય કર્યો. સાથે જ કેટલીક તમિલ અને ઓડિયા ફિલ્મોમાં પણ જોવા મળ્યા. તેમણે પોતાની કારકિર્દીની શરૂઆત કોમિક રોલથી કરી અને તેમની કોમિક ટાઈમિંગ, એક્સપ્રેશન અને ડાયલોગ ડિલિવરી માટે જાણીતા થયા. પાછળથી તેમણે પોતાને કેરેક્ટર એક્ટર તરીકે સ્થાપિત કર્યા. સલીમ કુમારને 2010માં ‘આદામિન્ટે મકન અબુ’માં અબુની ભૂમિકા માટે રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર અને કેરળ રાજ્ય ફિલ્મ પુરસ્કારમાં શ્રેષ્ઠ અભિનેતાનો સન્માન મળ્યો. આ ઉપરાંત ‘અચનુરંગથા વીડુ’ (2005) માટે દ્વિતીય શ્રેષ્ઠ અભિનેતા, ‘અયાલુમ ન્જાનુમ થમ્મિલ’ (2013) માટે શ્રેષ્ઠ હાસ્ય અભિનેતા અને ‘કરુથા જૂથન’ (2017) માટે શ્રેષ્ઠ વાર્તાનો કેરળ રાજ્ય ફિલ્મ પુરસ્કાર પણ મળ્યો.

સલીમ કુમારના પરિવારમાં તેમની પત્ની સુનીતા, બે પુત્રો ચંદુ સલીમ કુમાર અને આરોમલ સલીમ કુમાર છે. ચંદુ સલીમ કુમાર પણ અભિનેતા છે. ચંદુ સુપરહિટ ફિલ્મ મંજુમ્મેલ બોયઝ (2024) માં જોવા મળ્યા હતા. સલીમ કુમારે ડબિંગ આર્ટિસ્ટ તરીકે પણ કામ કર્યું હતું. તેમણે ફિલ્મ ‘ઓમ શાંતિ ઓશાના’ માં નેરેટર તરીકે પોતાનો અવાજ આપ્યો હતો. જ્યારે, ‘યુટોપિયાયિલે રાજાઉ’ માં તેમણે એક કાગડાના પાત્રને અવાજ આપ્યો. ફિલ્મ ‘અલમારા’ માં તેમણે લાકડાની કબાટના પાત્ર માટે ડબિંગ કર્યું હતું. આ ઉપરાંત ‘કેશુ ઈ વીડિન્ટે નાથન’ માં તેમણે નેરેટરની ભૂમિકા ભજવી. જ્યારે, ‘મુકુંદન ઉન્ની એસોસિએટ્સ’ માં તેમણે મુખ્ય પાત્ર મુકુંદનના દાદાનો અવાજ આપ્યો હતો.

## આમિર ખાનના ત્રીજા લગ્નને રાખી ગુલઝારનો સપોર્ટ : કહ્યું- 61 વર્ષની ઉંમરે મેરેજ કરવામાં શું ખરાબી છે? તેને ખૂબ જ ઈમાનદાર વ્યક્તિ કહેવાય

(એજન્સી) મુંબઇ | તા 08

આમિર ખાન 61 વર્ષની ઉંમરે ત્રીજા લગ્ન કરવા જઈ રહ્યા છે. તે 5 જુલાઈએ તેની ગર્લફ્રેન્ડ ગૌરી સ્પ્રેટ સાથે લગ્ન કરશે. આમિરની વધતી ઉંમરે લગ્ન કરવાને લઈને થઈ રહેલી ટીકાઓ વચ્ચે દિગ્ગજ એક્ટ્રેસ રાખી ગુલઝાર આમિર ખાનના સમર્થનમાં આવી છે.

વેરાયટી ઈન્ડિયાને આપેલા એક ઈન્ટરવ્યુમાં રાખી ગુલઝારે કહ્યું કે લગ્નજીવનમાં સુખનો સંબંધ ઉંમર સાથે નથી હોતો. તેમણે આમિરને એક ઈમાનદાર વ્યક્તિ ગણાવતા તેમના આ નિર્ણયની પ્રશંસા કરી છે.

રાખી ગુલઝારે આમિર ખાનની ટીકા કરનારાઓને જવાબ આપતા હોલિવૂડ સ્ટાર રોબર્ટ ડી નીરોનું ઉદાહરણ આપ્યું. તેમણે કહ્યું કે 60 કે 61 વર્ષની ઉંમરે લગ્ન કરવામાં કોઈ ખરાબી નથી. રોબર્ટ ડી નીરો બે વાર લગ્ન કરી ચૂક્યા છે અને હવે તેમની પાર્ટનર ટિફની ચેન સાથે સંબંધમાં છે.

તેમણે 80 વર્ષથી વધુની ઉંમરે વર્ષ 2023માં એક બાળકને જન્મ આપ્યો હતો. રાખીના મતે, વૈવાહિક જીવનની ખુશીઓ ઉંમર પર નિર્ભર નથી કરતી.પોતાના લગ્ન અને ગુલઝારનું આપેલું ઉદાહરણ પોતાની વાત સ્પષ્ટ કરવા માટે રાખી ગુલઝારે પોતાનું ઉદાહરણ પણ આપ્યું. તેમણે જણાવ્યું કે તેમણે ગીતકાર ગુલઝાર સાથે ત્યારે લગ્ન કર્યા હતા જ્યારે તેઓ લગભગ 40 વર્ષના હતા. ગુલઝાર અને રાખીના લગ્ન 15 મે 1973ના રોજ થયા હતા. આ પછી બંને દીકરી મેઘના ગુલઝારના માતા-પિતા બન્યા. રાખીએ સમજાવ્યું કે ઉંમર કરતાં પરસ્પર સમજણ અને જીવનમાં મળતી ખુશી વધુ મહત્વની છે.

અમેરિકાથી પાછા ફરીને 5 જુલાઈએ કરશે લગ્ન આમિર ખાને તાજેતરમાં જ પોતાના લગ્નના સમાચારો પર મહોર મારતા જણાવ્યું હતું કે તેઓ હાલ અમેરિકામાં છે. ભારત



પાછા આવ્યા પછી તેઓ 5 જુલાઈએ ગૌરી સ્પ્રેટ સાથે લગ્નના બંધનમાં બંધાશે. આમિરના આ ત્રીજા લગ્ન હશે.

આમિરે પહેલા લગ્ન વર્ષ 1986માં ફિલ્મ પ્રોડ્યુસર રીના દત્તા સાથે કર્યા હતા. વર્ષ 2002માં રીનાથી અલગ થયા પછી આમિરે વર્ષ 2005માં ડિરેક્ટર કિરણ રાવ સાથે બીજા લગ્ન કર્યા હતા. વર્ષ 2021માં કિરણ અને આમિરના છૂટાછેડા થઈ ગયા હતા.

## ઈમ્તિયાઝ અલીનું અડધી રાત્રે અપહરણ થઈ ગયું હતું...!

### વિદ્યાર્થી સંગઠનો વચ્ચેની લડાઈમાં મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા, 'રોકસ્ટાર' ડિરેક્ટરે રસપ્રદ કિસ્સો શેર કર્યો...

(એજન્સી) મુંબઇ | તા 08

’રોકસ્ટાર’ ફિલ્મ ફેમ ડિરેક્ટર ઈમ્તિયાઝ અલીએ તેમના કોલેજના દિવસોનો એક ચોંકાવનારો કિસ્સો શેર કર્યો છે. સમદિશ ભાટિયાને આપેલા ઈન્ટરવ્યુમાં તેમણે જણાવ્યું કે, દિલ્હીમાં અભ્યાસ દરમિયાન હોસ્ટેલની દીવાલ પરથી એક રાજકીય પોસ્ટર હટાવવા બાબતે તેમનો સ્થાનિક ગેંગ સાથે વિવાદ થયો હતો.

આ પછી ગેંગના લોકો અડધી રાત્રે હોસ્ટેલમાંથી તેમનું અપહરણ કરીને લઈ ગયા હતા. જોકે, બાદમાં એક અણધાર્યા ઘટનાક્રમ પછી તેઓ સુરક્ષિત રીતે બચીને નીકળવામાં સફળ રહ્યા. ઈમ્તિયાઝ અલી આ દિવસોમાં તેમની આગામી ફિલ્મ ‘મેં વાપસ આઉંગા’ની રિલીઝની તૈયારી કરી રહ્યા છે.

દીવાલ પરથી પોસ્ટર હટાવવા પર થયો હતો વિવાદ ઈમ્તિયાઝ અલીએ દિલ્હી યુનિવર્સિટીની હિન્દુ કોલેજમાંથી 1993માં ગ્રેજ્યુએશન પૂરું કર્યું હતું. તેમણે જણાવ્યું કે, તે સમયે યુનિવર્સિટીની કોલેજોમાં વિદ્યાર્થી સંગઠનો NSUI અને ABVP વચ્ચે વિદ્યાર્થી રાજકારણની સખત સ્પર્ધા રહેતી હતી. આ દરમિયાન કેટલાક લોકોએ તેમની હોસ્ટેલની સામેની મુખ્ય દીવાલ પર એક રાજકીય પોસ્ટર લગાવી દીધું હતું.

ઈમ્તિયાઝે તે લોકોને પોસ્ટર સામેની જગ્યાએ બાજુની દીવાલ પર લગાવવા કહ્યું, પરંતુ તેઓ માન્યા નહીં. આ પછી ઈમ્તિયાઝે તેમની સામે જ પોસ્ટરને ત્યાંથી હટાવીને બાજુની દીવાલ પર લગાવી દીધું, જેનાથી તે લોકો નારાજ થઈને ચાલ્યા ગયા.

અડધી રાત્રે સાયકલ રિક્ષામાં લેવા આવી હતી ગેંગ ઈમ્તિયાઝે જણાવ્યું કે, આ ઘટનાના થોડા દિવસો પછી, રાત્રે લગભગ 2 વાગ્યે, તેમના એક હોસ્ટેલ સાથીએ આવીને તેમને જગાડ્યા અને ત્યાંથી ભાગી જવા કહ્યું. તેણે જણાવ્યું કે તેઓ પાછા આવી રહ્યા છે. થોડી જ વારમાં ગેંગના લોકો હોસ્ટેલ પહોંચ્યા અને ઈમ્તિયાઝને તેમની સાથે ચાલવા કહ્યું.

જ્યારે ઈમ્તિયાઝે તેમને પૂછ્યું કે ક્યાં જવાનું છે, તો તેમણે કોઈ જવાબ આપ્યો નહીં. તે લોકો ઈમ્તિયાઝને જબરદસ્તીથી એક સાયકલ રિક્ષામાં બેસાડીને એક સરકારી ક્વાર્ટર જેવી જગ્યાએ લઈ ગયા. ત્યાં એક રાજકીય સંગઠન સાથે જોડાયેલો તેમનો ગેંગ લીડર હાજર હતો, જેણે ઈમ્તિયાઝની પૂછપરછ શરૂ કરી.



ગેંગ લીડરે પોતાના જ માણસને થપ્પડ માર્યા ગેંગ લીડરે ઈમ્તિયાઝને પૂછ્યું કે, તેણે પોસ્ટર કેમ ફાડ્યું? ઈમ્તિયાઝે તેને સાચું કહેતા જણાવ્યું કે, તેણે પોસ્ટર ફાડ્યું ન હતું, પરંતુ હોસ્ટેલની બિલ્ડિંગ સામેથી ખરાબ ન દેખાય, તેથી તેને ફક્ત હટાવીને બીજી જગ્યાએ લગાવ્યું હતું. આ પછી ગેંગ લીડરે પોતાના તે માણસને પૂછ્યું જે ઈમ્તિયાઝને પકડીને લાવ્યો હતો કે, શું ખરેખર પોસ્ટર ફાડવામાં આવ્યું હતું?

તે માણસે જવાબ આપ્યો કે હટાવવું કે ફાડવું એક જ વાત છે. આ સાંભળતા જ ગેંગ લીડર ગુસ્સે થઈ ગયો અને જૂઠું બોલવા બદલ તેણે પોતાના જ માણસને બે થપ્પડ મારી દીધા. આ પરસ્પર દલીલની વચ્ચે ઈમ્તિયાઝ ત્યાંથી સુરક્ષિત બચીને નીકળી ગયા.

## પરિણીત જીવન પર આર. માધવનનો પ્રકાશ...!

### કહ્યું- હું ડરપોક મદ્રાસી મિડલ ક્લાસ માણસ છું, એટલે પત્ની પ્રત્યે હંમેશા વફાદાર રહ્યો...

(એજન્સી) મુંબઇ | તા 08

એક્ટર આર. માધવન અને તેની પત્ની સરિતાએ તાજેતરમાં તેના લગ્નની 27મી વર્ષગાંઠની ઉજવણી કરી છે. આ પ્રસંગે માધવનનો એક જૂનો ઈન્ટરવ્યૂ ચર્ચામાં છે, જેમાં તેણે તેના સફળ લગ્નજીવન અને વફાદારી વિશે ઘણા ખુલાસા કર્યા છે. ઈ-ટાઈમ્સને આપેલા ઈન્ટરવ્યૂમાં માધવને જણાવ્યું કે ફિલ્મ ઈન્ડસ્ટ્રીની સુંદર એક્ટ્રેસ સાથે કામ કર્યા પછી પણ તે હંમેશા તેની પત્ની પ્રત્યે વફાદાર રહ્યા.

તેણે પોતાને એક ’ડરપોક મદ્રાસી મધ્યમ વર્ગનો’ માણસ ગણાવ્યો જે આખો દિવસ કામ કર્યા પછી ઘરે પાછા ફરીને પત્ની સાથે સમય વિતાવવાને પ્રાધાન્ય આપે છે.

પત્ની સરિતાને જીવનનો સૌથી મોટો આધાર ગણાવ્યો આર. માધવને ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે તે દુનિયામાં સૌથી વધુ પ્રેમ પોતાની પત્ની સરિતાને કરે છે. સરિતા તેને સંપૂર્ણપણે સમજે છે અને હંમેશા જમીન સાથે જોડાયેલા રહેવામાં મદદ કરે છે. માધવનના મતે, સરિતા તેમના માતા-પિતા, પુત્ર વેદાંત અને તેના પૈસા (ફાઈનાન્સ)નું સંપૂર્ણ ધ્યાન રાખે છે. તે માધવનને એક સારો એક્ટર બનવા માટે સંપૂર્ણ સ્વતંત્રતા આપે છે. માધવને કહ્યું કે તે ખૂબ નસીબદાર છે કે સરિતા તેના જીવનમાં છે કારણ કે તે કોઈ પણ શ્રેયની અપેક્ષા રાખ્યા વિના પરિવાર માટે ખૂબ મહેનત કરે છે.

વફાદાર રહેવું પારિવારિક સંસ્કારનો ભાગ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એક્સ્ટ્રા મેરિટલ અફેર્સ પર વાત કરતા માધવને કહ્યું કે વફાદાર રહેવું તેમના માટે ખૂબ જ સરળ અને સ્વાભાવિક રહ્યું છે. તેણે તેને પોતાના પારિવારિક સંસ્કારો સાથે જોડ્યું. માધવને પોતાના પરિવાર સાથે જોડાયેલો એક કિસ્સો શેર કરતા જણાવ્યું કે તેનો આખો પરિવાર અંતિમ સમય સુધી જમશેદજી ટાટા પ્રત્યે એટલો વફાદાર હતો કે ઘરમાં ભગવાનની મૂર્તિઓ સાથે ટાટાની ફોટો પર પણ માળા ચઢાવવામાં આવતી હતી. તેથી તેના માટે બેવફા થવું પોતાની પારિવારિક પરંપરા વિરુદ્ધ જવા જેવું છે. પોતાને ડરપોક મદ્રાસી મધ્યમ વર્ગનો માણસ ગણાવ્યો માધવને ખુલ્લેઆમ સ્વીકાર્યું કે તે સુંદર છોકરીઓ પ્રત્યે આકર્ષિત થાય છે, પરંતુ અંતે તે પોતાના ઘરે પાછા ફરવાનું જ પસંદ કરે છે. તેણે કહ્યું, ’હું એક ડરપોક મદ્રાસી મધ્યમ વર્ગનો માણસ છું. સુંદર છોકરીઓ મને ગમે છે, પરંતુ હું બહાર રહેવાનું કોઈ બહાનું બનાવવાની જગ્યાએ ઘરે જઈને પત્ની સાથે બેસવાનું વધુ સારું સમજું છું.’ માધવને જણાવ્યું કે તેમના સંબંધમાં શરૂઆતથી જ પારદર્શિતા રહી છે. તેનો મોબાઈલ ફોન અને બેંક ખાતું હંમેશા તેની પત્ની પાસે જ રહે છે. ડિરેક્ટર મણિરત્નમની સલાહે કામ કર્યું માધવને પ્રખ્યાત ફિલ્મ ડિરેક્ટર મણિરત્નમની એક સલાહનો પણ ઉwલ્લેખ કર્યો, જે તેમના વૈવાહિક જીવનમાં ખૂબ કામ આવી. મણિરત્નમે તેમને કહ્યું હતું કે જ્યારે સંબંધ સારો ચાલી રહ્યો હોય, ત્યારે તેને વારંવાર એ જોવા માટે ટેસ્ટ ન કરવો જોઈએ કે પાર્ટનર તેને કેટલો પ્રેમ કરે છે.



## જેનિફર વિંગેટના બીજા લગ્નની ચર્ચાએ જોર પકડ્યું

(એજન્સી) મુંબઇ | તા 08

ટીવી એક્ટ્રેસ જેનિફર વિંગેટ ટૂંક સમયમાં બીજા લગ્ન કરી શકે છે. તે સિંગાપોરના બિઝનેસમેન વિલિયમ ઈશ્માઈલ સાથે રિલેશનશિપમાં છે. હિન્દુસ્તાન ટાઈમ્સના રિપોર્ટ અનુસાર, વિલિયમે એક હોલિડે દરમિયાન જેનિફરને પ્રપોઝ કર્યું હતું, જેના માટે તેણે પોતાની સંમતિ આપી દીધી છે. જોકે, જેનિફર કે વિલિયમ તરફથી હજુ સુધી આ મામલે કોઈ સત્તાવાર નિવેદન સામે આવ્યું નથી.

ઈન્સ્ટાગ્રામ એક્ટિવિટીથી શરૂ થઈ ચર્ચા જેનિફરના લગ્નની ચર્ચા ત્યારે શરૂ થઈ જ્યારે ચાહકોએ ઈન્સ્ટાગ્રામ પર તેની કેટલીક એક્ટિવિટી નોટિસ કરી. જેનિફરે સોશિયલ મીડિયા પર લગ્નના એક ડાન્સ રીલ વીડિયો પર રિએક્ટ કર્યું હતું. આ પછી ચાહકોએ જોયું કે તેણે ઈન્સ્ટાગ્રામ પર લગ્ન સંબંધિત ઘણા પેજને ફોલો કરવાનું શરૂ કરી દીધું છે. આ એક્ટિવિટી પછીથી જ સોશિયલ મીડિયા પર તેના લગ્નને લઈને અટકળો લગાવવામાં આવી રહી છે.

ખ્રિસ્તી રીતિ-રિવાજ પ્રમાણે થઈ શકે છે લગ્ન જેનિફર અને વિલિયમ એકસાથે ખૂબ ખુશ છે. વિલિયમના પ્રપોઝલ પછી જેનિફરે લગ્નની તૈયારીઓ પણ શરૂ કરી દીધી છે. તેઓ વેડિંગ વેન્ડર્સને શોર્ટલિસ્ટ કરી રહી છે અને તેમણે એક મૂડ બોર્ડ પણ તૈયાર કર્યું છે.



## 'રાહુલ રોયની 300 ગર્લફ્રેન્ડ્સ હતી' : કૃષ્ણાની વાત સાંભળતા જ આશિકી એક્ટર શરમાઈ ગયા; ભારતીએ પૂછ્યું- ક્યારેય પકડાયા નહોતા?

(એજન્સી) મુંબઇ | તા 08

આશિકી ફેમ એક્ટર રાહુલ રોય ટીવી રિયાલિટી શો ‘લાફ્ટર શેફ્સ - અનલિમિટેડ એન્ટરટેઈનમેન્ટ સીઝન 3’ના ‘90s નોસ્ટાલ્જિયા સ્પેશિયલ’ એપિસોડમાં શનિવારે જોવા મળ્યા. તેઓ શોમાં સ્પેશિયલ ગેસ્ટ તરીકે સામેલ થયા અને કન્ટેસ્ટન્ટ નિયા શર્મા સાથે કુકિંગ કરતા જોવા મળ્યા.

એપિસોડ દરમિયાન અંકિતા લોખંડે અને તેજસ્વી પ્રકાશે રાહુલ રોયના લોકપ્રિય ગીતો પર તેમની સાથે ડાન્સ પણ કર્યો. શોમાં 90ના દાયકાની યાદોને લઈને ઘણી મજેદાર વાતચીત થઈ.

આ દરમિયાન કૃષ્ણા અભિષેકે રાહુલ રોયને પૂછ્યું, “રાહુલ સર, અમે સાંભળ્યું છે કે તમારી 300 ગર્લફ્રેન્ડ્સ હતી.” આ સવાલ સાંભળીને રાહુલ રોય શરમાઈ ગયા. ત્યાં જ વિકી જૈન, અભિષેક કુમાર, કરણ કુંદ્રા અને એલ્વિશ યાદવ પણ તેમની તરફ જોવા લાગ્યા.



આ પછી ભારતી સિંહે મજાકમાં કહ્યું, “સમર્થ (સમર્થ જુરલ) અને અભિષેક, સાંભળી લો, તમને એક પણ નથી મળતી અને એમની પાસે 300 ગર્લફ્રેન્ડ્સ હતી.” આના પર કૃષ્ણાએ પણ મજાક કરતા કહ્યું, “એમને એક મળે છે તો તે પણ બંનેને છોડીને જતી રહે છે.” વાતચીત દરમિયાન ભારતી સિંહે રાહુલ રોયને પૂછ્યું કે શું તેઓ ક્યારેય એક ગર્લફ્રેન્ડ સાથે બીજી ગર્લફ્રેન્ડના આવવા પર પકડાઈ ગયા હતા. આના પર રાહુલ રોયે જવાબમાં ‘ના’ કહ્યું. ત્યારે કૃષ્ણા અભિષેકે મજાક કરતા કહ્યું કે તે સમયે સોશિયલ મીડિયા નહોતું, તેથી તેઓ ફસાયા નહીં.

શોમાં કૃષ્ણાએ એ પણ ઉલ્લેખ કર્યો કે સ્ટારડમના સમયમાં ફીમેલ ફેન્સ રાહુલ રોયના કપડાં પણ ફાડી નાખતી હતી. આ વાત પર રાહુલ રોયે સહમતિ દર્શાવી.

રાહુલ રોય તાજેતરમાં સોશિયલ મીડિયા પર એક કન્ટેન્ટ ક્રિએટર સાથે કેટલીક રીલ્સમાં જોવા મળ્યા હતા. આના કારણે ઘણા સોશિયલ મીડિયા યુઝર્સે તેમને ટ્રોલ કર્યા હતા. આ પછી રાહુલ રોયે એક ઈમોશનલ પોસ્ટ લખી હતી.

હું મારું કામ ઈમાનદારી અને નમ્રતાથી કરું છું. મારે કેટલાક કાનૂની મામલાઓ માટે પેમેન્ટ કરવાનું છે અને આ આજના નથી, આ તે સમયના છે જ્યારે બ્રેઈન સ્ટ્રોક થયો હતો, તેના પહેલાના છે. જો તમે મારી સાદગીની મજાક ઉડાવો છો અથવા મારા સંઘર્ષો પર હસો છો, તો તે મારા વિશે ઓછું અને તમારા વિશે વધુ કહે છે.જો તમે ખરેખર એટલા ચિંતિત છો, તો મને મદદ કરો કે મને કોઈ સાચું અને સારું કામ મળી શકે, જેથી હું આ મામલાઓનું પેમેન્ટ કરી શકું. ઓછામાં ઓછું હું મહેનત કરીને કમાઈ રહ્યો છું, બીજાઓની મજાક ઉડાવીને નહીં અને બ્રેઈન સ્ટ્રોક પછી, મારા માટે સક્રિય રહેવું જરૂરી છે.

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

અગરકરની સ્પષ્ટતાથી ફેન્સ નારાજ

## રજત પાટીદારની પસંદગી કેમ ન થઈ અગરકરનો જવાબ



(એજન્સી) નવી દિલ્હી । તા. 08

આયર્લેન્ડ, ઈંગ્લેન્ડ અને એશિયન ગેમ્સ માટેની ભારતીય ટીમની જાહેરાત બાદ ક્રિકેટ જગતમાં એક મોટો વિવાદ ઊભો થયો છે. રોયલ ચેલેન્જર્સ બેંગલુરુને પોતાની કેપ્ટનશિપમાં સતત બે વાર આઈપીએલ ચેમ્પિયન બનાવનાર રજત પાટીદારને ટીમમાં સ્થાન ન મળતા ચાહકો અને રમત પ્રેમીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ અંગે મુખ્ય પસંદગીકાર અજીત અગરકરે પ્રેસ કોન્ફરન્સમાં પોતાની વાત રજૂ કરી છે.

ટીમની પસંદગી અંગેના સવાલોના જવાબમાં અજીત અગરકરે સ્વીકાર્યું કે રજત પાટીદાર સહિતના ઘણા ખેલાડીઓના નામ પર ગંભીર ચર્ચા કરવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે ભારતમાં ક્રિકેટ પ્રતિભાઓનો એટલો મોટો ભંડાર છે કે ટીમમાં મર્યાદિત જગ્યાઓ માટે પસંદગી કરવી અત્યંત મુશ્કેલ બની ગઈ છે. અગરકરે કહ્યું, "અમે ઘણા પ્રતિભાશાળી ખેલાડીઓ પર ચર્ચા કરી છે, પરંતુ જેમને પસંદ કરવામાં આવ્યા છે તે પૂરેપૂરા હકદાર છે. ટીમમાં માત્ર મર્યાદિત સ્થાન હોવાથી કેટલાંક સારા ખેલાડીઓ બહાર રહી જાય તે અનિવાર્ય છે."

રજત પાટીદારની અવગણના કેમ થઈ રહી છે, તે આંકડાઓ જોતા સમજવું મુશ્કેલ છે. આઈપીએલ ૨૦૨૬ની સિઝનમાં પાટીદારે ૧૯૨.૬૯ના સ્ટ્રાઈક રેટથી કુલ ૫૦૧ રન બનાવ્યા છે. સ્પિન અને ફાસ્ટ બોલિંગ એમ બંને સામે તેમનો આક્રમક અંદાજ તેમને મિડલ ઓર્ડરના સૌથી સફળ બેટ્સમેનોમાંનો એક બનાવે છે. ટીમને ચેમ્પિયન બનાવવા ઉપરાંત વ્યક્તિગત સ્તરે પણ તેમનું પ્રદર્શન શાનદાર રહ્યું છે, છતાં તેમની પસંદગી ન થવી તે ક્રિકેટ ચાહકો માટે કોયડો બની રહ્યો છે.

લંડનમાં મહિલા ક્રિકેટનો જાદુ, 12 જૂનથી વર્લ્ડ કપનો પ્રારંભ

# મહિલા T20 વર્લ્ડ કપ: લંડનમાં ભવ્ય આગાઝ થયો

(એજન્સી) લંડન । તા. 08

આંતરરાષ્ટ્રીય મહિલા T20 વર્લ્ડ કપ 2026ના ભવ્ય ઉદ્ઘાટન સાથે ક્રિકેટ જગતમાં એક નવા યુગનો પ્રારંભ થયો છે. રવિવારે લંડનના ઐતિહાસિક વોટરલૂ બ્રિજને પહેલીવાર એક લાઈવ ક્રિકેટ પિચમાં બદલી નાખવામાં આવ્યો હતો. આ અદભૂત નજારાએ માત્ર લંડન શહેરને જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વના ક્રિકેટ પ્રેમીઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. ટુર્નામેન્ટના પ્રારંભ પહેલા તમામ 12 ટીમોના કેપ્ટનો આ ઐતિહાસિક બ્રિજ પર એકઠા થયા હતા, જે મહિલા ક્રિકેટના વધતા જતા પ્રભાવનું એક શક્તિશાળી પ્રતીક બની રહ્યું.

વોટરલૂ બ્રિજ પર ટ્રાફિકને રોકીને ત્યાં ખાસ રીતે તૈયાર કરેલી પિચ પર કેપ્ટનોએ ક્રિકેટનો આનંદ માણ્યો હતો. બિગ બેન, સેન્ટ પોલ કેથેડ્રલ અને લંડન આઈની પૃષ્ઠભૂમિમાં ક્રિકેટ રમતા આ વિશ્વની સર્વશ્રેષ્ઠ મહિલા ખેલાડીઓનું દ્રશ્ય અવિસ્મરણીય હતું. આ આયોજનનો મુખ્ય હેતુ આ વર્લ્ડ કપને અત્યાર સુધીનો સૌથી યાદગાર અને નવીનતમ બનાવવાનો છે. લંડનના આ કાર્યક્રમમાં ફેન્સ અને યુવા ખેલાડીઓએ પણ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો, જેનાથી વોટરલૂ બ્રિજ એક જીવંત ક્રિકેટ ઉત્સવમાં ફેરવાઈ ગયો હતો.



### મહિલા ક્રિકેટ માટે ઐતિહાસિક ક્ષણ

આ પ્રસંગે ICCના અધ્યક્ષ જય શાહે જણાવ્યું હતું કે, "આ મહિલા ક્રિકેટ માટે એક સીમાચિહ્નરૂપ ક્ષણ છે. અમે માનીએ છીએ કે આ અત્યાર સુધીનો સૌથી રોમાંચક અને મહત્વાકાંક્ષી ICC મહિલા T20 વર્લ્ડ કપ સાબિત થશે." તેમણે વધુમાં ઉમેર્યું કે આ પ્રકારના આયોજનથી ટુર્નામેન્ટ પ્રત્યેનો ઉત્સાહ ચરમસીમાએ પહોંચશે અને તે એક વધુ સમાવેશી અને વૈશ્વિક રમત બનાવવાના ICCના એજન્ડાને અનુરૂપ છે. ECB ના અધ્યક્ષ રિચર્ડ થોમ્પસને પણ આને મહિલા ક્રિકેટની દિશામાં એક મોટી સફળતા ગણાવી હતી.

### રેકોર્ડબ્રેક તૈયારીઓ અને આગામી કાર્યક્રમ

આ વખતનો વર્લ્ડ કપ ઘણી રીતે ઐતિહાસિક બનવા જઈ રહ્યો છે. ટુર્નામેન્ટ શરૂ થાય તે પહેલા જ આશરે 2,00,000 ટિકિટોનું વેચાણ થઈ ચૂક્યું છે, જે અત્યાર સુધીનો રેકોર્ડ છે. ભારતની ટીમ પોતાની સફરની શરૂઆત 14 જૂને બર્મિંગહામ ખાતે કટ્ટર હરીફ પાકિસ્તાન સામે કરશે, જ્યારે ટુર્નામેન્ટની ઓપનિંગ મેચ 12 જૂને ઈંગ્લેન્ડ અને શ્રીલંકા વચ્ચે રમાશે. ઈંગ્લેન્ડ અને વેલ્સના વિવિધ શહેરો જેવા કે બર્મિંગહામ, માન્ચેસ્ટર, લીડ્સ, સાઉથમ્પ્ટન અને બ્રિસ્ટલ ખાતે કુલ 12 ટીમો વચ્ચે મુકાબલો જોવા મળશે. આટલી ભવ્ય શરૂઆત બાદ હવે સમગ્ર વિશ્વની નજર 12 જૂનથી શરૂ થનારા મુકાબલા પર છે. ભારતીય ટીમ સહિત તમામ 12 દેશોની ટીમો આ વિશ્વકપની ટ્રોફી જીતવા માટે એડીચોટીનું જોર લગાવશે. ક્રિકેટના દિગ્ગજો માને છે કે આ વર્લ્ડ કપ મહિલા ક્રિકેટની લોકપ્રિયતાને નવી ઊંચાઈએ લઈ જશે. ફેન્સમાં પણ ભારે ઉત્સાહ છે, કારણ કે આ ટુર્નામેન્ટ માત્ર મેચોનો સંગ્રહ નહીં, પરંતુ એક તહેવાર બની રહેશે.

# એશિયા કપ વિજેતા ભારતીય હોકી ટીમનું ભવ્ય સ્વાગત, પુરુષ ટીમે જીત્યો ગોલ્ડ મેડલ

(એજન્સી) નવી દિલ્હી । તા. 08

જાપાનમાં આયોજિત અંડર-૧૮ એશિયા કપ ૨૦૨૬માં શાનદાર દેખાવ કરીને ભારત પરત ફરેલી ભારતીય અંડર-૧૮ પુરુષ અને મહિલા હોકી ટીમોનું દિલ્હી એરપોર્ટ પર ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. પુરુષ હોકી ટીમે ફાઈનલમાં યજમાન જાપાનને ૪-૧થી માત આપીને સુવર્ણ ચંદ્રક જીત્યો હતો, જ્યારે મહિલા ટીમે કોરિયાને હરાવીને કાંસ્ય ચંદ્રક પોતાના નામે કર્યો હતો.

કાકામિગાહારામાં રમાયેલી ફાઈનલ મેચમાં ભારતીય પુરુષ ટીમે શાનદાર પ્રદર્શન કર્યું હતું. આશિષ તાની પૂર્તિએ હેટ્રિક નોંધાવીને મેચમાં ભારતની પકડ મજબૂત બનાવી હતી, જ્યારે કેપ્ટન કેતન કુશવાહાએ પણ એક ગોલ કર્યો હતો. કેપ્ટન કેતન કુશવાહાએ આ સિદ્ધિ અંગે જણાવ્યું હતું કે, ૪૦ દિવસના કઠિન કેમ્પ અને સામૂહિક પ્રયાસોને લીધે જ અમે આ ખિતાબ જીતી શક્યા છીએ. મુખ્ય કોચ સરદાર સિંહે ટીમની એકતા અને આયોજનના અમલીકરણને આ જીતનું મુખ્ય કારણ ગણાવ્યું હતું. હોકી ઈન્ડિયાએ ગોલ્ડ મેડલ વિજેતા ટીમના દરેક ખેલાડીને ૩ લાખ રૂપિયા અને સપોર્ટ સ્ટાફને ૧.૫ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું છે.



મહિલા હોકી ટીમે પણ આ ટૂર્નામેન્ટમાં પ્રભાવશાળી રમત દર્શાવી હતી. કાંસ્ય ચંદ્રકની મેચમાં કોરિયા સામે ૩-૦થી જીત મેળવીને ભારતીય મહિલાઓએ પોડિયમ ફિનિશ કર્યું હતું. કેપ્ટન સ્વીટી કુજુર અને સ્ટ્રાઈકર નૌશીન નાઝ સહિતના ખેલાડીઓએ સમગ્ર ટૂર્નામેન્ટમાં કુલ ૩૬ ગોલ કરીને પોતાની આક્રમક રમતનો પરિચય આપ્યો હતો. મુખ્ય કોચ રાની રામપાલે જણાવ્યું હતું કે, આ યુવા ખેલાડીઓનો આ પ્રથમ મોટો અનુભવ હતો અને તેમની પાસે ભવિષ્યની ઓલિમ્પિક સ્પર્ધાઓ માટે મોટી ક્ષમતા છે. નૌશીન નાઝે આ ટૂર્નામેન્ટમાં ૧૨ ગોલ કરીને સૌનું ધ્યાન ખેંચ્યું હતું.

## ઈરાનની ફૂટબોલ ટીમ વિઝા વિવાદ વચ્ચે મેક્સિકો પહોંચી

### તૈયારીઓ પર વિઝા વિવાદનો પડછાયો

(એજન્સી) ટિહુઆના । તા. 08



ફિફા વર્લ્ડ કપમાં ભાગ લેવા માટે ઈરાનની રાષ્ટ્રીય ફૂટબોલ ટીમ રવિવારે મેક્સિકોના સરહદી શહેર ટિહુઆના પહોંચી હતી. અમેરિકા અને ઈરાન વચ્ચેના રાજકીય તણાવ અને વિઝા મેળવવામાં થયેલા વિલંબને કારણે ટીમની તૈયારીઓ પર લાંબા સમયથી પ્રશ્નાર્થ ચિન્હો લાગેલા હતા, જે હવે તેમના મેક્સિકો આગમન સાથે વધુ ચર્ચાઈ રહ્યા છે.

ઈરાની ટીમ તુર્કીમાં ત્રણ અઠવાડિયાના તાલીમ કેમ્પ બાદ ટિહુઆના પહોંચી છે. અગાઉ ઈરાને પોતાનો બેઝ કેમ્પ અમેરિકાના એરિઝોનામાં રાખ્યો હતો, પરંતુ વિઝાને લઈને અનિશ્ચિતતાના કારણે તેમણે પોતાનો નિર્ણય બદલીને ટિહુઆના આવવું પડ્યું હતું. મુખ્ય કોચ અમીર ઘાલેનોઈએ પત્રકારો સાથે વાત કરતા જણાવ્યું કે, આ પ્રકારની ટુર્નામેન્ટમાં માનવીય અને નૈતિક બાબતોને ટેકનિકલ બાબતો કરતાં પ્રાધાન્ય મળવું જોઈએ, જે તેમના કિસ્સામાં જોવા મળ્યું નથી. મોડા પ્રવાસના આયોજનને કારણે ટીમની તૈયારીઓ ખોરવાઈ હોવાનું પણ તેમણે સ્વીકાર્યું હતું.

### સપોર્ટ સ્ટાફ માટે વિઝાની સમસ્યા

અમેરિકન સત્તાવાળાઓ દ્વારા ખેલાડીઓને વિઝા આપવામાં આવ્યા હોવા છતાં, ઈરાની ફૂટબોલ ફેડરેશનના જણાવ્યા મુજબ, તેમના પ્રતિનિધિમંડળના ઘણા સભ્યો અને સપોર્ટ સ્ટાફને હજુ સુધી વિઝા મળ્યા નથી. આ સ્થિતિને કારણે ટીમની આંતરિક કામગીરીમાં અવરોધ આવી રહ્યો છે. ઈરાનના ડિફેન્ડર એહસાન હાજસાફીએ જણાવ્યું હતું કે, તાજેતરના મહિનાઓમાં ટીમે ઘણી પડકારજનક પરિસ્થિતિઓનો સામનો કર્યો છે, તેમ છતાં તેઓ શારીરિક રીતે ટુર્નામેન્ટ માટે સંપૂર્ણ તૈયાર છે.

### વર્લ્ડ કપનું શેડ્યૂલ અને પડકારો

ઈરાન તેની ગ્રુપ 'જી'ની પ્રથમ મેચ ૧૫ જૂને લોસ એન્જલસ નજીક ન્યુઝીલેન્ડ સામે રમશે. ત્યારબાદ ૨૧ જૂને બેલ્જિયમ અને ૨૬ જૂને સિએટલમાં ઈજિપ્ત સામે તેમનો મુકાબલો થશે. તેહરાન અને વોશિંગ્ટન વચ્ચેના તણાવપૂર્ણ સંબંધોને લીધે ઈરાની ટીમ પર વિશ્વભરની નજર છે. ઘરેલું અશાંતિ અને ઈરાન-ઈઝરાયલ સંઘર્ષની અસર પણ ખેલાડીઓના મનોબળ પર જોવા મળી રહી છે.



200 મીટરમાં રજત ચંદ્રક પ્રાપ્ત

## અનિમેષ કુજુરનો તાઈપેઈમાં રજત ચંદ્રક સાથે કમાલ

(એજન્સી) તાઈપેઈ । તા. 08

રવિવારે તાઈપેઈ ખાતે આયોજિત ન્યૂ તાઈપેઈ સિટી એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ ૨૦૨૬માં ભારતીય દોડવીર અનિમેષ કુજુરે શાનદાર પ્રદર્શન કરતા રજત ચંદ્રક પોતાના નામે કર્યો છે. પુરુષોની ૨૦૦ મીટરની દોડમાં અનિમેષે ૨૦.૪૭ સેકન્ડનો સીઝન-બેસ્ટ સમય નોંધાવ્યો હતો. આ સિદ્ધિની સાથે જ તેણે આગામી કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬ માટે ક્વોલિફાઈંગ માપદંડ પણ સફળતાપૂર્વક પાર કરી લીધો છે.

જોકે અનિમેષ આ વર્ષે પોતે બનાવેલા ૨૦.૩૨ સેકન્ડના રાષ્ટ્રીય વિક્રમથી થોડો પાછળ રહ્યો હતો, પરંતુ ૨૦.૬૧ સેકન્ડના કોમનવેલ્થ ગેમ્સના ક્વોલિફાઈંગ માર્કને તોડવા માટે તેનો આ સમય પૂરતો હતો. આ સ્પર્ધામાં થાઈલેન્ડના પુરીપોલ બૂનસને ૨૦.૦૩ સેકન્ડના સમય સાથે પ્રથમ સ્થાન મેળવી સુવર્ણ ચંદ્રક જીત્યો હતો, જ્યારે અનિમેષે બીજા સ્થાને રહીને દેશનું નામ રોશન કર્યું હતું. તાઈપેઈમાં યોજાયેલી આ ચેમ્પિયનશિપમાં ભારતીય ખેલાડીઓનો ઉત્સાહ ચરમસીમાએ રહ્યો હતો. શનિવારે આ સ્પર્ધાના અગાઉના દિવસે પણ ભારતીય ખેલાડીઓએ મેડલની હારમાળા સર્જી હતી. લોંગ જમ્પર શૈલી સિંહ અને મહિલાઓની ૪x૧૦૦ મીટર રિલે ટીમે ગોલ્ડ મેડલ જીતીને ભારતનું ગૌરવ વધાર્યું હતું, જ્યારે તેજસ શિરસે ૧૧૦ મીટર હર્ડલ્સમાં રજત ચંદ્રક જીતવામાં સફળ રહ્યો હતો. તાઈપેઈમાં મળેલી આ સફળતા બાદ અનિમેષ કુજુર હવે કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬ માટેની તૈયારીઓમાં જોડાશે. તેની આ ક્ષમતા અને ઝડપ દર્શાવે છે કે તે આગામી દિવસોમાં આંતરરાષ્ટ્રીય મંચ પર ભારત માટે વધુ મેડલ જીતી શકે છે. ભારતીય એથ્લેટિક્સ ફેડરેશનના અધિકારીઓએ પણ અનિમેષના આ પ્રદર્શનની પ્રશંસા કરી છે.

હોસ્પિટલમાં એરિક્સનની હાલત સ્થિર

મેચને તુરંત જ રદ કરવામાં આવી

## ડેનમાર્કના ક્રિશ્ચિયન એરિક્સન મેદાનમાં ફરી ઢળી પડ્યા

(એજન્સી) ઓડેન્સે । તા. 08



ફૂટબોલ જગતમાંથી રવિવારે એક આઘાતજનક સમાચાર સામે આવ્યા છે. ડેનમાર્ક અને યુક્રેન વચ્ચે રમાઈ રહેલી આંતરરાષ્ટ્રીય ફ્રેન્ડલી ફૂટબોલ મેચ દરમિયાન ડેનિશ મિડફિલ્ડર ક્રિશ્ચિયન એરિક્સન અચાનક મેદાનમાં ઢળી પડ્યા હતા. આ ઘટના બાદ મેચને તુરંત રદ કરી દેવામાં આવી હતી. લગભગ પાંચ વર્ષ પહેલાં યુરો ૨૦૨૧ દરમિયાન બનેલી હૃદયદ્રાવક ઘટનાની યાદો આ બનાવને કારણે ફરી તાજી થઈ ગઈ હતી.

મેચની ૬૫મી મિનિટમાં જ્યારે રમત પૂરજોશમાં ચાલી રહી હતી, ત્યારે ૩૪ વર્ષીય એરિક્સન અચાનક મેદાન પર પડી ગયા હતા. સદનસીબે, તબીબી ટીમે સમયસૂચકતા વાપરીને તેમને તાત્કાલિક તબીબી સહાય પૂરી પાડી હતી. ડેનિશ ફૂટબોલ ફેડરેશને સોશિયલ મીડિયા પર માહિતી આપતા જણાવ્યું હતું કે એરિક્સન ભાનમાં છે અને તેમની હાલત સ્થિર છે. તેઓ જાતે ચાલીને એમ્બ્યુલન્સ સુધી પહોંચ્યા હતા, જે ચાહકો માટે રાહતના સમાચાર છે.

ક્રિશ્ચિયન એરિક્સન માટે આ બીજી વાર છે જ્યારે તેઓ રાષ્ટ્રીય ટીમ માટે રમતા મેદાન પર આ રીતે ઢળી પડ્યા હોય. વર્ષ ૨૦૨૧માં ફિનલેન્ડ સામેની મેચમાં તેમને કાર્ડિયાક અરેસ્ટ આવ્યો હતો, ત્યારબાદ તેમને જીવનરક્ષક સારવાર આપવામાં આવી હતી અને તેમના હૃદયમાં 'ઈમ્પ્લાન્ટેબલ કાર્ડિયોવર્ટર-ડિફિબ્રિલેટર' (ICD) ફિટ કરવામાં આવ્યું હતું. આટલી મોટી મેડિકલ ઈમરજન્સી છતાં તેમણે પ્રોફેશનલ ફૂટબોલમાં સફળ વાપસી કરી હતી અને ક્લબ તેમજ દેશ માટે રમવાનું ચાલુ રાખ્યું હતું.

આ ઘટનાને પગલે રમતપ્રેમીઓમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. આગામી ૧૧ જૂનથી કેનેડા, મેક્સિકો અને અમેરિકામાં સંયુક્ત રીતે ૨૦૨૬ ફિફા વર્લ્ડ કપ શરૂ થવા જઈ રહ્યો છે, જેમાં ૪૮ ટીમો ભાગ લેવાની છે. આવી સ્થિતિમાં એરિક્સનનું આ રીતે અચાનક ઢળી પડવું ફૂટબોલ જગત માટે ચિંતાનો વિષય છે.

રાઈફલ અને પિસ્તોલ ટીમની પસંદગી બાકી

## એશિયન ગેમ્સ શૂટિંગ ટ્રાયલ્સમાં હિમાંશુ દીક્ષા સુરજ વિજેતા

(એજન્સી) દેહરાદૂન । તા. 08

આગામી એશિયન ગેમ્સ માટે રાઈફલ અને પિસ્તોલ શૂટર્સની પસંદગી માટે દેહરાદૂનમાં ચાલી રહેલી ટી-૪ રાષ્ટ્રીય પસંદગી ટ્રાયલ્સમાં ખેલાડીઓએ પોતાનું કૌશલ્ય સાબિત કર્યું છે. રવિવારે રમાયેલી ફાઈનલ સ્પર્ધાઓમાં હિમાંશુ ધિલ્લોન, દીક્ષા વૈશ્ય અને સુરજ શર્માએ પોતપોતાની શ્રેણીમાં વિજય મેળવીને દાવેદારી મજબૂત કરી છે.



પુરુષોની ૧૦ મીટર એર રાઈફલ ફાઈનલમાં હરિયાણાના હિમાંશુ ધિલ્લોને રોમાંચક મુકાબલામાં જીત મેળવી હતી. અંતિમ શોટ પહેલા મહારાષ્ટ્રના પાર્થ રાકેશ માણે કરતા ૦.૨ પોઈન્ટ પાછળ હોવા છતાં, હિમાંશુએ છેલ્લા શોટમાં ૧૦.૬નો સ્કોર કરીને ૨૫૨.૨ પોઈન્ટ સાથે ટાઈટલ પોતાના નામે કર્યું હતું. મહિલાઓની એર રાઈફલમાં ઉત્તર પ્રદેશની દીક્ષા વૈશ્યએ શરૂઆતથી જ પ્રભુત્વ જમાવ્યું હતું. તેણે આશી ચોકસી સામે ૧.૨ પોઈન્ટની સરસાઈ મેળવીને ૨૫૨.૭ના સ્કોર સાથે વિજયી પ્રારંભ કર્યો હતો. દિવસની ત્રીજી ફાઈનલમાં મધ્યપ્રદેશના સુરજ શર્માએ પુરુષોની ૨૫ મીટર રેપિડ-ફાયર પિસ્તોલ સ્પર્ધામાં ૨૯ના સ્કોર સાથે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ઉત્તરાખંડના અંકુર ગોયલ ૨૭ના સ્કોર સાથે બીજા અને ભાવેશ શેખાવત ૨૫ હિટ સાથે ત્રીજા સ્થાને રહ્યા હતા. આ પરિણામોની અસર રાષ્ટ્રીય ક્રમાંકન પર પણ જોવા મળી છે, જેમાં સોનમ માસ્કર અને ઓમકાર સિંહ જેવા ખેલાડીઓનું સ્થાન સુધર્યું છે. એશિયન ગેમ્સ માટે ૧૨ સભ્યોની શોટગન ટીમની જાહેરાત અગાઉ જ કરવામાં આવી ચૂકી છે, પરંતુ રાઈફલ અને પિસ્તોલ ટીમોની જાહેરાત આ ટ્રાયલ્સ પૂર્ણ થયા બાદ કરવામાં આવશે. દેહરાદૂનમાં ચાલી રહેલી આ કવાયત ભારતીય શૂટિંગની ભાવિ દિશા નક્કી કરશે. અત્યાર

કપ // પેરેગ્રીન રેસિંગના ડ્રાઈવરોનો વિજય, કાર્ટિંગમાં ભારતીય પ્રતિભાની જીત

# મેકો મેરિટસ કપમાં પેરેગ્રીન રેસિંગનો દબદબો

(એજન્સી) ચેન્નાઈ । તા. 08

ભારતીય મોટરસ્પોર્ટ્સ જગતમાં આ રવિવારે એક નવી સિદ્ધિ નોંધાઈ છે. કોઈમ્બતુરના કોસ્ટ કાર્ટોમેનિયા સર્કિટ ખાતે યોજાયેલા મેકો મેરિટસ કપના ત્રીજા અને અંતિમ રાઉન્ડમાં ભારતીય કાર્ટિંગ ડ્રાઈવરોએ શાનદાર પ્રદર્શન કર્યું હતું. આ સ્પર્ધામાં બેંગલુરુના અક્ષત મિશ્રા, હૈદરાબાદના શિવ તુમ્મલા અને મુંબઈના આરવ સુરેકાએ પોતપોતાની શ્રેણીમાં ચેમ્પિયન બનીને પેરેગ્રીન રેસિંગનો દબદબો સાબિત કર્યો હતો. આ ટુર્નામેન્ટ રોટેક્સ મેક્સ ક્લાસ નેશનલ ચેમ્પિયનશિપ માટે પાયારૂપ માનવામાં આવે છે.



સીનિયર મેક્સ ક્લાસમાં બેંગલુરુના અક્ષત મિશ્રાએ ખૂબ જ પરિપક્વતા અને ગતિ સાથે પ્રદર્શન કર્યું હતું. સ્પર્ધાના પ્રથમ સ્પ્રિન્ટ રેસમાં ત્રીજા ક્રમે રહ્યા બાદ, તેમણે બીજી સ્પ્રિન્ટ રેસમાં વાપસી કરીને વિજય મેળવ્યો હતો. કુલ 85 પોઈન્ટ સાથે અક્ષત આ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન બન્યા હતા. તેમની પાછળ ચેન્નાઈના શિવન કાર્તિક અને મુંબઈના કિયાન શાહ બીજા અને ત્રીજા સ્થાને રહ્યા હતા. અક્ષતનું આ પ્રદર્શન તેમને ભવિષ્યની રાષ્ટ્રીય ચેમ્પિયનશિપ માટે મજબૂત દાવેદાર બનાવે છે.

મિનિ મેક્સ ક્લાસમાં હૈદરાબાદના શિવ તુમ્મલાનું પ્રદર્શન સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન અત્યંત સાતત્યપૂર્ણ રહ્યું હતું. તેમણે બંને સ્પ્રિન્ટ રેસ જીતીને ફરી એકવાર પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું હતું. બીજી તરફ, માઈક્રો મેક્સ કેટેગરીમાં મુંબઈના આરવ સુરેકાએ રોમાંચક સ્પર્ધા વચ્ચે ચેમ્પિયનશિપનો તાજ મેળવ્યો હતો. આરવ અને બેંગલુરુના ઝિદાન અરશાન અનીસ વચ્ચે માત્ર છ પોઈન્ટનો તફાવત હતો, જે દર્શાવે છે કે આ રેસ કેટલી કાંટાળી રહી હતી.

મેકો મેરિટસ કપની સાથે જ ઈન્ડિયન કાર્ટિંગ એકેડેમી (IKA) ટ્રોફી પણ યોજાઈ હતી. ઓકે-જુનિયર ક્લાસમાં ચેન્નાઈના રિવાન દેવ પ્રીથમ ચેમ્પિયન બન્યા હતા. આ શ્રેણીનું મહત્વ એટલા માટે પણ વધારે છે કારણ કે તે ભારતીય જુનિયર ડ્રાઈવરોને આંતરરાષ્ટ્રીય સ્તરના FIA ઓકે-જે એન્જિનનો અનુભવ મેળવવાની તક પૂરી પાડે છે. આ ટ્રોફી વિશ્વના ટોચના રેસિંગ સ્ટાન્ડર્ડ્સને ભારતમાં લાવવાનો એક પ્રયાસ છે, જે યુવા ખેલાડીઓને વૈશ્વિક સ્તર માટે તૈયાર કરે છે.

ભારતમાં કાર્ટિંગ રેસિંગનું સ્તર સતત સુધરી રહ્યું છે. આ સ્પર્ધાઓ માત્ર વિજેતાઓ નક્કી કરવા માટે જ નહીં, પરંતુ નવી પ્રતિભાઓને ઓળખવા અને તેમને આંતરરાષ્ટ્રીય રેસિંગ માટે તૈયાર કરવા માટેનું શ્રેષ્ઠ માધ્યમ છે. કોસ્ટ કાર્ટોમેનિયા સર્કિટ પર જે રીતે ખેલાડીઓએ રફ્તાર અને ટેકનિકનું પ્રદર્શન કર્યું છે, તે જોતા કહી શકાય કે ભારતીય મોટરસ્પોર્ટ્સ આવનારા વર્ષોમાં ગ્લોબલ મેપ પર ચમકશે.

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ પર સવાલો

## અમ્પાયરિંગ અંગે પાકિસ્તાની ખેલાડીનો વિવાદિત દાવો

(એજન્સી) નવી દિલ્હી । તા. 08

ભારત અને પાકિસ્તાન વચ્ચેના ક્રિકેટ મુકાબલા હંમેશા ગરમાગરમી અને ઉત્તેજનાથી ભરપૂર હોય છે. આ ક્રમમાં પાકિસ્તાનના ઓલરાઉન્ડર ખુશદિલ શાહે એક નવો વિવાદ છેડતા દાવો કર્યો છે કે ભારત સામેની મેચોમાં અમ્પાયરિંગ સહિતના નિર્ણયો ઘણીવાર ભારતીય ટીમના પક્ષમાં જાય છે. તેમના આ ગંભીર આરોપોએ ક્રિકેટ જગતમાં ભારે ચર્ચાઓ જગાવી છે.

એક પોડકાસ્ટ દરમિયાન સાથી ખેલાડી અબ્બાસ આફ્રિદી સાથે વાત કરતા ખુશદિલ શાહે કહ્યું કે, ભારત સામેની મેચોમાં દબાણનું સ્તર ઘણું ઊંચું હોય છે. જોકે, તેમણે આડકતરી રીતે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલની નિષ્પક્ષતા સામે સવાલો ઉઠાવતા કહ્યું કે, "મેચ દરમિયાન ઘણી વસ્તુઓ તેમના પક્ષમાં રહે છે, જેમાં અમ્પાયરિંગના નિર્ણયો અને મેચનું આયોજન પણ સામેલ છે." તેમના આ નિવેદને સોશિયલ મીડિયા પર ચાહકો વચ્ચે શાબ્દિક યુદ્ધ છેડી દીધું છે.

ખુશદિલ શાહે પોતાના દાવાઓને સાબિત કરવા માટે કોઈ ચોક્કસ ઘટના કે પુરાવા રજૂ કર્યા નથી. ક્રિકેટ નિષ્ણાતોના મતે, આ નિવેદન પાકિસ્તાનની સતત હારની નિરાશામાંથી બહાર આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાક સમયથી ભારતીય ટીમનું પ્રદર્શન પાકિસ્તાન સામે અત્યંત શાનદાર રહ્યું છે. એશિયા કપ ૨૦૨૫માં ભારતે પાકિસ્તાનને ત્રણ વાર પરાજય આપ્યો હતો, જે ભારતનો મેદાન પરનો સ્પષ્ટ દબદબો સાબિત કરે છે.



ખુશદિલે સ્વીકાર્યું કે ભારતને હરાવવાનો આનંદ અલગ જ હોય છે, પરંતુ સતત હાર બાદ આવા આરોપો લગાવવા એ પાકિસ્તાની ટીમની માનસિક હતાશા સૂચવે છે. વન-ડે ક્રિકેટમાં પણ પાકિસ્તાન છેલ્લા ઘણા વર્ષોથી ભારતને માત આપી શક્યું નથી.

ભારતીય દૂતાવાસનો કડક સુરક્ષા આદેશ, મિડલ ઈસ્ટ યુદ્ધ વચ્ચે નવી ચેતવણી

# ઈરાન પ્રવાસ એડવાઈઝરી: ભારતીયો તાત્કાલિક દેશ છોડે

(એજન્સી) તેહરાન । તા. 08

પશ્ચિમ એશિયામાં સર્જાયેલી અત્યંત વિસ્ફોટક અને ગંભીર સુરક્ષા સ્થિતિને ધ્યાનમાં રાખીને તેહરાન સ્થિત ભારતીય દૂતાવાસે તમામ ભારતીય નાગરિકો માટે તાત્કાલિક અસરથી નવી માર્ગદર્શિકા જાહેર કરી છે. સોમવાર, 8 જૂન 2026ના રોજ જારી કરાયેલી આ સત્તાવાર એડવાઈઝરીમાં સ્પષ્ટ શબ્દોમાં જણાવવામાં આવ્યું છે કે, મિડલ ઈસ્ટમાં ઈઝરાયલ, ઈરાન અને યમન વચ્ચે શરૂ થયેલા મિસાઈલ હુમલાઓના કારણે જે અસ્થિરતા ઊભી થઈ છે, તે જોતાં ભારતીયોએ કોઈપણ વિલંબ કર્યા વિના ઈરાન છોડી દેવું જોઈએ. ભારતીય મિશને પોતાના નાગરિકોને ઉપલબ્ધ તમામ વાહનવ્યવહારના સાધનોનો ઉપયોગ કરીને સુરક્ષિત રીતે સ્વદેશ પરત ફરવા માટે ભારપૂર્વક વિનંતી કરી છે.

છેલ્લા કેટલાક સમયથી પશ્ચિમ એશિયાનો પ્રદેશ ભયંકર સુરક્ષા સંકટનો સામનો કરી રહ્યો છે. ઈઝરાયલ અને ઈરાન વચ્ચે વધતો જતો તણાવ હવે સીધા



મિસાઈલ સંઘર્ષમાં પરિણમ્યો છે. આંતરરાષ્ટ્રીય મીડિયા અહેવાલ અને સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, લેબનોન અને યમનના હૂથી જૂથોના કૂદકે ને ભૂસકે વધી રહેલા સક્રિય હસ્તક્ષેપને કારણે આ વિસ્તારમાં કોઈપણ ક્ષણે મોટા પાયે આંતરરાષ્ટ્રીય યુદ્ધ ફાટી નીકળવાની દહેશત છે. આ પરિસ્થિતિને જોતાં, તેહરાનમાં રહેલા ભારતીય નાગરિકો, વિદ્યાર્થીઓ અને ત્યાં કામ કરતા વ્યવસાયિકો માટે જોખમનું સ્તર અત્યંત વધી ગયું છે.

## દૂતાવાસની સ્પષ્ટ સૂચના: પ્રવાસ ટાળવો

ભારતીય દૂતાવાસે સોશિયલ મીડિયાના માધ્યમથી જાહેર કરેલી નોટિસમાં માત્ર ઈરાનમાં રહેલા લોકોને જ નહીં, પરંતુ તમામ ભારતીયોને ઈરાન તરફ કોઈપણ પ્રકારની યાત્રા ન કરવા માટે કડક આદેશ આપ્યો છે. એમ્બેસી દ્વારા કહેવામાં આવ્યું છે કે, વર્તમાન સંજોગોમાં ઈરાનમાં સ્થિતિ ક્ષણે-ક્ષણે બદલાઈ રહી છે, જેની સીધી અસર સામાન્ય જનજીવન અને મુસાફરી પર પડી શકે છે. તેથી, બિનજરૂરી મુસાફરી ટાળવી અને જેઓ ત્યાં ફસાયેલા છે તેમણે તાત્કાલિક પરત ફરવું એ જ એકમાત્ર સુરક્ષિત વિકલ્પ છે.

## સુરક્ષા ચિંતાઓ અને અગાઉની સ્થિતિ

ઈરાન પ્રવાસ એડવાઈઝરી અગાઉ પણ જાહેર કરવામાં આવી હતી, પરંતુ વર્તમાનમાં વધેલા મિસાઈલ હુમલાઓએ પરિસ્થિતિની ગંભીરતામાં અનેકગણો વધારો કરી દીધો છે. સુરક્ષા નિષ્ણાતોના મતે, આ પ્રદેશમાં જ્યારે પણ સુરક્ષા વ્યવસ્થા કથળે છે, ત્યારે ત્યાં વસતા વિદેશી નાગરિકો સૌથી વધુ સંવેદનશીલ બની જાય છે. ભારતીય મિશન સતત સ્થિતિ પર નજર રાખી રહ્યું છે અને પોતાના નાગરિકોની સલામતી માટે કટિબદ્ધ છે. સ્થાનિક સમાચાર અને દૂતાવાસ દ્વારા અપાતી અપડેટ્સ પર સતત નજર રાખવી. કોઈપણ પ્રકારના ભીડભાડવાળા વિસ્તારોમાં જવાનું ટાળવું. તમામ જરૂરી દસ્તાવેજો તૈયાર રાખવા. જો શક્ય હોય તો, તાત્કાલિક ફ્લાઈટ કે અન્ય સુરક્ષિત માર્ગ દ્વારા દેશ છોડવાની તૈયારી કરવી. આ સમયગાળામાં ભારતીય દૂતાવાસના અધિકારીઓ પણ મદદ માટે તત્પર છે, પરંતુ પરિસ્થિતિની ગંભીરતા જોતાં દરેક નાગરિકે પોતાની સુરક્ષાની જવાબદારી સમજીને વહેલી તકે નિર્ણય લેવો અનિવાર્ય છે. ભારત સરકાર હંમેશા પોતાના નાગરિકોની સલામતીને સર્વોચ્ચ અગ્રતા આપે છે અને આ નવી એડવાઈઝરી તે જ દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.

સાત વર્ષ બાદ ચીની રાષ્ટ્રપતિની મુલાકાત

# ચીન-ઉત્તર કોરિયા મિત્રતા: શી જિનપિંગની મુલાકાત



(એજન્સી) બેઈજિંગ । તા. 08

ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ ઉત્તર કોરિયાના સર્વોચ્ચ નેતા કિમ જોંગ ઉન સાથેની તેમની નિર્ધારિત મુલાકાત પહેલાં બંને દેશો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. આ ઐતિહાસિક મુલાકાત સાત વર્ષના લાંબા ગાળા બાદ યોજાઈ રહી છે, જેને લઈને આંતરરાષ્ટ્રીય રાજકારણમાં ભારે ઉત્તેજના જોવા મળી રહી છે. સોમવાર અને મંગળવાર દરમિયાન યોજાનારી આ બે દિવસીય રાજ્ય મુલાકાત પહેલાં શી જિનપિંગે ઉત્તર કોરિયાના સત્તાવાર સમાચાર પત્રમાં એક વિશેષ લેખ લખીને બંને દેશો વચ્ચેના અતૂટ સંબંધોને ગાઢ ગણાવ્યા છે.

## ચીન અને ઉત્તર કોરિયાના ગાઢ સંબંધો

શી જિનપિંગે આ લેખમાં ઉલ્લેખ કર્યો છે કે ચીન અને ઉત્તર કોરિયા "મિત્ર સમાજવાદી પાડોશી" છે જેઓ સમાન ભવિષ્ય ધરાવે છે. તેમણે જણાવ્યું કે આંતરરાષ્ટ્રીય સ્તરે બદલાતા સમીકરણો અને વિવિધ ઘટનાક્રમો છતાં બંને દેશો વચ્ચેની પરંપરાગત મિત્રતા અતૂટ અને કાયમી છે. શી જિનપિંગના મતે, આ ઉચ્ચ-સ્તરીય વ્યૂહાત્મક સંકલન જ બંને દેશોના સંબંધોને સમકાલીન મહત્વ આપે છે. પ્રાદેશિક શાંતિ અને સ્થિરતા જાળવી રાખવી એ બંને દેશો, તેમની પાર્ટીઓ અને લોકોનું સહિયારું લક્ષ્ય છે.

બંને પક્ષો રાષ્ટ્રીય સાર્વભૌમત્વ, સુરક્ષા અને વિકાસના હિતોના રક્ષણ માટે એકબીજાને દ્રઢતાપૂર્વક ટેકો આપે છે. શી જિનપિંગે જણાવ્યું હતું કે ચીન અને ઉત્તર કોરિયા મળીને પ્રાદેશિક શાંતિ, આંતરરાષ્ટ્રીય નિષ્પક્ષતા અને ન્યાય તથા યુદ્ધ પછીની આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાને જાળવવા માટે કામ કરી રહ્યા છે. તેમણે કિમ જોંગ ઉન સાથેની પોતાની અગાઉની છ બેઠકોને યાદ કરતા જણાવ્યું કે, આ મુલાકાતો બંને દેશો વચ્ચે નજીકનો વ્યૂહાત્મક સંપર્ક જાળવી રાખવા અને સંબંધોના વિકાસ માટે સંયુક્ત બ્લુપ્રિન્ટ તૈયાર કરવામાં મદદરૂપ થઈ છે. શી જિનપિંગની આ યાત્રા ખાસ કરીને એવા સમયે થઈ રહી છે જ્યારે પશ્ચિમ એશિયા સહિત વૈશ્વિક સ્તરે સુરક્ષા વ્યવસ્થામાં અસ્થિરતા જોવા મળી રહી છે. નિષ્ણાતો માને છે કે ચીન અને ઉત્તર કોરિયા વચ્ચેની આ મિત્રતા માત્ર પડોશી દેશો પૂરતી મર્યાદિત નથી, પરંતુ તે વૈશ્વિક સંતુલન જાળવવામાં પણ મુખ્ય ભૂમિકા ભજવે છે. બંને નેતાઓ વચ્ચેની આ મુલાકાત માત્ર દ્વિપક્ષીય સંબંધોને જ નહીં, પરંતુ પ્રાદેશિક અને વૈશ્વિક શાંતિની દિશામાં પણ નવા વળાંક સાબિત થઈ શકે છે. આ મુલાકાત દ્વારા ચીન પોતાનું પ્રાદેશિક વર્ચસ્વ જાળવી રાખવા અને ઉત્તર કોરિયાને મુશ્કેલ સમયમાં પોતાનો મજબૂત સાથી હોવાનો વિશ્વાસ અપાવવા માંગે છે.

### કિમ યો-જોંગનું કડક નિવેદન

ચીની રાષ્ટ્રપતિની મુલાકાત પહેલાં, કિમ જોંગ ઉનના શક્તિશાળી બહેન કિમ યો-જોંગે એક મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. મીડિયા અહેવાલ મુજબ, તેમણે સ્પષ્ટ કર્યું છે કે ઉત્તર કોરિયાનો પરમાણુ-સશસ્ત્ર દેશ તરીકેનો દરજ્જો સંપૂર્ણપણે અપરિવર્તનીય છે. તેને "પાછા ન ફરવાની રેખા" ગણાવતા તેમણે કહ્યું કે કોઈ સ્વીકારે કે ન સ્વીકારે, આ એક કઠોર વાસ્તવિકતા છે અને ઉત્તર કોરિયા પોતાના પરના કોઈપણ ખતરાને સહન કરશે નહીં. આ નિવેદન એ વાતનો સંકેત છે કે શી જિનપિંગ અને કિમ જોંગ ઉન વચ્ચેની ચર્ચામાં ઉત્તર કોરિયાનો પરમાણુ કાર્યક્રમ કોઈ પણ સંજોગોમાં ચર્ચાનો વિષય બનશે નહીં.

## ન્યૂઝ બ્રીફ

### ટ્રમ્પના એઆઇ સલાહકાર શ્રીરામ કૃષ્ણનનું રાજીનામું



વોશિંગ્ટન | અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની સરકારમાં એઆઇ ક્ષેત્રે મહત્વની ભૂમિકા ભજવનાર ભારતીય મૂળના સલાહકાર શ્રીરામ કૃષ્ણને પોતાના પદેથી રાજીનામું આપવાની જાહેરાત કરી છે. ચેન્નાઈના વતની એવા ૪૨ વર્ષીય કૃષ્ણને સ્પષ્ટ કર્યું છે કે તેઓ જૂન મહિનાના અંત સુધી જ આ પદ પર સેવા આપશે અને ત્યારબાદ પોતાના કાર્યકાળને વિરામ આપશે. પોતાના ૧૮ મહિનાના કાર્યકાળ દરમિયાન કૃષ્ણને અમેરિકા માટે સંપૂર્ણ એઆઇ એક્શન પ્લાન તૈયાર કરવામાં મુખ્ય સૂત્રધાર તરીકે કામ કર્યું હતું. રાષ્ટ્રીય સ્તરની આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ફ્રેમવર્ક બનાવવામાં તેમની ભૂમિકા અત્યંત મહત્વની રહી છે.

### ઈરાન અંગે નેતન્યાહૂ નહીં અમેરિકા નિર્ણય લેશે

વોશિંગ્ટન | મધ્ય પૂર્વમાં સર્જાયેલી યુદ્ધ જેવી સ્થિતિ વચ્ચે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ સામે આકરા તેવર અપનાવ્યા છે. ટ્રમ્પે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે ઈરાન અંગેના નિર્ણયો ઈઝરાયલ નહીં પરંતુ અમેરિકા લેશે. લેબેનોનમાં ચાલી રહેલા સૈન્ય હુમલાઓને તાત્કાલિક અટકાવવા માટે ટ્રમ્પે નેતન્યાહૂને કડક તાકીદ કરી છે. અમેરિકા અને ઈરાન વચ્ચેની શાંતિ મંત્રણા હાલમાં અત્યંત સંવેદનશીલ તબક્કે છે. પ્રમુખ ટ્રમ્પે આ સ્થિતિ પર સ્પષ્ટ કર્યું છે કે ઈઝરાયલના હુમલાઓથી આ વાટાઘાટો પર કોઈ અસર પડવા દેવામાં આવશે નહીં. સૂત્રોના જણાવ્યા અનુસાર, ગયા અઠવાડિયે ફોન પર થયેલી વાતચીત દરમિયાન ટ્રમ્પ નેતન્યાહૂના વલણથી ભારે નારાજ થયા હતા અને તેમની કામગીરી પર રોષ વ્યક્ત કર્યો હતો.

### ફિલિપાઈન્સમાં 7.8ના ભૂકંપ બાદ સુનામીનું એલર્ટ



ફિલિપાઈન્સ | ફિલિપાઈન્સમાં આજે ધરતીકંપના તીવ્ર આંચકાએ ભારે તબાહી સર્જી છે. રિક્ટર સ્કેલ પર ૭.૮ની તીવ્રતા ધરાવતા આ પ્રચંડ ભૂકંપને પગલે દેશમાં સુનામીનું જોખમ તોળાઈ રહ્યું છે. અનેક વિસ્તારોમાં બહુમાળી ઈમારતો ધરાશાયી થવાના અહેવાલો મળ્યા છે, જેનાથી જાન-માલનું ભારે નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. અમેરિકન સુનામી ચેતવણી પ્રણાલીએ તાત્કાલિક ધોરણે સુનામીની સત્તાવાર ચેતવણી જાહેર કરી છે. આ જોખમને ધ્યાનમાં રાખીને ઇન્ડોનેશિયાની જીઓફિઝિક્સ એજન્સીએ પણ ઉત્તર-પૂર્વીય તટીય વિસ્તારોમાં એલર્ટ જારી કર્યું છે. નિષ્ણાતોના મતે, દરિયાકાંઠાના વિસ્તારોમાં એક મીટર કે તેથી વધુ ઊંચાઈ ધરાવતા વિનાશક મોજા ત્રાટકી શકે છે.

22 દેશોએ કર્યો ઓઈલ ક્વોટા વધારો

# ઓપેક પ્લસનો મોટો નિર્ણય: ક્રૂડ ઓઈલ ક્વોટા વધ્યો, ભારત માટે મોંઘવારીનું જોખમ યથાવત

(એજન્સી) વિયેના । તા. 08

વૈશ્વિક તેલ બજારમાં સર્જાયેલી અસ્થિરતા વચ્ચે, ઓપેક પ્લસ (OPEC+) સંગઠનના સભ્ય દેશોએ જુલાઈ મહિના માટે ક્રૂડ ઓઈલના ઉત્પાદન ક્વોટામાં દૈનિક 1,88,000 બેરલનો વધારો કરવાનો નિર્ણય લીધો છે. રવિવારે વિયેનામાં યોજાયેલી વીડિયો કોન્ફરન્સ દ્વારા આ મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી હતી. સાઉદી અરેબિયા, રશિયા, ઈરાક અને કુવૈત સહિતના 22 દેશોના મંત્રીઓએ આ સહમતિ સાધી છે, પરંતુ બજારના નિષ્ણાતો આ નિર્ણયને માત્ર એક નીતિગત સંકેત ગણાવી રહ્યા છે.




## ભારતીય અર્થતંત્ર પર શું થશે સીધી અસર?

ભારત પોતાની કુલ જરૂરિયાતના આશરે 85 ટકા કાચું તેલ આયાત કરે છે, તેથી ઓપેક પ્લસના કોઈપણ નિર્ણયની સીધી અસર દેશના સામાન્ય નાગરિકોના ખિસ્સા પર પડે છે. આ નિર્ણયથી ભારતને પેટ્રોલ અને ડીઝલના વધતા ભાવોમાંથી કોઈ મોટી રાહત મળે તેવી શક્યતા નહિવત છે. નિષ્ણાતોના મતે, આ પગલાંના કારણે દેશનું તેલ આયાત બિલ અને ચાલુ ખાતાની ખાધ ઊંચી રહેશે. ઉપરાંત, આંતરરાષ્ટ્રીય બજારમાં ડોલરની માંગ વધતા રૂપિયા પર દબાણ આવી શકે છે, જેની સીધી અસર સ્થાનિક સ્તરે માલસામાનની હેરફેરના ખર્ચમાં અને પરિણામે મોંઘવારીમાં જોવા મળશે.

## નિષ્ણાતોનું તારણ: શું આ વધારો પૂરતો છે?

'રાઈસ્ટાડ એનર્જી'ના વિશ્લેષક જોર્જ લિયોને આ નિર્ણય પર ગંભીર સવાલ ઉઠાવતા જણાવ્યું છે કે, જ્યાં સુધી મિડલ ઈસ્ટમાં તણાવને કારણે હોર્મુઝ સ્ટ્રેટ જેવો મુખ્ય પુરવઠા માર્ગ અવરોધાયેલો છે, ત્યાં સુધી માત્ર ક્વોટા વધારવાની જાહેરાતથી બજારમાં તેલની અછત દૂર થવાની નથી. તેમના મતે, બજારમાં કાગળ પર ક્વોટા વધારવા કરતાં વાસ્તવિક ઓઈલ બેરલની અછત વધુ છે. આ નિર્ણય વાસ્તવિક સપ્લાય વધારવાને બદલે માત્ર એક પોલિસી સિગ્નલ છે, જે હાલના યુદ્ધગ્રસ્ત માહોલમાં તેલના આસમાને પહોંચેલા ભાવોને ઘટાડવામાં નિષ્ફળ સાબિત થઈ શકે છે.

## ઓપેક પ્લસની ભવિષ્યની રણનીતિ

બેઠક બાદ જાહેર થયેલા સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, સંગઠન ઓઈલ માર્કેટમાં સ્થિરતા જાળવવા માટે કટિબદ્ધ છે. મંત્રીઓએ સ્વૈચ્છિક ઉત્પાદન ફેરફારોને તબક્કાવાર રીતે પાછા ખેંચવા માટે સંપૂર્ણ લવચીકતા જાળવી રાખવાનો નિર્ણય લીધો છે. સંગઠન હવે એવી સ્થિતિ પર નજર રાખી રહ્યું છે કે જો મિડલ ઈસ્ટમાં સ્થિતિ બદલાય અને હોર્મુઝ સ્ટ્રેટ ફરી ખુલે, તો બજારમાં ઓવર-સપ્લાયની સમસ્યા સર્જાઈ શકે છે. તે સમયે રશિયા અને અન્ય ભાગીદાર દેશોએ ખૂબ સાવચેતીપૂર્વક પગલાં લેવા પડશે, જેથી તેલના ભાવ અચાનક ગગડી ન જાય.

## સરપ્લસની ચિંતા અને બદલાતું બજાર

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આગામી સમયમાં અમેરિકાનું શેલ ઓઈલ ઉત્પાદન અને ચીન જેવી મોટી અર્થવ્યવસ્થાઓની માગ ઓઈલ માર્કેટની દિશા નક્કી કરશે. હાલમાં ઓપેક પ્લસ સામે બેવડું સંકટ છે: એક તરફ યુદ્ધને કારણે સપ્લાય ચેઈન ખોરવાયેલી છે અને બીજી તરફ ભાવ સ્થિર રાખવા માટે ઉત્પાદનમાં સંતુલન જાળવવું જરૂરી છે. ભારત જેવા દેશો માટે આ પરિસ્થિતિ અનિશ્ચિતતા ભરેલી છે, કારણ કે આંતરરાષ્ટ્રીય ઘટનાક્રમમાં આવતો દરેક બદલાવ પેટ્રોલના ભાવમાં વધઘટનું કારણ બને છે.

આ નિર્ણયો છતાં, સામાન્ય ભારતીય નાગરિકે આગામી સમયમાં મોંઘવારીના મોરચે સાવધ રહેવું પડશે, કારણ કે આંતરરાષ્ટ્રીય તેલ બજારની સ્થિતિ હજુ પણ તણાવપૂર્ણ છે. ઓપેક પ્લસની આ બેઠક માત્ર એક ટૂંકા ગાળાનો ઉપાય બનીને રહી જશે કે કેમ, તે સમય જ કહેશે.

# હૈદરાબાદમાં ગેસની તીવ્ર અછતથી લોકો મુશ્કેલીમાં, વહીવટીતંત્રની નિષ્ફળતા સામે આક્રોશ

(એજન્સી) હૈદરાબાદ । તા. 08

પાકિસ્તાનના સિંધ પ્રાંતના હૈદરાબાદ શહેરમાં હાલ ગેસની ગંભીર અછત સર્જાઈ છે. કાળઝાળ ગરમી વચ્ચે ગેસના અભાવે સામાન્ય નાગરિકો, ખાસ કરીને ગૃહિણીઓની મુશ્કેલીઓ ચરમસીમાએ પહોંચી છે. સ્થાનિકોએ સુઈ સધર્ન ગેસ કંપની પર ગંભીર આક્ષેપો લગાવતા જણાવ્યું છે કે, કંપની દ્વારા જાહેર કરાયેલા સમયપત્રક મુજબ પણ ગેસનો પુરવઠો મળતો નથી, જેને કારણે ઘરકામ ખોરવાઈ ગયા છે.

ગેસ કંપનીએ દૈનિક નવ કલાક ગેસ આપવાનું વચન આપ્યું હતું, જે સવાર, બપોર અને સાંજ એમ ત્રણ તબક્કામાં વહેંચાયેલું હતું. પરંતુ ગીચ વસ્તી ધરાવતા વિસ્તારોના રહેવાસીઓનું કહેવું છે કે કંપની પોતાના જ નિયમોનું પાલન કરતી નથી. મોટાભાગના ઘરોમાં ગેસ આવતો જ નથી, અથવા તો તેનું દબાણ એટલું ઓછું હોય છે કે ભોજન બનાવવું અશક્ય બની જાય છે.

રહેવાસીઓની સૌથી મોટી ફરિયાદ એ છે કે જ્યારે ગેસ પુરવઠો શરૂ થાય છે, ત્યારે શરૂઆતની ૧૫ થી ૨૦ મિનિટ સુધી પાઈપલાઈનમાંથી માત્ર હવા નીકળે છે. આ સમય દરમિયાન ગેસના મીટર સતત ચાલતા રહે છે, જેના કારણે ગેસ વપરાયા વગર જ ભારેખમ બિલ ભરવાની ફરજ પડે છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ પ્રક્રિયાથી લોકોમાં ભારે રોષ છે અને તેઓ બિલિંગ પદ્ધતિમાં સુધારાની માંગ કરી રહ્યા છે. ગેસના અભાવે બજારમાં ઈલેક્ટ્રિક સ્ટવ, ઈન્ડક્શન કૂકટોપ અને ગેસ સિલિન્ડરની માંગમાં ભારે ઉછાળો આવ્યો છે. જોકે, આ વૈકલ્પિક વ્યવસ્થાઓ સામાન્ય માણસ માટે આર્થિક બોજ સમાન બની ગઈ છે. પહેલેથી જ ગેસ કંપનીના બિલ ચૂકવતા ગ્રાહકોએ હવે સિલિન્ડર અને વીજળીના વધારાના ખર્ચનો સામનો કરવો પડી રહ્યો છે.

# ડોમિનિકન રિપબ્લિકમાં પ્રાઈવેટ પ્લેન ક્રેશ થતા મોત, પ્લેન ક્રેશમાં બે પાયલોટના મોત

(એજન્સી) લા રોમાના । તા. 08

ડોમિનિકન રિપબ્લિકના પૂર્વીય ભાગમાં આવેલા લા રોમાના આંતરરાષ્ટ્રીય હવાઈ મથક પર એક ગમખ્વાર વિમાન દુર્ઘટના સર્જાઈ છે. રવિવારે એક ખાનગી ગલ્ફસ્ટ્રીમ વિમાન ટેક-ઓફ કરવાના પ્રયાસમાં રનવે પર જ નિયંત્રણ ગુમાવી બેઠું હતું, જેના કારણે તે ભયાનક અગનગોળામાં ફેરવાઈ ગયું હતું. આ કરૂણ ઘટનામાં વિમાનના પાયલોટ અને સહ-પાયલોટ એમ બંનેના ઘટનાસ્થળે જ પ્રાણ પંખેરું ઉડી ગયા હતા.



## દુર્ઘટનાનો ભયાનક ઘટનાક્રમ

મીડિયા અહેવાલ મુજબ, આ વિમાન પ્યુર્ટો રિકોથી ડોમિનિકન રિપબ્લિક પહોંચ્યું હતું અને ત્યાં બળતણ ભર્યા બાદ તે અમેરિકાના ઓસ્ટિન જવા માટે રવાના થવાની તૈયારીમાં હતું. રનવે પર દોડી રહેલા આ વિમાનના વ્હીલ્સ અચાનક રનવે સાથે જોરથી અથડાતા તે હવામાં વંટોળની જેમ ઉછળવા લાગ્યું હતું. સંતુલન ગુમાવ્યા બાદ વિમાનમાં પ્રચંડ વિસ્ફોટ થયો હતો અને ગણતરીની મિનિટોમાં જ તે રાખમાં ફેરવાઈ ગયું હતું. આ અકસ્માતનો વીડિયો સોશિયલ મીડિયા પર અત્યંત વાયરલ થઈ રહ્યો છે, જેમાં આકાશમાં ઉઠતો કાળો ધુમાડો જોઈ શકાય છે.

## સદનસીબે મોટી જાનહાનિ ટળી

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, સદનસીબે આ ગલ્ફસ્ટ્રીમ વિમાનમાં પાયલોટ અને સહ-પાયલોટ સિવાય કોઈ પણ મુસાફર સવાર નહોતા. જો આ વિમાનમાં મુસાફરો હોત, તો જાનહાનિનો આંકડો ઘણો મોટો હોત. રાષ્ટ્રીય ઉડ્ડયન વિભાગના અધિકારીઓએ આ દુર્ઘટનાની ગંભીર નોંધ લીધી છે અને ઘટનાનું કારણ જાણવા માટે તપાસના આદેશ આપવામાં આવ્યા છે.

## તપાસ અને સુરક્ષા અંગે ચિંતા

ડોમિનિકન સિવિલ એવિએશન ઈન્સ્ટિટ્યૂટના મતે, ટેક-ઓફ સમયે રનવે પર પ્લેનનું આ રીતે અસંતુલિત થવું તે એક ટેકનિકલ ખામી અથવા પવનની ગતિમાં આવેલા અચાનક ફેરફાર તરફ નિર્દેશ કરે છે. હાલમાં ઘટનાસ્થળે સુરક્ષા એજન્સીઓ દ્વારા પુરાવા એકત્રિત કરવામાં આવી રહ્યા છે. આ ઘટનાએ ઉડ્ડયન ક્ષેત્રમાં સુરક્ષાના ધોરણો અંગે ફરી એકવાર ચર્ચાઓ જગાવી છે. મૃતક પાયલોટોના પરિવારોને જાણ કરી દેવામાં આવી છે અને તેમના મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યા છે. સમગ્ર પંથકમાં આ ઘટનાને પગલે શોકનું મોજું ફરી વળ્યું છે.

એઆઈ | ટેક સેક્ટરમાં હજારો નોકરીઓ ગઈ, પાંચ મહિનામાં 87700 નોકરીઓ ઘટી

# અમેરિકામાં નોકરીઓ પર એઆઈનું સંકટ: રેકોર્ડ છટણી

(એજન્સી) અમદાવાદ । તા. 08

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એટલે કે કૃત્રિમ બુદ્ધિમત્તાના વધતા પ્રભાવ વચ્ચે વિશ્વના સૌથી શક્તિશાળી અર્થતંત્ર અમેરિકાના રોજગાર બજારમાં ધરખમ ફેરફારો જોવા મળી રહ્યા છે. ટેકનોલોજીના આ નવા યુગમાં કામ કરવાની પદ્ધતિ બદલાઈ રહી છે, પરંતુ તેની સાથે જ નોકરીઓ પરનું જોખમ પણ વધ્યું છે. તાજેતરના મીડિયા અહેવાલ મુજબ, વર્ષ 2026ના પ્રથમ પાંચ મહિનામાં અમેરિકામાં કુલ 87,700 નોકરીઓ છીનવાઈ ગઈ છે, જેમાં મુખ્ય કારણ કૃત્રિમ બુદ્ધિમત્તા હોવાનું સામે આવ્યું છે.



વર્ષ 2026 દરમિયાન અમેરિકામાં કંપનીઓ દ્વારા કરવામાં આવેલી છટણીમાં કૃત્રિમ બુદ્ધિમત્તા સૌથી મોટું કારણ બનીને ઊભરી આવ્યું છે. સતત ત્રીજા મહિને કોર્પોરેટ જગતમાં કર્મચારીઓની છટણી પાછળનું મુખ્ય કારણ 'એઆઈ' હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. મે 2026ના આંકડા અત્યંત ચોંકાવનારા છે, જેમાં કુલ 97,006 નોકરીઓ ઘટાડવાની જાહેરાત કરવામાં આવી હતી. આશ્ચર્યજનક બાબત એ છે કે, આ છટણીઓમાંથી લગભગ 40 ટકા જેટલી નોકરીઓ ફક્ત એઆઈના ઉપયોગ અને ઓટોમેશનને લીધે સમાપ્ત કરવામાં આવી છે. આ આંકડો વર્ષ 2025માં થયેલી કુલ છટણીઓ કરતાં પણ વધારે છે, જે દર્શાવે છે કે ટેકનોલોજીનો વ્યાપ કેટલી ઝડપથી વિસ્તરી રહ્યો છે.

સૌથી મોટો ફટકો ટેકનોલોજી સેક્ટરને પડ્યો છે. મે મહિનાના આંકડા પર નજર કરીએ તો, માત્ર ટેક ક્ષેત્રમાં જ 38,242 કર્મચારીઓને છૂટા કરવાની જાહેરાત કરવામાં આવી છે, જે છેલ્લા બે વર્ષનો સૌથી ઉંચો માસિક આંકડો છે. વર્ષ 2026ના પાંચ મહિનામાં અત્યાર સુધી ટેક જગતમાં 1.23 લાખથી વધુ નોકરીઓ કપાઈ ચૂકી છે. મીડિયા અહેવાલ મુજબ, ઘણી મોટી ટેક કંપનીઓ પોતાના માળખામાં ધરખમ ફેરફાર કરી રહી છે. આ કંપનીઓ હવે પરંપરાગત કામગીરી પાછળ ખર્ચ કરવાને બદલે તે જ ભંડોળનો ઉપયોગ એઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઓટોમેશન વિકસાવવા માટે કરી રહી છે. આટલી મોટી સંખ્યામાં છટણી છતાં, અમેરિકાનું કુલ રોજગાર બજાર હજુ પણ મજબૂત હોવાનું જણાય છે. ઘણા ક્ષેત્રોમાં નવી ભરતીની પ્રક્રિયા પણ ચાલુ છે. જોકે, રોજગારની માંગમાં મોટું પરિવર્તન આવ્યું છે. હવે ઓફિસના સામાન્ય કામ કરતા કર્મચારીઓ કરતા ડેટા એનાલિટિક્સ, સોફ્ટવેર ડેવલપમેન્ટ, અને ખાસ કરીને એઆઈ ટેકનિકલ કૌશલ્ય ધરાવતા ઉમેદવારોની માગમાં વધારો થયો છે. એક્સપર્ટ્સના મતે, નોકરીઓ સંપૂર્ણપણે ગાયબ થવાને બદલે કામના સ્વરૂપમાં મોટું રૂપાંતરણ આવી રહ્યું છે.

# ઓહાયોના ફેસ્ટિવલમાં ગોળીબારથી 12 લોકો ઘાયલ

(એજન્સી) ટોલેડો । તા. 08

અમેરિકાના ઓહાયો રાજ્યના ટોલેડો શહેરમાં આયોજિત પરંપરાગત 'ઓલ્ડ વેસ્ટ એન્ડ ફેસ્ટિવલ'માં શનિવારે સાંજે એક ગમખ્વાર ઘટના સામે આવી છે. ઉત્સવ દરમિયાન અચાનક થયેલા ગોળીબારને પગલે સમગ્ર વિસ્તારમાં અફરાતફરી અને હાહાકાર મચી ગયો હતો. આ હિંસક ઘટનામાં ૧૨ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલો મળી રહ્યા છે.

શનિવારે સાંજે જ્યારે સમગ્ર ઉત્સવ ગીત-સંગીત અને ભોજનની મોજમાં ડૂબેલો હતો, ત્યારે અચાનક ગોળીબાર શરૂ થતા સહેલાણીઓમાં નાસભાગ મચી ગઈ હતી. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ, ગોળીબારનો અવાજ સાંભળતા જ લોકો જીવ બચાવવા માટે સુરક્ષિત સ્થળોની શોધમાં દોડવા લાગ્યા હતા. ટોલેડો પોલીસ વિભાગના અધિકારીઓ તુરંત જ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને ઘવાયેલા લોકોને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવાની વ્યવસ્થા કરી હતી. ટોલેડોના મેયર બેડે કીઝૂકીવીઝે આ ઘટના અંગે દુઃખ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ઘાયલોને જરૂરી તબીબી સારવાર આપવામાં આવી રહી છે. પોલીસ દ્વારા આ વિસ્તારને ઘેરી લઈને હુમલાખોરોને શોધવા માટે વ્યાપક સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. જોકે, હજુ સુધી આ ઘટનાને અંજામ આપનાર હુમલાખોર કે હુમલાખોરો પોલીસની પકડથી દૂર છે. વહીવટીતંત્ર માટે સૌથી મોટો સવાલ એ છે કે આ શાંતિપૂર્ણ ઉત્સવમાં હિંસાનું કારણ શું હોઈ શકે? ઓહાયોના ગવર્નર માઈક દ'વાઈને આ ઘટના પર ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. તેમણે જણાવ્યું હતું કે, આવા ઉત્સવો પરિવારો અને બાળકો માટે સુરક્ષિત હોવા જોઈએ.

### કોકરોચ જનતા પાર્ટીના બેનર હેઠળ જંતર મંતર પર એકઠા થયા હજારો યુવાનો

# શિક્ષણ વ્યવસ્થા અને પેપર લીક સામે યુવાનોનું વિરોધ પ્રદર્શન

- સવારે ધરણાની મંજૂરી મળી, સુત્રોચ્ચાર કરીને બપોરે સાડા ત્રણ વાગ્યે લોકો ઘરભેગા થઇ ગયા પણ સરકાર પ્રત્યે રોષ ઠાલવતા ગયા
- ધરણા પ્રદર્શનની મંજૂરી આપવા બદલ સોનમ વાંગચુકે કેન્દ્ર સરકારનો આભાર માન્યો, જંતર મંતર પર યુવાનોનો જુસ્સો વધાર્યો

(એજન્સી) નવી દિલ્હી | તા 08

નીટ સહિતની પરીક્ષાઓના પેપર લીક થવાની ઘટનાઓ વધી રહી છે, યુવાનોમાં બેરોજગારીને લઈને પણ રોષ જોવા મળી રહ્યો છે. આ તમામ મુદ્દાઓને લઇને દિલ્હીના પ્રખ્યાત જંતર મંતર પર મોટી સંખ્યામાં યુવાનો ખાસ કરીને જેન-ઝી એકઠા થયા હતા. અને દેશના શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા સહિતની કેટલીક માગણીઓ સરકાર સમક્ષ મુકી છે. આ સમગ્ર ધરણા પ્રદર્શનનું આયોજન કોકરોચ જનતા પાર્ટીના બેનર હેઠળ થયું હતું જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ સહિતના યુવાનો એકઠા થયા હતા અને ભારે સુત્રોચ્ચાર કર્યા હતા. શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામુ, શૈક્ષણિક વ્યવસ્થામાં જવાબદારી નક્કી કરવામાં આવે, પેપર લીક થતા અટકાવવામાં આવે સહિતની માગણીઓ સાથે મોટી સંખ્યામાં યુવાનો દિલ્હીના જંતર મંતર પર એકઠા થયા હતા. હાથમાં સુત્રો લખેલા બેનરો, ચહેરા પર કોકરોચનું માસ્ક, ફુલો સાથે અનેક યુવાનો આ પ્રદર્શનમાં સામેલ થયા હતા. કોકરોચ જનતા પાર્ટી (સીજેપી)એ સમગ્ર વિરોધ પ્રદર્શનનું આયોજન કર્યું હતું, જેમાં પાર્ટીના સ્થાપક અભિજીત દિપકે, પર્યાવરણ એક્ટિવિસ્ટ સોનમ વાંગચુક, ડાબેરી પક્ષ સીપીઆઇ(એમએલ)ના જનરલ સેક્રેટરી દિપાંકર ભટ્ટાચાર્ય, સીપીઆઇના એની રાજા, અન્ય એક્ટિવિસ્ટ્સ, ડાબેરી સંગઠનના વિદ્યાર્થી-યુવા સંગઠનના




લોકો એકઠા થયા હતા. અમેરિકાથી સવારે ભારત આવ્યા બાદ અભિજીત દિપકેએ જંતર મંતર પર પ્રદર્શન માટે પોલીસની મંજૂરી માગી હતી, જે તરત જ આપી દેવાઇ હતી. બાદમાં તેઓ જંતર મંતર પર પહોંચ્યા હતા, ભારે ગરમી વચ્ચે પણ બાદમાં મોટી સંખ્યામાં લોકો એકઠા થવા લાગ્યા હતા. યુવાનોને સંબોધતા અભિજીત દિપકેએ કહ્યું હતું કે જ્યારે હું અમેરિકા ગયો ત્યારે મારી માતાની આંખોમાં બહુ આંસુ નહોતા પરંતુ જ્યારે હું પરત આવી રહ્યો હતો ત્યારે તે બહુ રડી હતી, કેમ કે તેને એવો ડર હતો કે ભારત પ્રવેશતા જ મારી ધરપકડ કરી લેવામાં આવશે. આપણે ક્યાં સુધી આ પ્રકારના ડરના માહોલમાં જીવીશું, સત્તામાં બેઠેલા લોકોને જણાવવા માગું છું કે અમે નહીં ડરીએ, આ એક લાંબી લડત છે, એક મહિનાથી આપણે ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગણી કરી રહ્યા છીએ, પરંતુ કોઇ જ પગલા લેવાના બદલે આ શરમજનક લોકો અન્ય મુદ્દા પર ધ્યાન આપી રહ્યા છે, અમારા સોશિયલ મીડિયા એકાઉન્ટ ટાર્ગેટ કરી રહ્યા છે. પોસ્ટ ડિલિટ કરાવી રહ્યા છ. આ બધુ કરશો તો પણ તમે અમને નહીં મિટાવી શકો.

ડો. બી. આર. આંબેડકર, મહાત્મા ગાંધીજી અને દેશ તરફી સુત્રોચ્ચાર કરનારા યુવાનોને બાદમાં પર્યાવરણ એક્ટિવિસ્ટ સોનમ વાંગચુક દ્વારા સંબોધવામાં આવ્યા હતા, વાંગચુકે કહ્યું હતું કે આ વિરોધ પ્રદર્શનને થવા દેવામાં આવ્યું તે બદલ હું સરકારનો આભાર વ્યક્ત કરું છું, મને પ્રદર્શનો પસંદ નથી પરંતુ ન્યાય માટે કરવું પડે છે. મને કોકરોચ ઈન ચિફ બોલાવવા બદલ અભિજીત દિપકેનો આભાર, આ વિરોધ પ્રદર્શનમાં લોકો બંધારણની કોપી અને તિરંગો લઇને પણ આવ્યા હતા. વિરોધ પ્રદર્શન સવારે શરૂ કરાયું હતું જોકે સાંજ સુધી મંજૂરી આપવામાં આવી હતી પણ બપોરે ૩.૩૦ કલાકે જ તેને અટકાવી દેવાયું હતું. અભિજીત દિપકેનું સ્વાસ્થ્ય ખરાબ થતા બાદમાં તમામ લોકોએ જંતર મંતર ખાલી કરી દીધુ હતું અને કલાકોમાં જ આ ધરણા પ્રદર્શનનો પૂર્ણ વિરામ પણ આવી ગયો હતો.

## રાંધણ ગેસના ભાવ હજુ વધશે, મોંઘવારી વકરશે

નવી દિલ્હી: ભારતમાં દિવસે ને દિવસે એલપીજી, પેટ્રોલ, ડીઝલ વગેરે ઇંધણ મોંઘા થઇ રહ્યા છે. ગમે ત્યારે ઘરેલુ એલપીજી સિલિન્ડરનો ભાવ ૧૦૦૦ રૂપિયાએ પહોંચી શકે છે એવામાં કેન્દ્ર સરકારે બચાવમાં કહ્યું છે કે આંતરરાષ્ટ્રીય સ્તરે એલપીજીના ભાવમાં જે વધારો થઇ રહ્યો છે તેની સરખામણીમાં ભારતીયો બહુ જ ઓછો ભાવ ચૂકવી રહ્યા છે. હાલમાં ૧૪ કિલોના ઘરેલુ એલપીજી સિલિન્ડર પાછળનો મૂળ ખર્ચ ૧૬૦૦ રૂપિયાએ પહોંચી ગયો છે. કંપનીઓને દર સિલિન્ડર પર લગભગ ૭૦૦ રૂપિયાનું નુકસાન થઇ રહ્યું છે તેમ સરકારે સ્પષ્ટતા કરી છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના જણાવ્યા મુજબ હાલ એલપીજીનો ભાવ અન્ય દેશોની સરખામણીમાં ભારતમાં બહુ જ ઓછો છે, કંપનીઓને ૭૦૦ રૂપિયાનું નુકસાન થઇ રહ્યું છે જે સરકાર ભોગવી રહી છે. એપ્રીલથી જૂન મહિના દરમિયાન એલપીજી કમ્પોનન્ટના ભાવમાં આંતરરાષ્ટ્રીય સ્તરે મોટો ઉછાળો થયો. જેમ કે બ્લેન્ડેડ સાઉદી સીપીનો ભાવ ફેબ્રુઆરીમાં પ્રતિ ટન ૫૪૨ ડોલર હતો જે જૂનમાં વધીને ૭૯૦ ટને પહોંચ્યો હતો. એવી જ રીતે પ્રોપેનના ભાવમાં આ સમયગાળા દરમિયાન ૩૯ ટકાનો વધારો થયો હતો. બ્યૂટેનના ભાવ પણ ૫૨ ટકા ઉછળ્યા, આમ ભાવમાં વધારાને પગલે સપ્લાય ખર્ચ પ્રતિ સિલિન્ડર ૧૬૦૦ રૂપિયાએ પહોંચી ગયો છે.

## News Brief

### દેશ છોડીને નેપાળ ભાગવાની ફિરાકમાં હતો TMCનો 'પુષ્પા'! બોર્ડર પાસેથી STFએ કરી ધરપકડ

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી દરમિયાન EVM સાથે છેડછાડ અને મતદારોને ડરાવવા સહિતના અનેક ગંભીર કેસોમાં વોન્ટેડ તૃણમૂલ કોંગ્રેસના નેતા જહાંગીર ખાનની સ્પેશિયલ ટાસ્ક ફોર્સ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. કલકત્તા હાઈકોર્ટ તરફથી ધરપકડ સામેની વચગાળાની રાહત લંબાવવાનો ઈનકાર કરાયા બાદ, જહાંગીર ખાન છેલ્લા કેટલાક અઠવાડિયાથી પોલીસને હાથતાળી આપીને ભાગતો ફરતો હતો. તે ભારત છોડીને નેપાળ ભાગી જવાની



ફિરાકમાં હતો, પરંતુ તે સરહદ પાર કરે તે પહેલાં જ બંગાળ એસટીએફની ટીમે તેને દબોચી લીધો છે.જહાંગીર ખાને ચૂંટણી દરમિયાન પોલીસ ઓબ્ઝર્વર અજય પાલ શર્મા જે 'સિંઘમ' તેમને ખુલ્લી ચેલેન્જ આપીને પોતાનું નામ 'પુષ્પા' રાખ્યું હતું. ચૂંટણી પહેલાં જ્યારે આઈપીએસ અધિકારી અજય પાલ શર્માએ જહાંગીરના ઘરે જઈને તેના પરિવારને કડક ચેતવણી આપી હતી કે મતદાનના દિવસે કોઈ પણ મતદારને ડરાવવામાં ન આવે, ત્યારે જહાંગીરે ફિલ્મી સ્ટાઈલમાં અહંકાર સાથે કહ્યું હતું કે, જો તે સિંઘમ છે, તો હું પુષ્પા છું. ઝૂકેગા નહીં.જોકે હવે આખરે આ 'પુષ્પા'ની ગેમ ઓવર થઈ ગઈ છે અને હાલમાં તે ફાલ્ટા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ઓછામાં ઓછી 7 જેટલી એફઆઈઆરનો સામનો કરી રહ્યો છે.દક્ષિણ 24 પરગણા મતવિસ્તાર હેઠળ આવતી ફાલ્ટા વિધાનસભા બેઠક પર મતદાન દરમિયાન જહાંગીર ખાન અને તેના સમર્થકો પર ગંભીર આક્ષેપો થયા હતા. આરોપ હતો કે તેમણે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (EVM) પર ભાજપના ચૂંટણી ચિન્હ પર પટ્ટીઓ લગાવી દીધી હતી જેથી મતદારો વિરોધ પક્ષને વોટ ન આપી શકે. આ ઉપરાંત વિરોધ પક્ષના ઉમેદવારોના નામ બ્લોક કરવા અને બૂથ પર સીસીટીવી ફૂટેજ ગાયબ કરી દેવાના કારણે ચૂંટણી પંચે આખી પ્રક્રિયાને 'લોકશાહીનું અપમાન' ગણાવી હતી.બંગાળની 293 બેઠકોના પરિણામો 4 મે ના રોજ જાહેર થઈ ગયા હતા, પરંતુ ચૂંટણી પંચે ગેરરીતિઓને કારણે ફાલ્ટા બેઠકનું મતદાન રદ કરીને ત્યાં 21 જૂનના રોજ ફરીથી મતદાન યોજવાનો આદેશ આપ્યો હતો. જોકે તે બાદ જહાંગીર ખાન ગાયબ થઈ ગયો હતો. કલકત્તા હાઈકોર્ટે ચૂંટણી લડવા માટે તેને 18 મેથી 24 મે સુધી ધરપકડ સામે વચગાળાની રાહત આપી હતી. 21 મે ના રોજ યોજાયેલા ફરીથી મતદાનના થોડા દિવસો પહેલાં તે અચાનક પ્રગટ થયો અને ઓફિસ ખોલવાનો પ્રયત્ન કર્યો, પરંતુ કાનૂની સંકટ જોઈને તેણે છેલ્લી ઘડીએ ચૂંટણી મેદાનમાંથી પોતાનું નામ પાછું ખેંચી લીધું હતું. આ બેઠક પર ભાજપના ઉમેદવાર દેવાંશુ પાંડાએ 1 લાખથી વધુ મતોની જંગી સરસાઈથી ઐતિહાસિક જીત મેળવી છે. નોંધનીય છે કે આ વિસ્તાર ટીએમસીના પાવરફુલ નેતા અભિષેક બેનરજીના સંસદીય ક્ષેત્ર હેઠળ આવે છે, તેથી જહાંગીરની આ કરતૂત અને ધરપકડથી મમતા બેનર્જીની પાર્ટી બેકફૂટ પર આવી ગઈ છે.

### ભારતીય રેલ્વેએ ₹220 કરોડના ખર્ચે મારારિકુલમ-અલપ્પુઝા ડબલિંગ પ્રોજેક્ટને મંજૂરી આપી

(એજન્સી) નવી દિલ્હી | તા 08

દક્ષિણ રેલ્વે નેટવર્ક પર રેલ્વે માળખાને મજબૂત બનાવવા અને ક્ષમતા વધારવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલામાં, ભારતીય રેલ્વેએ આશરે 220 કરોડના ખર્ચે દક્ષિણ રેલ્વેના 10.65 કિલોમીટર લાંબા મારારિકુલમ-અલપ્પુઝા રેલ સેક્શનને ડબલિંગ કરવાની મંજૂરી આપી છે.આ પ્રોજેક્ટને ડબલિંગ, ટ્રિપલિંગ, ચોથી લાઇન, ફ્લાયઓવર અને બાયપાસ કામોના વ્યાપક કાર્યક્રમ હેઠળ મંજૂરી આપવામાં આવી છે જે રેલ્વે નેટવર્કની ક્ષમતા વધારવા માટે મંજૂર કરવામાં આવ્યો છે. મારારિકુલમ-અલપ્પુઝા રેલ સેક્શન હાલમાં એર્નાકુલમ-તુર્વુર-અલપ્પુઝા-અંબાલાપ્પુઝા-કયમકુલમ રેલ કોરિડોરનો એકમાત્ર બાકી રહેલો સિંગલ-લાઇન સેક્શન છે, જ્યારે આ રૂટ પરના અન્ય ડબલિંગ કામો પહેલાથી જ કાર્યરત થઈ ગયા છે અથવા બાંધકામ હેઠળ છે.પૂર્ણ થયા પછી, પ્રોજેક્ટ દરેક દિશામાં દરરોજ નવ વધારાની પેસેન્જર ટ્રેનોના સંચાલનને મંજૂરી આપશે. આ પ્રોજેક્ટ વાર્ષિક 2.88 મિલિયન ટન માલસામાનનું પરિવહન પણ સક્ષમ બનાવશે. મુસાફરો અને માલવાહક ટ્રાફિકમાં વધારાથી વાર્ષિક આશરે 3.08 કરોડની વધારાની ચોખ્ખી આવક થવાની ધારણા છે.આ બમણું થવાથી મુસાફરો અને માલવાહક ટ્રેનોના સ્ટોપેજ અને રાહ જોવાના સમયમાં ઘટાડો થશે, જેનાથી આ મહત્વપૂર્ણ રૂટ પર ટ્રેન કામગીરી ઝડપી અને સરળ બનશે. વધુમાં, તે લાઇન ક્ષમતામાં વધારો કરશે, સમયસરતામાં સુધારો કરશે અને સમગ્ર પ્રદેશમાં રેલ કનેક્ટિવિટીને મજબૂત બનાવશે.આ પ્રોજેક્ટ ભારતીય રેલ્વેના મિશન 3000 MT અને હાઇ ડેન્સિટી ટ્રાફિક નેટવર્ક કોરિડોર હેઠળ ઓળખવામાં આવ્યો છે.

### શનિવાર રાતે અજાણ્યા સ્થળે પિઝાનો નકલી ઓર્ડર મળ્યો હતો

## અમેરિકામાં પિઝા ડિલિવરીનો નકલી ઓર્ડર આપી ભારતીય યુવકની હત્યા

નવી દિલ્હી: અમેરિકાનાં ફિલાડેલ્ફિયામાં પિઝા ડિલિવરી દરમિયાન એક 28 વર્ષીય ભારતીય યુવકની ગોળી મારી હત્યા કરવામાં આવી છે. પિઝાનો આ ઓર્ડર નકલી હતો. તેલંગણાનો રહેવાસી યુવક અમેરિકામાં વીકએન્ડમાં પાર્ટ ટાઇમ પિઝા ડિલિવરી એક્ઝિક્યુટીવ તરીકે કાર્ય કરતો હતો. તેલંગણાનો રહેવાસી 28 વર્ષીય અંશુલ કુંચાની એમએનસીમાં નોકરી હતી અને વીકએન્ડમાં પિઝાની ડિલિવરી કરતો હતો.મૃતકની ઓળખ અંશુલ કુંચા તરીકે કરવામાં આવી છે. તે એક મલ્ટીનેશનલ કંપનીમાં નોકરી કરતો હતો અને વધારાની કમાણી માટે વીકએન્ડમાં પિઝા ડિલિવરી એક્ઝિક્યુટીવ તરીકે પાર્ટ ટાઇમ નોકરી કરતો હતો. શનિવાર રાતે તેને એક અજાણ્યા સ્થળે પિઝાનો નકલી ઓર્ડર મળ્યો હતો. જ્યારે અંશુલ ત્યાં પહોંચ્યો તો એક અજાણી વ્યકિતએ તેના પર ગોળી બાર કર્યો હતો. જેના કારણે તેના માથામાં અનેક ગોળીઓ વાગી હતી. હુમલાખોર ત્યારબાદ ત્યાંથી ભાગી ગયો હતો. અંશુલનાં પરિવારજનોનાં જણાવ્યા અનુસાર તેની સાથે લૂંટફાટ કરવામાં આવી ન હતી જેનાથી હત્યાનાં હેતુ સામે પ્રશ્નો ઉભા થાય છે. હુમલાનાં સમયે તે વિસ્તારમાં પીઠ પર બેગ ભરાવેલા બે માસ્ક પહેરેલા બંદૂકધારી જોવા મળ્યા હતાં. તેમણે જણાવ્યું હતું કે ભૂતકાળમાં અંશુલ સાથે લૂંટફાટ કરવામાં આવી હતી. જેમાં તેની ચેઇન, રોકડ અને ફોન લઇ લેવામાં આવ્યા હતાં. અંશુલની બહેન તન્વીએ આરોપ મૂક્યો છે કે તેને મારવા માટે પિઝા ડિલિવરીની જાળ પાથરવામાં આવી હતી.

### વિજિલન્સના દરોડામાં અનેક મકાનો અને જમીનોનો પર્દાફાશ

## ૬ હજારના પગારદાર એન્જિનિયર પાસેથી ૨ કરોડ રોકડા મળ્યા

ભુવનેશ્વર : ઓડિશામાં વિજિલન્સ વિભાગની એક સપાટો બોલાવતી કાર્યવાહીમાં ભ્રષ્ટાચારનો મોટો કિસ્સો સામે આવ્યો છે. કંધમાલ જિલ્લાના બાલીગુડામાં 'ઇન્ટીગ્રેટેડ ટ્રાયબલ ડેવલોપમેન્ટ ઓથોરિટી' (ITDA) માં સહાયક કાર્યકારી તરીકે ફરજ બજાવતા બૈકુંઠનાથ બેહરાના ત્યાં દરોડા પાડતા તંત્ર પણ ચોંકી ઉઠ્યું હતું. જેનો પગાર માત્ર ૬,૦૦૦ રૂપિયા છે, તેની પાસેથી કરોડો રૂપિયાની રોકડ અને બેનામી મિલકતો મળી આવી છે.બૈકુંઠનાથ બેહરા પાસે તેમની કાયદેસરની આવક કરતા અનેકગણી વધુ સંપત્તિ હોવાની ફરિયાદ મળ્યા બાદ વિજિલન્સ વિભાગે તપાસ શરૂ કરી હતી. ભુવનેશ્વરના વિશેષ વિજિલન્સ ન્યાયમૂર્તિના વોરન્ટને આધારે વિજિલન્સની ટીમે ભુવનેશ્વર, બારીપદા, જાજપુરના ધર્મશાળા અને બાલીગુડા સહિત કુલ ૯ સ્થળોએ એકસાથે દરોડા પાડ્યા હતા. આ મોટી કાર્યવાહીમાં બે એડિશનલ એસપી, પાંચ ડીએસપી અને છ નિરીક્ષકો સહિતનો કાફલો જોડાયો હતો. વિજિલન્સ ટીમને



તપાસ દરમિયાન નીચે મુજબની સંપત્તિ મળી આવી છે:રોકડ રકમ: પરિવારના લોકરમાંથી ૨ કરોડ રૂપિયા અને ઘરના અન્ય સ્થળેથી ૨.૬૬ લાખ રૂપિયા મળી આવ્યા છે.મિલકતો: ભુવનેશ્વરના નીલાદ્રી વિહારમાં ચાર માળની ઈમારત, શૈલાશ્રી વિહારમાં ત્રણ માળની ઈમારત અને પટિયામાં બે માળનું મકાન મળ્યું છે. જમીન: એન્જિનિયરના નામે જમીનના ૧૩ પ્લોટ પણ મળ્યા છે, જેમાંથી ૭ પ્લોટ ભુવનેશ્વરના મોંઘા અને પ્રમુખ સ્થળોએ આવેલા છે.

## વરિષ્ઠ સામાજિક કાર્યકર શ્રીમતી મંજુ લોઢાએ માત્ર 15 દિવસમાં 5 પ્રતિષ્ઠિત પુરસ્કારો પ્રાપ્ત કરીને એક નવો સીમાચિહ્ન હાંસલ કર્યો

મુંબઈ | સમાજ સેવા, મહિલા સશક્તિકરણ, શિક્ષણ, આરોગ્ય જાગૃતિ અને જન કલ્યાણના ક્ષેત્રોમાં અથાક કાર્ય કરી રહેલા વરિષ્ઠ સામાજિક કાર્યકર અને સાહિત્યકાર શ્રીમતી મંજુ મંગલ પ્રભાત લોઢાએ તેમના પ્રભાવશાળી વ્યક્તિત્વ અને ઉત્કૃષ્ટ સિદ્ધિઓને કારણે વધુ એક નોંધપાત્ર સીમાચિહ્ન હાંસલ કર્યું છે. માત્ર 15 દિવસમાં પાંચ પ્રતિષ્ઠિત પુરસ્કારો પ્રાપ્ત કરીને, તેમણે ફરી એકવાર સમાજ સેવાના ક્ષેત્રમાં તેમની સક્રિય અને પ્રભાવશાળી ભૂમિકા દર્શાવી છે. તાજેતરમાં, શ્રીમતી મંજુ લોઢાને પ્રતિષ્ઠિત 'બિલિયોનેર ફોર પીસ એવોર્ડ' થી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમને બિલિયોનેર્સ ફોર પીસ કોન્ક્લેવમાં પેનલિસ્ટ તરીકે પણ આમંત્રિત કરવામાં આવ્યા હતા, જ્યાં વિશ્વભરના પ્રખ્યાત નેતાઓ, વિચારકો અને પરિવર્તનશીલ વ્યક્તિઓ શાંતિ, માનવતા અને ન્યાય જેવા મહત્વપૂર્ણ વિષયો પર ચર્ચા કરવા માટે ભેગા થયા હતા. આ પ્રસંગે, તેમણે ડૉ. હુઝૈફા ખોરાકીવાલા પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી. ત્યારબાદ પ્રતિષ્ઠિત પદ્મશ્રી મહેન્દ્ર કપૂર પુરસ્કાર સમારોહમાં તેમના અજોડ યોગદાન બદલ તેમને 'મહારાષ્ટ્ર આઇકોન એવોર્ડ' થી સન્માનિત કરવામાં આવ્યા. આ સન્માન તેમના સામાજિક કાર્ય, મહિલા સશક્તિકરણ, શિક્ષણ, આરોગ્ય જાગૃતિ અને જાહેર કલ્યાણ માટેના તેમના સતત પ્રયાસોને માન્યતા આપવા બદલ આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે, તેમણે શ્રી દત્તાત્રેય માનેનો ખાસ આભાર માન્યો.



તેમણે સ્વર્ગસ્થ મહેન્દ્ર કપૂરના પરિવારના સભ્યો: રોહન કપૂર, નીરજા કપૂર અને સિદ્ધાંત કપૂરનો પણ આભાર માન્યો. તેવી જ રીતે, શ્રીમતી મંજુ લોઢાને પરોપકાર, સામાજિક પ્રભાવ, આરોગ્ય જાગૃતિ, મહિલા સશક્તિકરણ અને સમુદાય સેવાના ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ યોગદાન બદલ ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સન્માન પ્રખ્યાત અભિનેતા રણદીપ હુડા દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું, જે તેમના સમાજ પ્રત્યેના સમર્પણ અને સેવાનો વધુ પુરાવો છે. શ્રીમતી મંજુ લોઢાને વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે આયોજિત રાષ્ટ્રીય સંમેલનમાં 'અમર શહીદ મંગલ પાંડે એવોર્ડ ઓફ એક્સેલન્સ-2026' થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

### ગુવાહાટીમાં શહીદ શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં શહીદોને ભાવપૂર્ણ અંજલિ

ગુવાહાટી : 'સૈનિક કલ્યાણ નિર્દેશાલય' દ્વારા આયોજિત 'શહીદ શ્રદ્ધાંજલિ' કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને રાજ્યના વીર શહીદોને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ દેશની રક્ષા માટે પોતાના પ્રાણ ન્યોછાવર કરનાર આસામના બહાદુર સૈનિકોના બલિદાનને સન્માનિત કરવાનો હતો.આ કાર્યક્રમમાં સશસ્ત્ર દળોના વરિષ્ઠ અધિકારીઓ, ભૂતપૂર્વ સૈનિકો, વીર નારીઓ અને શહીદ જવાનોના પરિવારજનો મોટી સંખ્યામાં જોડાયા હતા. યુદ્ધ સ્મારક પર પુષ્પાંજલિ અર્પણ કરીને સૌએ દેશના વીર સપૂતોને યાદ કર્યા હતા અને તેમના અતૂટ સાહસને નમન કર્યા હતા.આ પ્રસંગે ઉપસ્થિત જનમેદનીને સંબોધતા રાજ્યપાલ અમર લક્ષ્મણ પ્રસાદ આચાર્યએ કહ્યું કે, "આ શહીદોએ દેશ માટે પોતાનું સર્વોચ્ચ બલિદાન આપ્યું છે. આપણે અને તેમનો પરિવાર તેમના આ ઋણી છીએ. અમે અહીં યુદ્ધ સ્મારક ખાતે તેમને નમન કરીએ છીએ અને તેમની સેવા પ્રત્યે ઊંડી કૃતજ્ઞતા વ્યક્ત કરીએ છીએ."ભારતીય સશસ્ત્ર દળોની હિંમત અને પ્રતિબદ્ધતા આવનારી પેઢીઓ માટે હંમેશા પ્રેરણારૂપ બની રહેશે.

### શુભેન્દુ સરકારનો મોટો નિર્ણય : પશ્ચિમ બંગાળમાં CBIને તપાસની મળી ખુલ્લી છૂટ

બંગાળ | પશ્ચિમ બંગાળ સરકારે એક મોટો વહીવટી નિર્ણય લેતા રાજ્યમાં સીબીઆઈ (CBI)ને તપાસ કરવા માટેની સંપૂર્ણ છૂટ આપી દીધી છે. હોમ એન્ડ હિલ અફેર્સ વિભાગ (ગૃહ મંત્રાલય) તરફથી 08 જૂન 2026ના રોજ જાહેર કરવામાં આવેલા સત્તાવાર નોટિફિકેશન અનુસાર, દિલ્હી સ્પેશિયલ પોલીસ એસ્ટાબ્લિશમેન્ટ (DSPE) એક્ટ, 1946 હેઠળ CBIને રાજ્યમાં કેન્દ્રીય કર્મચારીઓ, કેન્દ્રીય જાહેર ક્ષેત્રના ઉપક્રમો (PSU)ના કર્મચારીઓ અને તેમનાથી જોડાયેલા મામલાઓની તપાસ કરવાની સત્તાવાર મંજૂરી આપવામાં આવી છે. આ નોટિફિકેશનનો સીધો અર્થ એ છે કે, પશ્ચિમ બંગાળ સરકારે CBIને રાજ્યમાં અમુક ચોક્કસ કેસોની તપાસ કરવા માટે ફરીથી સામાન્ય સંમતિ (General Consent) આપી દીધી છે. જો કે, આ છૂટછાટ સંપૂર્ણપણે બિનશરતી નથી અને તેમાં કેટલીક મર્યાદાઓ રાખવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, અગાઉના વર્ષોમાં પશ્ચિમ બંગાળમાં સીબીઆઈની એન્ટ્રી પર પ્રતિબંધ જેવી સ્થિતિ હતી અને દરેક તપાસ માટે રાજ્ય સરકારની અલગથી પરવાનગી લેવી પડતી હતી. પરંતુ રાજ્યમાં નવી સરકાર (શુભેન્દુ સરકાર)ના આવ્યા બાદ કેન્દ્રીય એજન્સીઓ સાથેના સંબંધો અને નીતિઓમાં આ મોટો બદલાવ જોવા મળ્યો છે.

ગ્રીનીઝોન એગ્રીટેક કન્સલ્ટન્સી પ્રાઈવેટ લિમિટેડ
711, ટ્રેડ સેન્ટર, બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ,
બાંદ્રા ઈસ્ટ, મુંબઈ - 400051

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે કલાહરિધાન ટ્રેન્ડઝ લિમિટેડ અને તેના ડિરેક્ટર્સ, એટલે કે નિરંજન અગ્રવાલ, આદિત્ય અગ્રવાલ, સુનીતા દેવી અગ્રવાલ, જેમની રજિસ્ટર્ડ ઓફિસ 57, આશરા ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, નારોલ, અમદાવાદ, ગુજરાત - 382405 ખાતે આવેલી છે, તેમની સાથે શ્રી સાંવરિયા પોલી ફેબ (પ્રોપરાઈટર - અંશુલ અગ્રવાલ), દીપ શંકરલાલ ચાચાન HUF, એચ.એમ. ટેક્સટાઈલ્સ (પ્રોપરાઈટર - પૂજા અભિષેક છાબછારિયા), ઓમ શાંતિ ટેક્સટાઈલ મિલ્સ (પ્રોપરાઈટર - શંકરલાલ શ્રીકૃષ્ણ ચાચાન), શ્રી મારુતિ એન્ટરપ્રાઈઝ, જે કલાહરિધાન ટ્રેન્ડઝ લિમિટેડના ખરીદદારો અથવા સપ્લાયર્સ તરીકે દર્શાવવામાં આવ્યા છે, તેઓએ ગ્રીનીઝોન એગ્રીટેક કન્સલ્ટન્સી પ્રાઈવેટ લિમિટેડ અને તેના લેન્ડર સાથે જાણીજોઈને ડિફોલ્ટ કર્યું છે.

નિરંજન અગ્રવાલ



આદિત્ય અગ્રવાલ



સુનીતા દેવી અગ્રવાલ



દીપ શંકરલાલ ચાચાન



શંકરલાલ શ્રીકૃષ્ણ ચાચાન



પૂજા અભિષેક છાબછારિયા



અંશુલ અગ્રવાલ



અહીં જણાવવામાં આવે છે કે ઉપરોક્ત પક્ષકારો દ્વારા નોંધપાત્ર બાકી રકમ ચૂકવવાની બાકી છે અને તે ચૂકવવાપાત્ર છે, જેમાં લોન સુવિધાઓની અંદાજે કુલ રકમ નીચે મુજબ છે:
11,35,84,818/- (રૂપિયા અગિયાર કરોડ પાંત્રીસ લાખ ચોર્યાસી હજાર આઠસો અઢાર માત્ર)
વધુમાં જણાવવામાં આવે છે કે સંબંધિત કાર્યવાહીમાં ઉપરોક્ત પક્ષકારો વિરુદ્ધ બાકી રકમના સંબંધમાં કાનૂની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. તદનુસાર, જાહેર જનતા અને તમામ હિતધારકોને આથી સાવધ કરવામાં આવે છે કે તેઓ કોઈપણ વ્યવસાયિક, નાણાકીય અથવા વેપાર-ધંધાના વ્યવહારોના સંબંધમાં ઉપરોક્ત ભાગીદારો સાથે વ્યવહાર કરતી વખતે યોગ્ય તકેદારી અને સાવચેતી રાખે.
સહી/
ગ્રીનીઝોન એગ્રીટેક કન્સલ્ટન્સી પ્રાઈવેટ લિમિટેડ વતી,
એસેટ રિકવરી ટીમ, મુંબઈ

## DHR માટે અત્યાર સુધીની સૌથી વધુ માસિક આવક, મે 2026 માં ₹395.6 લાખની માસિક આવક હાંસલ કરીને ઈતિહાસ રચ્યો

માલીગાંવ | નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વે હેઠળ યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ માઉન્ટેન રેલ્વે, દાર્જિલિંગ હિમાલયન રેલ્વે (DHR) એ તેની સ્થાપના પછી સૌથી વધુ માસિક આવકનો ઐતિહાસિક રેકોર્ડ બનાવ્યો છે. મે 2026 માં, DHR એ 395.60 લાખની અભૂતપૂર્વ આવક હાંસલ કરી, જે મે 2025 માં પ્રાપ્ત થયેલા રેકોર્ડ 358.60 લાખને વટાવી ગઈ. આ સિદ્ધિ ભારત અને વિદેશના પ્રવાસીઓ અને રેલ્વે ઉત્સાહીઓમાં આ હેરિટેજ રેલ્વેની વધતી જતી લોકપ્રિયતાને પ્રતિબિંબિત કરે છે. પીક ટુરિસ્ટ સીઝન દરમિયાન ઉચ્ચ મુસાફરોના ટ્રાફિક દ્વારા રેકોર્ડબ્રેક આવક ચલાવવામાં આવી હતી. આ આવક મુખ્યત્વે દાર્જિલિંગની મનોહર ટેકરીઓમાં કાર્યરત લોકપ્રિય હેરિટેજ જોય રાઈડ્સ અને નિયમિત પેસેન્જર સેવાઓ દ્વારા ચલાવવામાં આવી હતી. વધતી માંગ આ વૈશ્વિક સ્તરે પ્રખ્યાત નેરોગેજ રેલ્વે લાઈનના સતત વધતા આકર્ષણ અને મુસાફરોની સુવિધાઓ સુધારવા અને હેરિટેજ પર્યટનને પ્રોત્સાહન આપવામાં નોર્થઈસ્ટ ફ્રન્ટીયર રેલ્વેની સિદ્ધિઓને પ્રતિબિંબિત કરે છે.છેલ્લા



પાંચ વર્ષમાં મે મહિનાનો આવકનો ગ્રાફ DHRનો જબરદસ્ત વિકાસ દર્શાવે છે. 2022 માં 319.64 લાખ, 2023 માં 358.18 લાખ, 2024 માં 288.58 લાખ, 2025 માં 358.60 લાખ અને 2026 માં રેકોર્ડ 395.60 લાખ.મુસાફરોની માંગમાં નોંધપાત્ર વધારો થયો છે, તેથી DHR આ મહિને પણ આ ગતિ જાળવી રાખે તેવી અપેક્ષા છે. વર્તમાન બુકિંગ વલણો અને ટ્રાફિક પેટર્નના આધારે, જૂન 2026 માં આવક 370 લાખને વટાવી જવાનો અંદાજ છે. જો આવું થાય, તો રેલ્વે જૂનના ઈતિહાસમાં સૌથી વધુ આવક ઉત્પન્ન કરતી રેલ્વેમાં સ્થાન મેળવશે.આ ઐતિહાસિક સિદ્ધિ ભારતના સૌથી પ્રખ્યાત હેરિટેજ આકર્ષણોમાંના એક તરીકે દાર્જિલિંગ



હિમાલયન રેલ્વેની વધતી જતી લોકપ્રિયતા દર્શાવે છે. નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલ્વે આ યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ રેલ્વેના અનન્ય વારસાને જાળવવા માટે પ્રતિબદ્ધ છે, જ્યારે સેવાની ગુણવત્તા, સલામતી ધોરણો અને મુલાકાતીઓના અનુભવમાં સતત સુધારો કરે છે. આ મજબૂત આવક પ્રદર્શન દાર્જિલિંગ ક્ષેત્રમાં પ્રવાસન અને આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવામાં DHR દ્વારા ભજવવામાં આવતી મહત્વપૂર્ણ ભૂમિકાને પણ પ્રકાશિત કરે છે.

## ખાવાની વસ્તુ છાપામાં પેક કરી વેચનાર સામે કાર્યવાહી થશે



(એજન્સી) નવી દિલ્હી | તા 08

સમોસા-કચોરી અથવા અન્ય ખાવાની વસ્તુઓ વેચતા દુકાનદારો માટે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એફએસએસએઆઇ)એ મોટી ચેતવણી જારી કરી છે. ભારતમાં ખાદ્ય સુરક્ષાનો ખ્યાલ રાખનારી એજન્સીએ સ્પષ્ટતા કરી છે કે જો કોઇ દુકાનદાર ખાવાની વસ્તુઓ અખબારમાં બાંધીને વેચશે તો તેની સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.એફએસએસએઆઇ તરફથી જારી કરવામાં આવેલા આદેશમાં જણાવવામાં આવ્યું છે કે ખાવાની વસ્તુઓમાં અખબારનો ઉપયોગ તાત્કાલિક બંધ કરવો પડશે. કારણકે તેનાથી આરોગ્યને ગંભીર નુકસાન થાય છે. સોશિયલ મીડિયા સાઇટ એક્સ પર લખેલ એક પોસ્ટમાં એજન્સીએ ચેતવણી આપી છે કે અખબારોનાં પ્રિન્ટિંગમાં ઉપયોગમાં લેવામાં આવતી સહીમાં સીસું અન્ય ધાતુઓનો ઉપયોગ કરવામાં આવે છે. તેમાં હાનિકારક કેમિકલ્સ પણ હોય છે. જો તેનો ઉપયોગ ખાદ્ય પદાર્થ રાખવા માટે કરવામાં આવે છે તો કેમિકલ માનવ શરીરમાં પહોંચીને ગંભીર નુકસાન પહોંચાડી શકે છે. એફએસએસએઆઇએ પેકેજિંગ નિયમ ૨૦૧૮નો સંદર્ભ આપતા જણાવ્યું હતું કે ભોજનનાં સંગ્રહ, રેપિંગ અને પીરસવા માટે અખબારનો ઉપયોગ કરવો પ્રતિબંધિત છે.

ગોતા વોર્ડમાં દૂષિત પાણીથી રોગચાળાનો મામલો

અમદાવાદ | અમદાવાદમાં મુખ્યમંત્રીની વિધાનસભાના ગોતા વોર્ડમાં ગત અઠવાડિયે ફેલાયેલા રોગચાળા મામલે 3 જૂનના રોજ બુધવારના પાણીના સેમ્પલ ફેલ જાહેર કરવામાં આવ્યા છે. 4 અને 5 જૂના રોજ લીધેલા 22 સેમ્પલ ફિટ એટલે કે પાણી પીવાલાયક હોવાના સામે આવ્યા છે. 3 જૂનના રોજ આકાંક્ષા ફ્લેટ, નવરત્ન એવન્યુ અને વર્ધમાન ફ્લેટના સેમ્પલ અનફિટ આવ્યા છે. પાણીના સેમ્પલ ફિટ આવ્યા છે. જેથી પાણી પીવા લાયક ન હોવાના કારણે જ રોગચાળો ફેલાયો હોવાનું સામે આવ્યું છે.

સિટી
એક્સપ્રેસ
TUESDAY 09 JUNE-2026
AHMEDABAD

### જમીન ખાલી કરી દંડ ભરો, હાઈકોર્ટે યુસુફ પઠાણનો ઉધડો લીધો

વડોદરા | પૂર્વ ક્રિકેટર અને તૃણમુલ કોંગ્રેસના સાંસદ યુસુફ પઠાણની મુશ્કેલીમાં વધારો થયો છે. વડોદરાની વિવાદિત જમીન મામલે આજે ( 8 જૂન) સુનાવણી દરમિયાન હાઈકોર્ટે પઠાણનો ઉધડો લીધો હતો. હાઈકોર્ટે કહ્યું હતું કે, જમીન આપવાનો ફક્ત સ્ટેન્ડિંગ કમિટીનો પ્રસ્તાવ છે. જમીનનું એલોટમેન્ટ થયું જ નથી તો જમીન પર કબજો કેવી રીતે કર્યો? વળી તમે એકપણ રૂપિયો આપ્યો નથી. તમને કોણે કબજો આપ્યો તે અધિકારીનું નામ આપો એટલે તેની સામે તપાસનો હુકમ કરીએ. જમીન ખાલી કરો નહીંતર દંડ કરીશું. કોર્ટે વધુમાં કહ્યું કે, આ ગુનો છે.



# રાજ્યસભા માટે ભાજપના ચારેય ઉમેદવારોએ વિજય મુહૂર્તમાં ફોર્મ ભર્યા

## કોઈ મોટો ઉલટફેર થાય નહીં તો ચારેય બેઠક પર જીત નિશ્ચિત, ઈતિહાસમાં પ્રથમવાર કોંગ્રેસનો એકપણ સભ્ય નહીં હોય



ગાંધીનગર | ગુજરાતની રાજ્યસભાની 11માંથી ખાલી પડેલી 4 બેઠકો પર 18 જૂને ચૂંટણી યોજાવાની છે. આજે ઉમેદવારી માટેનો અંતિમ દિવસ હોય ભાજપ દ્વારા જાહેર કરાયેલા ચારેય ઉમેદવારોએ વિજય મુહૂર્તમાં ફોર્મ ભર્યા હતા. સંખ્યાબળ જોતા ભાજપના ચારેય ઉમેદવારોની જીત નિશ્ચિત મનાઈ રહી છે.

આજે રાજ્યસભાની ચૂંટણી માટે ઉમેદવારોનો અંતિમ દિવસ હોય ભાજપના ચારેય ઉમેદવાર રાજુ શુક્લા, માનસિંહ પરમાર, મુકેશ રાઠવા અને જીતેન્દ્ર કણઝારિયાએ વિજય મુહુર્તમાં ઉમેદવારી નોંધાવી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજી, વિધાનસભાના ઉપાધ્યક્ષ પૂર્ણેશ મોદી, રાજ્ય સરકારના મંત્રીઓ, પ્રદેશ મહામંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. કેબિનેટ મંત્રી જીતુ વાઘાણીએ કહ્યું હતું કે, કોંગ્રેસ મુક્ત ગુજરાતની કલ્પનાની ગુજરાતે શરૂઆત કરી છે. નરેન્દ્ર મોદીના હોમ સ્ટેટમાંથી કોંગ્રેસનો રાજ્યસભાનો એકપણ સભ્ય નહીં હોય તેવું પ્રથમવાર બનશે. આ ગુજરાતની જનતાના કારણે શક્ય બન્યું છે. લોકોએ અમારા એટલા પ્રતિનિધિઓને ચૂંટ્યા છે કે, જેના કારણે કોંગ્રેસને ફોર્મ ભરવાની પણ હિંમત ન ચાલે. માનસિંહ પરમાર તો 2022ની વિધાનસભા ચૂંટણી પણ લડી ચૂક્યા છે. સોમનાથ બેઠક પર કોંગ્રેસના વિમલ ચુડાસમા સામે અંતિમ રાઉન્ડ સુધી કાંટે કી ટક્કર ચાલી હતી. જેમાં વિમલ ચુડાસમા બાજી મારી ગયા અને માનસિંહ પરમારનો હતા. ચૂંટણી પહેલાં સાંસદ રાજેશ ચુડાસમાએ પોતાના ગામનાને જીતાડવા અપીલ કરી હતી. રાજેશ ચુડાસમા અને વિમલ ચુડાસમા ચોરવાડ ગામના રહેવાસી છે. ચૂંટણીમાં વિમલ ચુડાસમાને કુલ 73 હજાર મત મળ્યા હતા જ્યારે ભાજપના માનસિંહ પરમારને 72 હજાર મત મળ્યા હતા. ખુબ પાતળી સરસાઈ સાથે વિમલ ચુડાસમા ફરી અહીંના ધારાસભ્ય બન્યા હતા.

ઉલ્લેખનીય છે કે ઈતિહાસમાં પહેલીવાર ગુજરાતમાંથી રાજ્યસભામાં કોંગ્રેસનો એક પણ સભ્ય નહીં હોય. કોંગ્રેસના સાંસદ શક્તિસિંહ ગોહિલ નિવૃત્ત થઈ જશે. એક બેઠક જીતવા માટે 46 મતની જરૂર હોય છે અને કોંગ્રેસ પાસે ગુજરાતમાં માત્ર 12 ધારાસભ્યો છે. આદિવાસી સમાજના મુકેશ રાઠવાને આદિવાસી એવા રમીલાબેન બારાની જગ્યાએ ટિકિટ આપવામાં આવી છે. માત્ર એટલું જ નહીં, તેમને ચૈતર વસાવાના જવાબ તરીકે પણ જોવામાં આવે છે, કારણ કે તેઓ ચૈતરની જેમ યુવા અને હાઈલી એજ્યુકેટેડ છે. રાજ્યસભાના સાંસદો માટેની ચૂંટણી પ્રક્રિયા અન્ય ચૂંટણીઓ કરતા ઘણી અલગ છે. રાજ્યસભાના સભ્યો પરોક્ષ રીતે ચૂંટાય છે, એટલે કે તેઓ જનતા દ્વારા નહીં.

### રાજ્યસભાની ચૂંટણીઓ આ રીતે યોજાય છે

રાજ્યસભાના સાંસદો માટેની ચૂંટણી પ્રક્રિયા અન્ય ચૂંટણીઓ કરતા ઘણી અલગ છે. રાજ્યસભાના સભ્યો પરોક્ષ રીતે ચૂંટાય છે, એટલે કે તેઓ જનતા દ્વારા નહીં, ધારાસભ્યો દ્વારા ચૂંટાય છે. ચૂંટણીઓ દર બે વર્ષે યોજાય છે કારણ કે રાજ્યસભા એક કાયમી ગૃહ છે અને તેના એક તૃતીયાંશ સભ્યો દર બે વર્ષે નિવૃત્ત થાય છે. રાજ્યસભાની કુલ બેઠકોની સંખ્યા 245 છે. તેમાંથી 233 બેઠકો પરોક્ષ રીતે ચૂંટાય છે, અને 12 સભ્યો રાષ્ટ્રપતિ દ્વારા નામાંકિત થાય છે.

રાજ્યસભાની ચૂંટણી જીતવા માટે જરૂરી મતોની સંખ્યા પૂર્વનિર્ધારિત છે. મતોની સંખ્યા કુલ ધારાસભ્યોની સંખ્યા અને રાજ્યસભાની બેઠકોની સંખ્યાના આધારે ગણવામાં આવે છે. એક ધારાસભ્યના મતનું મૂલ્ય 100 છે.

# 'હું ગાંધીનગર નર્મદા કેનાલમાં આપઘાત કરવા જઈ રહ્યો છું':કૌટુંબિક ઘરકંકાસના કારણે યુવક સ્યૂસાઇડ નોટ લખીને ઘરેથી નીકળી ગયો, આપઘાત પહેલા બાપુનગર પોલીસે યુવક જીવ બચાવ્યો

અમદાવાદ | અમદાવાદના બાપુનગર વિસ્તારમાં રહેતો યુવક ઘરકંકાસથી કંટાળીને સુસાઈડ નોટ લખીને ઘરેથી નીકળી ગયો હતો. પત્નીએ બાપુનગર પોલીસને જાણ કરતા પોલીસ દ્વારા યુવકને ફોન કરવામાં આવ્યો હતો તેણે કહ્યું હતું કે, હું ગાંધીનગર નર્મદા કેનાલમાં આપઘાત કરવા જઈ રહ્યો છું. જેથી, પોલીસે તાત્કાલિક મોબાઈલનું લોકેશન મેળવીના રીક્ષાના આધારે તેને શોધી કાઢ્યો હતો.

પોલીસને રડતા-રડતા પોતાની તકલીફ જણાવી હતી ત્યારે પોલીસે તેને આશ્વાસન આપ્યું હતું. તારા બધા પ્રશ્નોનું નિરાકરણ આવી જશે અને કોઈ પણ તકલીફ હોય તો પોલીસની મદદ લેવી જોઈએ અને સમજાવટ બાદ તેને બાપુનગર લાવીને તેનો જીવ બચાવ્યો હતો.

બાપુનગર પોલીસ સ્ટેશનના પીઆઈ વી. કે. ગઢવીએ જણાવ્યું હતું કે, મોડી રાતે યુવક ઘરે સુસાઇડ નોટ લખીને રીક્ષા લઈને નીકળી ગયો હતો. પરિવારજનો પોલીસ સ્ટેશન ખાતે પહોંચ્યા હતા ત્યારે હું મારી ટીમ સાથે લોકેશન અને રીક્ષાના પાછળ ફોટા અને આધારે તેની શોધખોળ શરૂ કરી હતી અને ગાંધીનગર જિલ્લાની હદમાં નરોડા નજીક કેનાલ પાસે થી યુવકને શોધી કાઢ્યો હતો. યુવકને તેના તમામ પ્રશ્નોનું નિરાકરણ લાવવા માટેની સાંત્વના આપી હતી અને તેને સહી સલામત ઘરે પરત લાવી પરિવારજનોને




સોપ્યો હતો. આ અંગેની વિગત એવી છે કે, બાપુનગર વિસ્તારમાં 33 વર્ષીય યુવક પરિવાર સાથે રહે છે. ઘરમાં કોઈ કારણોસર તકરાર ચાલતી હતી. આ દરમિયાન રાત્રિના સમયે બોલાચાલી થયા બાદ એક સ્યૂસાઈડ નોટ લખી હતી . જેમાં કોઈપણ વ્યક્તિનો વાંક નથી અને પોતે આત્મહત્યા કરવા જાય છે એવું લખાણ લખીને ઘરેથી નીકળી ગયા હતા. ત્યારબાદ ઘરમાં પત્નીની હાથમાં સુસાઈડ નોટ આવી ગઈ હતી જેથી તેમણે અવારનવાર ફોન કર્યા હતા પરંતુ ફોન ઉપાડ્યા નહીં અને ત્યારબાદ પોતે આત્મહત્યા કરવા જાય છે એવી વાત કરી હતી. પરિવારજનો રાત્રે બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે પહોંચ્યા હતા. બાપુનગર પીઆઈ પોલીસ સ્ટેશનમાં જ હાજર હતા અને તાત્કાલિક તેમને સ્ટાફને સૂચના આપી. પોલીસે યુવકને ફોન કરતા તેઓ કેનાલમાં કૂદવા જાય છે તેમ જણાવ્યું હતું. પોતે રિક્ષા લઈને નીકળી ગયા છે પરંતુ, પરિવાર પાસે રીક્ષાનો કોઈ નંબર નહોતો.

જોકે, રિક્ષાની પાછળ પતિ-પત્નીના ફોટોવાળા બેનર હોવાનું જણાવ્યું હતું. મોબાઈલ લોકેશન પણ મેળવવામાં આવ્યું હતું જે લોકેશન મેળવતા હંસપુરાથી દોઢ કિલોમીટર આગળ ગાંધીનગરમાં બતાવતુ હતુ.

પોલીસે યુવક કેનાલ પર પહોંચે તે પહેલા અટકાવી તેનો જીવ બચાવ્યો જે લોકેશન ઉપર મહેન્દ્રસિંહ જઈ રહ્યાં હતા તે નર્મદા કેનાલ તરફ જતો હતો. જેથી પોલીસે અલગ-અલગ ટીમો બનાવીને તાત્કાલિક યુવક કેનાલ સુધી પહોચે તે પહેલા તેમને રોક્યા હતા. તેને પૂછ્યું હતું કે, ક્યાં જાય છે તો કહ્યું કેનાલમાં પડવા જાઉં છું ત્યારે પી.આઈ ગઢવી દ્વારા તેમને સમજાવવામાં આવ્યા હતા કે તારા પત્ની અને પિતા ઘરે રાહ જોઈ રહ્યા છે.

યુવકે કહ્યું હતું કંટાળી ગયો છું અને હારી ગયો છું ત્યારે તેને સમજાવ્યો હતો કે, આવી વાત નહીં કરવાની મારી સાથે ચાલો તમારા તમામ પ્રશ્નોનું નિરાકરણ આવી જશે. પોલીસ યુવકને પોલીસ સ્ટેશન ખાતે લાવીને પરિવારને સોંપ્યા હતા તેમજ કાઉન્સેલિંગ કરીને સમજાવ્યા હતા. દંપતી અને પરિવારજનોએ બાપુનગર પોલીસનો આભાર માન્યો હતો.

# ચોમાસું 12 રાજ્યોમાં પહોંચ્યું, 7 દિવસ દ. ગુજરાત-સૌરાષ્ટ્રમાં વરસાદની સંભાવના

## અમદાવાદમાં વાદળછાયું વાતાવરણ રહેશે; 11 જૂન પછી મોસમનો મિજાજ બદલાશે

અમદાવાદ | રાજ્યમાં બેથી ત્રણ દિવસ વરસાદી માહોલ રહેવાની સાથે ગરમી પણ યથાવત્ જોવા મળી રહી છે. છેલ્લા 24 કલાકમાં વિવિધ વિસ્તારોમાં ગરમીનો પારો 1 ડિગ્રી સુધી ઊંચકાયો છે. રવિવારે અમદાવાદ-રાજકોટ 41.9C સાથે રાજ્યમાં સૌથી ગરમ શહેર રહ્યાં. એકપણ વિસ્તારમાં વરસાદ નોંધાયો નથી અને આગામી 7 દિવસ સુધી કોઈ ખાસ ભારે વરસાદની ચેતવણી નથી.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ, 8થી 11 જૂન સુધી વરસાદ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારો પૂરતો મર્યાદિત રહેશે. 11 જૂન પછી મોસમનો મિજાજ બદલશે અને રાજ્યભરામાં વરસાદ પડી શકે. આગામી 7 દિવસ રાજ્યમાં મહત્તમ તાપમાનમાં કોઈ મોટા ફેરફારની શક્યતા નથી.

ચોમાસાની સ્થિતીની વાત કરીએ તો દક્ષિણ-પશ્ચિમ ચોમાસું દેશના અન્ય ભાગોમાં ઝડપથી આગળ વધી રહ્યું છે. સેન્ટ્રલ અરબી સમુદ્ર અને મહારાષ્ટ્રના કેટલાક ભાગોમાં આગામી 3થી 4 દિવસમાં ચોમાસું આગળ વધવા માટે સાનુકૂળ પરિસ્થિતિઓ સર્જાઈ રહી છે.

હાલમાં ચોમાસું 12 રાજ્યોમાં પહોંચી ગયું છે. મધ્ય પ્રદેશ અને યુપીમાં વરસાદ નોંધાયો છે. રાજસ્થાનમાં કરા પડ્યા છે. દિલ્હી એરપોર્ટ પર ભારે પવન અને વરસાદને કારણે એર ઈન્ડિયાના 3 વિમાનને નુકસાન થયું છે.

હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ. એ. કે. દાસના જણાવ્યા અનુસાર, આગામી 8થી 14 જૂન સુધી રાજ્યના વિવિધ વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદી ઝાપટા પડી શકે છે. આગામી 7 દિવસ સુધી ગુજરાત રિજીયનમાં વરસાદી માહોલ જોવા મળશે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતના જિલ્લાઓ જેવા કે નવસારી, તાપી, વલસાડ, ડાંગ અને દાદરા નગર હવેલીમાં હળવોથી મધ્યમ વરસાદ થવાની સંભાવના છે.

શરૂઆતના દિવસોમાં દક્ષિણ ગુજરાતમાં વરસાદી પ્રવૃત્તિ જોવા મળ્યા બાદ, પાંચમા દિવસથી વરસાદનું જોર વધી શકે છે અને તે ઉત્તર ગુજરાત તરફ પણ આગળ વધે તેવી શક્યતા છે. બીજી તરફ, સૌરાષ્ટ્ર અને કચ્છની વાત કરીએ તો, આગામી 4 દિવસ સુધી અહીં વાતાવરણ મુખ્યત્વે શુષ્ક રહેશે. જો કે, 12થી 14 જૂન દરમિયાન સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારો જેવા કે અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથમાં હળવાથી મધ્યમ વરસાદી ઝાપટા પડવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

પવનની દિશા દક્ષિણ-પશ્ચિમથી પશ્ચિમ તરફની રહેશે. દરિયાકાંઠાના વિસ્તારોમાં પવનની ગતિ 15થી 20 નોટ્સ અને ક્યારેક વધીને 25 નોટ્સ સુધી પહોંચી શકે છે.

ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં તાપમાનનો પારો સહેજ ઉપર ચઢ્યો છે, જેના કારણે ગરમીમાં સામાન્ય વધારો અનુભવાયો છે. છેલ્લા 24 કલાકમાં તાપમાનમાં થયેલા વધારાની વાત કરીએ તો, સૌરાષ્ટ્રના મુખ્ય શહેર રાજકોટમાં ગરમીમાં સૌથી મોટો ઉછાળો આવ્યો છે, જ્યાં પારો 41.0Cથી 0.9C વધીને 41.9C એ પહોંચી ગયો છે.

# મીઠાખળીમાં ખુલ્લી તલવારો સાથે ચાર શખસો દુકાન પર ત્રાટક્યા : નવરંગપુરા પોલીસે તપાસ કરી

(એજન્સી) અમદાવાદ | તા. 08

0અમદાવાદ શહેરના કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલો ઊભા કરતી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. શહેરના વીવીઆઈપી ઝોન ગણાતા મીઠાખળી વિસ્તારમાં આવેલા કાર એસેસરીઝના શોરૂમ પાસે ચાર શખ્સો ખુલ્લી તલવારો સાથે ધસી આવ્યા હતા. મેયર બંગલાથી અંદાજે માત્ર 200 મીટરના અંતરે બનેલી આ ઘટનાના કારણે સ્થાનિક વેપારીઓ અને રહીશોમાં ભારે ભયનો માહોલ સર્જાયો હતો. હાથમાં તલવારો લઈને આતંક મચાવતા આ શખ્સો ત્યાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયા હતા, જેના આધારે નવરંગપુરા પોલીસે ચારેય શખ્સો સામે ગુનો નોંધીને કાયદેસરની તપાસ હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, આ ઘટના પાછળ અગાઉની કોઈ અદાવત જવાબદાર હોવાનું સામે આવ્યું છે. ચાર શખ્સો એક રિક્ષામાં સવાર થઈને મીઠાખળીમાં આવેલી કાર એસેસરીઝની દુકાને પહોંચ્યા હતા. તેમના હાથમાં ખુલ્લી તલવારો જોઈને



આસપાસના લોકોમાં નાસભાગ મચી ગઈ હતી અને સમગ્ર વિસ્તારમાં થોડા સમય માટે સ્તબ્ધતા છવાઈ ગઈ હતી. પોલીસ તપાસમાં ખૂલ્યું છે કે આ ટોળકીનો મુખ્ય સૂત્રધાર માધુપુરા વિસ્તારનો સાહિલ ઉર્ફે મચ્છી હડિયલ છે. તેની સાથે આકાશ છાત્રાલીયા, વિશાલ ચૌહાણ અને જીગર પરમાર નામના શખ્સો પણ સામેલ હતા. હાલમાં પોલીસ સીસીટીવી ફૂટેજ અને અન્ય પુરાવાઓ એકત્ર કરીને આરોપીઓની ધરપકડ કરવાના ચક્રો ગતિમાન કર્યા છે.

# સરખેજમાં પ્રેમીએ જ યુવતીની ગળું દબાવી હત્યા કરી:શરૂઆતમાં આત્મહત્યા અંગે તપાસ કરી...

(એજન્સી) અમદાવાદ | તા. 08

અમદાવાદના સરખેજ વિસ્તારમાં આવેલ ફતેવાડી આર.સી. રોડ પર 6 જૂને સવારે મકાનમાંથી યુવતીની લાશ મળી હતી. યુવતીની તેના જ ઘરમાંથી શંકાસ્પદ હાલતમાં ગળા પર ઈજાના નિશાન સાથે લાશ મળી હતી. મૃતકના પરિવારે યુવતીના પ્રેમી પર શંકા વ્યક્ત કરી હતી. પોલીસે શરૂઆતમાં આત્મહત્યા મામલે તપાસ કરી પરંતુ, જ્યારે પીએમ રિપોર્ટ આવ્યો ત્યારે હત્યાની જાણ થઈ હતી. પ્રેમી શંકાના કારણે યુવતીની હત્યા કરી હોવાનું સામે આવ્યું છે, સરખેજ પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી છે.

સરખેજમાં રહેતી સીમા પઠાણ નામની યુવતીના પાંચ મહિના અગાઉ છૂટાછેડા થયા હતા.સીમાના બે બાળકો છે. સીમા બાળકો સાથે માતાના ઘરે રહે છે. આ દરમિયાન સીમાને યાસીન કુરેશી સાથે પ્રેમ સંબંધ હતો. બંને અવારનવાર મળતા હતા.સીમા અને યાસીન લગ્ન પણ કરવાના હતા પરંતુ, યાસીન સીમા પર નાની-નાની વાતોમાં શંકા કરતો હતો. સીમા સાથે યાસીનના અવારનવાર ઝગડા પણ થાય છે.

6 જૂને વહેલી સવારે સીમાનો ભાઈ સીમાના ઘરે નાહવા ગયો ત્યારે સીમાની તેના જ ઘરમાં લાશ પડી હતી.સીમાના ગાળામાં ઈજાના નિશાન પણ હતા અને લોહી પણ જામી ગયું હતું. પરિવારે પોલીસને જાણ કરતા સ્થળ પર પહોંચી હતી. પોલીસે શરૂઆતમાં આત્મહત્યા અંગે તપાસ શરૂ કરી હતી. જોકે, પરિવારે હત્યાની જ શંકા વ્યક્ત કરી હતી. સરખેજ પોલીસ સ્ટેશનના પીઆઇ એલ. એલ. ચાવડાએ જણાવ્યું હતું કે, આ બનાવના દિવસે અકસ્માતે મોત નોંધવામાં આવ્યું હતું. હત્યાની શંકા હતી પરંતુ, પીએમ રીપોર્ટની રાહ જોતા હતા. પીએમ.રિપોર્ટ આવતા હત્યાની જાણ થઈ હતી. સીમાના પ્રેમી યાસીન પર શંકા હતી જેથી, યાસીનની અટકાયત કરી પૂછપરછ કરતા યાસીનને સીમા પર શંકા હતી.

# ગ્રાહક બની સોનાના દાગીના ચોરતી શાતિર મહિલાને પોલીસે ઝડપી પાડી

અમદાવાદ | અમદાવાદ ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)ને કિંમતી સોનાના દાગીનાની ચોરી કરતી મહિલાને ઝડપી પાડવામાં સફળતા મળી છે. બાવળાની એક જ્વેલર્સની દુકાનમાંથી ગ્રાહક બનીને સોનાની વીંટીઓ ચોરી ફરાર થઈ ગયેલી વડોદરાની આ મહિલાની ધરપકડ બાદ ચાર અલગ-અલગ શહેરોમાં થયેલી ચોરીના ગુનાના ભેદ ઉકેલાયા છે.

મળતી માહિતી અનુસાર, થોડા સમય પહેલાં બાવળા ખાતે આવેલી જ્વેલર્સની દુકાનમાં મહિલા ખરીદી કરવાના બહાને ગ્રાહક બનીને આવી હતી. દુકાનના કર્મચારીઓ જ્યારે દાગીના બતાવવામાં વ્યસ્ત હતા, ત્યારે તેમની નજર ચૂકવીને આ મહિલા સોનાની વીંટીઓ ચોરીને રફુચક્કર થઈ ગઈ હતી.

આ ઘટના અંગે ફરિયાદ નોંધાતા અમદાવાદ ગ્રામ્ય LCB પી.આઈ. આર. એન. કરમટિયાના સીધા માર્ગદર્શન હેઠળ એક ખાસ ટીમની રચના કરવામાં આવી હતી. પોલીસે ઘટનાસ્થળના સીસીટીવી (CCTV) ફૂટેજ અને હ્યુમન સોર્સની મદદથી સચોટ આયોજન પૂર્વક વોચ ગોઠવીને વડોદરાની પ્રવિણાબહેન ઉર્ફે ટીની સેનવા નામની મહિલાની ધરપકડ કરી હતી. પોલીસ સ્ટેશન લાવીને જ્યારે આ મહિલાની પૂછપરછ કરવામાં આવી ત્યારે ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવી હતી. વિજાપુર અને વિસનગરની જ્વેલર્સની દુકાનોમાં પણ આ જ પ્રકારે ગ્રાહક બની કર્મચારીઓની નજર ચૂકવીને ચોરીઓ આચરી હતી.

# ગુજરાતના નવા DGPએ ચાર્જ સંભાળ્યો:અમદાવાદ CPનો ચાર્જ જી. એસ. મલિક પાસે જ રહેશે

ગાંધીનગર પોલીસ ભવનમાં વરિષ્ઠ અધિકારીઓએ સ્વાગત કર્યું



(એજન્સી) ગાંધીનગર | તા. 08

ગુજરાત પોલીસને લાંબા સમય બાદ નવા કાયમી પોલીસ મહાનિર્દેશક (DGP) મળ્યા છે. 1993 બેચના વરિષ્ઠ આઈપીએસ (IPS) અધિકારી જી. એસ. મલિકે (જ્ઞાનેન્દ્ર સિંહ મલિક) 8 જૂનને સોમવારે ગાંધીનગર સ્થિત પોલીસ ભવન ખાતે રાજ્યના પોલીસ વડા તરીકે સત્તાવાર રીતે ચાર્જ સંભાળી લીધો છે. તેઓ જ્યારે કાર્યભાર ગ્રહણ કરવા પહોંચ્યા ત્યારે ગુજરાત પોલીસના અનેક વરિષ્ઠ અધિકારીઓએ ઉપસ્થિત રહીને તેમનું ભવ્ય સ્વાગત કર્યું હતું.

આ પદભારની સાથે જી.એસ. મલિક પાસે અમદાવાદ શહેર પોલીસ કમિશનરનો ચાર્જ પણ યથાવત્ રહેશે. સોમવારે સવારે તેઓએ પહેલા અમદાવાદ કમિશનર કચેરી ખાતે ઉચ્ચ અધિકારીઓ સાથે મહત્વની બેઠક કરી હતી અને ત્યાંથી તેઓ ગાંધીનગર પોલીસ ભવન કચેરી જવા રવાના થયા હતા. રાજ્યમાં જ્યાં સુધી નવા પોલીસ કમિશનરની સત્તાવાર નિમણૂક ન થાય ત્યાં સુધી ડીજીપી જી.એસ. મલિક પાસે જ અમદાવાદ શહેરનો આ એડિશનલ ચાર્જ રહેશે.

લાંબો વહીવટી અનુભવ અને પોલીસિંગ ક્ષેત્રે બહોળો અનુભવ ધરાવતા જી. એસ. મલિકની રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં જ ગુજરાતના કાયમી DGP તરીકે સત્તાવાર નિમણૂક કરવામાં આવી હતી. આ અગાઉ તેઓ કેન્દ્ર અને રાજ્ય સરકારના વિવિધ મહત્વપૂર્ણ અને વ્યૂહાત્મક હોદ્દાઓ પર પોતાની ફરજ બજાવી ચૂક્યા છે. પોલીસ બેડામાં તેમની ઓળખ એક કડક વહીવટકર્તા, સચોટ આયોજન કરનાર અને કાયદો-વ્યવસ્થાનું ચુસ્ત પાલન કરાવનારા શિસ્તબદ્ધ અધિકારી તરીકેની છે.

વર્તમાન સમયમાં રાજ્યમાં વધી રહેલા સાયબર ગુનાઓ, સંગઠિત ગુનાખોરી અને આંતરિક સુરક્ષા જેવા વિવિધ મોટા પડકારો વચ્ચે નવા DGP તરીકે જી.એસ. મલિકની આ નિમણૂક ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. પદભાર સંભાળ્યા બાદ આગામી દિવસોમાં તેમના નેતૃત્વ હેઠળ ગુજરાત પોલીસ વધુ સ્માર્ટ, ટેક્નોલોજી આધારિત અને જનકેન્દ્રિત પોલીસિંગ તરફ આગળ વધશે તેવી આશા ઉચ્ચ અધિકારીઓ અને નાગરિકો દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...